

અલેક્સાન્દર પૂશ્કિન

કેપ્ટનની બેટી

પૂશ્કિનના ભરજુવાનીમાં અકાળે અવસાન પછી તેના તમામ શિષ્યો તથા અનુયાયીઓ માટે — તેણે પ્રસ્થાપિત કરેલા મહાન સાહિત્યના તેજસ્વી સિતારાઓ માટે, લેવ તોલ્સ્તોયનાયે અપવાદ વગર સૌને માટે, તેનાથી ભલે ઘણાં વધારે વર્ષો જીવી ગયા હોય તોયે સર્વને માટે — પૂશ્કિનનું સ્થાન સદા સૌથી વડેરા અને સૌથી શાણા સાહિત્યસ્વામીનું રહ્યું છે.

અલેક્સાન્દર ત્વાર્દોવ્સ્કી

પ્રગતિ પ્રકાશન ગૃહ ભારતીય વાચકો માટે અલેક્સાન્દર સેર્ગેયેવિચ પૂશ્કિનની કૃતિઓનું પ્રકાશન ચાલુ રાખવામાં ગૌરવ અનુભવે છે.

'કૅપ્ટનની બેટી' નવલકથા (૧૮૩૬) પૂશ્કિનની ગદ્યકૃતિઓમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. કૅપ્ટનની બેટી માશા મિરોનોવા અને યુવાન અફસર ગ્રિન્યોવની હૃદયસ્પર્શી પ્રેમકથા, અઢારમી સદીના આઠમા દાયકામાં રશિયામાં યેમેલ્યાન પુગાચોવની આગેવાની હેઠળ થયેલા લોકવિદ્રોહના ઇતિહાસ જોડે સંકળાયેલી છે.

પૂશ્કિનની પ્રતિભા સોળે કળાએ ખીલી ઊઠી હતી ત્યારે, તેના કરુણ દેહાંતથી થોડા સમય પૂર્વે જ, તેણે સર્જેલી આ નવલકથા તેની ઉત્કૃષ્ટ ગદ્યકૃતિઓમાં સ્થાન ધરાવે છે.

અલેકસાન્દર પૂશ્કિન

કૅપ્ટનની બેટી

*

મોસ્કો
પ્રગતિ પ્રકાશન

અનુવાદ — અતુલ સવાણી
સજાવટ — બોરીસ માર્કેવિચ

А. Пушкин
КАПИТАНСКАЯ ДОЧКА
на языке гуджарати

સોવિયેત સંઘમાં મુદ્રિત

$П\frac{70301-778}{014(01)-77}760\text{-}77$

અનુક્રમણિકા

જુવાનીના દિવસોમાં ઈજ્જતનું જતન કરવું.

કહેવત

પ્રકરણ ૧

સંત્રીદળનો સાર્જન્ટ

"સંત્રીદળમાં ઝડપથી કૅપ્ટન બની ગયો હોત."
"જરૂર નથી! ભલે સિપાઈનું ભાણું જમે."
"અને ખરું જ કહેવાય છે તેમ, સિપાઈની કામગીરી કરે."

. . . .

"એનો પિતા કોણ છે?"

ક્‌ન્યાઝનીન [1]



મારા પિતા આન્દ્રેઈ પેત્રોવિચ ગ્રિન્યોવ જુવાનીમાં કાઉન્ટ મીનિખના[2] હાથ નીચે લશ્કરી કામગીરી બજાવીને ૧૭...માં નિવૃત્ત થઈ ગયા અને સિમ્બીર્સ્કની પોતાની જાગીરમાં રહેવા લાગ્યા. ત્યાં તેમણે એ વિસ્તારના એક પાયમાલ બની ગયેલા અમીરની પુત્રી આવ્દોત્યા વસીલ્યેવ્ના... જોડે લગ્ન કર્યું. પતિપત્નીને નવ બાળકો થયાં, પરંતુ મારાં બધાં ભાઈબહેન શિશુવયમાં જ ગુજરી ગયાં. હું તો હજી મારી માતાના ગર્ભમાં હતો ત્યારે જ મારું નામ અમારા એક નજીકના સગા અને સંત્રીદળના મેજર પ્રિન્સ...ની મહેરબાનીથી સેમ્યોનોવ રેજિમેન્ટમાં સાર્જન્ટ તરીકે નોંધાવી દેવામાં આવ્યું. મારાં માતાપિતાની આશા ફળી ન હોત અને મારી માતાએ પુત્રને બદલે પુત્રીને જન્મ આપ્યો હોત તો મારા પિતાએ દોષિત સાર્જન્ટના અવસાનના સમાચાર રેજિમેન્ટને મોકલી આપ્યા હોત, અને બાબત એટલેથી જ પૂરી થઈ ગઈ હોત. આજના જેવી કેળવણીની સગવડો એ જમાનામાં નહોતી. હું પાંચ વર્ષનો થયો ત્યારે મારી

તાલીમનું કામ સાવેલ્યિચ નામના નોકરને સુપરત કરી દેવામાં આવ્યું. તે આમ તો ઘરનો એક ચાકર જ હતો, પરંતુ તેની ઠાવકાઈને કારણે તેને મારા ખાસ હજૂરિયા ઉસ્તાદનો દરજ્જો આપવામાં આવ્યો. તેની પાસેથી મેં બાર વર્ષની ઉંમર સુધીમાં રૂસી ભાષામાં લખતાં ને વાંચતાં શીખી લીધું અને હું શિકારી કૂતરાનાં લક્ષણોનો કાબેલ પારખુ બની ગયો. પછી મારા પિતાએ મારા માટે મિસ્ટર બોપરે નામના એક ફ્રેંચ શિક્ષકની ગોઠવણ કરી. તેને મોસ્કોથી બોલાવવામાં આવ્યો હતો અને તેને માટે આખું વરસ ચાલે એટલા મદ્ય તથા ઑલિવ તેલની સગવડ કરી આપવામાં આવી હતી. તેના આગમનથી સાવેલ્યિચ બહુ જ નાખુશ થઈ ગયો. તેણે બબડાટ કર્યો કે "અત્યાર સુધી બાળકના ખાવા પીવાની ને ચોખ્ખાઈ વગેરેની બરાબર સંભાળ રાખવામાં આવી છે, પછી પરદેશી ફ્રેંચ આદમીની શી જરૂર હતી? જાણે કેમ આપણાં પોતાનાં માણસો પૂરતાં ન હોય એમ પૈસા નકામા વેડફી નાખવાનું શું કારણ?"

બોપરે પોતાના વતનમાં મૂળ તો હજામ હતો. પછી તે પ્રશિયાના લશ્કરમાં જોડાઈ ગયો હતો અને આગળ જતાં "શિક્ષક" તરીકે રશિયા પહોંચી ગયો હતો. પરંતુ એ શબ્દનો સ્પષ્ટ અર્થ તેને કદી સમજાયો નહોતો. તે આમ તો ખુશમિજાજી હતો પણ વધારે પડતો ચંચળ ને બદફેલ હતો. તેની મુખ્ય કમજોરી નારીજાતિ પ્રત્યે પ્રબળ અનુરાગની હતી. તેના ઇશ્કીપણાને લીધે ઘણી વાર તેનાં હાડકાં ખોખરાં કરી નાખવામાં આવતાં અને તે કેટલાય દિવસો સુધી ઊંહકારા ભરતો પડયો રહેતો. વળી તે (તેના પોતાના શબ્દોમાં) **બાટલીનો દુશ્મન** કોઈ રીતે નહોતો જ, એટલે કે તેનું વલણ વધારે પડતો દારૂ ઢીંચી લેવાનું રહેતું. પરંતુ અમારે ત્યાં મદ્ય માત્ર જમતી વેળાએ જ પીવાનો રિવાજ હતો, દરેક માણસને મદ્યનો ફક્ત એક જ ગ્લાસ આપવામાં આવતો, અને તેમાંયે શિક્ષકને તો સામાન્ય રીતે મદ્ય વગર જ જમાડી દેવામાં આવતો, એટલે મિસ્ટર બોપરેએ ઝડપથી રશિયન દારૂની ટેવ કેળવી લીધી અને થોડા વખતમાં તે રશિયન દારૂને પાચન માટે ઘણો બહેતર ગણીને પોતાના દેશનાં મદ્યોની સરખામણીમાં તેને જ પસંદગી આપવા લાગ્યો. થોડાક જ દિવસોમાં અમારો સરસ મેળ જામી ગયો. તેણે મને **ફ્રેંચ, જર્મન, તથા બીજા બધા વિષયો** શીખવવાની જવાબદારી લીધી હોવા છતાં મારી પાસેથી ભાંગીતૂટી રશિયન ભાષા શીખી લેવાનું કામ તેને વધારે સહેલું લાગતું. અમે બેઉ પોતપોતાનું સંભાળી લઈને સંતોષ માનતા. અમને એકબીજાની જોડે બહુ ફાવી ગયું. હું એનાથી

બહેતર શિક્ષકની આશા રાખી જ ન શક્યો હોત. પણ કિસ્મતે અમને વિખૂટા પાડી દીધા. વાત આમ બની.

જાડી ને શીળીના ડાઘાવાળી ધોબણ પાલાશ્કા અને એક આંખે બાડી ગોવાળણ આકુલ્કા માંહોમાંહે મસલત કરીને મારી માના પગમાં પડી ગઈ, અને પોતાની પાપી કમજોરીનો એકરાર કરીને ફરિયાદ કરવા લાગી કે ફ્રેંચ માસ્તરે અમારા ભોળપણનો ગેરફાયદો ઉઠાવીને અમારું શિયળ લૂંટી લીધું છે. મારી મા આવી બાબતોમાં બહુ ગંભીર વલણ લેતી. તેણે મારા બાપુને વાત કરી. બાપુએ તત્કાળ કદમ ઉઠાવીને લંપટ ફ્રેંચ આદમીને બોલાવી લાવવા માણસ મોકલ્યો. પરંતુ તેમને જણાવવામાં આવ્યું કે શિક્ષક મને ભણાવી રહ્યો છે. એટલે બાપુ મારા ખંડમાં પહોંચી ગયા. ત્યાં મિસ્ટર બોપરે પથારીમાં લાંબો થઈને ઘસઘસાટ ઊંઘી રહ્યો હતો. હું મારા કામમાં પડયો હતો. એક વાત જણાવી દઉં કે મારા અભ્યાસ માટે મોસ્કોથી એક મોટો નકશો મંગાવીને ભીંતે ટાંગી દેવામાં આવ્યો હતો. નકશાની પહોળાઈ અને સારી જાતનો કાગળ જોઈને મારું મન વારંવાર લલચાઈ જતું હતું. મેં તેની પતંગ બનાવવાનું નક્કી કરી નાખ્યું અને બોપરેની ઊંઘનો લાભ ઉઠાવીને કામગીરી શરૂ કરી દીધી. બાપુ ખંડમાં દાખલ થયા તે ઘડીએ હું કેઈપ ઓફ ગૂડ હોપની નીચે દોરી બાંધીને પતંગની પૂંછડી બનાવી રહ્યો હતો. મારા ભૂગોળના અભ્યાસની કદર તરીકે તમણે મારો કાન આમળ્યો. પછી તે મોટાં ડગલાં ભરતા મિસ્ટર બોપરે પાસે પહોંચી ગયા અને જરાય અચકાયા વગર તેને જગાડીને ધમકાવવા લાગ્યા. બોપરે બહુ ગભરાઈ ગયો અને ઊઠવાની કોશિશ કરવા લાગ્યો પણ ઊઠી ન શક્યો — બિચારો કમનસીબ ફ્રેંચ આદમી નશામાં ચકચૂર હતો. તેના તમામ વાંકની એક જ સજા પૂરતી હતી. બાપુએ તેના કોટનો કોલર પકડીને તેને પથારીમાંથી ઊભો કર્યો, ઢસડીને ખંડમાંથી બહાર ધકેલી દીધો, અને એ જ દિવસે તેને ઘરમાંથી કાઢી મૂક્યો. સાવેલ્યિચની ખુશીને માઝા ન રહી. મારા શિક્ષણનો એવી રીતે અંત આવ્યો.

હું અબુધ રહી ગયો. કબૂતરો પાળવાની અને જાગીરમાં બીજા છોકરાઓ જોડે રમવાની મોજ માણતો માણતો હું મોટો થવા લાગ્યો. વખત વીતતો ગયો અને મારી ઉંમર સોળ વર્ષની થઈ ગઈ. એ વખતે મારી જિંદગીમાં પલટો આવ્યો.

શરદનો સમય હતો. એક દિવસે મારી મા દીવાનખંડમાં બેઠી બેઠી મધમાં ફળ ઉકાળીને મુરબ્બો બનાવી રહી હતી. હું ઊભો ઊભો ઊકળતી ચાસણીને જોઈ રહ્યો હતો અને મારા મોંમાં પાણી છૂટી રહ્યું હતું. બાપુ બારી પાસે બેઠા બેઠા દરબારી કેલેન્ડર વાંચી રહ્યા હતા. એ પ્રકાશન દર વરસે અમારે ત્યાં આવતું. તેનો નવો ગ્રંથ આવે એટલે બાપુ ખૂબ ઉત્તેજિત થઈ જતા અને અત્યંત ઉત્સુકતાથી વાંચવા લાગતા, પરંતુ વાંચન દરમિયાન અચૂક ઉશ્કેરાઈ જતા. મારી મા તેમની ટેવો અને રીતો અંગે પૂરી વાકેફ હતી એટલે કાળમુખો નવો ગ્રંથ આવે કે તરત જ તેને કોઈ અંધારા ખૂણામાં છુપાવી દેતી અને તે કેટલાય મહિના સુધી બાપુની નજરે જ ન પડતો. પરંતુ આખરે ગ્રંથ તેમના હાથમાં આવી જાય ત્યારે તેઓ કલાકો સુધી તેને હેઠો મૂકતા જ નહિ. તે દિવસે બાપુ દરબારી કેલેન્ડર વાંચી રહ્યા હતા અને ઘડીએ ઘડીએ ખભા ઉલાળીને ધીમા અવાજે બડબડતા હતા: "લેફ્ટેનન્ટ જનરલ — મારી રેજિમેન્ટમાં સાર્જન્ટ હતો. અને હવે એણે બે શાનદાર રશિયન ઇલકાબ હાંસલ કરી લીધા છે — હજી તો જાણે ગઈકાલે જ એ ને હું..." આખરે દરબારી કેલેન્ડરને સોફા ઉપર પટકીને તેઓ ઊંડા વિચારમાં ડૂબી જતા. એ નિશાની પરિવાર માટે બહુ સારી નહોતી.

તેઓ અચાનક મારી મા તરફ ફરીને બોલી ઊઠયા:

"આવદોત્યા વસીલ્યેવ્ના, પેત્રૂશાની ઉંમર કેટલી થઈ?"

"હમણાં જ સોળ પૂરાં થયાં," મારી માએ જવાબ આપ્યો, "નાસ્તાસ્યા ગેરાસિમોવ્ના કાકીની આંખની રોશની ગઈ એ વરસે જન્મેલો..."

"સરસ!" બાપુ વચ્ચે જ બોલી ઊઠયા. "એને લશ્કરમાં જોડાવાની વેળા આવી ગઈ, બૈરાંની સોબતનો ને કબૂતરની રમતનો વખત હવે પૂરો થઈ ગયો."

થોડા સમયમાં જ મારી વિદાયના ખ્યાલથી મારી મા એટલી બધી લાગણીવશ થઈ ગઈ કે તેના હાથમાંથી ચમચો કડાઈમાં પડી ગયો અને તેના ગાલ ઉપર આંસુની ધારાઓ વહેવા લાગી. પણ હું તો એટલો બધો ઉલ્લાસમાં આવી ગયો કે કહી જ ન શકાય. લશ્કરમાં જોડાવાની બાબત મારા મનમાં આઝાદીના અને પિટર્સબર્ગની મોજમઝાની જિંદગીના ખ્યાલ જોડે એકરૂપ હતી. હું કલ્પનામાં મને સંત્રીદળના અફસર તરીકે નીરખવા લાગ્યો, અને એવી પરિસ્થિતિને હું માનવીય સુખની પરાકાષ્ઠા ગણતો હતો.

બાપુને પોતાના ઈરાદા બદલવાનું કે તેના અમલમાં ઢીલ કરવાનું જરાય ન ગમતું. મારે જવાનો દિવસ નક્કી થઈ ગયો. એક દિવસ બાકી રહ્યો ત્યારે બાપુએ મારા ભાવિ ઉપરી અફસરને પત્ર લખી આપવા માટે મને કલમ અને રોશનાઈ લઈ આવવા કહ્યું.

"પ્રિન્સ... ને મારા તરફથી પણ આદરભરી યાદ લખવાનું ભૂલતા નહિ," મા બોલી. "લખજો કે પેત્રૂશાની ઉપર હંમેશાં માયામમતા રાખશે જ એવી મને આશા છે."

"નકામી વાત રહેવા દે!" બાપુનાં ભવાં સંકોચાઈ ગયાં. "પ્રિન્સ...ને કાગળ લખવાની મારે શી જરૂર?"

"પણ તમે તો હમણાં જ કહ્યું કે પેત્રૂશાના કમાંડરને કાગળ લખવાના છો!"

"હા, કહ્યું, પણ એનું શું છે?"

"તો પ્રિન્સ... એના ઉપરી અફસર હશે. પેત્રૂશાનું નામ સેમ્યોનોવ રેજિમેન્ટમાં નોંધાવ્યું છે, ખરું ને?"

"નામ નોંધાવ્યું છે! હા, નોંધાવ્યું છે, પણ એની મને શી પરવા? પેત્રૂશાને પિટર્સબર્ગ નથી જવાનું. પિટર્સબર્ગમાં એ શું શીખવાનો? બદફેલી ને ઉડાઉપણા સિવાય બીજું કશું જ નહિ. એને તો લશ્કરમાં ભરતી થવાનું છે, પીઠે થેલો બાંધીને ફરવાનું છે, દારૂગોળાની ગંધ સહેવાની છે, અને ખરો સિપાહી બનવાનું છે, વરણાગિયો નહિ. સંત્રીદળ! એનો પાસપોર્ટ ક્યાં છે? લઈ આવ!"

મારા નામકરણનાં વસ્ત્રો જોડે પેટીમાં રાખી મૂકેલો પાસપોર્ટ કાઢીને માએ ધ્રૂજતા હાથે બાપુને આપ્યો. બાપુએ તેને તપાસી જોયો અને પછી ટેબલ પર મૂકીને પત્ર લખવાનું શરૂ કર્યું.

મારા મનમાં કુતૂહલ ઉછાળા મારી રહ્યું હતું. પિટર્સબર્ગ નહિ તો પછી ક્યાં મોકલશે? મારી નજર કાગળ ઉપર દોડતી કલમ પર જડાઈ ગઈ હતી. આખરે તેમણે લખવાનું પૂરું કર્યું, પત્ર તથા પાસપોર્ટ કવરમાં મૂકીને કવર બંધ કર્યું, ચશ્માં ઉતારી નાખ્યાં, અને મને બોલાવીને કહ્યું: "આ લે, મારા જૂના સાથી અને દોસ્ત આન્દ્રેઈ કાર્લોવિચ...ને કાગળ લખી આપ્યો છે. તારે ઓરેનબૂર્ગ જઈને તેમના હાથ નીચે જોડાઈ જવાનું છે."

એ રીતે, મારી ઝળકતા ભાવિની બધી આશાઓની ઉપર પાણી ફરી વળ્યું! મારે પિટર્સબર્ગની મોજમઝા માણવાને બદલે કોઈ દૂરની સૂની જગ્યામાં

કંટાળાભરી જિંદગી અપનાવવાની હતી. એક પળ પહેલાં મારા મનમાં ઉમંગભર્યાં સ્વપ્નો જગાવતું લશ્કરી જીવન હવે મને કારમી કસોટી જેવું લાગવા માંડયું. પણ વાંધા ઉઠાવવાથી કશું વળે એમ નહોતું. બીજે દિવસે સવારે સફરની હિમગાડી આંગણમાં આવીને ઊભી રહી ગઈ. મારી ટ્રંક અને ચાનો સરંજામ તેમ જ વિદાય વેળાએ ઘરનાં લાડપ્રેમની નિશાનીઓ સમી ખાવાની ચીજોનાં ડબા-પડીકાં તેમાં ગોઠવી દેવામાં આવ્યાં. બાપુ અને માએ મને માબાપના આશીર્વાદ આપ્યા. બાપુએ કહ્યું: "આવજે, પ્યોતર! જેના પ્રત્યે નિષ્ઠા રાખવાના તેં શપથ લીધા છે તેની વફાદારીથી સેવા કરજે. ઉપરીઓની આજ્ઞાઓનું પાલન કરજે, તેમની મહેરબાની મેળવવાના પ્રયત્નો કરતો નહિ, વગર પૂછયે સેવા બજાવવાની ઉતાવળ કરતો નહિ, તને સોંપવામાં આવે એ કામ કરવાની ના પાડતો નહિ, અને લોકોકિત યાદ રાખજે કે 'ડગલો નવો હોય ત્યારથી જ તેને બરાબર સાફ રાખવો અને જુવાનીના દિવસોમાં ઈજ્જતનું જતન કરવું.'" મારી માએ આંખમાં આંસુ છલકાવતાં મને તબિયતની સંભાળ રાખવાની શિખામણ આપી અને સાથે સાથે સાવેલ્યિચને મારી બરાબર સંભાળ રાખવાની તાકીદ કરી. તેમણે મને સસલાના કેળવેલા ચામડાનો કોટ પહેરાવ્યો, અને તેની ઉપર પાછો લોંકડીના ફરના અસ્તરવાળો કાપડનો ઓવરકોટ પહેરાવ્યો. મારી આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં. હું ગાડીમાં સાવેલ્યિચની બાજુમાં બેસી ગયો અને મારી સફર શરૂ થઈ ગઈ.

અમે સિમ્બીર્સ્ક પહોંચ્યા ત્યારે રાત પડી ગઈ હતી. અમારે રાત ત્યાં રોકાઈને બીજે દિવસે શહેરમાંથી અમુક જરૂરી ચીજો ખરીદવાની હતી. એ કામ સાવેલ્યિચને સોંપવામાં આવ્યું હતું. અમે એક સરાઈમાં ઉતારો કર્યો. સાવેલ્યિચ સવારે વહેલો ઊઠીને બજારે રવાના થઈ ગયો. બારી પાસે ઊભો રહીને ગંધારી શેરીમાં જોતો જોતો હું કંટાળી ગયો એટલે સરાઈમાં આંટા મારવા નીકળી પડયો. બિલિયર્ડ-ખંડમાં મને ઊંચી કાયા અને ઢળતી કાળી મૂછોવાળો લગભગ પાંત્રીસ વરસનો એક અમીર આદમી નજરે પડયો. તેણે ડ્રેસીંગ-ગાઉન પહેર્યું હતું. તેના એક હાથમાં બિલિયર્ડ રમવાની છડી હતી અને તેણે મોંમાં દાંત વચ્ચે હોકલી દબાવી રાખી હતી. તે રમતનું કામકાજ કરનારા ચાકરની જોડે રમી રહ્યો હતો. ચાકર જ્યારે જીતે ત્યારે તેને વોદકાની એક પ્યાલી પીવા મળતી, અને હારે ત્યારે બિલિયર્ડના ટેબલ હેઠળ ચોપગા જનાવરની જેમ હાથપગને ટેકે ઊભા રહેવું પડતું. હું ઊભો ઊભો રમત જોવા લાગ્યો. રમત જેમ જેમ

આગળ ચાલતી ગઈ તેમ તેમ ચાકરને વધારે ને વધારે વાર ટેબલ હેઠળ ચાર પગે ઊભા રહેવું પડતું. આખરે તેની હાલત એવી થઈ ગઈ કે તે ટેબલની હેઠળ જ રહી ગયો. અમીર આદમીએ મૃત્યુપ્રસંગના પ્રવચન તરીકે થોડીક ગાળો બબડીને પછી મને તેની જોડે રમવાનું આમંત્રણ આપ્યું. પણ મને બિલિયર્ડ રમતાં નહોતું આવડતું એટલે મેં ના પાડી. તેને મારી વાત બહુ વિચિત્ર લાગી અને તેણે મારી સામે જાણે દયાભરી નજરે જોયું. પરંતુ અમે થોડી વારમાં જ વાતે વળગી ગયા. મને જાણવા મળ્યું કે તેનું નામ ઈવાન ઈવાનોવિચ ઝૂરિન હતું, તે હુસાર ટુકડીનો કૅપ્ટન હતો, ભરતી કરવા સિમ્બીર્સ્ક આવ્યો હતો અને સરાઈમાં ઊતર્યો હતો. ઝૂરિને મને તેની જોડે જમવાનું અને ઈશ્વરે આપેલું જે કંઈ હોય તે ભેગા બેસીને ખાવાનું આમંત્રણ આપ્યું. મેં તેની વાત ખુશીથી માની લીધી. અમે જમવા બેસી ગયા. ઝૂરિને પુષ્કળ દારૂ ચડાવ્યો. તે મારી પ્યાલી પણ વારંવાર ભરી દેતો હતો અને મને લશ્કરી જિંદગીથી ટેવાઈ જવાની સલાહ આપતો હતો. તેણે મને લશ્કરની જિંદગી અંગે રમૂજી વાતો કહી સંભળાવી. મારું તો હસી હસીને પેટ દુખી ગયું. અમે જમીને ઊઠયા ત્યાં સુધીમાં પાકા દોસ્ત બની ગયા. પછી તેણે મને બિલિયર્ડની રમત શીખવવાની વાત કરી. "આપણ સૈનિકો માટે આ રમત શીખી લેવાનું તદ્દન જરૂરી છે. ધારો કે આપણે કૂચ કરતા કરતા કોઈ નાનકડી જગ્યાએ પડાવ નાખીએ. ત્યાં કરવાનું શું હોય? યહૂદીઓને મારવાનું કામ આખો દિવસ તો કોઈ રીતે ન જ કરી શકાય. પછી સરાઈમાં જઈને બિલિયર્ડની રમત ગોઠવવા સિવાય બીજો કશો ઉપાય જ ન રહે. એટલે રમતાં શીખી લેવું જ જોઈએ." તેની દલીલો સાંભળીને મને પણ પાકી ખાતરી થઈ ગઈ, અને હું પૂરી ખંતથી રમત શીખવામાં લાગી ગયો. ઝૂરિન મોટે અવાજે મને પ્રોત્સાહન આપતો રહ્યો અને મારી પ્રગતિની ઝડપ અંગે વિસ્મય જાહેર કરતો રહ્યો. અખતરાની થોડીક રમતો પછી તેણે ભલે સાવ નાની રકમનો પણ દાવ લગાવીને રમવાનું સૂચન કર્યું. તેણે કહ્યું કે જીતવાના ઈરાદે નહિ પણ તદ્દન હારજીત વગર ન રમવા ખાતર દાવ તો લગાવવો જ જોઈએ કારણ કે વગર પૈસે રમવાથી બદતર ટેવ બીજી કોઈ ન હોઈ શકે. મેં તેની એ વાત પણ માની લીધી. તેણે દારૂ મંગાવ્યો અને મને તેની અજમાયશ કરવાનો આગ્રહ કરતાં સમજાવ્યું કે મારે લશ્કરી જિંદગીથી ટેવાઈ જવું જોઈએ, લશ્કરની જિંદગીમાં દારૂ વગર કશી મઝા જ ક્યાંથી રહે? હું તેના આગ્રહને વશ થઈ ગયો. દરમિયાનમાં અમારી રમત ચાલતી રહી. દારૂને એક એક

ધૂંટડે હું વધારે ને વધારે બહાદુર બનતો ગયો. મારા દડા વારંવાર ઊછળીને ટેબલની બહાર ફેંકાઈ જતા, હું ગુસ્સે થઈ જતો, ચાકરને હિસાબ રાખતાં નથી આવડતું એમ કહીને ગાળો ભાંડતો, અને દાવની રકમ વારંવાર વધારી દેતો. ટૂંકામાં કહું તો મારું વર્તન અખત્યારની પકડમાંથી છટકી ગયેલા કોઈ છોકરા જેવું હતું. અમને ખબરેય ન પડી ને કલાકો વીતતા ગયા. ઝૂરિને પોતાની ઘડિયાળમાં જોયું અને છડી હેઠી મૂકી દઈને જાહેર કર્યું કે હું એકસો રૂબલ હારી ગયો છું. હું થોડોક બેચેન બની ગયો. મારા પૈસા સાવેલ્યિચની પાસે હતા. મેં માફી માગવાનું શરૂ કર્યું. ઝૂરિન મારી ક્ષમાયાચનાને વચ્ચેથી જ કાપી નાખતો બોલી ઊઠયો: "કશો વાંધો નહિ! એની જરાય ફિકર કરવાની નથી! પૈસા તો મને પછી મળશે તોયે ચાલશે. હમણાં તો ચાલો આપણે આરીનુશ્કાને ત્યાં જઈએ."

પછી શું? મેં દિવસ જેટલી મૂર્ખાઈથી શરૂ કર્યો હતો એટલી જ મૂર્ખાઈથી પૂરો કર્યો. અમે આરીનુશ્કાને ત્યાં જમ્યા. ઝૂરિન વારંવાર મારી પ્યાલી ભરી દેતો હતો અને ફરી ફરીને મને કહેતો હતો કે મારે લશ્કરી જિંદગીથી ટેવાઈ જવું જ જોઈએ. મેં ઊભા થવાની કોશિશ કરી અને માંડ માંડ ખડો રહી શક્યો. અરધી રાતે ઝૂરિને મને પાછો સરાઈમાં પહોંચાડયો.

સાવેલ્યિચ અમને સરાઈમાં દાખલ થતાં જ મળી ગયો. લશ્કરી જિંદગી અંગે મારા જોશની સાફ નિશાનીઓ જોઈને તે તો ડઘાઈ જ ગયો. "આ તમે શું કર્યું, હજૂર?" તે દુ:ખભર્યા અવાજે બોલ્યો. "આટલો બધો નશો ક્યાં કરી આવ્યા? હે ઈશ્વર! આવો કુછંદ તો ક્યારેય નહોતો જોયો!"

"ચુપ કર, દોઢડાહ્યા!" હું ઘોઘરા અવાજે બોલ્યો. "તું જ સાવ પીધેલો લાગે છે! જઈને સૂઈ જા... પણ પહેલાં મને સુવડાવી દે."

બીજે દિવસે સવારે હું ઊઠયો ત્યારે મારુ માથું દુખતું હતું. આગલા દિવસના બનાવોની ઝાંખી ઝાંખી યાદ મારા મનમાં સળવળી રહી હતી. મારા ખ્યાલોમાં સાવેલ્યિચે ખલેલ પાડી. તે ચાનો કપ લઈને આવ્યો. "ભટકવાનું બહુ વહેલું શરૂ કરી દીધું, પ્યોતર આન્દ્રેઈચ," તેણે માથું ધુણાવતાં કહ્યું. "આ કોનું લખણ તમારામાં ઊતર્યું હશે? મારા ખ્યાલમાં તો તમારા બાપુ કે દાદામાંથી કોઈ દારૂડિયા નહોતા, અને તમારી માએ તો કવાસ* સિવાય બીજા

*અથાવેલી રોટીનું પીણું.--સં.

કશા પીણાને આખી જિંદગીમાં ક્યારેય હાથ જ નથી અડાડયો. તો પછી કસૂરવાર કોણ? પેલો કાળમુખો ફ્રેંચ માસ્તર જ. જ્યારે જુઓ ત્યારે કામવાળી બાઈને પરેશાન કરતો રહેતો: 'બાઈ, ઝે વુ પ્રી,* વોદકા!' તે હવે આ 'ઝે વુ પ્રી' થઈ ગયું! આ કુછંદ તમને એણે જ શીખવ્યા છે, કૂતરો ક્યાંનો! એ પાપિયાને કામે રાખવાની શી જરૂર હતી? માલિકને જોઈએ એટલા પોતાના નોકરો શું નહોતા?"

મને શરમ આવી. મેં બીજી તરફ ફરી જઈને કહ્યું: "ચાલ્યો જા, સાવેલ્યિચ, મારે ચા નથી પીવી." પણ સાવેલ્યિચ ઉપદેશ આપવાનું એક વાર શરૂ કરી દે એટલે તેનાથી છુટકારો મેળવવાનું શક્ય જ નહોતું. "પ્યોતર આન્દ્રેઇચ, તમે જોયું તો ખરું કે દારૂ પીવાનો અંજામ કેવો આવે છે. તમારું માથું દુખે છે, તમારી ભૂખ મરી ગઈ છે. માણસ દારૂ પીવા લાગે એટલે સાવ નકામો બની જાય... મીઠાવાળી કાકડીના પાણીમાં મધ ભેળવીને પી લો, અથવા વોદકાનો અરધો ગ્લાસ પીઓ તો સૌથી સરસ, માથું હળવું થઈ જશે. મંગાવી આપું?"

બરાબર એ જ વખતે એક છોકરો ઇવાન ઝૂરિનની ચિઠ્ઠી લઈને આવ્યો. મેં ચિઠ્ઠી ખોલીને વાંચી તો નીચેની લીટીઓ લખેલી હતી:

"પ્રિય પ્યોતર આન્દ્રેયેવિચ, તમે ગઈ રાતે હારી ગયેલા એકસો રૂબલ છોકરાની સાથે મોકલી આપવા કૃપા કરશો. મને પૈસાની તાકીદની જરૂર પડી છે.

સેવાભાવી,

ઇવાન ઝૂરિન"

કશો ઉપાય હતો જ નહિ. **મારા પૈસા રાખવાનું અને મારો કારોબાર સંભાળવાનું**[3] કામ સાવેલ્યિચ કરતો હતો. મેં મોં પર ઉદાસીનતાનો ભાવ આણીને તેની તરફ ફરતાં એકસો રૂબલ છોકરાને આપવાનું કહ્યું. "શું? શાને માટે?" સાવેલ્યિચ અચરજમાં ગરકાવ થઈને પૂછવા લાગ્યો. "મારે એને દેવાના છે," મેં બને એટલી સ્વસ્થતા જાળવીને જવાબ આપ્યો. "દેવાના છે!" સાવેલ્યિચે જાણે પડઘો પાડયો. તેનું અચરજ વધી રહ્યું હતું. "તમે કરજદાર બની જવાની કરામત વળી ક્યારે કરી, હજૂર? આમાં ક્યાંક કશુંક કાળું વરતાય છે. તમે ગમે તેમ કહેશો તોયે હું પૈસા નથી આપવાનો, હજૂર."

---

*ઝે વુ પ્રી (ફ્રેંચ ભાષામાં je vous prie)—વિનંતિ કરું છું.—સં.

મેં મનમાં વિચાર્યું કે આવી કસોટીની ઘડીએ આ જક્કી માણસની ઉપર મારો દાબ નહિ બેસાડી દઉં તો પછી તેનું વાલીપણું ખંખેરી નાખવાનું આગળ જતાં મુશ્કેલ બની જશે. એટલે મેં ગર્વીલી નજરે તેની સામે જોઈને કહ્યું: "હું તારો માલિક છું અને તું મારો નોકર છે. પૈસા મારા છે. હું હારી ગયો કારણ કે મારી મરજી હતી. અને હું તને સલાહ આપું છું કે બહુ ડહાપણ ડહોળવાની કોશિશ મૂકી દઈને તને જેમ કહેવામાં આવે તેમ કરવાનું શીખી લે."

સવેલ્યિચ મારા શબ્દો સાંભળીને એટલો બધો આભો બની ગયો કે લાચારીમાં હાથ ઊંચા કરવા સિવાય બીજું કશું તેનાથી ન થઈ શક્યું. "આમ ડાચું ફાડીને ઊભો ન રહે!" મેં ખીજે ભરાઈને બરાડો પાડયો. સાવેલ્યિચની આંખોમાં આંસુ છલકાઈ આવ્યાં. "અરે ભાઈ, પ્યોતર આન્દ્રેઇચ, હજૂર," તે કંપતા અવાજે કહેવા લાગ્યો, "મારું કાળજું ચીરી નાખીને મને મોતમાં ન ધકેલો! તમે તો મારી આંખોની રોશની જેવા છો, બુઢ્ઢા આદમીની વાત માનો! એ લફંગાને ચિઠ્ઠી લખીને કહી દો કે રમતમાં પૈસા લગાવવાની વાત તો ખાલી રમૂજ હતી, અમારી પાસે એટલા પૈસા છે જ નહિ. એકસો રૂબલ! હે ભલા ભગવાન! એને જણાવી દો કે કોડીથી જરાય વધારે જુગાર રમવાની મને મારાં માબાપે સખત મના કરી છે..." "બસ, બહુ થયું," હું કડક અવાજે બોલ્યો. "છાનોમાનો પૈસા આપી દે. નહિતર મારે તને કાઢી મૂકવો પડશે!"

સાવેલ્યિચ મારી ઉપર ઘેરા અફસોસની નજર નાખીને પૈસા લેવા ગયો. મારા મનમાં એ બિચારા ઘરડા માણસ પ્રત્યે દિલગીરી પેદા થઈ, પણ મેં તો મક્કમ વલણ લેવાનો અને હું હવે બાળક નથી રહ્યો એમ સાબિત કરી દેવાનો ફેંસલો કરી લીધો હતો. ઝૂરિનને પૈસા મોકલી આપવામાં આવ્યા. સાવેલ્યિચે મને લઈને એ કાળમુખી સરાઈમાંથી રવાના થઈ જવાની ઉતાવળ કરી. તેણે આવીને જણાવ્યું કે ઘોડા તૈયાર છે. મેં બેચેન મન અને મૂંગા પશ્ચાત્તાપની લાગણી સાથે સિમ્બીર્સ્ક છોડયું. જતી વેળા મેં મારા ઉસ્તાદની વિદાય પણ ન લીધી. તેને ફરી કદી મળવાનો ખ્યાલ જ મારા મનમાં નહોતો.

મુસાફર

દૂરના ઓ દેશ,
અજાણ્યો તું મને!
નહોતો હું જે ગયો ગોતવા તને,
શાણો મારો અશ્વયે નહોતો જે દોરી મને ગયો તુજ કને.
હતો જુવાન હું બહાદુર,
ત્યારે મતિ સાહસની જુવાનીએ સર્જેલી,
ને મદમસ્તી બેતમા મદિરાએ અર્પેલી,
જે લઈ મને તુજ પાસ ગયેલી.

પુરાણું ગીત



સફર દરમિયાન મારા વિચારો બહુ ખુશીભર્યા નહોતા. મને થયેલું નુકસાન એ જમાનાના હિસાબે મોટું હતું. મારે મનમાં એકરાર કરવો જ પડયો કે સિમ્બીર્સ્કની સરાઈમાં હું મૂર્ખાઈ કરી બેઠો હતો અને મેં સાવેલ્યિચની જોડે ખરાબ વર્તન કર્યું હતું. એ બધા ખ્યાલો મારું કાળજું કોરી રહ્યા હતા. બિચારો ઘરડો આદમી ગાડીવાન ભેગો પીઠ મારી તરફ રાખીને બેઠો બેઠો ગમગીનીમાં ડૂબી ગયો હતો અને કવચિત બળાપાના ઊંહકારા સિવાય ચુપ જ હતો. મેં તેની જોડે સુલેહ કરી લેવાનું નક્કી કરી લીધું હતું, પરંતુ મને સમજણ જ નહોતી પડતી કે શરૂઆત કેવી રીતે કરવી. આખરે મેં કહ્યું: "સાંભળ, સાવેલ્યિચ! હવે બહુ થયું — ચાલ,

આ કજિયાને દફનાવી દઈએ! મારી ભૂલ હતી— હું સમજું છું કે મેં ખોટું કામ કર્યું છે. ગઈકાલે હું બેવકૂફ બની ગયો, અને મારે તને આકરાં વેણ નહોતાં કહેવાં જોઈતાં. હું વચન આપું છું કે ભવિષ્યમાં બહેતર વર્તન કરીશ અને તારી વાત માનીશ. બસ હવે, ગુસ્સો ન કર—ચાલ, પાછા મનમેળ કરી લઈએ!"

"ઓહ! પ્યોતર આન્દ્રેઈચ, હજૂર!" તેણે ઊંડો નિસાસો નાખતાં જવાબ આપ્યો. "મને ખીજ તો મારી પોતાની ઉપર જ ચડી છે — બધો વાંક મારો જ હતો. સરાઈમાં તમને એકલા મૂકીને હું કેમ જતો રહ્યો! પણ શું કરું? પાપી મન કોઈ રીતે દાબમાં રહ્યું જ નહિ. થયું કે દેવળના નોકરની ઘરવાળીને જરાક મળી આવું, એને ને મારે જૂની ઓળખાણ છે. ખરી વાત છે—દોસ્તોની મુલાકાતે જઈએ તો ક્યારેક બંધાઈ જઈએ અને રોકાવું જ પડે, મેં ભારે ભૂલ કરી નાખી!.. હવે હું માલિકોને મોઢું કેવી રીતે બતાવી શકીશ? એમને ખબર પડશે કે દીકરો દારૂ પીએ છે ને જુગાર રમે છે, ત્યારે શું કહેશે?"

બિચારા સાવેલિયચનું હૈયું હળવું કરવાના ઈરાદે મેં વાયદો કર્યો કે ભવિષ્યમાં તેની રજા વગર એક કોપેક પણ નહિ ખરચું. તે ધીરે ધીરે શાંત થતો ગયો, પણ તોયે ક્યારેક ક્યારેક માથું ધુણાવતો સ્વગત બબડી ઊઠતો: "એકસો રૂબલ! નાનીસૂની વાત નથી!"

અમારી સફરનો છેડો આવી રહ્યો હતો. ચોમેર પથરાયેલા બેનૂર સપાટ પ્રદેશમાં ક્યાંક ક્યાંક ટીંબા ને કોતરો નજરે પડતાં હતાં. બધે હિમ છવાયેલું હતું. પશ્ચિમમાં સૂરજ ડૂબી રહ્યો હતો. અમારી હિમગાડી સાંકડી કેડી પર, અથવા ચોકસાઈથી કહીએ તો ખેડૂતોની હિમગાડીઓના ચીલા પર, સરકી રહી હતી. ગાડીવાન અચાનક એક દિશામાં ફિકરભરી નજર નાખવા લાગ્યો, અને આખરે તેણે માથેથી ટોપી ઉતારીને મારી તરફ ફરતાં કહ્યું:

"પાછા વળી જઈએ તો સારું, હજૂર!"

"કેમ?"

"હવામાં કૂડા અણસારા વરતાય છે. પવન ચડવા લાગ્યો છે. જુઓ ને, તાજું વરસેલું હિમ પવનથી ઊડી રહ્યું છે."

"એથી શું થયું!"

"પણે નજર કરો." (ગાડીવાને ચાબુક ઊંચો કરીને પૂર્વ તરફ ચીંધ્યો.)

"મને તો હિમના પટ અને સાફ આસમાન સિવાય બીજું કશુંય નજરે નથી પડતું."

"પણે — જુઓ, વાદળું છે!"

હવે મને ક્ષિતિજમાં એક નાનકડું સફેદ વાદળું દેખાયું. પહેલાં તો મેં માની લીધેલું કે તે દૂરનો કોઈ ટેકરો હશે. ગાડીવાને સમજાવ્યું કે એ વાદળામાં તોફાનના અણસારા વરતાય છે.

આ વિસ્તારોમાં તૂટી પડતા હિમઝંઝાવાતોની વાતો મેં સાંભળેલી, અને મને ખબર હતી કે એવા ઝંઝાવાતોમાં ગાડીઓની આખી ને આખી વણજારો હિમ નીચે દબાઈ જતી. સાવેલ્યિચનો મત ગાડીવાનની સલાહ માની લેવાનો હતો, એટલે તેણે મને સમજાવ્યો કે પાછા વળી જઈએ તો સારું. પણ મને પવન બહુ જોરદાર ન લાગ્યો અને મનમાં આશા બંધાઈ કે આગલા ઉતારા સુધી સહિસલામત પહોંચી જવા જેટલો વખત તો રહેશે જ. એટલે મેં ગાડીવાનને ઘોડા ઝડપથી આગળ દોડાવવાનું કહ્યું.

તેણે ઘોડા પૂરવેગે મારી મૂક્યા પણ તેની નજર સતત પૂર્વ દિશામાં ફરતી રહેતી હતી. ઘોડા એકધારા વેગે સપાટાબંધ દોડી રહ્યા હતા. પવન નિરંતર વધારે ને વધારે જોર પકડતો ગયો. નાનકડું વાદળું મોટું થતું ગયું અને ભયાનક રૂપ ધારણ કરતું ધીરે ધીરે આખા આકાશમાં છવાઈ ગયું. પાંખી હિમવર્ષા શરૂ થઈ ગઈ અને થોડી વારમાં તો હવા જાણે મોટા મોટા હિમકણોથી ભરાઈ ગઈ. પવન સુસવાટા કરવા લાગ્યો અને હિમઝંઝાવાત અમારી ઉપર તૂટી પડયો. પળવારમાં તો ઘેરું આસમાન અને હિમનો સાગર જાણે એકાકાર થઈ ગયાં. માર્ગની તમામ નિશાનીઓ અદૃશ્ય થઈ ગઈ. "આવી બન્યું, હજૂર!" ગાડીવાનના અવાજમાં ગભરાટ હતો. "હિમઝંઝાવાત — આપણે સપડાઈ ગયા!"

મેં ગાડીની છત્રી હેઠળથી બહાર નજર નાખી — ગમગીની અને વંટોળ સિવાય બીજું કશું જ દેખાતું નહોતું. પવન એવા દેખાતા ઝનૂનથી સુસવાટા કરી રહ્યો હતો કે જાણે જીવતું જનાવર હોય. થોડીક જ વારમાં હું ને સાવેલ્યિચ હિમથી છવાઈ ગયા. ઢીલા પડી ગયેલા ઘોડા એક એક ડગલું માંડીને ચાલતા ચાલતા આખરે સાવ થંભી ગયા.

"ગાડી ચલાવતો કેમ નથી?" મેં અધીરાઈથી ગાડીવાનને સવાલ કર્યો. "શો ફાયદો?" તેણે પોતાની જગ્યાએથી નીચે ઊતરતાં જવાબ આપ્યો. "ખબર જ નથી પડતી કે આપણે ક્યાં છીએ — મારગ દેખાતો જ નથી, ચોમેર ઘોર અંધારું છે." હું તેને ધમકાવવા લાગ્યો પણ સાવેલ્યિચે તેની તરફદારી કરી: "એની સલાહ કેમ ન માની?" તે ખીજે ભરાઈને બોલ્યો. "આપણે સરાઈમાં

પાછા ગયા હોત તો જ સારું હતું. ત્યાં ગરમ ગરમ ચા પીવા મળી હોત, અને રાતવાસો કરીને તોફાન ખતમ થઈ જતાં ફરી રવાના થઈ ગયા હોત. આપણને કંઈ ખાસ ઉતાવળ તો નથી, કે છે? આપણે કંઈ લગનમાં જવા નથી નીકળ્યા." સાવેલ્યિચની વાત ખરી હતી. અમે ખરી મુશ્કેલીમાં સપડાઈ ગયા હતા. હિમવર્ષા જોર પકડી રહી હતી. ગાડીની બાજુમાં હિમનો જબ્બર ગંજ ખડકાઈ ગયો હતો. ઘોડા માથાં નીચાં ઢાળીને ઊભા હતા અને બેચેનીમાં થોડી થોડી વારે ચમકી જતા હતા. ગાડીવાન આમતેમ આંટા મારી રહ્યો હતો અને જાણે કંઈક કરવા ખાતર લગામ સરખી કરતો હતો. સાવેલ્યિચ સ્વગત બબડી રહ્યો હતો. મેં જિંદગીની કે માર્ગની જરા સરખીયે નિશાની પારખી કાઢવા ચોમેર નજર દોડાવી પણ ચકરાવા લેતા હિમઝંઝાવાત સિવાય બીજું કંઈ જ ન દેખાયું. એટલામાં મારી નજર કશીક કાળી વસ્તુની ઉપર પડી. "અરે ગાડીવાન!" હું જોરથી બોલી ઊઠયો. "પણે જો, પેલું કાળું કાળું શું દેખાય છે?" ગાડીવાન મેં ચીંધેલી દિશામાં જોવા લાગ્યો. "ખુદાને ખબર, હજૂર!" તે ગાડીમાં પોતાની જગ્યાએ ચડતો બોલ્યો. "ગાડી જેવું કે ઝાડ જેવું તો કંઈ નથી લાગતું, અને વળી હલે છે. કાં તો વરુ હોય કે પછી માણસ હોય!"

મેં તેને ગાડી એ અજાણી વસ્તુ તરફ હંકારવાનું કહ્યું. અને એ વસ્તુ પણ જાણે અમારી તરફ આવી રહી હતી. પળવારમાં અમે નજીક પહોંચી ગયા તો એક માણસ નજરે પડયો. ગાડીવાને તરત જ ઘાંટો પાડીને સવાલ કર્યો:

"અરે ભલા ભાઈ, મારગની ભાળ છે?"

"મારગ તો અહીંયાં જ છે, હું નક્કર જમીન ઉપર ઊભો છું." મુસાફરે જવાબ દીધો. "પણ હવે એ શા કામનો?"

"સાંભળ, ભાઈ," મેં તેને કહ્યું. "આ વિસ્તાર તારો જાણીતો છે? તું અમને રાત ગાળવા જેવી જગ્યાનો માર્ગ ન બતાવી શકે?"

"અહીંનો વિસ્તાર તો મારો જાણીતો છે," મુસાફરે જવાબ આપ્યો, "હોય જ, કારણ કે અહીંની તસુએ તસુ જમીન હું પગપાળો કે ઘોડેસવાર થઈને કેટલીય વાર ખૂંદી વળ્યો છું. પણ આ હિમનું તોફાન તો જુઓ! ખોવાઈ જતાં વાર ન લાગે! અહીંયાં જ થોભીને વાટ જુઓ તો સારું—તોફાન તો આખરે ખતમ થવાનું જ. પછી આસમાન ખૂલી જશે એટલે તારાની એંધાણીએ આપણે રસ્તો ગોતી કાઢીશું."

તેની સ્વસ્થતા જોઈને મારા મનમાં નવી આશા રેડાઈ. મેં ઈશ્વરની ઇચ્છાને આધીન બની જઈને રાત એ અફાટ વેરાનમાં જ વિતાવવાનું નક્કી કરી લીધું, એટલામાં મુસાફરે એકાએક વિસ્મયકારક ચપળતાથી ગાડી ઉપર ચડી જઈને ગાડીવાનને કહ્યું: "ખુદાનું અહેસાન કે નજીકમાં જ કોઈ ઘર છે. ગાડીને જમણી તરફ વાળીને પછી સીધી આગળ ચલાવ!"

"જમણી તરફ શું કરવા વાળું?" ગાડીવાને ખિજાઈને જવાબ આપ્યો. "ત્યાં રસ્તો તો છે નહિ! 'ગાડી ચલાવ!' કહી દેવાનું તો સાવ સહેલું છે! ઘોડા બીજાના ને ગાડી બીજાની, મરજી પડે એમ ચલાવો, એક પાઈ નથી દેવાની!" મને ગાડીવાનની વાત ખરી લાગી. "નજીકમાં જ કોઈ ઘર છે એમ તું શા પરથી કહે છે?" મેં સવાલ કર્યો. મુસાફરે જવાબ આપ્યો: "કારણ કે પવન એ તરફથી ફૂંકાય છે અને મને પવનમાં ધુમાડાની ગંધ વરતાય છે. એટલે નજીકમાં ક્યાંક ગામ ચોક્કસ હોવું જ જોઈએ." તેની ચતુરાઈ તેમ જ પવનમાં વાસ પારખી લેવાની તેની અજબ શકિત જોઈને હું વિસ્મયમાં ગરકાવ થઈ ગયો. મેં ગાડીવાનને ગાડી ચલાવવાનો હુકમ આપ્યો. હિમના જાડા થરમાં ઘોડા મુશ્કેલીથી કદમ માંડી શકતા હતા. ગાડી હિમના ઢગલાઓમાં માર્ગ કરતી, ખાડા-ખાડીઓમાં લગભગ ફસાઈ પડતી, તોફાને ચડેલા સમુદ્રમાં ડોલતા વહાણની જેમ એક તરફથી બીજી તરફ જોખમકારક રીતે નમી પડતી, ધીરે ધીરે આગળ વધવા લાગી. સાવેલ્યિચ વારંવાર મારી જોડે અથડાઈ પડતાં કકળી ઊઠતો હતો. મેં ગાડીની બારીઓ આડા કાથીના પડદા બાંધી દીધા અને ફર-કોટને શરીર ફરતો વધારે સખત ભીડી દીધો. પવનના સુસવાટાના એકધારા અવાજ અને ગાડીના ધીમા વેગને લીધે મને નીંદર આવી ગઈ.

એ નીંદરમાં મને આવેલું સ્વપ્ન હું કદી ભૂલી શક્યો નથી, અને તેને મારી જિંદગીના વિલક્ષણ સંજોગોની જોડે સાંકળી લેતાં હજુ પણ જાણે પયગંબરી આગાહી જેવું ગણું છું. વાચક પોતાના અનુભવમાંથી જાણતો હશે કે માણસ વહેમો પ્રત્યે ગમે તેટલી ઘૃણા ધરાવતો હોવા છતાં કેટલી સહેલાઈથી તેનો ભોગ બની જતો હોય છે, એટલે મને જરૂર માફ કરી દેશે.

હું એવી શારીરિક અને માનસિક હાલતમાં હતો કે જ્યારે વાસ્તવિકતા સ્વપ્નોને વશ બની જઈને, નીંદરની પ્રથમ કક્ષા દરમિયાન અસ્પષ્ટ કલ્પનોની ભૂતાવળમાં સ્વપ્નોની જોડે એકરૂપ થઈ જાય છે. મને લાગ્યું કે તોફાનની

તાંડવલીલા હજુ ચાલી રહી છે અને અમે હિમ છવાયેલા વિસ્તારમાં હજુ ભટકી રહ્યા છીએ ... અચાનક મને નજર સામે એક દરવાજો દેખાયો અને ગાડી અમારી હવેલીના આંગણુમાં દાખલ થઈ. મને સૌથી પહેલો વિચાર તો એવો આવ્યો કે મારે મારાં માતાપિતાને ઘેર પરાણે પાછું ફરવું પડયું તેને મારા પિતા પોતાના ફરમાનનો મારા તરફથી જાણીજોઈને ભંગ ગણીને મારી ઉપર ખીજે ભરાઈ જશે. હું બેચેન બનીને ગાડીમાંથી બહાર કૂદી પડયો અને મને મારી મા સામેથી આવતી નજરે પડી. તેના ચહેરા ઉપર ઊંડી વેદનાના ભાવ છવાયેલા હતા. "ચુપ!" તેણે મને કહ્યું. "તારા બાપુ સખત માંદા છે — છેલ્લી ઘડીએ છે — અને તારી વિદાય લેવા તરસી રહ્યા છે." હું દહેશતમાં પડી જઈને તેની પાછળ પાછળ ચાલ્યો. અમે ઝાંખા પ્રકાશવાળા એક ખંડમાં પહોંચી ગયાં. ત્યાં કેટલાંય સ્ત્રીપુરુષો સોગિયાં મોં લઈને પલંગની આસપાસ ઊભાં હતાં. હું હળવે પગલે પલંગની પાસે ગયો. મારી મા એક ખૂણેથી પડદો ઊંચો કરીને બોલી: "આન્દ્રેઈ પેત્રોવિચ, પેત્રૂશા આવી ગયો છે. તમારી માંદગીની ખબર પડી એટલે એ અરધેથી પાછો વળી ગયો. એને આશીર્વાદ આપો!" મેં ગોઠણભેર બેસી જઈને મારી નજર માંદા માણસની ઉપર ઠેરવી. પણ મારી આંખોને શું દેખાયું? ત્યાં પલંગમાં મારા પિતાને બદલે એક ખેડૂત સૂતેલો હતો. તેને કાળી દાઢી હતી. તેણે ખુશીથી છલકાતી નજરે મારી સામે જોયું. હું આભો બની જઈને મારી મા તરફ ફર્યો. "આનો શો અર્થ?" મેં માને સવાલ કર્યો. "આ મારા બાપુ નથી. હું કોઈ ખેડૂતના આશીર્વાદ શા માટે માગું?" માએ જવાબ આપ્યો: "કંઈ વાંધો નહિ, પેત્રૂશા. તારા લગ્ન વખતે એ જ તારા બાપુનું સ્થાન લેશે. એના હાથને બચી ભર, અને એના આશીર્વાદ લઈ લે..." પણ મેં ઈનકાર કરી દીધો. પછી ખેડૂત ઠેકડો મારીને પલંગ પરથી કૂદી પડયો અને પાછળ ક્યાંકથી કુહાડી ઉપાડી લઈને ચારેતરફ ઝીંકવા લાગ્યો. મેં ભાગી જવાની કોશિશ કરી... પણ મારાથી ભાગી શકાયું નહિ. આખો ઓરડો મડદાંથી ભરાઈ ગયો! હું મડદાં ઉપર પડવા આખડવા લાગ્યો અને મારા પગ લોહીનાં ખાબોચિયાંમાં લપસી પડવા લાગ્યા. ભયંકર ખેડૂતે દોસ્તીભર્યા અવાજે મને સાદ કર્યો: "બીતો નહિ, અહીં મારી પાસે આવ, હું તને આશીર્વાદ આપું!" હું દહેશત અને વ્યગ્રતામાં ગરકાવ થઈ ગયો... બરાબર એ ઘડીએ મારી આંખો ઊઘડી ગઈ. ઘોડા ઊભા રહી ગયા હતા. સાવેલ્યિચ મારી બાંય હલાવતો કહી રહ્યો હતો: "ઊતરો, હજૂર! આપણે પહોંચી ગયા છીએ."

"પહોંચી ગયા? ક્યાં?" મેં આંખો ચોળતાં ચોળતાં સવાલ કર્યો. "સરાઈમાં. ઈશ્વરની દયાથી ગાડી સરાઈની વાડ જોડે ભટકાઈ ગઈ. ઊતરો, હજૂર, ઝટ ઊતરો, અંદર ગરમાવામાં આવી જાઓ."

હું ગાડીમાંથી નીચે ઊતર્યો. તોફાન હજી ચાલુ જ હતું પણ તેનું જોર ઓછું થઈ ગયું હતું. ચોમેર ઘોર અંધકાર છવાયેલો હતો. સરાઈનો માલિક અમને આવકારવા બારણે ઊભો હતો. તેણે દીવો પોતાના કોટના છેડા હેઠળ ઢાંકી રાખ્યો હતો. તે અમને એક નાનકડા ઓરડામાં લઈ ગયો. જગ્યા સંકડાશવાળી હતી પણ સારી પેઠે સાફસૂફ હતી. તેમાં અજવાળા માટે માત્ર એક મીણબત્તી જ બળી રહી હતી. એક બંદૂક અને ઊંચી ટોચદાર એક કઝ્ઝાક ટોપી દીવાલે ટાંગેલી હતી.

સરાઈવાળો યાઈક કઝ્ઝાક આદમી લગભગ સાઠ વરસનો પણ તંદુરસ્ત અને ફૂર્તિલો હતો. સાવેલ્યિચ ચાની વસ્તુઓનો દાબડો લઈને મારી પાછળ પાછળ આવ્યો. તેણે ચા બનાવવાનું શરૂ કરવા માટે સગડી મંગાવી. ચા પીવાની એટલી ઉત્કટ ઇચ્છા મને અગાઉ ક્યારેય નહોતી થઈ. સરાઈવાળો જરૂરી ગોઠવણ કરવા ચાલ્યો ગયો.

"આપણો ભોમિયો ક્યાં ગયો?" મેં સાવેલ્યિચને પૂછ્યું.

"અહીંયાં જ છું, નામદાર," ઉપરથી અવાજ સંભળાયો. મેં ભીંતને અડીને ગોઠવેલી ઊંચી અભરાઈ તરફ જોયું તો કાળી દાઢી અને ચળકતી આંખોની જોડી નજરે પડી. "કેમ ભાઈ, બહુ ટાઢ વાય છે?" મેં પૂછ્યું. "આ પાતળા ચીંથરેહાલ કોટમાં ટાઢ ન વાય તો બીજું શું થાય?" તેણે જવાબમાં કહ્યું. "મારી પાસે ઘેટાની ખાલનો કોટ હતો, પણ ખરી વાત કહી દઉં તો મેં તેને ગઈકાલે પીઠામાં ગીરવી મૂકી દીધો. મને આટલા આકરા ઠારનો અંદેશો નહોતો." એટલામાં સરાઈવાળો ઊકળતા પાણીનો સામોવાર લઈ આવ્યો. મેં ભોમિયાને ચા પીવા બોલાવ્યો એટલે તે અભરાઈ પરથી નીચે ઊતરી આવ્યો. તેનો દેખાવ અજબ હતો. તેની ઉંમર લગભગ ચાળીસની લાગતી હતી, મધ્યમ ઊંચાઈ, પાતળી કાયા, અને પહોળા ખભા. તેની કાળી દાઢીમાં ક્યાંક ક્યાંક ધોળા વાળ વરતાતા હતા. તેની ચેતનથી છલકાતી મોટી મોટી કીકીઓ સતત હલતી રહેતી હતી. તેના ચહેરા ઉપરના ભાવ એકીસાથે આકર્ષક તેમ જ લુચ્ચાઈભર્યા હતા. તેના વાળ કઝ્ઝાક ઢબે કાપેલા હતા. તેણે ફાટેલો ગરમ કોટ અને તાતાર ઢબનું પાટલૂન પહેર્યાં હતાં. મેં તેને ચાનો કપ આપ્યો. તેણે એક ઘૂંટડો ભરીને મોઢું

બગાડયું. "એક મહેરબાની કરો, નામદાર, એક ગ્લાસ વોદકા મંગાવી આપો, કઝ્ઝાક આદમીનું કામ ચાથી ન ચાલે." મેં તેની માગણીનો તરત અમલ કરાવ્યો. સરાઈવાળો કબાટમાંથી બોટલ અને ગ્લાસ કાઢીને તેની નજીક ગયો, પણ તેના ચહેરા ઉપર નજર પડતાં જ બોલી ઊઠયો: "અરે! તો તું વળી પાછો આ તરફ આવી ગયો! શું કરવા ધાર્યું છે અહીંયાં?" અમારા ભોમિયાએ અર્થભરી રીતે આંખ મિચકારીને કોયડાઓમાં જવાબ આપ્યો: "શાકભાજીના વાડામાં ઊડતાં ઊડતાં હું છોડવાઓમાં ચાંચ મારતો હતો. ડોશીમાએ મારી ઉપર પથરો ફેંક્યો પણ નિશાન ચૂકી ગયાં! હશે, પણ તમારા લોકોનું કેમ ચાલે છે?"

"અમારા લોકો?" સરાઈવાળાએ એવી જ રૂપકની ભાષામાં પડઘો પાડતાં જવાબ આપ્યો, "સાંજની પ્રાર્થનાનો વખત થઈ ગયો છે, પણ પાદરીની વહુ મનાઈ કરે છે — પાદરી બહારગામ ગયો છે અને શયતાન બેલગામ થઈને બધે ઘૂમી રહ્યો છે."

"બસ હવે, રહેવા દો, કાકા!" અમારો રખડુ બોલી ઊઠયો. "વરસાદ આવશે તો મશરૂમ ઊગશે, અને મશરૂમ ઊગશે તો ટોપલાયે મળી જ રહેશે. અને હવે (તેણે વળી આંખ મિચકારી) કુહાડી પાછી ખભે ટેકવી દો, વનના ચોકિયાતો આવી રહ્યા છે. નામદારની તંદુરસ્તીના નામે!" એમ કહેતાં તે ગ્લાસ હાથમાં લઈને અને ક્રોસની નિશાની કરીને વોદકા ગટગટાવી ગયો. પછી તે મારી સામે નમીને પાછો પોતાની વિશ્રામની જગ્યાએ ચડી ગયો.

એ વખતે હું એ ચોરના લવારાનો કશો અર્થ નહોતો તારવી શક્યો, પરંતુ આગળ જતાં મને સમજાયું કે એ લોકો યાઈક[4] સિપાહીઓના મામલા અંગે વાત કરી રહ્યા હતા. યાઈક સિપાહીઓએ ૧૭૭૨માં બળવો કર્યો હતો અને તેમને થોડા વખત પહેલાં જ દબાવીને પાછા તાબે કરી લેવામાં આવ્યા હતા. સાવેલ્યિચ બધી વાતચીત ઊંડા અસંતોષના ભાવે સાંભળી રહ્યો હતો. તે ઘડીક સરાઈવાળાની સામે અને ઘડીક અમારા ભોમિયાની સામે શંકાભરી નજર નાખતો રહેતો હતો. સરાઈ, અથવા સ્થાનિક ભાષામાં **ઉમ્યોત**, રસ્તાથી આઘેરી, વેરાન વિસ્તારમાં, અને લોકોના વસવાટથી બહુ દૂર આવેલી હતી એટલે તે લૂંટારાઓનો અડ્ડો હોવાનો પૂરો સંભવ હતો. પણ અમારી હાલત તો સાવ લાચારીની હતી. સફર ચાલુ રાખવાનો તો ખ્યાલ પણ કરી શકાય એમ નહોતો. સાવેલ્યિચની અકળામણ જોઈને મને ખૂબ રમૂજ પડી. મેં તો રાત એ જગ્યાએ જ ગાળવાનું નક્કી કરી નાખ્યું અને એક બાંકડા ઉપર લંબાવ્યું. સાવેલ્યિચ તાપણું સળગાવવાની

મોટી સગડીની છત ઉપર સૂઈ ગયો. સરાઈવાળો ભોંયપટ ઉપર લાંબો થયો. થોડી વારમાં જ નસકોરાંનો અવાજ આખા ઓરડામાં ભરાઈ ગયો, અને હું પણ ઘેરી નીંદરમાં સરી પડયો.

સવારે જરાક મોડો ઊઠીને મેં જોયું તો તોફાન શમી ગયું હતું. સૂરજ ચળકી રહ્યો હતો. અફાટ વિસ્તારમાં હિમ જાણે આંખને આંજી નાખે એવા સફેદ ગાલીચાની જેમ પથરાયેલું હતું. ઘોડાને ગાડીએ જોડી દેવામાં આવ્યા હતા. મેં સરાઈવાળાનો હિસાબ ચૂકતે કર્યો, પરંતુ તેણે પૈસા એટલા વાજબી લીધા કે સાવેલ્યિચ પણ પોતાની હંમેશની ટેવ મુજબના વાંધાવચકા કે સોદાબાજીની કોશિશ ન કરી શક્યો. ગઈ રાતની બધી શંકાઓ તેના મનમાંથી સાવ નીકળી ગઈ. મેં અમારા ભોમિયાને બોલાવીને તેનો આભાર માન્યો અને તેને પીણા સારુ પચાસ કોપેક આપવાનું સાવેલ્યિચને કહ્યું. સાવેલ્યિચનાં ભવાં ચડી ગયાં. "વોદકા સારુ પચાસ કોપેક? શું કામ? એને ગાડીમાં બેસાડીને સરાઈમાં પહોંચાડવાની એણે આપણને રજા આપી એટલે? તમારી મરજી, હજૂર, પણ આપણી પાસે નાખી દેવાના પચાસ કોપેક તો નથી જ. તમે દરેક માણસને દારૂ પીવાના પૈસા આપતા રહેશો તો થોડા વખતમાં ખુદ તમને જ પૈસાની તાણ પડશે." હું સાવેલ્યિચની સાથે દલીલ કરી શકું એમ નહોતો. મેં વચન આપેલું તે મુજબ બધા પૈસા તેને હસ્તક હતા. પરંતુ જે માણસે મને મોટી આફતમાંથી ભલે નહિ પણ ચોક્કસ રૂપે બેહદ પરેશાનીની હાલતમાંથી તો જરૂર ઉગારી લીધો હતો તેના પ્રત્યે મારી અહેસાનની લાગણી બતાવી ન શકવાથી મને ભારે અકળામણ થઈ. "બહુ સારું," હું શાંત અવાજે બોલ્યો, "તારે એને પચાસ કોપેક ન આપવા હોય તો મારું કોઈ કપડું એને પહેરવા આપ. એનાં કપડાં આવી ટાઢમાં પૂરતાં નથી. મારો સસલાની ખાલનો કોટ આપી દે."

"અરે ભાઈ, પ્યોતર આન્દ્રેઈચ, માલિક!" સાવેલ્યિચ બોલી ઊઠયો. "એવા કોટને એ શું કરવાનો? પહેલું પીઠું મળશે એમાં દારૂ ઢીંચવા કોટ વેચી નાખશે, સાવ કૂતરા જેવો તો છે!"

"અરે બુઢ્ઢાબાબા, હું દારૂ પીવા કોટને વેચી નાખું કે નહિ એની જોડે તારે કંઈ જ લેવાદેવા નથી. નામદારને એમનો પોતાનો કોટ મને આપી દેવાનું મન છે. એ તો એમની મરજીની વાત છે. તું રહ્યો ગુલામ, તારી ફરજ હુકમનો અમલ કરવાની છે, તારાથી દલીલ ન કરાય."

"તને શરમ જેવું કંઈ છે જ નહિ, લફંગા!" સાવેલ્યિચ ગુસ્સે થઈને બરાડી ઊઠયો. "તું નજરે જુએ છે કે હજૂર સાવ નાના છે ને કાંઈ સમજતા નથી. એ સાવ ભોળા છે એટલે તું એમને લૂંટી લેવા તૈયાર થઈ ગયો છે. અમીર માણસના કોટને તું શું કરવાનો? એમાં તો તારા કાળમુખા ખાંધોલા કોઈ રીતે સમાશે જ નહિ."

"ભલો થઈને દલીલ પડતી મૂક અને જઈને કોટ લઈ આવ," મેં મારા ઘરડા વાલીને કહ્યું.

"હે ભગવાન!" સાવેલ્યિચે નિસાસો નાખ્યો. "કોટ સાવ નવા જેવો છે! અને ભટકેલ દારૂડિયાના હાથમાં જાય છે!"

પણ આખરે કોટ પેશ કરવામાં આવ્યો. ખેડૂતે એને તરત જ પહેરી જોયો. હવે તો મને પણ નાનો પડવા લાગેલો કોટ તેને તો ખરેખર ખૂબ જ તણાતો હતો. પણ તેણે ગમે તેમ કરીને અખરે કોટ પહેરી જ લીધો, જોકે બહુ તણાવાથી વચલો સાંધો થોડોક ખૂલી ગયો. દોરા તૂટવાના અવાજ સાંભળીને સાવેલ્યિચના મોંમાંથી અરેરાટી નીકળી ગઈ. પણ રખડુ આદમી તો મારી બક્ષીસથી બેહદ ખુશ થઈ ગયો. તે ગાડી સુધી મને વળાવવા આવ્યો અને ખૂબ નમીને બોલ્યો: "બહુ મહેરબાની કરી, નામદાર! ઈશ્વર તમને તમારી ભલાઈનો બદલો ચોક્કસ આપશે જ. તમારી મહેરબાની હું કદી નહિ ભૂલું." પછી તે પોતાને રસ્તે પડી ગયો અને મેં સાવેલ્યિચના સંતાપને જરાય ધ્યાનમાં લીધા વગર મારી સફર ફરી ચાલુ કરી દીધી. મારા મનમાંથી આગલા દિવસના હિમઝંઝાવાતની, અમારા ભોમિયાની, અને સસલાની ખાલના કોટની યાદ થોડા વખતમાં જ ઓસરી ગઈ.

ઓરેનબૂર્ગ પહોંચીને હું સીધો જનરલ પાસે ગયો. તેની ખૂબ ઊંચી કાયા વૃદ્ધાવસ્થાને કારણે વળી ગઈ હતી. તેના લાંબા વાળ સાવ ધોળા થઈ ગયા હતા. રંગ ઊડી ગયેલા પુરાણા યુનિફૉર્મમાં તે આન્ના ઇઓઆન્નોવ્ના જમાનાના યોદ્ધા જેવો દેખાતો હતો અને તેના ઉચ્ચારોમાં જર્મન ભાષાની પ્રબળ અસર વરતાતી હતી. તેણે પોતાનું નામ સાંભળતાં જ એકદમ મારી ઉપર નજર નાખી. "માઇન ગોટ!"* તેણે કહ્યું, "હજી તો જાણે ગઈકાલે જ આન્દ્રેઈ પેત્રોવિચ તારા જેવડા હતા, અને હવે તું મઝાનો જુવાન આદમી થઈ ગયો

---

* ભલા ભગવાન! —સં.

છે! વખત કેવો ઝડપથી વીતી જાય છે!" તેણે પરબીડિયું ફાડીને કાગળ મનમાં વાંચવાનું શરૂ કરી દીધું, પરંતુ સાથે સાથે અંદરના લખાણ અંગે તેની ટકોરો સતત ચાલતી હતી. "'પ્રિય આન્દ્રેઈ કાર્લોવિચ, મને આશા છે કે આપ નામદાર...' વાહ ભાઈ! આપણે કેટલો બધો ઠઠારો શીખી લીધો છે! અરે, અને જરાક તો શરમ આવવી જોઈએ! બેશક, શિસ્ત જાળવવાની વાત સૌથી પહેલી હોય જ, એ તો ખરું, પણ પુરાણા કામેરાડ*ને કંઈ આ રીતે લખાતું હશે?.. 'આપ નામદાર ભૂલી નહિ ગયા હો'... હં... 'અને જ્યારે મરહૂમ ફિલ્ડ-માર્શલ મીન[5]... ચડાઈ... અને કારોલીન્કા...' અરે વાહ! બ્રુડેર**! આને તો જૂનાં ટીખળ બધાં બરાબર યાદ છે... 'અને હવે કામની વાત... મારા જુવાન છોકરાને મોકલું છું...' હં... 'એની જોડે કાંટાળા દસ્તાના પહેરીને કામ લેજો'... કાંટાળા દસ્તાના?" તેણે મારી તરફ ફરીને શબ્દો દોહરાવ્યા. "મતલબ? કોઈ રશિયન કહેવત છે કે શું?"

મેં મારા મોં પર નિર્દોષતાના ભાવ આણીને જવાબ આપ્યો: "એનો મતલબ એવો છે કે આપે મારી તરફ માયાળુ વર્તન રાખવું. બહુ સખતાઈ ન કરવી, મને પુષ્કળ આઝાદી આપવી—મારી જોડે કાંટાળા દસ્તાના પહેરીને કામ લેવું."

"હં... સમજ્યો... 'અને એને વધારે પડતી આઝાદી આપશો નહિ'... ના, 'કાંટાળા દસ્તાના'નો અર્થ તું જણાવે છે એવો નથી લાગતો... 'એનો પાસપોર્ટ સાથે બીડું છું...' ક્યાં છે? આ રહ્યો! 'સેમ્યોનોવ રેજિમેન્ટને લખીને જણાવી દેજો...' વારુ... વારુ... એ તો થઈ જશે... 'દરજ્જાની વાત અળગી રાખીને હું પુરાણા સાથી અને દોસ્ત તરીકે તમને ભેટવાની છૂટ લઉં છું'... વાહ, આખરે... વગેરે, વગેરે." કાગળ પૂરો વાંચી લીધા પછી અને મારો પાસપોર્ટ ઠેકાણે મૂકી દીધા પછી તેણે કહ્યું: "ઠીક, જુવાન, બધી વ્યવસ્થા થઈ જશે. તને ... રેજિમેન્ટમાં અફસરનો દરજ્જો આપવામાં આવશે. વખત નકામો બરબાદ કરવાની જરૂર નથી એટલે તારે આવતીકાલે જ બેલોગોર્સ્ક કિલ્લા તરફ રવાના થઈ જવાનું છે અને ત્યાં કૅપ્ટન મિરોનોવના હાથ નીચે તારું પદ સંભાળી લેવાનું છે. કૅપ્ટન મિરોનોવ

---

* સાથી. — સં.

** ભાઈ. — સં.

કાબેલ અને નેક આદમી છે. ત્યાં તને ખરી લશ્કરી કામગીરી કરવા મળશે અને શિસ્તની તાલીમ પણ મળશે. ઓરેનબૂર્ગમાં તારે કરવા જેવું કંઈ જ નથી, આળસુ જિંદગી જુવાનો માટે સારી ન ગણાય. અને આજે તું મારી જોડે જમજે, મને ખુશી થશે."

આ તો દુકાળમાં અધિક માસ જેવું થયું! મેં મનમાં ને મનમાં જ સવાલ કર્યો: માના પેટમાં હતો ત્યારથી જ સંત્રીદળનો સાર્જેન્ટ બનાવી દેવાથી મને શો ફાયદો થયો? તેનો અંજામ કેવો આવ્યો? કિરગિઝ-કાઈસાના વેરાન વિસ્તારની સરહદે બેહદ દૂરના કિલ્લામાં ગોંધાઈ રહેવું પડશે! મેં ભોજન આન્દ્રેઈ કાર્લોવિચની સાથે લીધું. અમે ત્રણ જણ હતા — જનરલ, તેનો ઘરડો મદદનીશ, અને હું. ભોજનમાં પાકી જર્મન કરકસર રાખવામાં આવી હતી. મને વિના વિલંબે બેલોગોર્સ્ક કિલ્લે રવાના કરી દેવાના કારણોમાં, તેના અપરિણીત ભોજનોમાં કોઈ મહેમાનને બોલાવવો પડે એવી બીક સામેલ નહિ હોય તેની મને ખાતરી નથી. બીજે દિવસે હું જનરલની વિદાય લઈને મારા લક્ષ્ય તરફ રવાના થઈ ગયો.

પ્રકરણ ૩

કિલ્લો

અમારે તો કિલ્લામાં રહેવું,
ને ખાઈને રોટી, પાણી પીવું;
આવે જો દુશ્મન દાનવ જેવા,
મેવા ને મીઠાઈની મોજ લેવા;
આવકારશું ઉમંગે ને કરાવશું કેલી,
વરસાવશું ભાઈ અમે ગોળીઓની હેલી.

સૈનિકોનું ગીત[6]

"પુરાણી ઢબના લોકો, ભલા ભાઈ!"

'બોઘો'



બેલોગોર્સ્ક કિલ્લો ઓરેનબૂર્ગથી લગભગ ચાળીસ માઈલના અંતરે આવેલો હતો. રસ્તો યાઈક નદીને ઊંચે કાંઠે થઈને જતો હતો. નદીનું પાણી હજી જામી નહોતું ગયું અને એકસરખા હિમાચ્છાદિત કિનારાઓની વચ્ચે તેનો ઘટ્ટ પ્રવાહ જાણે ઘેરી ગમગીની ફેલાવી રહ્યો હતો. નદીની બન્ને બાજુએ કિરગિઝિયાનો વેરાન સપાટ પ્રદેશ પથરાયેલો હતો. હું ઊંડા વિચારમાં ડૂબી ગયો. મારા વિચારો મોટે ભાગે તો વિષાદમય જ હતા. ગૅરિસનની જિંદગી અંગે મને બહુ ઓછી ઉત્સુકતા હતી. મેં મારા ભાવિ ઉપરી અફસર કૅપ્ટન મિરોનોવ વિશે કલ્પના કરવાની કોશિશ કરી તો મારા મનમાં એક કડક અને ખિજાળ ઘરડા આદમીનું, લશ્કરી કામગીરી સિવાય

બીજી કોઈ બાબતની ફિકર ન કરનારા અને સાવ નજીવા કસૂર બદલ મને ગિરફતાર કરીને લૂખાં રોટીપાણીની સજા કરી દેવા તૈયાર અફસરનું, ચિત્ર ઊપસી આવ્યું. સાંજ પડવા લાગી હતી. અમે ઠીક ઠીક વેગે ગાડી દોડાવી રહ્યા હતા. "કિલ્લો હજુ બહુ દૂર છે?" મેં ગાડીવાનને પૂછ્યું. "બહુ નહિ," તેણે જવાબ આપ્યો. "હમણાં જ નજરે પડવા લાગ્યો છે, પણે જુઓ!" તોતિંગ બુરજો, મિનારા, અને ઊંચી રાંગ જોવાની ધારણા મનમાં રાખીને મેં ચોતરફ નજર દોડાવી, પરંતુ લાકડાંનાં મકાનોનું ઝુંડ અને તેને ફરતી ડીમચાંની વાડ સિવાય બીજું કશું ન દેખાયું. રસ્તાની એક તરફ ખડની ત્રણચાર ગંજીઓ હિમથી અરધીપરધી છવાયેલી પડી હતી, અને બીજી તરફ એક પવનચક્કીના ખંડેરમાં ઝાડની છાલના નિષ્ક્રિય લબડતા પંખા નજરે પડતા હતા. "ક્યાં છે કિલ્લો?" મેં આશ્ચર્યના ભાવે સવાલ કર્યો. "આ રહ્યો," ગાડીવાને ગામડા સામે આંગળી ચીંધી અને ગાડી તેની અંદર વાળી. ગામના ફાટક પાસે લોઢાની એક પુરાતન તોપ ખડી હતી. શેરીઓ સાંકડી અને વાંકીચૂકી હતી. ગામનાં વામણાં ઘરોમાંથી મોટા ભાગનાં પરાળના છાપરાવાળાં હતાં. મેં ગાડીવાનને ગાડી કમાંડન્ટની કચેરીએ લઈ જવાનું કહ્યું. પળવારમાં અમારી ગાડી લાકડાના એક નાનકડા ઘર પાસે ઊભી રહી ગઈ. ઘર ઊંચાણવાળી જગ્યામાં બાંધેલું હતું અને તેની જોડાજોડ લાકડાનું દેવળ ખડું હતું.

મને આવકારવા કોઈ બહાર ન આવ્યું. મેં આંગણમાં જઈને બારણું ખોલ્યું. એક ઘરડો અપંગ સિપાહી ટેબલ પર બેઠો બેઠો લીલા યુનિફૉર્મની બાંય ઉપર નીલી પટ્ટી સીવી રહ્યો હતો. મેં તેને મારા આવવાની ખબર અંદર પહોંચાડવા કહ્યું. "તમે અંદર જઈ શકો છો, સાહેબ," તેણે કહ્યું, "લોકો ઘેર જ છે." હું એક નાનકડા સાફ ખંડમાં દાખલ થયો. રાચરચીલું પુરાણી ઢબનું હતું. એક ખૂણામાં કાચનાં વાસણોનું કબાટ હતું, અફસરનો ઓપ ચડાવેલો ને મઢેલો ડિપ્લોમા દીવાલે ટાંગેલો હતો. તેની બાજુમાં અણઘડ ચિત્રો ટાંગેલાં હતાં — તેમાં કિસ્ત્રિન તથા ઓચાકોવ[7] ઉપરના હલ્લા, વધૂની વરણી, અને બિલ્લીના જનાજાના વિષયો નિરૂપિત હતા. એક વૃદ્ધા રૂ ભરેલો કબજો પહેરીને અને માથે રૂમાલ બાંધીને બારી પાસે બેઠી બેઠી ઊનનો દડો વીંટી રહી હતી. તેની સામે અફસરનો યુનિફૉર્મ પહેરેલો એક જરાગ્રસ્ત કાણો આદમી પોતાના ફેલાવેલા હાથમાં ઊનની ફાળકી ભરાવીને ઊભો હતો. "આપની શી સેવા કરી શકું, સાહેબ?" વૃદ્ધ બાઈએ પોતાનું કામ જેમનું તેમ ચાલુ રાખીને

સવાલ કર્યો. મેં જવાબ આપ્યો કે હું લશ્કરમાં મારી કામગીરી સંભાળી લેવા આવ્યો છું અને કૅપ્ટન સમક્ષ પેશ થવાની મારી ફરજ બજાવવા માગું છું. એટલું કહેતાં હું કાણા ઘરડા આદમી તરફ ફર્યો કારણ કે મેં તેને કમાંડન્ટ ધારી લીધેલો. પરંતુ મેં અગાઉથી તૈયાર કરી રાખેલા નિવેદનમાં ઘરની માલકિને અધવચ્ચે જ અંતરાય પાડી દીધો. "ઇવાન કુઝ્મીચ બહાર ગયા છે," તેણે કહ્યું. "ફાધર ગેરાસિમને મળવા ગયા છે, પરંતુ કશો વાંધો નહિ, સાહેબ, હું તેમની પત્ની છું. તમે આવ્યા એથી અમને ખુશી થઈ છે. બેસો." તેણે સાદ પાડીને નોકરડીને બોલાવી અને સાર્જન્ટને બોલાવી લાવવા મોકલી. ઘરડો આદમી તેની એકમાત્ર આંખ વડે મને જિજ્ઞાસાભરી નજરે નીરખી રહ્યો હતો. "પૂછવાની છૂટ લઈ શકું કે તમે કઈ રેજિમેન્ટમાં હતા?" તેણે સવાલ કર્યો. મેં તેની જિજ્ઞાસા સંતોષી. "અને પૂછી શકું કે તમે સંત્રીદળ છોડીને ગૅરિસનમાં જોડાવાનું કેમ પસંદ કર્યું?" તેણે વળી સવાલ કર્યો. મેં જવાબ આપ્યો કે મારા ઉપરીઓની મરજી એવી હતી. "સંત્રીદળના અફસરને અણછાજતા વર્તનને કારણે જ હશે," મારા જક્કી પ્રશ્નકર્તાનું બોલવાનું ચાલુ રહ્યું. પણ કૅપ્ટનની પત્નીએ તેને દબડાવ્યો: "બસ, લવારો બહુ થઈ ગયો! જોતો નથી કે જુવાનને સફરનો થાક ચડેલો છે? એને હેરાન ન કર! (હાથ થોડાક ઊંચા કર!) અને સાહેબ," તેણે મને સંબોધીને કહ્યું, "તમે અમારી આ ધરતીના છેડાની જગ્યાએ ફેંકાઈ જવાનો બહુ અફસોસ કરશો નહિ. તમે કંઈ પહેલા નથી, અને છેલ્લા પણ નથી રહેવાના. ટેવાઈ જશો પછી મુશ્કેલ નહિ લાગે. અલેક્સેઈ ઇવાનિચ શ્વાબ્રિનને માનવહત્યાના ગુનાની સજા તરીકે બદલી કરીને અહીં મોકલી દેવામાં આવ્યો તેને ચાર વરસ વીતી ગયાં છે. ભગવાન જાણે કે એણે એવું કામ કેમ કર્યું હશે. એ અને બીજો કોઈ લેફ્ટેનન્ટ પોતપોતાની તલવાર લઈને શહેરની બહાર નીકળી ગયા અને આપસમાં પટાબાજી ખેલવા લાગ્યા. અલેક્સેઈ ઇવાનિચે પોતાની તલવાર લેફ્ટેનન્ટની કાયાની આરપાર ભોંકી દીધી, અને વળી બે સાક્ષીઓની હાજરીમાં. શું થાય! એવું તો કોઈ પણ માણસની બાબતમાં બની શકે!"

બરાબર એ વખતે સાર્જન્ટ ખંડમાં દાખલ થયો. તે કદાવર બાંધાનો જુવાન કઝ્ઝાક હતો. વૃદ્ધ બાઈએ તેને કહ્યું: "માક્સીમિચ, આ અફસર ભાઈ સારુ રહેવાની જગ્યાનો બંદોબસ્ત કરો, જગ્યા સાફ હોવી જોઈએ." "જી, વાસિલીસા યેગોરોવ્ના," સાર્જન્ટે જવાબ આપ્યો. "નામદારને ઇવાન પોલેઝ્રાયેવને ત્યાં

ગોઠવી દઉં?" "ના, ના, માક્સીમિચ," કૅપ્ટનની પત્ની બોલી ઊઠી. "એની જગ્યા તો પહેલેથી જ ખીચોખીચ ભરાઈ ગયેલી છે, પણ પોલેઝાયેવ મારો મિત્ર છે અને સમજે છે કે અમે તેના ઉપરીઓ છીએ. અફસરને...—તમારું નામ શું, સાહેબ? પ્યોતર આન્દ્રેઈચ— ... પ્યોતર આન્દ્રેઈચને સેમ્યોન કૂઝોવને ત્યાં લઈ જાઓ. એણે એના ઘોડાને મારા શાકભાજીના વાડામાં છૂટો મૂકી દીધેલો, લફંગો ક્યાંનો! વારુ, માક્સીમિચ, બધું બરાબર છે ને?"

"આમ તો બધું ઠીક જ છે, ઈશ્વરની દયા!" કઝ્ઝાકે જવાબ આપ્યો, "સિવાય કે હમામમાં કોર્પોરલ પ્રોખોરોવ અને ઉસ્તીન્યા નેગૂલિના વચ્ચે ગરમ પાણીના ટબ અંગે ઝઘડો થયેલો."

"ઈવાન ઇગ્નાત્યિચ!" કૅપ્ટનની પત્ની હવે કાણા ઘરડા આદમીને સંબોધીને બોલી. "પ્રોખોરોવ અને ઉસ્તીન્યા જોડે વાત કરીને તપાસ કરો કે વાંક કોનો છે. પણ સજા તો બેઉને કરજો. વારુ, માક્સીમિચ, તમે હવે જાઓ. પ્યોતર આન્દ્રેઈચ, માક્સીમિચ તમને રહેવાની જગ્યા બતાવશે."

હું નમીને બહાર નીકળી ગયો. સાર્જન્ટ મને કિલ્લાના તાબાના વિસ્તારને છેક છેડે નદીને ઊંચે કાંઠે એક ઝૂંપડામાં લઈ ગયો. ઘરના અરધા ભાગમાં સેમ્યોન કૂઝોવ તેના પરિવાર જોડે રહેતો હતો. બાકીનો અરધો ભાગ મને સુપરત કરી દેવામાં આવ્યો. તેમાં એક ઓરડો હતો. વચ્ચે પાર્ટિશન ગોઠવીને બે ભાગ પાડી નાખવામાં આવ્યા હતા. જગ્યા તદ્દન સ્વચ્છ હતી. સાવેલ્યિચ સામાન ખોલીને ગોઠવવા લાગ્યો અને હું નાનકડી બારી પાસે ઊભો રહીને બહાર જોવા લાગ્યો. મારી નજર સમક્ષ સૂનો વેરાન વિસ્તાર પથરાયેલો હતો. લગભગ બરાબર સામે બેચાર ઝૂંપડાં હતાં અને શેરીમાં મરઘાં દોડાદોડી કરી રહ્યાં હતાં. એક ડોશી હાથમાં ડોલ લઈને પોતાને બારણે ઊભી ઊભી ડુક્કરોને સાદ પાડી રહી હતી, અને ડુક્કરો રાજીપાથી રાગડા તાણીને હોંકારા દઈ રહ્યા હતા. મારું ભાગ્ય એવી જગ્યામાં જુવાની ગાળવાનું હતું! મારા મનમાં વિષાદ છવાઈ ગયો. હું બારી પાસેથી હઠી ગયો, અને સાવેલ્યિચના બળાપાને અવગણીને વાળુ કર્યા વગર જ સૂઈ ગયો. સાવેલ્યિચ દુઃખી દિલે બબડાટ કરી રહ્યો હતો: "અરે ભગવાન! આ તો ખાવાની જ ના પાડે છે! દીકરો માંદો પડશે તો માલકિન શું કહેશે?"

બીજે દિવસે સવારે ઊઠીને હું કપડાં બદલવાનું હજી શરૂ જ કરી રહ્યો હતો એટલામાં બારણું ખૂલ્યું અને એક જુવાન અફસર દાખલ થયો. એ

ટૂંકા કદના ભીનેવાન આદમીના ચહેરા ઉપર ચેતન તરવરતું હોવા છતાં તે દેખાવડો તો કોઈ રીતે નહોતો જ. અંદર આવતાં જ તેણે ફ્રેંચ ભાષામાં કહ્યું: "કશી ઔપચારિક પંચાતમાં પડયા વગર હું સીધો જ તમારો પરિચય સાધવા આવી ગયો છું તો માફ કરજો. મને ગઈકાલે ખબર પડી કે તમે આવ્યા છો. આખર કોઈ માનવ ચહેરો જોવા મળશે તેની ખુશી મારા મનમાં છલકાઈ ગઈ અને મારી ઉત્કંઠાને હું કોઈ રીતે દબાવી ન શક્યો. તમે થોડો સમય અહીંયાં રહેશો એટલે આ વાત તમને બરાબર સમજાઈ જશે." મને ખ્યાલ આવી ગયો કે સંત્રીદળમાંથી દ્વંદ્વને કારણે અહીંયાં બદલી થયેલો અફસર આ જ છે. અમે એ જ ઘડીએ પરસ્પર પરિચિત બની ગયા. અત્યંત બુદ્ધિશાળી જણાતો શ્વાબ્રિન ચતુર આદમી હતો અને તેને મનરંજક વાતો કરવાની ફાવટ હતી. તેણે કમાંડન્ટ તથા તેના પરિવારનું, તેમ જ મારું કિસ્મત મને જે સમાજ તથા વાતાવરણમાં લઈ ગયું હતું તેનું, મજેદાર વર્ણન મારી સમક્ષ કર્યું. હું પેટ પકડીને હસી રહ્યો હતો એટલામાં મને આગલે દિવસે કમાંડન્ટના પ્રવેશખંડમાં યુનિફૉર્મની બાંય પર પટ્ટી સીવતો નજરે પડેલો સિપાહી અંદર આવ્યો અને તેણે મને વાસિલીસા યેગોરોવ્ના તરફથી તેમની જોડે જમવાનું આમંત્રણ પહોંચાડયું. શ્વાબ્રિને મને ત્યાં લઈ જવાની તૈયારી બતાવી.

અમે કમાંડન્ટના ઘર નજીક પહોંચ્યા ત્યારે ચોગાનમાં લગભગ વીશ ઘરડા આદમીઓ કતારબંધ ખડા નજરે પડયા. દરેકે લાંબા વાળના ચોટલા ગૂંથેલા હતા અને માથે ત્રિકોણાકાર ટોપી પહેરી હતી. તેમની સામે ઊભેલો વૃદ્ધ કમાંડન્ટ ઊંચો ચપળ માણસ હતો. તેણે રાતની ટોપી અને ડ્રેસીંગ ગાઉન પહેર્યાં હતાં. મને અને શ્વાબ્રિનને આવતા જોઈને તે એક ડગલું અમારી તરફ આવ્યો અને મને આવકારના બેચાર માયાળુ શબ્દો કહીને પાછો પોતાના સિપાહીઓને કવાયત કરાવવા લાગ્યો. અમને ઊભા રહીને કવાયત જોવાનું મન થયું પરંતુ તેણે અમને વાસિલીસા યેગોરોવ્ના પાસે જવાનું કહ્યું અને પોતે થોડા વખતમાં જ પહોંચી જવાની ખાતરી આપી. "અહીંયાં તમારે જોવા જેવું કંઈ જ નથી," તેણે ઉમેર્યું.

વાસિલીસા યેગોરોવ્નાએ અમને સરળ હેતાળ આવકાર આપ્યો અને મારા પ્રત્યે પુરાણા પરિચિત જેવું વર્તન દાખવ્યું. અપંગ સિપાહી નોકરડીને ટેબલ પર જમવાનું ગોઠવવામાં મદદ કરી રહ્યો હતો. "અમારા ઈવાન કુઝ્મીચે આજે તો કવાયતમાં બહુ વખત લગાવ્યો," કૅપ્ટનની પત્ની બોલી. "પાલાશા,

માલિકને જમવા બોલાવ. અને માશા ક્યાં છે?" એ ઘડીએ ગોળ ગુલાબી વદન ધરાવતી લગભગ અઢાર વર્ષની એક યુવતીએ ખંડમાં પ્રવેશ કર્યો. તેના સોનેરી કેશ રતૂમડા કાનની પાછળ સરસ રીતે ઓળેલા હતા. તે મને પહેલી નજરે તો બહુ ગમી નહિ. મેં તેને પૂર્વગ્રહભરી નજરે નીરખી. શ્વાબ્રિને કૅપ્ટનની પુત્રી માશાની વાત કરતી વેળા તેને સાવ ભોળી ગણાવી હતી. માશા એક ખૂણામાં બેસીને સીવવા લાગી. દરમિયાનમાં કોબીજનો સૂપ પીરસવામાં આવ્યો. વાસિલીસા યેગોરોવ્નાને પોતાનો પતિ નજરે ન પડતાં તેણે પાલાશાને ફરી વાર તેને બોલાવી લાવવા મોકલી. "જઈને માલિકને કહે કે મહેમાનો વાટ જોઈ રહ્યા છે, અને સૂપ ઠરી જાય છે. કવાયત તો પછી પણ થઈ શકશે. ખુદાની મહેર છે, એના સિપાહીઓને દબડાવવાનો પુષ્કળ વખત એને પછીયે મળી રહેશે." ત્યાર પછી થોડીક જ વારમાં કૅપ્ટન આવી પહોંચ્યો. તેની સાથે કાણો પુરાતન આદમી પણ હતો. "તમેયે ખરા છો! આટલી બધી વાર? જમવાનું કેટલીય વારથી પીરસાઈ ગયું છે, અને તમને વારંવાર બોલાવવા છતાં તમે કોઈ રીતે આવો જ નહિ!" ઈવાન કુઝ્મીચે જવાબ આપ્યો: "વાસિલીસા યેગોરોવ્ના, હું કામમાં હતો, સિપાહીઓને કવાયત કરાવી રહ્યો હતો." "બસ હવે!" કૅપ્ટનની પત્ની બોલી ઊઠી. "કવાયતથી શો ફાયદો? એ લોકો તો કદી શીખવાના જ નથી, અને તમને પોતાનેય કંઈ બહુ ઝાઝી આવડત તો છે નહિ. એના કરતાં ઘરમાં બેસીને બંદગી કરો તો સારું. ચાલો મહેમાનો, જમવા બેસો!"

અમે સૌ જમવા બેઠાં. વાસિલીસા યેગોરોવ્નાની વાતો એક પળ પણ થંભતી જ નહોતી. તેણે મારી ઉપર સવાલોની ઝડી વરસાવી દીધી. મારાં માબાપ કોણ? જીવતાં છે? ક્યાં રહે છે? માલમતા કેટલી છે? મારા પિતાની જાગીરમાં ત્રણસો ખેતગુલામો હોવાની વાત સાંભળીને તે બોલી ઊઠી:

"અજબ વાત છે! અમુક લોકો કેટલા બધા દોલતમંદ હોય છે! અને અમારે તો ફક્ત આ એક જ કામવાળી છે—પાલાશા. પણ તોયે અમારી હાલત કંઈ બહુ ખરાબ તો નથી જ. અમને તો બસ એક જ ફિકર સતાવે છે, માશાની. કન્યા હવે પરણાવવા જેવડી થઈ ગઈ, પણ પહેરામણીમાં શું આપી શકીએ? કાંસકો, સાવરણી, અને ચાંદીનો એક સિક્કો! (ખુદા માફ કરજે!) કોઈ ઈમાનદાર આદમી એના હાથની માગણી કરે તો તો બહુ સારું, નહિતર બિચારી આખી જિંદગી કુંવારી જ રહી જવાની." મેં મારિયા ઈવાનોવ્નાની ઉપર નજર નાખી. તેનો ચહેરો લાલચોળ થઈ ગયો હતો, અને

તેની આંખોમાંથી આંસુ પ્લેટમાં ટપકી રહ્યાં હતાં. મને તેને અંગે અફસોસ થયો એટલે મેં તરત જ વાતચીતને જુદી દિશામાં વાળી દીધી. નિરાળો જ વિષય છેડતો હું બોલ્યો: "સાંભળ્યું છે કે બાશ્કિર લોકો આપણા કિલ્લા ઉપર હુમલો કરવાના છે, ખરી વાત?" ઈવાન કુઝ્મીચે તરત જ સવાલ કર્યો: "તમે ક્યાં સાંભળેલું? પૂછી શકું?" મેં જવાબ આપ્યો: "ઓરેનબૂર્ગમાં." "વાતમાં દમ નથી," કમાંડન્ટે કહ્યું. "અહીંયાં તો લાંબા વખતથી શાંતિ જ શાંતિ છે. બાશ્કિરીઓ ધાક ખાઈ ગયા છે, અને કિરગિઝીઓને પાઠ મળી ગયો છે. હવે એ લોકો તરફથી કંઈ ધમાલનો ભાગ્યે જ કશો સંભવ છે. પણ તેઓ હિંમત કરશે તો હું એવા ઝૂડી નાખીશ કે દસ વરસ સુધી નહિ ભૂલે."

"આવાં જોખમોથી ઘેરાયેલા કિલ્લામાં રહેતાં તમને બીક નથી લાગતી?" મેં વાસિલીસા યેગોરોવ્ના તરફ ફરીને કહ્યું. "હું તો હવે ટેવાઈ ગઈ છું, ભાઈ," તેણે જવાબ આપ્યો. "ખુદાને ખબર છે કે વીશ વરસ પહેલાં રેજિમેન્ટમાંથી અમારી બદલી અહીંયાં થઈ ત્યારે આ બધા જંગલી લોકોની મને કેટલી બીક લાગતી! એ લોકોની જનાવરની ખાલની ટોપીઓ જોઉં અથવા એમના દેકારા સાંભળું ત્યારે મારું હૈયું જાણે થંભી જતું, ખરેખર, ભાઈ! પણ હવે તો એ લોકોથી એટલી ટેવાઈ ગઈ છું કે કિલ્લા ફરતે લફંગાઓના આંટાફેરાની ખબર આપવામાં આવે તોપણ મારા પેટનું પાણીયે ન હલે."

"વાસિલીસા યેગોરોવ્ના બહુ બહાદુર મહિલા છે," શ્વાબ્રિન ભારેખમ અવાજે બોલ્યો. "એની ખાતરી તો ઈવાન કુઝ્મીચ આપશે."

"હા, વળી," ઈવાન કુઝ્મીચે કહ્યું. "એ કંઈ બીકણ છોકરીઓમાંની નથી."

"અને મારિયા ઈવાનોવ્ના? એ પણ તમારા જેટલાં જ બહાદુર છે?"

"માશા? બહાદુર?" મા જવાબમાં બોલી ઊઠી. "ના, માશા તો બીકણ છે, હજી ગોળીબારના ધડાકાથી ટેવાણી નથી, સાંભળતાં જ ધ્રૂજવા લાગે છે. બે વરસ પહેલાં ઈવાન કુઝ્મીચે મારા નામકરણની જયંતીના પ્રસંગે તોપના ધડાકા કરાવેલા ત્યારે બિચારીનો બીકથી જાણે જીવ જ નીકળી ગયેલો. ત્યાર પછી અમે કાળમુખી તોપના ધડાકા કરતાં જ નથી."

જમવાનું પૂરું થઈ ગયું અને અમે સૌ ઊભાં થઈ ગયાં. કૅપ્ટન અને તેની પત્ની આરામ કરવા તેમના ખંડમાં ચાલ્યાં ગયાં. હું શ્વાબ્રિનને ત્યાં ગયો અને છેક રાત સુધી ત્યાં જ રોકાઈ રહ્યો.

દ્વંદ્વ

ઊભો રહે, પહોંચાડું તને યમદ્વારે,
તેજ મારી તેગના, બસ એક જ વારે.

કન્યાઝનીન [8]



થોડાંક અઠવાડિયાં વીતી ગયાં. એ દિવસો દરમિયાન બેલોગોર્સ્ક કિલ્લામાં મારી જિંદગી કેવળ સહ્ય જ નહિ પરંતુ વાસ્તવમાં રુચિકર બની ગઈ. કમાંડન્ટના ઘરમાં મને પરિવારના એક સભ્ય જેવો જ આવકાર મળતો. કમાંડન્ટ અને તેની પત્ની ખૂબ જ આદરપાત્ર માણસો હતાં. સિપાહીના કુટુંબમાં જન્મેલો અને અફસરના દરજ્જા સુધી પહોંચી ગયેલો ઇવાન કુઝ્મીચ અભણ સાદો આદમી હતો પણ અત્યંત પ્રમાણિક તથા માયાળુ હતો. તેના જીવનમાં પત્નીનું સામ્રાજ્ય હતું, પરંતુ એવી હાલત તેના શાંતિપ્રિય સ્વભાવને અનુકૂળ હતી. વાસિલીસા યેગોરોવ્ના લશ્કરી મથકને પોતાના ઘરના કારોબારની એક શાખા જેવું જ ગણતી અને જેવી હકૂમત ઘરમાં ચલાવતી તેવી જ કિલ્લામાં પણ ચલાવતી. થોડા વખતમાં જ મારિયા ઇવાનોવ્નાની મારે અંગેની શરમ ઓસરી ગઈ અને અમે મિત્રો બની ગયાં. મને એ યુવતીમાં બુદ્ધિ તેમ જ લાગણી બન્નેનો અનુભવ થયો. કાણા ગેરિસન લેફ્ટેનન્ટ ઇવાન ઇગ્નાત્યિચ સમેત એ આખા

માયાળુ પરિવારની જોડે હું અજ્ઞાત રીતે લાગણીના બંધન વડે સંકળાઈ ગયો. શ્વાબ્રિને આડકતરો ઈશારો કરેલો કે ઘરની માલકિનને ઈવાન ઈગ્નાત્યિચ જોડે આડો વહેવાર છે. એવી ધારણા માટે મુદ્દલ કારણો નહોતાં, પરંતુ શ્વાબ્રિને એની કશા પરવા નહોતી.

મને અફસરનો દરજ્જો આપવામાં આવ્યો. મારી ફરજો આકરી નહોતી. વેરાન વિસ્તારના એ કિલ્લામાં લશ્કરી પરીક્ષણો કે કવાયતો કે સંત્રીના પહેરા જેવું કશું જ થતું નહોતું. અવારનવાર કમાંડન્ટના મનમાં સિપાહીઓને કવાયત કરાવવાનો તુક્કો ઊઠતો, પરંતુ બધા સિપાહીઓને ડાબી ને જમણી બાજુ વચ્ચેનો ફરક શીખવવામાં તે હજુ કામયાબ નહોતો થયો, જોકે ઘણા સિપાહીઓ બાજુએ ફરતાં પહેલાં, ભૂલ થવાની બીકે, ક્રોસની નિશાની કરી લેતા. શ્વાબ્રિન પાસે થોડાંક ફ્રેંચ પુસ્તકો હતાં. મેં વાંચન શરૂ કરી દીધું અને મારા મનમાં સાહિત્યિક આકાંક્ષાઓનો ઉગમ થયો. સવારે હું વાંચન કરતો, અનુવાદની કોશિશ કરતો, અને ક્યારેક તો કાવ્યો રચવા પણ લાગી જતો. લગભગ દરરોજ હું કમાંડન્ટને ઘેર જમવા જતો અને બાકીનો દિવસ ત્યાં જ ગુજારતો. ફાધર ગેરાસિમ અને આખા જિલ્લાની પહેલા નંબરની વાતૂડી જેવી તેની પત્ની આકુલીના પામ્ફીલોવ્ના પણ ક્યારેક ક્યારેક સાંજે ત્યાં પહોંચી જતાં. હું શ્વાબ્રિનને તો બેશક દરરોજ મળતો, પરંતુ જેમ જેમ વખત વીતતો ગયો તેમ તેમ તેની વાતો મને વધારે ને વધારે અણગમતી લાગતી ગઈ. તેના તરફથી કમાંડન્ટના પરિવાર અંગે અણથંભ હાંસીની અને ખાસ કરીને તો મારિયા ઈવાનોવ્ના અંગે ઉપહાસની વાતો મારા મનમાં બેહદ નારાજી પેદા કરતી. બીજા કશા સાથસંગાથની કિલ્લામાં શક્યતા જ નહોતી અને મને ઈચ્છાયે નહોતી.

આગાહીઓ છતાં બાશિકરીઓ તરફથી ધમાલની કશી નિશાનીઓ જોવા ન મળી. અમારા કિલ્લાની આસપાસના વિસ્તારમાં તદ્દન શાંતિ છવાયેલી રહી.

પરંતુ અમારા શાંત જીવનમાં અણધારી આંતરિક ઊથલપાથલથી ભંગ પડ્યો.

હું જણાવી ચૂક્યો છું કે મેં લખવાનું શરૂ કરી દીધું હતું. એ જમાનાને લક્ષમાં રાખીએ તો મારા પ્રયાસો સારી પેઠે સફળ હતા, અને કેટલાંક વર્ષો પછી અલેક્સાન્દર પેત્રોવિચ સુમારોકોવે[૭] મારી કૃતિઓની ભાવપૂર્વક પ્રશંસા કરી હતી. એક વાર હું મને સંતોષ થાય એવું કાવ્ય રચવામાં સફળ થઈ ગયો. જાણીતી વાત છે કે લેખકો સલાહ લેવાના બહાના હેઠળ ઘણી વાર હકીકતમાં તો સહૃદયી સાંભળનારની જ શોધ ચલાવતા હોય છે. મારી રચના પૂરી ગઈ

એટલે હું તેને શ્વાબ્રિન પાસે લઈ ગયો. કાવ્ય સમજી શકે એવો માણસ આખા કિલ્લામાં શ્વાબ્રિન એકલો જ હતો. તેને ખ્યાલ આપવા માટે થોડીક પ્રારંભિક વાતો કરીને મેં ખીસામાંથી નોટબુક કાઢી અને તેને નીચેની કડીઓ વાંચી સંભળાવી :

"ઉમંગોને પ્રણયના ખુશીથી દમું છું,
નમણી માશાને દૂર દિલથી કરું છું.
છબી એની થાય ઓઝલ નજરથી જ્યારે,
ત્યારે જ આઝાદ મનથી વિચારી શકું છું.

મનોહર નયન એનાં, દિલથી ચહું છું,
બની શિકાર અજંપાનો, હું તરફડું છું.
ઝળકે સમીપ રહીને સાંજસવારે,
ઘાતક એના તેજમાં હું ઢળી પડું છું.

નથી તું બેખબર, માશા, કે આગમાં જલું છું,
અમી તુજ દયાનું તરસતો, વેદના સહું છું.
હવે તો શકે ઉગારી કેવળ તું ચહે જ્યારે,
બંધનવશ તુજ ચરણમાં, ઘડીઓ ગાળું છું.

"કેવું લાગ્યું?" મેં શ્વાબ્રિનને પૂછ્યું. મારા સવાલમાં જાણે પ્રશંસા પામવાનો મને અધિકાર હોય એવી અપેક્ષાનો ભાવ હતો. પરંતુ હંમેશાં ખૂબ જ સહૃદયી વલણ દાખવતા શ્વાબ્રિને મારી એ રચનાને સાફ શબ્દોમાં ખરાબ કહીને વખોડી કાઢી.

"પણ કેમ?" મેં મનની ખીજ મનમાં દબાવી રાખીને સવાલ કર્યો.

"કારણ કે આ રચના તો મારા શિક્ષક વાસીલી કિરીલિચ ત્રેદ્યાકોવ્સ્કીનાં[10] કાવ્યો જેવી છે," તેણે જવાબ આપ્યો, "અને મારા મનમાં એનાં પ્રેમકાવ્યોની યાદ એકદમ તાજી કરાવી દે છે."

એટલું કહેતાં તેણે મારા હાથમાંથી નોટબુક છીનવી લીધી અને પ્રત્યેક પંકિતના પ્રત્યેક શબ્દની નિર્દય ટીકા શરૂ કરી દઈને મને મર્મવેધી ઉપહાસનો ભોગ બનાવી દીધો. મારાથી સહન કરવાનું અશક્ય બની ગયું ત્યારે મેં નોટબુક

તેના હાથમાંથી પાછી આંચકી લઈને તેને સાફ સંભળાવી દીધું કે હવે મારાં કાવ્યો તને ફરી ક્યારેય નહિ બતાવું. પરંતુ શ્વાબ્રિને તો મારી ધમકીને પણ હસી કાઢી. "જોઈશું કે તારું વેણ કેવુંક પાળે છે!" તેણે કહ્યું. "જેવી રીતે ઈવાન કુઝ્મીચને જમતાં પહેલાં એકબે પ્યાલી વોદકા વગર નથી ચાલતું એવી જ રીતે કવિને પણ સાંભળનાર વગર ન જ ચાલે. વળી જેને અંગે તમે આટલો ઉત્કટ અનુરાગ જાહેર કરો છો અને જેને કારણે તમારા દિલમાં આટલું ખુશકર દર્દ પેદા થાય છે, એ માશા કોણ છે? ક્યાંક મારિયા ઇવાનોવ્ના તો નથી ને?"

"એ માશા ગમે તે હોય એની જોડે તમારે કશો જ સંબંધ નથી!" મેં ભવાં ચડાવીને જવાબ દીધો. "મને તમારા અભિપ્રાયોની કે તમારી અટકળોની જરાય જરૂર નથી."

"વાહ રે વાહ! રિસાળ કવિ ને સમજુ પ્રેમી!" શ્વાબ્રિને આગળ ચલાવ્યું. મારા મનમાં તેના પ્રત્યે રોષનો ધૂંધવાટ વધી રહ્યો હતો. "પણ કામયાબી હાંસલ કરવી હોય તો દોસ્તની સલાહ માની લો—ખાલી ગીતના ગજરા ગૂંથવાથી કંઈ નહિ વળે."

"તમે કહેવા શું માગો છો, મારા સાહેબ? મહેરબાની કરીને જરા સમજાવો!"

"ખુશીથી. તમારી મંછા એવી હોય કે માશા મિરોનોવા સમી સાંજે તમને મળવા આવે તો તમારે એને એરિંગની જોડી ભેટ આપવી પડશે, પ્રેમ નીતરતાં કાવ્યોથી કામ નહિ બને."

મારું લોહી તપી ગયું.

"એમને અંગે આવો હલકો ખ્યાલ તમે શા કારણે રાખો છો?" મેં મારી ખીજને માંડ માંડ કાબૂમાં રાખીને સવાલ કર્યો.

"કારણ કે એના આચાર ને એની ટેવો મેં મારા અનુભવે જાણી લીધી છે," તેણે કુત્સિત ઉપહાસના ભાવે જવાબ આપ્યો.

"તું જૂઠું બોલે છે, લફંગા!" હું ગુસ્સાથી લાલપીળો થઈને બરાડી ઊઠયો. "તું બેશરમ જૂઠાણાં બકી રહ્યો છે!"

શ્વાબ્રિનનો ચહેરો ફિક્કો પડી ગયો. "આ તો કોઈ રીતે ન સાંખી લેવાય!" તે મારો હાથ પકડી લેતો બોલ્યો. "આનો ફેંસલો તો તમારે મારી જોડે લડીને જ કરવો પડશે."

"હું તૈયાર છું! જ્યારે તમે કહો ત્યારે!" મેં જવાબ આપ્યો. મને મનમાં ખૂબ જ રાહત લાગી. એ ઘડીએ તો હું તેને ચૂંથી નાખવા તલસી રહ્યો હતો.

હું તરત જ ઈવાન ઈગ્નાત્યિચને ગોતવા ચાલ્યો ગયો. ઈવાન ઈગ્નાત્યિચ હાથમાં સોઈયો લઈને કમાંડન્ટની પત્નીની સેવામાં ખડો હતો. કમાંડન્ટની પત્ની શિયાળા સારુ સૂકવીને રાખી મૂકવા મશરૂમના હારડા બનાવી રહી હતી. "અરે, પ્યોતર આન્દ્રેઈચ!" મારી ઉપર નજર પડતાં જ તે બોલી ઊઠયો. "આવો! ઈશ્વરની કેવી દયા કે તમારા પગ આ તરફ વાળ્યા! શું કામ છે? પૂછી શકું?" મેં તેને અલેક્સેઈ ઈવાનિચ જોડે મારા ઝઘડાની વાત ટૂંકમાં જણાવી અને દ્વંદ્વમાં મારા તરફનો સાક્ષી બનવાની વિનંતિ કરી. તેણે પોતાની એકમાત્ર આંખ મારી સામે મિચકારતાં મિચકારતાં મારી વાત ધ્યાનથી સાંભળીને મને કહ્યું: "તમે મને જણાવવા માગો છો કે તમારો ઈરાદો અલેક્સેઈ ઈવાનિચની કાયાને વીંધી નાખવાનો છે અને એમાં તમારે મને સાક્ષી બનાવવો છે. મતલબ હું બરાબર સમજ્યો છું ને?"

"બરાબર."

"જરાક રહેમ રાખો, પ્યોતર આન્દ્રેઈચ! આવો ખ્યાલ જ તમને કેમ આવ્યો? સમજ્યો કે અલેક્સેઈ ઈવાનિચની જોડે તમારે ઝઘડો થઈ ગયો. ભલે થઈ ગયો, એમાં શું? મુખનાં વેણથી કોઈનાં હાડકાં કદી ન ભાંગે. એ તમને ગાળો દે — તમે એને વળતી ગાળો ઝીંકો. એ તમને મોં પર ફટકારે, તમે એને કાન પર ફટકારો. એમ ઝઘડો ચાલતો રહે. પછી તમે અળગા પડી જાઓ. અને અમે ખાતરી આપીએ છીએ કે તમારી વચ્ચે સુલેહ કરાવી દઈશું. પાડોશીની કાયામાં તલવાર ભોંકી દેવાનું કશું જ સારું પરિણામ કોઈ કાળે ન જ આવે. તમે એને ખતમ કરી નાખો તો તો જાણે ઠીક! મને અલેક્સેઈ ઈવાનિચની બહુ ફિકર નથી — મને તો એ પહેલેથી જ નથી ગમતો. પણ ધારો કે એ તમને તલવાર ભોંકી દે તો! એમ થાય તો? પછી કોણ મૂરખ બન્યું કહેવાય, પૂછી શકું છું?"

સમજદાર લેફ્ટેનન્ટની દલીલોથી મારો નિર્ધાર જરાય ડગ્યો નહિ. મારો ઈરાદો મક્કમ રહ્યો. "ભલે, તમારી મરજી." ઈવાન ઈગ્નાત્યિચે કહ્યું. "તમને ઠીક લાગે એમ કરો. પણ હું ત્યાં શું કરવા હાજર રહું? શા માટે? તમને લાગે છે કે મેં લોકોને લડતા ક્યારેય નહિ જોયા હોય? હું પોતે તુર્કીના ને સ્વિડનના સિપાહીઓની સામે લડી ચૂક્યો છું — મેં મારી જિંદગીમાં પૂરતી લડાઈઓ જોઈ લીધી છે."

દ્વંદ્વમાં લડનારાઓના સાક્ષીઓની ફરજો મેં તેને બને એટલી સરખી રીતે સમજાવી, પણ મારી વાત એના મગજમાં કોઈ રીતે ઊતરી જ નહિ. "તમને મરજી પડે એમ કરો," તેણે કહ્યું, "પણ આ મામલામાં મારો હિસ્સો તો મારી ફરજ મુજબ જઈને ઇવાન કુઝ્મીચને કહી દેવા પૂરતો જ હોય કે કિલ્લામાં રાજ્યનાં હિતોથી ઊલટું કશુંક અજુગતું કરવાની તૈયારીઓ થઈ રહી છે એટલે કમાંડન્ટે વેળાસર જરૂરી પગલાં લેવાં જોઈએ..."

હું એકદમ ફિકરમાં પડી ગયો અને કમાંડન્ટને કશું ન કહેવાની ઇવાન ઇગ્નાત્યિચને આજીજી કરવા લાગ્યો. હું ભારે મુશ્કેલીથી એને વારી શક્યો. આખરે તેણે વચન આપ્યું એટલે મેં તરત જ તેની વિદાય લઈ લીધી.

હું રોજની જેમ સાંજે કમાંડન્ટને ઘેર ગયો. કોઈને કશી શંકા ન પડે અને મારે કંટાળાજનક સવાલોના જવાબ ન આપવા પડે એટલા સારુ મેં બેફિકર ને આનંદી દેખાવાની કોશિશ કરી, પરંતુ મારા જેવી હાલતમાં આવી પડેલા માણસોને પોતાની સ્વસ્થતા અંગે ડંફાસો મારવાની ટેવ હોય છે એવી સ્વસ્થતાનો દાવો હું કરી શકું એમ નથી. એ સાંજે મારા દિલમાં વહાલ છલકાઈ રહ્યું હતું અને હું લાગણીવશ બની ગયેલો હતો. મારિયા ઇવાનોવ્ના મને એટલી બધી આકર્ષક અગાઉ કદી નહોતી લાગી. હું તેને કદાચ છેલ્લી વાર નીરખી રહ્યો હોઈશ એવા ખ્યાલે મારી નજરમાં તેની ઉપર જાણે ગમગીનીની છાયા ફરી વળેલી લાગતી હતી. શ્વાબ્રિન પણ હાજર હતો. મેં તેને બાજુએ બોલાવ્યો અને ઇવાન ઇગ્નાત્યિચ જોડે મારી વાતચીત વિશે જણાવ્યું. "આપણને સાક્ષીઓની જરૂર જ શી છે?" તેણે સાવ ટાઢે કલેજે કહ્યું. "સાક્ષીઓ વગર જ ચલાવી લઈશું." અમે કિલ્લાની નજીક પડેલી ખડની ગંજીઓની પાછળ દ્વંદ્વ લડવાનું અને બીજે દિવસે સવારે સાત વાગ્યે ત્યાં મળવાનું નક્કી કર્યું. અમે જાણે બહુ હેતાળ ભાવે વાત કરી રહ્યા હોઈએ એમ લાગતું હતું એટલે ઇવાન ઇગ્નાત્યિચે આનંદના આવેશમાં ભેદ ઉઘાડો પાડી દીધો. "મઝાની વાત," તે ખુશીના ભાવે બોલી ઊઠયો, "ઝનૂની ઝઘડા કરતાં નબળી સુલેહ સારી, વટની રખેવાળી કરતાં સાબૂત કાયા સારી."

"શું કહ્યું, ઇવાન ઇગ્નાત્યિચ?" ખૂણામાં બેઠી બેઠી પત્તાં વડે ભવિષ્ય ભાખતી કમાંડન્ટની પત્નીએ સવાલ કર્યો. "મને બરાબર સંભળાયું નહિ."

મારા ચહેરા ઉપર નારાજીની નિશાનીઓ નજરે પડતાં અને પોતાનું વચન યાદ આવતાં ઈવાન ઈગ્નાત્યિચ ગૂંચવણમાં પડી ગયો. તેને સમજાયું જ નહિ કે શો જવાબ આપવો. પણ શ્વાબ્રિન તરત જ તેની વહારે પહોંચી ગયો.

"અમારો મનમેળ જોઈને ઈવાન ઈગ્નાત્યિચને ખુશી થઈ છે," તેણે કહ્યું.

"પણ તમારે કોની જોડે ઝઘડો થયેલો, ભાઈ?"

"મારી અને પ્યોતર આન્દ્રેઈચની વચ્ચે સખત અણબનાવ થઈ ગયેલો."

"કેમ? શું કારણ હતું?"

"અરે, સાવ નજીવું! એક ગીતનું, વાસિલીસા યેગોરોવ્ના."

"ગીત? ગીતને ખાતર લડાય નહિ. પણ વાત શી બનેલી?"

"આખો કિસ્સો આમ છે. થોડા વખત પહેલાં પ્યોતર આન્દ્રેઈચે એક ગીત લખેલું તે આજે મને સંભળાવ્યું, અને હું મારી માનીતી પંક્તિઓ ગણગણવા લાગ્યો:

દઉં શિખામણ સારી, બેટી રે કૅપ્ટનની!
રાત નથી વેળા ભલી, બહુ તે ફરવાની[11].

એથી અમારી વચ્ચે વિખવાદ થયો. પ્યોતર આન્દ્રેઈચને ખરેખરો ગુસ્સો ચડી રહ્યો હતો, પણ એટલામાં એમને યાદ આવી ગયું કે દરેક માણસને પોતાની મરજી પડે એવું ગીત ગાવાનો પૂરો હક છે. એટલે મામલો પતી ગયો.

શ્વાબ્રિનની બેશરમી જોઈને મને તો જાણે ઝાળ ચડી ગઈ, પરંતુ તેના મેલા ઈશારાઓને મારા સિવાય બીજું કોઈ સમજી શક્યું નહિ, અથવા માનો કે કોઈએ એને જરાય લક્ષમાં ન લીધા. ગીતના ઉલ્લેખમાંથી વાતચીત કવિઓ તરફ વળી ગઈ. કમાંડન્ટે અભિપ્રાય જાહેર કર્યો કે બધા કવિઓ દુરાચારી ને દારૂડિયા હોય છે. તેમણે દોસ્તીના ભાવે મને કાવ્યો રચવાનું છોડી દેવાની સલાહ આપી અને સમજાવ્યું કે લશ્કરી કામગીરી જોડે તદ્દન અસંગત એ છંદનાં પરિણામ કદી સારાં નથી આવતાં.

શ્વાબ્રિનની હાજરી મારે માટે અસહ્ય બની ગઈ. થોડી વાર પછી હું ઊભો થઈ ગયો અને કમાંડન્ટ તથા તેના પરિવારની વિદાય લઈને બહાર નીકળી ગયો. ઘેર પહોંચીને મેં મારી તલવારની ધાર ને અણી તપાસી જોઈ, અને મને સવારે છ વાગ્યા પછી તરત જ ઉઠાડવાની સૂચના સાવેલ્યિચને આપીને હું પથારીમાં પડયો.

બીજે દિવસે સવારના મુકરર વખતે હું ગંજીઓની પાછળ પહોંચી ગયો અને મારા પ્રતિદ્વંદ્વીની રાહ જોવા લાગ્યો. તેણે મને ઝાઝી વાટ ન જોવડાવી. તેણે આવતાંવેંત કહ્યું: "અહીંયાં આપણો ભેદ છતો થઈ જવાની બીક છે એટલે ઉતાવળ કરીએ." અમે ઉપરનું વસ્ત્ર કાઢી નાખ્યું અને પહેરણના લેબાસમાં ઉઘાડી તલવાર હાથમાં લઈને એકબીજાની સામે ખડા થઈ ગયા. એકાએક ઇવાન ઇગ્નાત્યિચ અને ગૅરિસનના બીજા ચાર કે પાંચ સિપાહીઓ એક ગંજીની પાછળથી આગળ નીકળી આવ્યા. ઇવાન ઇગ્નાત્યિચે અમને તેમની સાથે કમાંડન્ટ પાસે જવાની વિનંતિ કરી. અમને ખીજ તો ચડી પણ કબૂલ થવું જ પડ્યું. સિપાહીઓએ અમને ઘેરી લીધા, અને ફતેહના ભાવે છાતી કાઢીને રુઆબભેર આગળ ચાલતા ઇવાન ઇગ્નાત્યિચની પાછળ પાછળ અમે કિલ્લા તરફ રવાના થઈ ગયા.

અમે કમાંડન્ટને ઘેર પહોંચ્યા. ઇવાન ઇગ્નાત્યિચે એક ખંડનું બારણું ખોલીને ગંભીર અવાજે અમારા આગમનની જાહેરાત કરી: "લઈ આવ્યો છું!" વાસિલીસા યેગોરોવ્નાએ તરત જ અમારો મામલો હાથમાં લઈ લીધો. "અરે મારા ભાઈઓ! આ બધું શું છે? શું માંડયું છે તમે? અમારા કિલ્લામાં ખૂનની કોશિશ! ઇવાન કુઝ્મીચ, આ બેઉને તત્કાળ કેદ કરી લો! પ્યોતર આન્દ્રેઇચ! અલેક્સેઈ ઇવાનિચ! તલવાર હવાલે કરી દો, આ ઘડીએ જ હવાલે કરી દો! પાલાશા, આ તલવારો કબાટમાં મૂકી દે. પ્યોતર આન્દ્રેઇચ! તમારી બાબતમાં મેં આવી ધારણા મુદ્દલ નહોતી રાખી! તમને શરમ નથી આવતી! અલેક્સેઈ ઇવાનિચની વાત જુદી છે—એમની તો સંત્રીદળમાંથી માનવહત્યા બદલ અહીંયાં બદલી થઈ છે, એ ઈશ્વરમાં નથી માનતા. પણ તમે, તમે! તમે પણ શું એમના જેવા જ થઈ જવા માગો છો?"

ઇવાન કુઝ્મીચ પોતાની પત્ની જોડે પૂરેપૂરા સહમત થઈ ગયા અને વારે વારે કહેતા રહ્યા: "વાસિલીસા યેગોરોવ્નાની વાત ખરી છે. લશ્કરી નિયમોમાં અંગત દ્વંદ્વની સાફ મનાઈ છે." દરમિયાનમાં પાલાશાએ અમારી તલવારો લઈને કબાટમાં મૂકી દીધી. હું હસવું ખાળી શક્યો નહિ. શ્વાબ્રિને પોતાની ગંભીરતા જાળવી રાખી. તેણે વાસિલીસા યેગોરોવ્નાને સંબોધીને ભાવહીન અવાજે કહ્યું: "તમારા પ્રત્યે ઉચિત આદર વ્યકત કરવાની સાથે હું એટલું કહ્યા વગર ન જ રહી શકું કે અમારો ન્યાય કરવાનું કામ તમારું નથી. એ તો ઇવાન કુઝ્મીચને જ કરવા દો, એ કામ તેમનું છે." કમાંડન્ટની પત્ની તેને ઠપકો આપતી

કહેવા લાગી: "અરે ભાઈ મારા, શું પતિ ને પત્નીનાં તનમન એકરૂપ નથી હોતાં? ઇવાન કુઝ્મીચ! તમે કેમ કંઈ કરતા નથી? આ બેઉને કેદ કરાવીને અલગ અલગ રૂમમાં પુરાવી દો, એમની સાન ઠેકાણે આવે ત્યાં સુધી ખાલી રોટી ને પાણી ઉપર જ રાખો! અને ફાધર ગેરાસિમ એમને પ્રાયશ્ચિતની સજા કરે— બેઉ જણ પોતાના પાપ બદલ બધા લોકોની હાજરીમાં ઈશ્વરની માફી માગે."

ઇવાન કુઝ્મીચને સમજાયું જ નહિ કે શું કરવું. મારિયા ઇવાનોવ્નાનો ચહેરો બેહદ ફિક્કો પડી ગયો હતો. ધીરે ધીરે તોફાન ઓસરવા લાગ્યું. કમાંડન્ટની પત્ની શાંત થઈ. તેણે અમને બન્નેને પરસ્પર બચી ભરાવી. પાલાશા અમારી તલવારો પાછી લઈ આવી. અમે ઉપર ઉપરથી દેખાતો મનમેળ કરી લઈને ઘરમાંથી બહાર નીકળ્યા. ઈવાન ઇગ્નાત્યિચ અમારી ભેગો જ બહાર નીકળ્યો. મેં ગુસ્સે ભરાઈને તેને કહ્યું: "તમને શરમ આવવી જોઈએ! તમે વચન આપેલું છતાં તેનો ભંગ કરીને કમાંડન્ટને ચાડી ખાધી." તેણે જવાબ આપ્યો: "ઈશ્વર મારો સાક્ષી છે કે મેં કમાંડન્ટને વાત નથી કરી. વાસિલીસા યેગોરોવ્નાએ આખી વાત મારી પાસેથી કઢાવી લીધી. બધી વ્યવસ્થા એમણે જ કમાંડન્ટની જાણ બહાર કરેલી. પણ ભગવાનનો પાડ માનીએ કે આવું જ પરિણામ આવ્યું." એટલું કહીને તે પોતાને ઘેર ચાલ્યો ગયો, અને હું તથા શ્વાબ્રિન એકલા બાકી રહી ગયા. "આપણો ઝઘડો કંઈ આવી રીતે ખતમ ન જ થાય," મેં કહ્યું. "બેશક નહિ," શ્વાબ્રિને જવાબ આપ્યો, "તમારી બદતમીજીનો હિસાબ તમારે તમારા લોહી વડે ચૂકવવો પડશે. પરંતુ ઘણું કરીને એ લોકો હવે આપણી ઉપર પાકું ધ્યાન રાખવાના. એટલે આપણે થોડાક દિવસ દોસ્તીનો ડોળ ચલાવવો પડશે. આવજો!" અને જાણે કશું જ બન્યું ન હોય એવી રીતે અમે એકબીજાની વિદાય લીધી.

હું કમાંડન્ટને ત્યાં પાછો ફરીને રોજની જેમ મારિયા ઇવાનોવ્નાની પાસે બેસી ગયો. ઇવાન કુઝ્મીચ ઘેર નહોતો. વાસિલીસા યેગોરોવ્ના ઘરકામમાં ગૂંથાઈ ગઈ હતી. અમે હળવા અવાજે વાતો કરવા લાગ્યાં. શ્વાબ્રિન જોડે મારા ઝઘડાને કારણે સૌને થયેલી ફિકર બદલ મારિયા ઇવાનોવ્નાએ મને હેતાળ ઠપકાનાં વેણ કહ્યાં. "તમે લોકો તલવારો વડે લડવાના છો એની મને ખબર પડી ત્યારે હું તો જાણે લગભગ બેહોશ થઈ ગઈ," તેણે કહ્યું. "પુરુષો કેવા વિચિત્ર હોય છે! એક જ અઠવાડિયાની અંદર પોતે ઘણું કરીને ભૂલી જવાના

હોય એવા એક શબ્દ ખાતર કેવળ પોતાની જિંદગીનું જ નહિ પરંતુ પોતાના અંતરાત્માનું તેમ જ બીજા એવા લોકોનાં સુખશાંતિનું બલિદાન આપી દેતા હોય છે કે જે... પણ મને ખાતરી છે કે ઝઘડાની શરૂઆત તમે નહિ જ કરી હોય. એમાં અલેક્સેઈ ઈવાનોવિચનો જ વાંક હશે."

"તમે એમ કેમ ધારી લો છો, મારિયા ઈવાનોવ્ના?"

"ખબર નથી... જાણે હંમેશાં હાંસી જ ઉડાવતા હોય છે. મને અલેક્સેઈ ઈવાનિચ નથી ગમતા. ગમતા નથી પણ તોયે અજબ વાત છે કે હું એમને ન ગમતી હોઉં તો મને બહુ જ અફસોસ થાય! એમ બને તો હું બેહદ બેચેન બની જાઉં."

"અને તમે શું ધારો છો, મારિયા ઈવાનોવ્ના—એમને તમે ગમો છો?"

મારિયા ઈવાનોવ્નાના ગાલે શરમના શેરડા પડયા.

"મને લાગે છે કે હા, ગમું છું," તે તૂટક અવાજે બોલી.

"એમ લાગવાનું કારણ?"

"એમણે મારા હાથની માગણી કરેલી."

"તમારા હાથની? ક્યારે?"

"ગયે વરસે. તમે આવ્યા તેથી એકબે મહિના પહેલાં."

"અને તમે ના પાડી દીધી?"

"એ તો તમે જુઓ જ છો. બેશક અલેક્સેઈ ઈવાનિચ બહુ ચતુર આદમી છે, સારા કુટુંબના નબીરા છે, અને મિલકતદાર છે. પણ મને લગ્નવિધિમાં એમની જોડાજોડ ઊભા રહેવાનો અને સૌની હાજરીમાં એમને ચુંબન કરવાનો ખ્યાલ આવે છે ત્યારે... ના, મારાથી એમ કોઈ કાળે ન થાય, કોઈ રીતે ન થાય!"

મારિયા ઈવાનોવ્નાના શબ્દોએ મારી આંખો ઉઘાડી નાખી અને ઘણીબધી બાબતોનો ખુલાસો પૂરો પાડી દીધો. શ્વાબ્રિન મારિયા ઈવાનોવ્નાનો ઉલ્લેખ કરે ત્યારે તેની વાણીમાંથી હંમેશાં અચૂક ઝરતા ઝેરનું કારણ હવે મને સમજાઈ ગયું. અમારી પરસ્પર લાગણી તેના ધ્યાનમાં આવી ગઈ હશે અને એટલે જ તે અમારી વચ્ચે અણબનાવ ઊભો કરવાની કોશિશ કરતો હશે. મારી અને તેની વચ્ચે ઝઘડો પેદા કરનારા શબ્દોમાં હવે મને નરી નાગાઈ ઉપરાંત ઈરાદાપૂર્વકની બદગોઈ પરખાઈ ગઈ એટલે એ શબ્દો મને અગાઉ કરતાંયે વધારે હલકટ લાગ્યા.

એવા ફાટેલ નિંદાખોરને સજા કરવાની ઝંખના મારા મનમાં વધારે જોરદાર બની ગઈ અને હું અધીરાઈથી તકની વાટ જોવા લાગ્યો.

પરંતુ મારે બહુ લાંબી વાટ ન જોવી પડી. બીજે જ દિવસે હું બેઠો બેઠો એક શોકગીતની રચનામાં ધ્વનિમેળના શબ્દોની ખોજમાં મગ્ન બનીને રજાઈનો છેડો ચાવી રહ્યો હતો એટલામાં શ્વાબ્રિને મારી બારીએ ટકોરા માર્યા. હું કલમ નીચે પટકી દઈને મારી તલવાર હાથમાં લેતો બહાર તેની પાસે પહોંચી ગયો. "ઢીલ શા માટે કરવી શ્વાબ્રિને મને કહ્યું. "આપણી ઉપર કોઈનો ચોકીપહેરો નથી. ચાલો, અત્યારે જ નદીકિનારે પહોંચી જઈએ. ત્યાં કોઈ દખલ નહિ કરે." અમે મૂંગા મૂંગા રવાના થઈ ગયા. વાંકીચૂકી કેડી ઊતરીને અમે કિનારે પહોંચી ગયા અને મ્યાનમાંથી તલવાર બહાર કાઢી. શ્વાબ્રિન મારા કરતાં વધારે કાબેલ પટાબાજ હતો, પણ હું વધારે તાકાતવાન ને વધારે હિંમતવાન હતો. વળી એક જમાનામાં લશ્કરની કામગીરી કરી ચૂકેલા મારા ફ્રેંચ શિક્ષક બોપરેએ મને પટાબાજીના થોડાક દાવપેચ શીખવ્યા હતા એ કામે લાગ્યા. શ્વાબ્રિને ધારણા નહોતી રાખી કે મારી સામે લડવામાં આવા કપરા દુશ્મનનો સામનો કરવો પડશે. કેટલીય વાર સુધી તો અમે એકબીજાને જખમી ન કરી શક્યા, પરંતુ આખરે શ્વાબ્રિનને ઢીલો પડતો જોઈને મેં તેની ઉપર નવા જોમથી હલ્લો કર્યો અને તેને લગભગ પાણીમાં ધકેલી દીધો. એટલામાં મને અચાનક મારા નામનો જોરદાર સાદ સાંભળાયો. મેં પાછળ ફરીને જોયું તો સાવેલ્યિચ નજરે પડયો. તે ઢોળાવ ઉપરથી કેડીએ દોડતો નીચે મારી તરફ આવી રહ્યો હતો. બરાબર એ જ ઘડીએ મને મારા જમણા ખભાની નીચે છાતીમાં કશુંક અણીદાર ભોંકાયું હોવાનો અનુભવ થયો. હું બેભાન થઈને ભોંયે ઢળી પડયો.

પ્રેમ

નથી ઉંમર લગનની, હજી તું નાની, રૂપાળીબાઈ!
પૂછી જો બાપુને, પૂછી જો માને, રૂપાળીબાઈ!
માબાપને અને વહાલાં સૌ સગાંને પૂછી જો તું.
કરજે લગન, બાઈ રૂપાળી, આવે ડહાપણ ત્યારે,
ને વળી, બાઈ મારી, થાય જોગ પહેરામણીનો જ્યારે.[12]

લોકગીત

મળશે બહેતર મુજ થકી તો ભૂલી જશે તું મને,
પણ મળે જો બદતર, હું આવીશ યાદ સદા તને.[13]

લોકગીત



હું પાછો ભાનમાં આવ્યો ત્યાર બાદ કેટલીય વાર સુધી યાદ જ ન કરી શક્યો કે શું બની ગયેલું. હું કોઈ અજાણ્યા ખંડમાં બિછાનામાં પડયો હતો અને મને ખૂબ નબળાઈ લાગી રહી હતી. પલંગની બાજુમાં સાવેલ્યિચ હાથમાં મીણબત્તી લઈને ઊભો હતો. મારી છાતીએ અને ખભે બાંધેલા પાટા કોઈ ખોલી રહ્યું હતું. ધીરે ધીરે મારા વિચારો સ્પષ્ટ બનતા ગયા. મને દ્વંદ્વની વાત યાદ આવી એટલે હું સમજી ગયો કે મને જખમ થયો હશે. એટલામાં બારણું ખૂલવાનો અવાજ થયો અને કોઈએ દબાતા અવાજે પૂછ્યું: "હવે કેમ છે એને?" અવાજ સાંભળતાં જ મારી કાયામાંથી જાણે ધ્રુજારી પસાર થઈ ગઈ.

"એમ ને એમ," સાવેલ્યિચે નિસાસો નાખતાં જવાબ આપ્યો. "બધો વખત બેભાન, પાંચ દિવસ થઈ ગયા." મને પડખું ફેરવવાનું મન થયું પણ ફેરવી ન શક્યો. "હું ક્યાં છું? કોણ છે?" હું ભારે મહેનત કરીને માંડ માંડ બોલી શક્યો. મારિયા ઇવાનોવ્ના પલંગ નજીક આવીને મારા શરીર ઉપર નમી. "કેમ લાગે છે?" તેણે પૂછ્યું. "પ્રભુની દયા," મેં ઢીલા અવાજે જવાબ આપ્યો. "તમે છો, મારિયા ઇવાનોવ્ના? કહો તો..." મારામાં આગળ બોલવાની શકિત નહોતી એટલે હું અધવચ્ચે જ અટકી ગયો. સાવેલ્યિચનું મોં પહોળું થઈ ગયું. તેના ચહેરા ઉપર ઊંડી ખુશી ઝળકી ઊઠી. "ભાનમાં આવી ગયા! હે ઈશ્વર, તારી જ દયા!" તે વારંવાર એના એ જ શબ્દો દોહરાવવા લાગ્યો. "પ્યોતર આન્દ્રેઇચ, ભાઈ, તમે તો મને સાવ ડરાવી જ દીધો! ખ્યાલ તો કરો, પૂરા પાંચ દિવસ!" મારિયા ઇવાનોવ્નાએ તેની વાત વચ્ચેથી અટકાવી દઈને કહ્યું: "એમની જોડે બહુ વાત નથી કરવાની, સાવેલ્યિચ, હજુ ખૂબ જ નબળા છે." પછી તે આસ્તેથી બારણું બંધ કરતી બહાર ચાલી ગઈ. મારા મનમાં વિચારોનું તોફાન ચાલી રહ્યું હતું. તો હું કમાંડન્ટના ઘરમાં છું. મારિયા ઇવાનોવ્ના મને જોવા આવેલી. મેં સાવેલ્યિચને થોડાક સવાલો પૂછ્યા પરંતુ ઘરડા આદમીએ માથું ધુણાવ્યું અને પોતાના કાન જાણે બંધ જ કરી દીધા. મેં અકળાઈને આંખો મીચી દીધી અને થોડી વારમાં મને નીંદર આવી ગઈ.

નીંદરમાંથી જાગતાં જ મેં સાવેલ્યિચને બોલાવ્યો પણ તેને બદલે મારિયા ઇવાનોવ્ના મારી પાસે આવી અને પરી સમા અવાજે મારી ખબર પૂછવા લાગી. એ વખતે મારા હૈયામાં છલકાઈ ઊઠેલી મધુર લાગણીઓને હું કદી શબ્દોમાં વ્યકત નહિ કરી શકું. મેં તેનો હાથ મારા હાથમાં લઈ લીધો અને તેની ઉપર હર્ષાવેશનાં આંસુની ધારાઓ વહેવડાવી દીધી. માશાએ પોતાનો હાથ પાછો ન ખેંચી લીધો... અને એકાએક તેના હોઠ મારા ગાલે ચંપાઈ ગયા, તેણે મને નિર્દોષ ભાવાવેગની બચી ભરી લીધી. મારી આખી હસ્તીમાંથી જાણે એક જ્યોતિ પસાર થઈ ગઈ. "પ્યારી રૂડી મારિયા ઇવાનોવ્ના," મેં તેને કહ્યું, "મારી સાથે લગ્ન કરી લે, મારી જિંદગી સુખી બનાવી દે!" તે પાછી સ્વસ્થ થઈ ગઈ. "ઈશ્વરને ખાતર શાંતિ રાખો," તેણે પોતાનો હાથ પાછો ખેંચી લેતાં કહ્યું. "તમારી જિંદગી હજી જોખમમાં છે. તમારો જખમ કદાચ ખૂલી જાય એવી બીક છે. તમારે પોતાને ખાતર નહિ તો મારે ખાતર સંભાળ રાખો!" એટલા શબ્દો કહીને તે રૂમમાંથી બહાર ચાલી ગઈ. હું ખુશીના ઉન્માદની

અવસ્થામાં પહોંચી ગયો. સુખની લાગણીથી મારામાં જાણે ચેતન રેડાઈ ગયું. મારી બનશે! મને ચાહે છે! મારી સમગ્ર હસ્તીમાં એવો ખ્યાલ છલકાવા લાગ્યો.

એ ઘડીથી હું ધીરે ધીરે સાજો થવા લાગ્યો. મારા ઉપચારનું કામ રેજિમેન્ટનો હજામ સંભાળતો હતો. રેજિમેન્ટમાં કોઈ ડૉકટર હતો જ નહિ. ઈશ્વરની દયા કે હજામે મારી ઉપર કશા અખતરા ન અજમાવ્યા. જુવાની અને કુદરત મળીને મને ઝડપથી તંદુરસ્તી બક્ષવા લાગી. કમાંડન્ટનું આખું કુટુંબ મારી સારવારમાં લાગ્યું રહેતું. મારિયા ઇવાનોવ્ના તો મારા બિછાના પાસેથી ભાગ્યે જ ખસતી. સ્વાભાવિક છે કે મેં પહેલો મોકો મળતાં જ મારા પ્રેમની અધૂરી રહી ગયેલી અભિવ્યકિત ફરી દોહરાવી. આ વેળા મારિયા ઇવાનોવ્નાએ મારી વાત વધારે ધીરજથી સાંભળી. તેણે મારા પ્રત્યેની પોતાની લાગણીઓ પણ કશા ડોળ કે દેખાવ વગર સરળતાથી વ્યકત કરી અને કહ્યું કે મારાં માબાપ તો મારું સુખ જોઈને સ્વાભાવિક રીતે જ રાજી રાજી થઈ જશે, "પરંતુ તમે પૂરો વિચાર કરી લો, તમારાં માતાપિતા તો વાંધો નહિ ઉઠાવે ને?"

મેં બાબતને મનમાં તોળી જોઈ. મારી માના હેત વિશે તો મને મુદ્લ જ શંકા નહોતી. પરંતુ મારા બાપુનો સ્વભાવ અને વિચારો હું બરાબર જાણતો હોવાથી મને લાગ્યું કે મારા પ્રેમના ગીતની તેમના દિલ પર ખાસ કશી અસર નહિ પડે, એ તો ઘણું કરીને તેને જુવાન આદમીનો તરંગ જ ગણી કાઢશે. મેં એવી શક્યતા મારિયા ઇવાનોવ્નાને નિખાલસ ભાવે જણાવી દીધી, પરંતુ તેની સાથે સાથે મારા પિતાને પત્ર લખવાનો અને વાક્છટાની મારી શકિત પૂરેપૂરી અજમાવીને તેમના આશીર્વાદ માગવાનો નિર્ધાર પણ જાહેર કર્યો. મેં પત્ર લખીને મારિયા ઇવાનોવ્નાને વાંચી સંભળાવ્યો. તેને પત્ર એટલો બધો પ્રતીતિજનક અને હૃદયસ્પર્શી લાગ્યો કે મારા શબ્દોની પ્રભાવક શકિતઓ વિશે તેના મનમાં જરાય શંકા ન રહી, અને તે તારુણ્ય તથા પ્રેમની અવસ્થાની ઊંડા વિશ્વાસની વૃત્તિથી પોતાના કોમળ હૈયાની ઊર્મિઓને વશ થઈ ગઈ.

મારી તબિયત સારી થવા લાગી કે તરત જ એક દિવસે મેં શ્વાબ્રિન જોડે ફરી મનમેળ કરી લીધો. ઇવાન કુઝ્મીચે મને દ્વંદ્વ બદલ ઠપકો આપતાં કહ્યું: "ભાઈ પ્યોતર આન્દ્રેઇચ! તમને તો મારે ગિરફતાર કરી લેવા જોઈએ. પણ તમને પૂરતી સજા આમેય મળી ગઈ છે. અલેક્સેઈ ઇવાનિચ ભઠિયારાની દુકાનમાં નજરકેદ છે, અને વાસિલીસા યેગોરોવ્નાએ એની તલવાર કબાટમાં મૂકીને ઉપર તાળું મારી દીધું છે. એને હવે પોતાનાં પાપને યાદ કરીને પશ્ચાત્તાપ

કરવાનો છે." મારા દિલમાં એટલી બધી ખુશી છલકાતી હતી કે હું કોઈનું બૂરું વાંછી શકતો નહોતો, એટલે મેં કમાંડન્ટને વિનંતિ કરી કે શ્વાબ્રિનને માફી બક્ષવામાં આવે. માયાળુ કમાંડન્ટે પત્નીની સલાહ લઈને શ્વાબ્રિનને છોડી મૂકવાનું નક્કી કર્યું. શ્વાબ્રિન મને મળવા આવ્યો. અમારી વચ્ચે જે કંઈ બની ગયું હતું તેને અંગે તેણે ઊંડી દિલગીરી વ્યકત કરી, કબૂલ કર્યું કે એમાં વાંક તેનો જ હતો, અને મને ગઈગુજરી ભૂલી જવાની વિનંતિ કરી. મનમાં ડંખ રાખવાનું તો મારા સ્વભાવમાં જ નહોતું એટલે મને તેણે કરેલા અન્યાયની તેમ જ જખમની મેં ખરા દિલે માફી આપી. તેણે કરેલી બદગોઈમાં તેના ઘવાયેલા અહમ્ તથા તુચ્છકારાયેલા પ્રેમને કારણભૂત ગણીને મારા કમનસીબ હરીફને મેં ઉદાર દિલે બધું માફ કરી દીધું.

થોડા વખતમાં હું તદ્દન સાજો થઈ ગયો એટલે મારા નિવાસે પાછો ફરી શક્યો. હું મારા પત્રના જવાબની રાહ અધીરાઈથી જોઈ રહ્યો હતો. જવાબમાં સારા સમાચાર મળશે એવી આશા રાખવાની હિંમત હું ભાગ્યે જ કરી શકતો હતો અને મારા મનમાં ઊભી થતી અમંગળ આશંકાઓને દબાવી દેવાની કોશિશ કરતો રહેતો હતો. મારી લાગણીઓ અંગે મેં વાસિલીસા યેગોરોવ્ના તથા તેના પતિને હજી કશું જ નહોતું જણાવ્યું, પરંતુ મને ખબર હતી કે તેમની પુત્રીના હાથની મારી માગણીથી તેમને ભાગ્યે જ કશું આશ્ચર્ય થાય એમ હતું. મારિયા ઇવાનોવ્ના કે હું અમારી લાગણીઓ તેમનાથી છુપાવવાની જરાય કોશિશ નહોતાં કરતાં, અને અમને તેમની મંજૂરીની પૂરી ખાતરી હતી.

આખરે એક દિવસ સાવેલ્યિચ હાથમાં પત્ર લઈને મારી પાસે આવ્યો. મેં પત્ર આતુરતાથી ઝડપી લીધો. સરનામું મારા પિતાના હસ્તાક્ષરોમાં હતું. એથી મારું મન કશાક અમંગળ સમાચાર વાંચવા જાણે કે તૈયાર થઈ ગયું, કારણ કે હંમેશાં તો મને પત્રો મારી મા જ લખતી અને પિતા થોડીક લીટીઓ પત્રના અંતમાં ઉમેરી દેતા. મને કવર ફોડવાની હિંમત નહોતી પડતી એટલે થોડીક વાર તો હું ઉપર અંકિત ગંભીર લેખનને જ નીરખતો રહ્યો: "મારા પુત્ર પ્યોતર આન્દ્રેઇચ ગ્રિન્યોવને, ઓરેનબૂર્ગ ગુબેર્નિયા, બેલોગોર્સ્ક કિલ્લો." અક્ષરો ઉપરથી મેં મારા પિતાના પત્રલેખન વેળાના મનોભાવો સમજવાના પ્રયાસો કર્યા. આખરે મેં કવર ફોડ્યું, અને શરૂઆતની લીટીઓ વાંચતાં જ મને સાફ સમજાઈ ગયું કે અમારી બધી આશાઓની ઉપર પાણી ફરી વળ્યું છે. પત્ર નીચે મુજબ હતો:

"બેટા પ્યોતર! મિરોનોવની પુત્રી મારિયા ઇવાનોવ્ના સાથે તારા લગ્ન અંગે અમારી મંજૂરી તથા આશીર્વાદની વિનંતિ કરતો તારો પત્ર અમને ચાલુ માસની ૧૫મી તારીખે મળ્યો, પરંતુ તને મંજૂરી કે આશીર્વાદ આપવા હું બિલકુલ તૈયાર નથી અને વધારામાં તારી બાબત મારે હસ્તક લઈ લેવા માગું છું અને તારા અફસરના દરજ્જા છતાં સાવ છોકરડા જેવા તરંગો બદલ તને સજા કરવાનો મનસૂબો ધરાવું છું, કારણ કે તારા જેવા જ બીજા ગરમ મિજાજી જુવાનો સાથે દ્વંદ્વ લડવા સારુ નહિ પરંતુ દેશના રક્ષણ કાજે તને બક્ષવામાં આવેલી તલવાર બાંધવાની લાયકાત તારામાં હજી નથી એમ તારા વર્તને બતાવી આપ્યું છે. હું તત્કાળ આન્દ્રેઈ કાર્લોવિચને પત્ર લખીને વિનંતિ કરીશ કે બેલોગોર્સ્ક કિલ્લામાંથી તારી બદલી કરીને તને એથીયે વધારે દૂરની કોઈ એવી જગ્યાએ મોકલી આપે કે જ્યાં તારું આવું બધું ગાંડપણ સાવ નીકળી જાય. તારી માને તારા દ્વંદ્વ અને જખમ અંગે ખબર પડી કે તરત જ તે દુ:ખના આઘાતથી માંદી પડી ગઈ અને હજી ખાટલે જ છે. તારું શું થશે? હું પ્રભુને પ્રાર્થના કરું છું કે તું કંઈક સુધરે, પરંતુ તેની એટલી મોટી દયાની આશા રાખવાની મને તો હિંમત જ નથી પડતી.

તારો પિતા
આન્દ્રેઈ ગ્રિન્યોવ"

પત્ર વાંચીને મારા મનમાં વિવિધ પ્રકારની મિશ્રિત લાગણીઓ ઉત્પન્ન થઈ. મારા પિતાએ નિષ્ઠુરતાથી વાપરેલા આકરા શબ્દોથી મારું હૈયું સખત ઘવાયું. તેમણે કરેલો મારિયા ઇવાનોવ્નાનો આદરહીન ઉલ્લેખ મને અજુગતો તેમ જ અકારણ લાગ્યો. બેલોગોર્સ્ક કિલ્લામાંથી બદલીના ખ્યાલે મારા મનમાં ત્રાસ પેદા કર્યો, પરંતુ મારી માની બીમારીની ખબર વાંચીને મને સૌથી વધારે દુ:ખ થયું. મને સાવેલ્યિચની ઉપર ખીજ ચડી. મને જરાય શંકા નહોતી કે મારાં માતાપિતાને દ્વંદ્વના સમાચાર તેણે જ લખી જણાવ્યા હશે. મારી સાંકડી રૂમમાં આમથી તેમ આંટા મારતો હું આખરે તેની સામે ખડો રહી ગયો અને તેની ઉપર કાતિલ નજર માંડીને બોલ્યો:

"તો એમ છે — આખો મહિનો મને મોતના જોખમમાં રાખનારા જખમનું કારણ બનીને તને સંતોષ નહિ થયો હોય એટલે હવે તારો ઇરાદો મારી માને મારી નાખવાનો હોય એમ લાગે છે." સાવેલ્યિચ આભો બની ગયો. "જરાક

તો દયા રાખો, માલિક," તે લગભગ ડૂસકાં ભરતો બોલ્યો. "આ તે કેવી વાત કરો છો? હું તમારા જખમનું કારણ? હું તો અલેક્સેઈ ઈવાનિચની તલવાર સામે મારી કાયા વડે તમારું રક્ષણ કરવા દોડતો આવી રહ્યો હતો! પણ મારા કાળમુખા બુઢાપાની કમજોરી એમાં આડી આવી! અને તમારાં માતાજીને મેં શું કરી નાખ્યું છે?" હુ તરત બોલી ઊઠયો: "શું કરી નાખ્યું છે? કાગળ લખીને ચાડી ખાવાનું તને કોણે કહ્યું હતું? તને શું મારી ઉપર જાસૂસી કરવા મોકલ્યો છે?" સાવેલ્યિચ તો જાણે ડઘાઈ જ ગયો અને રડતો રડતો બોલ્યો: "મેં કાગળ લખીને ચાડી ખાધી? હે ભગવાન! મહેરબાની કરીને જરા વાંચી જુઓ કે મોટા માલિકે મને શું લખ્યું છે! તરત જ ખબર પડી જશે કે મેં કેવી ચાડી ખાધી છે!" એટલું કહેતાં તેણે ખીસામાંથી પત્ર કાઢીને મારી સામે ધર્યો. તેમાં નીચે મુજબ લખેલું હતું:

"તને શરમ આવવી જોઈએ, કૂતરા! મારા પુત્ર પ્યોતર વિશેના સમાચાર મને મોકલતા રહેવાનું મેં તને કડક ફરમાન કરેલું હોવા છતાં તેના ઉત્પાતો અંગે મને અજાણ્યા માણસો પાસેથી ખબર મળે છે. તારી ફરજનું પાલન અને તારા માલિકની મરજીનો અમલ તું એવી રીતે કરે છે, ખરું ને? હકીકતને મારાથી છુપાવી રાખવા બદલ અને આટલી કાચી વયના જુવાનિયાની બાબતમાં આંખ આડા કાન કરવા બદલ તને તો ડુક્કરના વાડામાં કામ કરવા મોકલી દેવો જોઈએ, કૂતરા! હું તને હુકમ કરું છું કે આ પત્ર મળે એટલે તરત જ તેની તબિયતના સમાચાર લખી મોકલજે. મને મળેલી ખબર મુજબ તેની તબિયત હવે સુધરી રહી છે. અને તેને ક્યાં જખમ થયેલો, સારવાર બરાબર થઈ રહી છે કે નહિ, વગેરે પણ વિગતવાર લખજે."

વાત સાફ હતી કે સાવેલ્યિચે મારું કશું જ બગાડ્યું નહોતું અને મારે શંકા આણીને તથા ઠપકાનાં વેણ બોલીને તેનું અપમાન નહોતું કરવું જોઈતું. મેં તેની માફી માગી, પરંતુ ઘરડા આદમીને એથી સાંત્વન ન મળ્યું. "મારી હાલત કેવી થઈ ગઈ છે!" તે વિલાપ કરતો બોલવા લાગ્યો. "આખરે હું મારા માલિકોની આવી જ મહેરબાનીને લાયક ઠર્યો! હું કૂતરો છું, ડુક્કરના વાડાને જ લાયક છું, અને હવે તો તમારા જખમનું કારણ પણ છું! ના, પ્યોતર આન્દ્રેઈચ, મારા જુવાન માલિક, વાંક મારો નહિ પણ પેલા કાળમુખા ફ્રેંચ માસ્તરનો જ

છે. લોઢાના સળિયા ભોંકવાનું અને જમીન ઉપર પગ પછાડવાનું એણે જ તમને શીખવેલું, જાણે કેમ તલવાર વીંઝવાની ને પગ પછાડવાની રમત તમને ઘાતકી માણસથી બચાવી લેવાની હોય! એટલા બધા પૈસા નકામા બગાડીને એવા માસ્તરને શું કામ રાખ્યો હશે!"

મારે વિશેની અને મારા વર્તન વિશેની માહિતી મારા પિતાને મોકલવાની તકલીફ કોણે લીધી હશે? જનરલે? મારી બાબતમાં તેને એટલી બધી ફિકર હોય એમ લાગતું જ નહોતું, વળી ઈવાન કુઝ્મીચે દ્વંદ્વનો અહેવાલ મોકલવાનું જરૂરી નહોતું ગણ્યું. હું અટકળોના વમળમાં અટવાઈ ગયો. આખરે મારી શંકાઓ શ્વાબ્રિનની ઉપર કેંદ્રિત થઈ. મને કિલ્લામાંથી બીજે ક્યાંક મોકલી દેવામાં આવે અને કમાંડન્ટના પરિવાર જોડેના મારા સંબંધો તૂટી જાય એવી માહિતી મારાં માતાપિતાને પૂરી પાડવાથી કેવળ તેને એકલાને જ કંઈક ફાયદો થાય એમ હતો. આખી વાત મારિયા ઈવાનોવ્નાને જણાવવા હું બહાર નીકળ્યો. તે મને આંગણમાં જ મળી ગઈ. "તમને શું થઈ ગયું છે? મોં કેવું ઊતરી ગયું છે?" મારા ચહેરા ઉપર નજર પડતાં જ તે બોલી ઊઠી. "આપણી આશાઓ ઉપર પાણી ફરી વળ્યું!" મારા પિતાનો પત્ર તેના હાથમાં મૂકતો હું બોલ્યો. હવે તેનો ચહેરો ફિક્કો પડી ગયો. પત્ર પૂરો વાંચી લઈને ધ્રૂજતી આંગળીઓ વડે મને પાછો આપતી તે કંપતા અવાજે બોલી: "જોયું ને, મારું નસીબ જ ફૂટેલું છે!.. તમારાં માતાપિતા મને તમારા પરિવારમાં સ્વીકારવા તૈયાર નથી. જેવી ઈશ્વરની ઇચ્છા! આપણું ભલું શેમાં છે એની ખબર આપણા કરતાં પરમેશ્વરને જ બહેતર હોય. કશો ઉપાય નથી, પ્યોતર આન્દ્રેઇચ—બસ, તમે સુખી રહો..." પણ હું તેનો હાથ પકડતો બોલી ઊઠયો: "ના, એમ નહિ બને! તું મને ચાહે છે, અને હું ગમે તેવા સંજોગો માટે તૈયાર છું. ચાલ, આપણે તારાં માતાપિતાના પગમાં પડી જઈએ, તેઓ સીધાંસાદાં ઇન્સાનો છે, તેમનાં દિલ મગરૂરીથી પથ્થર નથી બની ગયાં. તેઓ આપણને જરૂર આશીર્વાદ આપશે, આપણાં લગ્ન થઈ જશે... અને પછી મને ખાતરી છે કે વખત જતાં આપણે મારા પિતાનું મન મનાવી લઈ શકીશું, મારી માતા આપણો પક્ષ લેશે, અને પિતા જરૂર માફ કરી દેશે." માશાએ જવાબ આપ્યો: "ના, પ્યોતર આન્દ્રેઇચ, તમારાં માતાપિતાના આશીર્વાદ વગર હું તમારી સાથે લગ્ન નહિ કરું. એમના આશીર્વાદ ન મળે તો તમે સુખી ન જ રહી શકો. આપણે ઈશ્વરની ઇચ્છાને આધીન થવું જ રહ્યું. તમને તમારા ભાગ્યની વધૂ

મળી જાય, તમારો પ્રેમ બીજી કોઈ નારીની ઉપર ઢળે, ત્યારે પ્રભુની મંગળમય દયા તમારી ઉપર ઊતરો! હું તમારા બેઉના કલ્યાણ સારુ પ્રાર્થના કરીશ..." એટલું કહેતાં તેની આંખોમાં આંસુ છલકાઈ આવ્યાં અને તે જતી રહી. મારા મનમાં તેની પાછળ પાછળ ઘરમાં જવાનો તલસાટ જાગ્યો, પરંતુ મારી પોતાની હાલત એવી નહોતી કે હું મારી લાગણીઓને કાબૂમાં રાખી શકું, એટલે હું મારે ઘેર પાછો ફર્યો.

હું મારી રૂમમાં બેઠો બેઠો ઊંડા વિચારમાં ગરકાવ થઈ ગયો હતો એટલામાં સાવેલ્યિચે આવીને મારા વિચારોમાં ખલેલ પાડી. લખાણથી ભરેલો એક કાગળ મારી સામે ધરતાં તેણે કહ્યું: "આને જરા વાંચી લો, માલિક, જોઈ લો કે હું માલિકની ચાડી કેવી રીતે ખાઉં છું અને બાપબેટા વચ્ચે ઝઘડો કેવી રીતે કરાવું છું." હું કાગળ તેના હાથમાંથી લઈને વાંચવા લાગ્યો. તેમાં સાવેલ્યિચને મળેલા પત્રનો જવાબ અંકિત હતો. લખાણ શબ્દશ: નીચે મુજબ હતું:

"આદરણીય આન્દ્રેઈ પેત્રોવિચ, મારા દયાળુ માલિક!

આપનો માયાળુ પત્ર મળ્યો કે જેમાં આપે મારી ઉપર, આપના ગુલામની ઉપર, ગુસ્સે થવાની મહેરબાની કરી છે અને જણાવ્યું છે કે માલિકના ફરમાનનો ભંગ કરવા બદલ મને શરમ આવવી જોઈએ. પણ હું કૂતરો નથી, હું આપનો વફાદાર ચાકર છું, હું મારા માલિકનાં ફરમાનોનો બરાબર અમલ કરું છું, મેં હંમેશાં વફાદારીથી આપની ચાકરી કરી છે, અને આપની ચાકરી કરતાં કરતાં મારા વાળ ધોળા થઈ ગયા છે. પ્યોતર આન્દ્રેઈચના જખમ વિશે મેં આપને ન લખ્યું તેનું એકમાત્ર કારણ ફકત એટલું જ હતું કે હું આપને નકામા ફિકરમાં પાડી દેવા નહોતો માગતો. હવે જાણવા મળે છે કે માલકિન, પ્યારાં આવદોત્યા વસીલ્યેવ્ના, ચિંતાનાં ભોગ બનીને પથારીવશ થઈ ગયાં છે. હું તેમની તંદુરસ્તી સારુ પ્રભુને પ્રાર્થના કરીશ. પ્યોતર આન્દ્રેઈચને જમણા ખભા નીચે છાતીમાં હાડકાની અડોઅડ જખમ થયો હતો, જખમ દોઢ ઇંચ ઊંડો હતો. અમે તેમને નદીકિનારેથી કમાંડન્ટને ઘેર લઈ આવ્યા હતા અને જખમના ઇલાજ દરમિયાન તેઓ ત્યાં જ રહ્યા હતા. તેમના ઇલાજની કામગીરી રેજિમેન્ટના હજામ સ્તેપાન પારામોનોવે સંભાળી હતી. ઈશ્વરની દયાથી પ્યોતર આન્દ્રેઈચ હવે સાવ સાજા થઈ ગયા છે, અને તેમને વિશે સારા શબ્દો સિવાય બીજું કશું જ લખવાનું નથી. મને જાણવા મળ્યું છે કે તેમના ઉપરી અફસરો તેમની બાબતમાં ખુશ

છે. અને વાસિલીસા યેગોરોવ્ના તો તેમને પોતાના પુત્ર જેવા જ ગણે છે. પ્યોતર આન્દ્રેઈચ આફતમાં સપડાઈ ગયા તેને વિશે તો એટલું જ કહેવાનું હોય કે જુવાન ખભાઓની ઉપર ઘરડું માથું કોઈ કાળે ન જ ગોઠવી શકાય, ઘોડાને ચાર પગ હોવા છતાં તેય ક્યારેક ઠોકર ખાઈ જતો હોય છે. આપે મહેરબાની બતાવીને લખ્યું છે કે મને તો ડુક્કરના વાડામાં કામ કરવા મોકલી દેવો જોઈએ. આપ મારા માલિક છો, અને મારી બાબતમાં આપને ઠીક લાગે તેમ કરી શકો છો.

મારા અદબભર્યા સલામ,
આપનો વફાદાર ગુલામ
આર્ખીપ સાવેલ્યેવ"

ભલા ઘરડા આદમીનું બયાન વાંચતી વેળા હું ક્યાંક ક્યાંક મલકાટ ખાળી જ ન શક્યો. હું પોતે તો કોઈ રીતે મારા પિતાને જવાબ લખવાની હાલતમાં નહોતો, અને મને લાગ્યું કે મારી માતાની ચિંતાને હળવી કરવા માટે સાવેલ્યિચનો પત્ર પૂરતો છે.

એ ઘડીથી મારી પરિસ્થિતિમાં પરિવર્તન થઈ ગયું. મારિયા ઈવાનોવ્ના ભાગ્યે જ મારી જોડે વાત કરતી અને બને ત્યાં સુધી મારાથી અળગી રહેવાની કોશિશ કરતી. મારા મનમાં કમાંડન્ટના ઘર પ્રત્યેનું આકર્ષણ ઓસરી ગયું. હું ધીરે ધીરે મારા ઘરમાં જ એકલો બેસી રહેવા ટેવાઈ ગયો. શરૂઆતમાં તો વાસિલીસા યેગોરોવ્ના મને એ બદલ ઠપકો આપતી, પરંતુ મારું મક્કમ વલણ જોઈને તેણે મને કશું કહેવાનું બંધ કરી દીધું. ઈવાન કુઝ્મીચને હું કેવળ મારી કામગીરીના સંબંધમાં જ મળતો. હું શ્વાબ્રિનને જવલ્લે જ મળતો, અને તે પણ અનિચ્છાએ, કારણ કે મને તેના વર્તનમાં મારા પ્રત્યેનો છૂપો અણગમો પરખાતો હતો. એથી તેને અંગેની મારી શંકાઓ દૃઢ બની ગઈ. મારી જિંદગી અસહ્ય બની ગઈ. મારા મનમાં ગમગીન ખ્યાલો સતત ઘોળાતા રહેતા અને એકલતા તથા નિષ્ક્રિયતાથી એવા ખ્યાલોને પોષણ મળતું. એકલતામાં મારો પ્રેમ જ્વાળામય બની ગયો અને નિરંતર વધારે ને વધારે બોજલ બનતો ગયો. વાંચન તથા સાહિત્યિક રચના અંગેની મારી રુચિ તદ્દન ઓસરી ગઈ. હું હતાશામાં સરી પડ્યો. મને બીક લાગવા માંડી કે હું કાં તો ગાંડો થઈ જઈશ અથવા દારૂ ઢીંચવા લાગીશ. પરંતુ મારા સમગ્ર જીવનને પ્રભાવિત કરનારી એક અણધારી ઘટનાએ મને પ્રબળ તેમ જ ઇષ્ટ આઘાત આપ્યો.

પુગાચોવ અને તેના સિપાહીઓ

જુવાનો! સુણો કાન ધરી,
વાત અમારી જઈફોની જરી.

પુરાણું ગીત[14]



મેં નજરે જોયેલી અજબ ઘટનાઓનું વર્ણન શરૂ કરતાં પહેલાં મને ૧૭૭૩ના અંતમાં ઓરેનબૂર્ગ ગુબેર્નિયાની પરિસ્થિતિ વિશે થોડાક શબ્દો કહેવાનું આવશ્યક લાગે છે.

એ વિશાળ તથા સમૃદ્ધ ગુબેર્નિયામાં કેટલીય અર્ધજંગલી પ્રજાઓ વસતી હતી. એ પ્રજાઓએ રશિયન શહેનશાહતની આણ થોડા સમય પૂર્વે જ માન્ય કરી હતી. તેમના અવિરત વિદ્રોહો, કાનૂન તથા નાગરિક જીવન અપનાવવાની તેમની અશકિત, અને તેમની અવિચારિતા તથા નિર્દયતાને લીધે સરકાર માટે તેમને તાબેદારીમાં રાખવા સારુ તેમની ઉપર સતત જાપતો જાળવવાનું આવશ્યક બની ગયું. માફક જણાતી જગ્યાઓમાં કિલ્લા ખડા કરી દેવામાં આવ્યા. એવા કિલ્લામાં ગોઠવવામાં આવતા સિપાહીઓમાંથી મોટા ભાગના લાંબા વખતથી યાઈક નદીને કિનારે વસતા કઝ્ઝાકો હતા. પરંતુ એ પ્રદેશોની શાંતિ તથા સલામતીની રક્ષાની કામગીરી ધરાવતા યાઈક કઝ્ઝાકો પોતે જ બેચેન પ્રજાજનો

બની ગયા હતા અને સરકાર માટે જોખમ ઊભું કરી રહ્યા હતા. સિપાહીઓની ઉપર પાકો અંકુશ જમાવવા માટે મેજર-જનરલ ત્રાઉબેન્બેર્ગે લીધેલાં કડક પગલાંને પરિણામે ૧૭૭૨માં યાઈક કઝ્ઝાકોના મુખ્ય મથકમાં વિદ્રોહ ફાટી નીકળ્યો. બળવાનો અંજામ ત્રાઉબેન્બેર્ગના ઘાતકી ખૂનમાં[15] તેમ જ કઝ્ઝાકો સંબંધી બંદોબસ્તની અંદર આપખુદ પરિવર્તનોમાં આવ્યો, અને આખરે બળવાને જંગલી દમન તથા સજાઓ વડે કચડી નાખવામાં આવ્યો.

એ બનાવો બેલોગોર્સ્ક કિલ્લામાં મારા આગમનથી થોડાક સમય પૂર્વે બન્યા હતા. હું ત્યાં પહોંચ્યો ત્યારે સર્વત્ર શાંતિ સ્થપાયેલી હતી, અથવા દેખાવ પૂરતી તો શાંતિ હતી જ. ચાલાક બળવાખોરોના ધારી લેવામાં આવેલા પસ્તાવાની વાત સત્તાધારીઓએ બહુ સહેલાઈથી માની લીધી હતી, પરંતુ બળવાખોરો તો દિલના ડંખને છાની રીતે પોષી રહ્યા હતા અને નવું રમખાણ મચાવવા માટે કેવળ મોકાની જ વાટ જોઈ રહ્યા હતા.

હવે મારા બયાનનો તાર ફરી સાંધી લઉં.

એક વાર સાંજે (૧૭૭૩ના ઑક્ટોબરના આરંભનો સમય હતો) હું મારી રૂમમાં એકલો બેઠો બેઠો શરદના પવનના ચિત્કાર સાંભળી રહ્યો હતો અને ચંદ્રમાને આવરીને સરકી જતાં વાદળોને બારી વાટે નીરખી રહ્યો હતો. એટલામાં કોઈ મને કમાંડન્ટને ત્યાં બોલાવવા આવ્યું. હું તત્કાળ રવાના થઈ ગયો. ત્યાં શ્વાબ્રિન, ઈવાન ઇગ્નાત્યિચ, અને કઝ્ઝાક સાર્જેન્ટ પણ મોજૂદ હતા. વાસિલીસા યેગોરોવ્ના તેમ જ મારિયા ઈવાનોવ્ના ખંડમાં નહોતાં. કમાંડન્ટે વિચારમય ભાવે મારું અભિવાદન કર્યું. પછી તેણે બારણું વાસી દીધું અને અમને સૌને બેસવાનું કહ્યું. માત્ર સાર્જેન્ટ બારણા નજીક પહેરો ભરવા ઊભો રહી ગયો. કમાંડન્ટ ખીસામાંથી એક કાગળ કાઢતો બોલ્યો: "સજ્જનો, મહત્ત્વના સમાચાર આવ્યા છે. હું તમને જનરલનો પત્ર વાંચી સંભળાવું છું." એટલું કહીને તેણે ચશ્માં પહેરી લીધાં અને નીચેનો પત્ર અમને મોટેથી વાંચી સંભળાવ્યો:

"કૅપ્ટન મિરોનોવ,
કમાંડન્ટ, બેલોગોર્સ્ક કિલ્લો,
તદ્દન ખાનગી!

આ પત્ર દ્વારા હું તમને જણાવું છું કે કેદમાંથી નાસી છૂટેલા અને પોતાને મરહૂમ શહેનશાહ પ્યોતર ત્રીજાના નામે ઓળખાવવાની અક્ષમ્ય ઉદ્ધતાઈ કરનારા

દોનપ્રદેશવાસી કઝ્ઝાક તથા બંડખોર યેમેલ્યાન પુગાચોવે ગેરકાનૂની ટોળકી જમાવી છે, યાઈક ગામોમાં અસંતોષ જગાવ્યો છે, કેટલાય કિલ્લાઓને કબજે કરીને ખંડેરોમાં પલટાવી નાખ્યા છે, અને દરેક ઠેકાણે લૂંટફાટ તથા ખૂનનો કેર વરતાવ્યો છે. એટલે, કૅપ્ટન, આ પત્ર મળે કે તરત જ તમારે ઉપરોક્ત ગુનેગાર તથા ઢોંગી ધુતારાનો પ્રતિકાર કરવા માટે જરૂરી પગલાં લેવાનાં છે, અને તમારા તાબાના કિલ્લા ઉપર તે હુમલો કરે તો શક્ય બનતાં તેને ઠાર કરી નાખવાનો છે."

"જરૂરી પગલાં લેવાનાં છે!" કમાંડન્ટે ચશ્માં ઉતારતાં અને પત્રની ગડી વાળતાં શબ્દો દોહરાવ્યા. "કહેવું સહેલું છે પણ કરવું એટલું સહેલું નથી! લફંગો તાકાતવાન હોય એમ લાગે છે, અને આપણી પાસે તો ફક્ત એકસો ને ત્રીસ જ સિપાહીઓ છે. એમાં કઝ્ઝાકોને નથી ગણ્યા કારણ કે તેમની ઉપર બહુ ભરોસો રાખી શકાય એમ નથી. માક્સીમિચ, આમાં તમને માઠું લગાડવાનો મુદ્દલ ઈરાદો નથી!" (સાર્જન્ટે હોઠ મલકાવ્યા) "પણ એનો કશો ઉપાય નથી, સજ્જનો! તમારે દાખલો બેસે એવી રીતે ફરજ બજાવવાની છે. સંત્રીઓની ટુકડીઓ બનાવી લો અને રાતના પહેરાનો બંદોબસ્ત કરો. હુમલો થાય તો બધાં ફાટક બંધ કરાવી દેવાં અને સિપાહીઓને હાકલ કરીને મોરચો ખડો કરી દેવો. અને માક્સીમિચ, તમારા કઝ્ઝાકોની ઉપર પાકી નજર રાખજો. તોપ ચકાસી લો અને બરાબર સાફ કરાવી લો. અને સૌથી મહત્ત્વની વાત તો એ કે આ બધું ગુપ્ત રાખવાનું છે જેથી કિલ્લામાં કોઈને પહેલેથી ખબર ન પડે."

ઈવાન કુઝ્મીચે એવા હુકમો છોડીને અમને રજા આપી. હું ને શ્વાબ્રિન ઘરમાંથી ભેગા જ બહાર નીકળ્યા અને બાબત વિશે ચર્ચા કરવા લાગ્યા. "આનો અંજામ કેવો આવશે?" મેં તેને પૂછ્યું. "ભગવાન જાણે!" તેણે જવાબ આપ્યો. "જોઈ લઈશું. હાલ પૂરતી તો મને આમાં કંઈ ખાસ વાત દેખાતી નથી. બેશક, જો..." એટલું કહેતાં તે વિચારમાં પડી ગયો અને અન્યમનસ્ક ભાવે સીટીમાં કોઈ ફ્રેંચ ધૂન બજાવવા લાગ્યો.

વિસ્તારમાં પુગાચોવની હાજરીની વાત અમારી પૂરી તકેદારી છતાં આખા કિલ્લામાં ફેલાઈ ગઈ. ઈવાન કુઝ્મીચને પોતાની પત્ની પ્રત્યે ખૂબ આદરભાવ હતો, પરંતુ તોયે લશ્કરી કામગીરીના સંબંધમાં તેને જણાવવામાં આવેલી કોઈ પણ ગુપ્ત બાબત પોતાની પત્ની સમક્ષ જાહેર કરી દેવા દુનિયાનું કોઈ પણ

પ્રલોભન તેને કદી લલચાવી શકે એમ નહોતું. જનરલનો પત્ર મળતાં જ તેણે હિકમત વાપરીને વાસિલીસા યેગોરોવ્નાથી છુટકારો હાંસલ કરી લીધો હતો. તેણે પત્નીને કહ્યું કે ફાધર ગેરાસિમને ઓરેનબૂર્ગથી અજબ ખબર મળી છે પણ પાદરીએ તેને પૂરી સાવચેતીથી ખાનગી રાખી છે. એટલે વાસિલીસા યેગોરોવ્ના તરત જ પાદરીની પત્નીને મળવા રવાના થઈ ગઈ, અને ઇવાન કુઝ્મીચની સલાહ મુજબ માશાને પણ ભેગી લેતી ગઈ જેથી બિચારી બાળા ઘરમાં એકલી ન પડી જાય.

ઈવાન કુઝ્મીચે એ રીતે ઘરમાં એકમાત્ર પોતાની જ હાજરીની કરામત કરીને તરત જ અમને બોલાવવા માણસ મોકલ્યો અને પાલાશા વાતચીત સાંભળી ન જાય એટલા સારુ તેને ભંડકિયામાં પૂરી દીધી.

પાદરીની પત્ની પાસેથી કશું જ નવું જાણી ન શકેલી વાસિલીસા યેગોરોવ્ના ઘેર પાછી ફરી ત્યારે તેને ખબર પડી કે પોતાની ગેરહાજરીમાં ઈવાન કુઝ્મીચે જંગ સમિતિની મિટિંગ બોલાવેલી અને મંત્રણા દરમિયાન પાલાશાને ભંડકિયામાં પૂરી દીધી હતી. પતિની ચાલાકી સમજી જતાં તેણે સવાલોની ઝડી વરસાવી દીધી. પરંતુ ઈવાન કુઝ્મીચે એવા હલ્લાનો સામનો કરવાની પૂરી તૈયારી રાખી હતી. તેણે જરા પણ અસ્વસ્થ બન્યા વગર પોતાની જિજ્ઞાસુ જીવનસંગિનીને આનંદી ભાવે જવાબ આપ્યા: "ભલી બાઈ, મેં કહ્યું તો ખરું કે હમણાં હમણાં કિલ્લામાં સ્ત્રીઓ ખડ બાળીને ચૂલા સળગાવવા લાગી છે અને એમાં હોનારતનો ડર છે, એટલે મેં કડક હુકમો આપ્યા છે કે હવે પછી કોઈએ ખડ બાળીને ચૂલા ન સળગાવવા પણ તેને બદલે સૂકાં ડાળખાં ને ઝાંખરાંનો ઉપયોગ કરવો." પણ પત્નીએ તરત વાંધો ઉઠાવ્યો: "તો પછી પાલાશાને ભંડકિયામાં શા માટે પૂરી દીધેલી? અમે પાછાં ફર્યાં ત્યાં સુધી બિચારી છોકરીને ભંડકિયામાં ગોંધાઈ રહેવું પડયું તેની શી જરૂર હતી?" ઈવાન કુઝ્મીચે એવા સવાલની ધારણા નહોતી રાખી એટલે તે જવાબમાં લોચા વાળવા લાગ્યો. વાસિલીસા યેગોરોવ્ના પતિનો મક્કર પામી ગઈ, પરંતુ તેને ભેગું એ પણ સમજાઈ ગયું કે પોતે પતિ પાસેથી કશી વાત કઢાવી નહિ શકે, એટલે તેણે સવાલો પડતા મૂકી દીધા અને વિષય બદલાવીને આકુલીના પામ્ફીલોવ્નાની મીઠું ચડાવેલી કાકડીની ખાસ વાનગીની વાત શરૂ કરી દીધી. પરંતુ વાસિલીસા યેગોરોવ્નાને આખી રાત નીંદર ન આવી, અને સતત વિચાર કરવા છતાં તેને ખ્યાલ ન આવ્યો કે પોતાને જણાવી ન શકાય એવી કઈ વાત પતિને જાણવા મળી હશે.

બીજે દિવસે સવારે તે દેવળમાં પ્રાર્થના કરીને પાછી આવી રહી હતી ત્યારે તેનું ધ્યાન ગયું કે બાળકોએ તોપના મોંમાં ભરી દીધેલાં ચીંથરાં, કાંકરા, છોડિયાં, જૂનાં હાડકાં, અને બીજો જાતજાતનો કચરો ઇવાન ઇગ્નાત્યિચ બહાર કાઢી રહ્યો છે અને તોપને સાફ કરી રહ્યો છે. "આ બધી લશ્કરી તૈયારીનું શું કારણ હશે?" તેને થયું. "કિરગિઝ લોકોના હુમલાની બીક ઊભી થઈ હશે? પણ એવી નજીવી બાબત ઇવાન કુઝ્મીચ મારાથી છુપાવે ખરા?" તેના મનમાં સળવળી રહેલા નારીસહજ કુતૂહલને સંતોષવા માટે તેણે ઇવાન ઇગ્નાત્યિચ પાસેથી આખું રહસ્ય કઢાવી લેવાનો મક્કમ ઇરાદો કરીને તેની જોડે વાતચીત શરૂ કરી દીધી.

મુનસફ આરોપીની સાવચેતીનો ગઢ તોડી પાડવા માટે તપાસનો આરંભ જેવી રીતે સાધારણ સવાલોથી કરે એવી જ રીતે વાસિલીસા યેગોરોવ્નાએ શરૂઆત ઘરને લગતી બાબતોના થોડાક ઉલ્લેખો વડે કરી. પછી એક પળ થોભી જઈને તે ઊંડો નિસાસો નાખતી ને માથું ધુણાવતી બોલી: "હે ભગવાન! હે પ્રભુ! કેવી ભયંકર ખબર! હવે શું થશે!"

"તમે ફિકર કરો મા, બાઈ સાહેબ," ઇવાન ઇગ્નાત્યિચે કહ્યું. "ઈશ્વર દયાળુ છે. "આપણી પાસે પુષ્કળ સિપાહીઓ ને પૂરતો દારૂગોળો છે, વળી મેં તોપ પણ સાફ કરી લીધી છે. ઉમેદ રાખીએ કે પુગાચોવને મારી હઠાવવામાં આપણને કામયાબી મળે. ઈશ્વરની દયા હશે તો આપણે એ સુવ્વરોના ભોગ નહિ બનીએ."

"પણ આ પુગાચોવ કોણ છે?" વાસિલીસા યેગોરોવ્નાએ સવાલ કર્યો. ઇવાન ઇગ્નાત્યિચને ભાન થયું કે પોતે છાની વાત ભસી પડયો છે એટલે તેણે પોતાની જીભ કરડી. પણ બનવાનું તો બની ચૂક્યું હતું. વાસિલીસા યેગોરોવ્નાએ તેની પાસેથી આખી વાત કઢાવી લીધી અને વાયદો કર્યો કે પોતે બીજા કોઈને એક શબ્દ સરખોયે નહિ જણાવે.

વાસિલીસા યેગોરોવ્નાએ વાયદો બરાબર પાળ્યો અને એકમાત્ર પાદરીની પત્ની સિવાય બીજા કોઈને હરફ સુદ્ધાં ન કહ્યો. એવા અપવાદનું સબળ કારણ એ હતું કે પાદરીની ગાય વગડામાં છૂટી રખડતી હતી અને લૂંટારા તેને પકડી જાય એવી બીક હતી.

થોડા વખતમાં પુગાચોવની વાત દરેક માણસને મોઢે રમતી થઈ ગઈ. જાતજાતની અફવાઓ ઊડવા લાગી. કમાંડન્ટે કઝ્ઝાક સાર્જન્ટને આસપાસનાં

ગામો તથા કિલ્લાઓમાંથી બાતમી ભેગી કરી લાવવા મોકલ્યો. બે દિવસ ભમીને પાછા ફરેલા માક્સીમિચે જાહેર કર્યું કે કિલ્લાથી લગભગ સાઠ માઇલના અંતરે વગડામાં કેટલાંય તાપણાં નજરે પડેલાં અને બાશ્કિર લોકો પાસેથી સાંભળવા મળ્યું છે કે વિશાળ સેનાઓ કિલ્લાની દિશામાં ધસી રહી છે. પરંતુ તેને વધારે આગળ જવાની હિંમત ન પડી હોવાથી તે કશી ચોક્કસ બાતમી ન આપી શક્યો.

કિલ્લામાં મોજૂદ કઝ્ઝાકોની અંદર અસાધારણ હલચલ નજરે પડવા લાગી. તેઓ દરેક શેરીમાં ટોળે વળીને ધીમા અવાજે ગુસપુસ કરતા રહેતા અને હયદળનો કે ગૅરિસનનો કોઈ સિપાહી નજરે પડે કે તરત જ વિખેરાઈ જતા. કઝ્ઝાકોની અંદર જાસૂસો મોકલવામાં આવ્યા. ખ્રિસ્તી બની ગયેલા કાલમિક આદમી યુલાઈએ કમાંડન્ટને મહત્ત્વની બાતમી લાવી આપી. યુલાઈએ પૂરી પાડેલી બાતમી મુજબ, સાર્જન્ટનો અહેવાલ સાવ ખોટો હતો — ખંધા કઝ્ઝાકે પાછા ફરીને પોતાના કઝ્ઝાક સાથીઓને જણાવેલું કે હું પોતે વિપ્લવીઓની છાવણીમાં જઈ આવ્યો છું, મને સરદાર સમક્ષ પેશ કરવામાં આવ્યો હતો, સરદારે મને તેનો હાથ ચૂમવાની રજા આપી હતી. અને પછી મારી જોડે ઘણી વાતચીત કરી હતી. કમાંડન્ટે તરત જ સાર્જન્ટને નજરકેદ કરીને તેની ઉપર પહેરો ગોઠવી દીધો અને તેની જગ્યાએ યુલાઈની નિમણૂક કરી. એ ખબર કઝ્ઝાકોને મળતાં તેઓની અંદર ઉઘાડો અસંતોષ છવાઈ ગયો. તેમણે પોતાનો અસંતોષ જોરશોરથી જાહેર કર્યો, અને ઇવાન ઇગ્નાત્યિચે કમાંડન્ટનાં ફરમાનોનો અમલ કરતી વેળા કઝ્ઝાકોના બોલ પોતાના કાને જ સાંભળ્યા: "હવે તારો વારો આવવાનો છે, ગૅરિસનના ઉંદરડા!" કમાંડન્ટનો ઇરાદો તે જ દિવસે કેદીની ઊલટતપાસ કરવાનો હતો પરંતુ સાર્જન્ટ ચોકીમાંથી છટકીને ફરાર થઈ ગયો, બેશક તેના હમદર્દીઓની મદદ વડે જ.

એક નવા બનાવથી કમાંડન્ટની ફિકર વધી ગઈ. બળવાખોર ચોપાનિયાં[16] લઈને ફરતો એક બાશ્કિરી પકડાઈ ગયો. ત્યાર પછી કમાંડન્ટે ફરી વાર અફસરોને એકઠા કરવાનું નક્કી કર્યું અને કશુંક સરખું બહાનું કાઢીને વાસિલીસા યેગોરોવ્નાને ફરી વાર બહાર મોકલી દેવાનો મનસૂબો ઘડ્યો. પરંતુ ઇવાન કુઝ્મીચ તો તદ્દન સીધો ને સાચું બોલનારો આદમી હતો. તેને અગાઉ અજમાવેલી હિકમત સિવાય બીજું કશું ન સૂઝ્યું.

"આમ જો, વાસિલીસા યેગોરોવ્ના," તેણે ખોંખારો ખાઈને ગળું સાફ કરતાં કહ્યું, "સાંભળવામાં આવ્યું છે કે ફાધર ગેરાસિમને શહેરમાંથી કશીક નવી ખબર મળી છે..." પણ વાસિલીસા યેગોરોવ્ના વચ્ચે જ બોલી ઊઠી: "જૂઠાણાં રહેવા દો, ઇવાન કુઝ્મીચ! તમારો ઇરાદો તો મને બહાર મોકલી દઈને અફસરોને ભેગા કરવાનો અને યેમેલ્યાન પુગાચોવ અંગે મસલત કરવાનો છે, પણ આ વેળા હું એટલી સહેલાઈથી બુદ્ધુ બનું એમ નથી." ઇવાન કુઝ્મીચની આંખો અચરજથી પહોળી થઈ ગઈ. "ઠીક ત્યારે, તને ખબર તો પડી જ ગઈ છે એટલે મરજી હોય તો તુંતારે અહીં જ રહે, અમે તારી હાજરીમાં વાતચીત કરી લઈશું." વાસિલીસા યેગોરોવ્ના જવાબમાં બોલી: "હવે તમે સરખી વાત કરી. છળકપટ તમને ફાવતાં જ નથી. અફસરોને બોલાવવા માણસ મોકલી દો!"

અમે ફરી વાર એકઠા થયા. ઇવાન કુઝ્મીચે પોતાની પત્નીની હાજરીમાં અમને સૌને પુગાચોવનું જાહેરનામું વાંચી સાંભળાવ્યું. જાહેરનામું કોઈ અર્ધશિક્ષિત કઝ્ઝાક માણસે લખ્યું હોય એમ લાગતું હતું. મવાલી પુગાચોવે તેમાં તત્કાળ અમારે કિલ્લે આવી પહોંચવાનો ઇરાદો જાહેર કર્યો હતો, કઝ્ઝાકોને તથા સિપાહીઓને તેની ટોળકીમાં સામેલ થઈ જવાની હાકલ કરી હતી, અને અફસરોને મોતનું જોખમ બતાવીને સામનો ન કરવાની સલાહ આપી હતી. અપીલ અણઘડ પરંતુ જોમદાર વાક્યોમાં લખેલી હતી અને તેનું લક્ષ્ય ભોળા લોકોનાં મન ઉપર ભયંકર અસર પાડવાનું હતું.

"ધુતારો ક્યાંનો!" કમાંડન્ટની પત્ની બોલી ઊઠી. "સામી છાતીએ આપણને કહેણ મોકલવાની હિંમત છે એને? આપણે સામે ચાલીને જવું અને આપણી ધજાપતાકાઓ એના ચરણોમાં ધરી દેવી! કાળમુખો! એને ખબર નહિ હોય કે અમે ચાળીસ વરસથી લશ્કરમાં છીએ અને થોડાક અનુભવો હાંસલ કરી ચૂક્યા છીએ? કોઈ પણ કમાંડર આવા મવાલીની ધમકીને તાબે ન જ થાય, કદી ન થાય."

"તને લાગતું હશે કે નહિ," ઇવાન કુઝ્મીચે કહ્યું, "પણ સાંભળ્યું છે કે લફંગાએ કેટલાય કિલ્લા કબજે કરી લીધા છે."

"લાગે છે કે આદમી તાકાતવાન છે," શ્વાબ્રિન બોલ્યો.

"થોડા વખતમાં ખબર પડી જશે કે કેવોક તાકાતવાન છે," કમાંડન્ટે કહ્યું. "વાસિલીસા યેગોરોવ્ના, કોઠારિયાની ચાવી આપ. ઇવાન ઇગ્નાત્યિચ,

પેલા બાશ્કિરી આદમીને અહીંયાં લઈ આવ, અને યુલાઈને કહે કે ચાબખા લઈને આવે."

"જરા થોભી જાઓ, ઈવાન કુઝ્મીચ" વાસિલીસા યેગોરોવ્ના ઊભી થતી બોલી. "હું મારિયા ઈવાનોવ્નાને બહાર લઈ જાઉં. ચીસો એને કાને પડશે તો બિચારી ગભરાઈ જશે. અને ખરી વાત કહું તો આવી તપાસ જોવાનો મનેય કંઈ બહુ શોખ નથી. તમને કામયાબી મળો!"

પુરાણા જમાનામાં કાનૂની કામગીરી દરમિયાન અત્યાચારની રીતનાં મૂળિયાં એટલાં ઊંડાં હતાં કે તેની નાબૂદીના રહેમભર્યા ફરમાનની લાંબા સમય સુધી અવગણના થતી રહી હતી. ગુનાની પૂરી સાબિતી તરીકે આરોપીના એકરારને આવશ્યક ગણવામાં આવતો હતો. એવો ખ્યાલ કેવળ બિનપાયાદાર જ નહિ પરંતુ હકીકતમાં ઈનસાફની સંગીન તર્કસંગતતાથી વિરુદ્ધ પણ હતો, કારણ કે આરોપીના ઈનકારને તેની નિર્દોષતાની સાબિતી ન ગણવામાં આવતી હોય તો તેના એકરારને પણ ગુનાની સાબિતી કોઈ રીતે ન જ ગણી શકાય. આજ પર્યંત મને ક્યારેક એવા પુરાણા ન્યાયાધીશો મળી જાય છે કે જેમને એ જંગલી રિવાજની નાબૂદી બદલ અફસોસ થતો હોય છે. પરંતુ જૂના જમાનામાં અત્યાચારની આવશ્યકતાની સામે ન તો ન્યાયાધીશો વાંધો ઉઠાવતા કે ન આરોપીઓ વાંધો ઉઠાવતા. એટલે કમાંડન્ટનો હુકમ સાંભળીને કોઈને જરાય અચરજ કે બેચેની ન થઈ. કમાંડન્ટની પત્નીના કબજામાં રહેતી ચાવી લઈને ઈવાન ઈગ્નાત્યિચ ગયો અને કોઠારિયામાં પુરાઈને બેઠેલા બાશ્કિરીને થોડી મિનિટોની અંદર બારણા પાસે લઈ આવ્યો. કમાંડન્ટે તેને રૂમમાં લઈ આવવાનો હુકમ આપ્યો.

પગે જંજીરોથી જકડાયેલો બાશ્કિરી મુશ્કેલીથી ઉંબરો ઓળંગીને અંદર દાખલ થયો અને પોતાની ઊંચી ટોપી માથેથી ઉતારીને બારણા નજીક ઊભો રહી ગયો. તેની ઉપર નજર પડતાં જ મારું લોહી જાણે થીજી ગયું. તે સિત્તેરથી થોડીક વધારે ઉંમરનો લાગતો હતો. તેના ચહેરામાં નહોતા કાન કે નહોતું નાક. તેને માથે ટકો કરેલો હતો, અને તેની દાઢીએ થોડાક જ સફેદ વાળ દેખાતા હતા. તે ટૂંકા કદનો સુકલકડી આદમી હતો, અને તેની આંખોના ખાડાઓમાં હજી અંગારાનો ચળકાટ કાયમ હતો. તેના ચહેરાની ભયંકર નિશાનીઓ જોતાં જ કમાંડન્ટે તેને ૧૭૪૧માં[17] સજા પામેલા ધાંધલખોર તરીકે ઓળખી લીધો અને કહ્યું: "અરે! તું તો જૂનો જોગી નીકળ્યો! અગાઉ પણ અમારી જાળમાં

સપડાઈ ચૂકેલો છે! તારા ડાચામાં થયેલી કાપકૂપ બતાવે છે કે આ કંઈ તારો પહેલો જ બળવો નથી. હવે કહી દે જોઉં—તને અહીંયાં કોણે મોકલેલો?"

બુઢ્ઢો બાશ્કિરી એક શબ્દ પણ બોલ્યા વગર ખાલીખમ નજરે કમાંડન્ટને તાકી રહ્યો. "બોલતો કેમ નથી?" ઈવાન કુઝ્મીચે આગળ ચલાવ્યું. "રશિયન ભાષા નથી સમજતો? યુલાઈ, તારી જ ભાષામાં એને પૂછ કે આપણા કિલ્લામાં એને કોણે મોકલેલો."

યુલાઈએ કમાંડન્ટનો સવાલ તાતાર ભાષામાં દોહરાવ્યો. પરંતુ બાશ્કિરી તો ચહેરા ઉપર એવો ને એવો જ ભાવ રાખીને ઊભો રહ્યો, જવાબમાં એક શબ્દ પણ ન બોલ્યો.

"યાક્ષી!"* કમાંડન્ટે કહ્યું. "તારી જીભડી હમણાં જ બોલતી થઈ જશે. સિપાહીઓ, આનો આ બેહૂદો ચટાપટાદાર ઝભ્ભો કાઢી નાખો અને એની પીઠે ચાબખા ફટકારો! યુલાઈ, ધ્યાન રાખજે, ખરેખરો પાઠ ભણાવી દેવાનો છે!"

બે ઘરડા સિપાહીઓ બાશ્કિરીનાં કપડાં કાઢવા લાગ્યા. કમનસીબ આદમીના ચહેરા ઉપર દહેશત છવાઈ ગઈ. બાળકોના હાથમાં સપડાઈ ગયેલા કોઈ નાનકડા જનાવરની જેમ તેણે ચોમેર નજર ફેરવી. પરંતુ બેમાંથી એક સિપાહીએ કેદીના બન્ને હાથ પોતાની પીઠ પાછળથી ખભા વાટે આગળ ખેંચીને પકડી રાખ્યા અને કેદીને એ રીતે પોતાની પીઠ સાથે જકડી લીધો. યુલાઈએ ચાબખો હાથમાં લઈને વીંઝયો ત્યારે બાશ્કિરી બુઢ્ઢાએ કાકલૂદીભર્યો કમજોર ઊંહકારો કરીને માથું હલાવ્યું અને મોઢું ખોલ્યું. તેના મોંમાં જીભને બદલે જરાક સરખું ઠૂંઠિયું હલી રહ્યું હતું.

જ્યારે હું યાદ કરું છું કે આ બધું મારી પોતાની જિંદગી દરમિયાન બનેલું અને હું શહેનશાહ અલેક્સાન્દરનું હળવું શાસન જોવા જીવતો રહ્યો છું ત્યારે હું કેળવણીની ઝડપી પ્રગતિ તેમ જ માનવતાભરી લાગણીઓના ફેલાવા અંગે વિસ્મય અનુભવ્યા વગર રહી શકતો નથી. આજના યુવાન, મારી આ લીટીઓ ઉપર ક્યારેક તારી નજર પડી જાય તો યાદ રાખજે કે હિંસાત્મક ઊથલપાથલો વગર નિતિમત્તામાં થયેલી ઉન્નતિમાંથી પરિણમતાં પરિવર્તનો જ સૌથી સારાં અને સૌથી દીર્ઘજીવી હોય છે.

સૌ અચરજથી આભા બની ગયા. "તો વાત એમ છે," કમાંડન્ટે કહ્યું. "સાંભળીને સમજી શકાય એવું કશું અમને તારી પાસેથી નથી મળવાનું. યુલાઈ,

---

*બહુ સારું!—સં.

એને પાછો કોઠારિયામાં પૂરી દે. સજ્જનો, હવે આપણે કેટલીક બીજી બાબતોની ચર્ચાવિચારણા કરવાની છે."

અમે અમારી સ્થિતિની ચર્ચા શરૂ કરવા જતા હતા એટલામાં વાસિલીસા યેગોરોવ્ના હાંફતી રૂમમાં ધસી આવી, અને તેના ચહેરા પર વધારે પડતી વ્યાકુળતાની સાફ નિશાનીઓ નજરે પડતી હતી.

"શું થયું?" કમાંડન્ટે આશ્ચર્યમાં ગરકાવ થઈ જતાં પૂછ્યું.

"માઠી ખબર છે!" વાસિલીસા યેગોરોવ્નાએ જવાબ આપ્યો. "હેઠવાસ સરોવરનો કિલ્લો આજે સવારે બળવાખોરોએ કબજે કરી લીધો છે. ફાધર ગેરાસિમનો નોકર હમણાં જ ત્યાંથી આવ્યો. એણે કિલ્લાને કબજે લેવાતો નજરે જોયો. કમાંડન્ટ તથા બધા અફસરોને ફાંસીએ લટકાવી દેવામાં આવ્યા છે. તમામ સિપાહીઓને ગિરફતાર કરી લેવામાં આવ્યા છે. આપણને આપણી હાલતનું ભાન થાય તે પહેલાં તો મવાલીઓ અહીંયાં પહોંચી જવાના."

અણધાર્યા સમાચારથી મને આશ્ચર્ય થયું અને આઘાત પણ લાગ્યો. હેઠવાસ સરોવરના કિલ્લાનો શાંત અને વિનમ્ર યુવાન કમાંડન્ટ મારો પરિચિત હતો. બે મહિના પહેલાં તે ઓરેનબૂર્ગથી પાછો ફરતી વેળા ઇવાન કુઝ્મીચને ત્યાં રહી ગયો હતો. હેઠવાસ સરોવરનો કિલ્લો અમારા કિલ્લાથી પચીસ માઇલ કરતાં વધારે દૂર નહોતો. અમારા કિલ્લા ઉપર પુગાચોવનો હુમલો ગમે તે ઘડીએ થઈ જાય એવા સંજોગો હતા. મારિયા ઇવાનોવ્નાની કેવી હાલત થશે તેનું ચિત્ર મારા મનમાં ઊપસી આવ્યું અને મારા દિલના ધબકારા ઢીલા પડી ગયા.

"ઇવાન કુઝ્મીચ!" મેં કમાંડન્ટને કહ્યું, "લોહીનું છેલ્લું ટીપું બાકી હોય ત્યાં સુધી કિલ્લાનું રક્ષણ કરવું એ તો આપણી ફરજ છે જ, આપણે સૌ એ તો જાણીએ છીએ. પરંતુ આપણે સ્ત્રીઓની સલામતીનો વિચાર કરવો જોઈએ. રસ્તો હજી ખુલ્લો હોય તો એમને ઓરેનબૂર્ગ મોકલી દો, અથવા મવાલીઓની પહોંચની બહારના કોઈ આઘેરા કિલ્લા તરફ રવાના કરી દો."

ઇવાન કુઝ્મીચ પોતાની પત્ની તરફ ફરીને બોલ્યો:

"સાંભળ, તને નથી લાગતું કે અમે બળવાખોરોને પતાવી નાખીએ ત્યાં સુધી તને ખરેખર બીજે ક્યાંક મોકલી દેવી જોઈએ?"

"નકામો લવારો!" તેણે જવાબ આપ્યો. "જેને બંદૂકની ગોળી આંબી ન જાય એવો કિલ્લો ક્યાં મળવાનો હતો? બેલોગોર્સ્કમાં સલામતી ન હોવાનું કારણ શું છે? ઈશ્વર જાણે છે કે આપણે બાવીસ વરસ અહીંયાં ગાળી ચૂક્યાં

છીએ. બાશ્કિરીઓનેય જોઈ લીધા ને કિરગિઝીઓનેય જોઈ લીધા—અને નસીબ જોરમાં હશે તો પુગાચોવનેય પહોંચી વળીને જીવતાં રહીશું!"

"તો ભલે," ઈવાન કુઝ્મીચે જવાબ આપ્યો, "તને આપણા કિલ્લા અંગે હૈયાધારણ હોય તો તું અહીંયાં જ રહેજે. પણ માશાની બાબતમાં શું કરીશું? બળવાખોરોને મારી હઠાવીએ અથવા કુમક પહોંચી જાય તો તો સરસ. પણ એ લોકો કિલ્લો કબજે કરી લે તો?"

"હેં? તો..." વાસિલીસા યેગોરોવ્નાનો અવાજ થોથવાઈ ગયો, અને તે અત્યંત ઉત્તેજનાનો ભાવ ધારણ કરીને ચુપ થઈ ગઈ.

"ના, વાસિલીસા યેગોરોવ્ના," જિંદગીમાં કદાચ પહેલી જ વાર પોતાના શબ્દોની અસર પત્નીના મન ઉપર પડતી જોઈને કમાંડન્ટ આગળ બોલ્યો, "માશાને અહીં રાખવી ઠીક નથી. એને ઓરેનબૂર્ગ એની ધર્મની મા પાસે મોકલી દઈએ. ત્યાં મોટું લશ્કર છે, ઘણીબધી તોપો છે, અને વળી દીવાલો પથ્થરની છે. અને મારી સલાહ માને તો તું પણ એના ભેગી ચાલી જા. તું હવે ઘરડી થઈ ગઈ છો એ ખરું, પણ વિચાર કરી જો કે હુમલો કરીને કિલ્લાને સર કરી લેવામાં આવે તો તારી કેવી વલે થાય!"

"ભલે," વાસિલીસા યેગોરોવ્નાએ કહ્યું, "માશાને મોકલી દઈએ. પણ મને જવાનું કહેવાનો ખ્યાલ પણ મનમાં આણશો નહિ, કારણ કે હું જવાની નથી, આ બુઢાપામાં હું તમારાથી નોખી નહિ પડું, અજાણી ધરતીમાં અટૂલી કબર પામવાનો મારો મુદ્દલ ઈરાદો નથી. આપણે ભેગાં જ જિંદગી જીવ્યાં છીએ ને ભેગાં જ મરીશું."

"ઠીક, એટલું તો પતી ગયું," કમાંડન્ટે કહ્યું. "હવે ઢીલ કરવાનો કશો અર્થ નથી. તું જઈને માશાની સફરની તૈયારી શરૂ કરી દે. એને કાલે પરોઢ થતાં જ રવાના કરી દઈશું, અને આપણી પાસે વધારાના સિપાહીઓ તો નથી પણ તોયે ભેગી એક ટુકડી મોકલીશું, પણ માશા છે ક્યાં?"

"આકુલીના પામ્ફીલોવ્નાને ત્યાં ગઈ છે," કમાંડન્ટની પત્નીએ જવાબ આપ્યો. "હેઠવાસ સરોવરના કિલ્લા ઉપર બળવાખોરોના કબજાની વાત સાંભળીને એને તમ્મર આવી ગયેલાં, મને લાગે છે કે કદાચ માંદી પડી જશે. હે ઈશ્વર! હે સર્જનહાર! કેવી વિપદા!"

વાસિલીસા યેગોરોવ્ના પુત્રીની રવાનગીની તૈયારી કરવા ચાલી ગઈ. કમાંડન્ટની રૂમમાં ચર્ચાવિચારણા ચાલતી રહી, પરંતુ હું તેમાં કશો ભાગ ન લઈ શક્યો

અને બીજાઓની વાતો પણ જાણે મારે કાને પડી જ નહિ. મારિયા ઇવાનોવ્ના વાળુ કરવા આવી ત્યારે તેનો ચહેરો ફિક્કો હતો અને આંખો રાતી થઈ ગયેલી હતી. અમે સૌ મૂંગાં મૂંગાં રોજ કરતાં જલદી જમી લઈને ઊભાં થઈ ગયાં. પરિવારની વિદાય લઈને દરેકે પોતપોતાના રહેઠાણ તરફ કદમ માંડયાં. પરંતુ મેં મારી તલવાર જાણીજોઈને ઘરમાં જ રહેવા દીધી હતી એટલે તે લઈ આવવાને બહાને હું પાછો ત્યાં ગયો. મને મનમાં હતું કે મારિયા ઇવાનોવ્નાને એકાંતમાં મળી શકીશ. અને ખરેખર તે મને બારણે જ મળી ગઈ. તેણે મારી તલવાર મને આપી અને રડતાં રડતાં કહ્યું: "અલવિદા, પ્યોતર આન્દ્રેઇચ! મારે તો ઓરેનબૂર્ગ જવાનું છે. તમારી જિંદગી સલામત ને સુખી રહો! ઈશ્વરની ઇચ્છા હશે તો આપણે ફરી ક્યારેક મળીશું, નહિતર..." તેને ડૂસકાં આવી ગયાં. મેં તેને મારા બાહુપાશમાં જકડી લીધી. "અલવિદા, મારા પ્યાર," મેં કહ્યું, "અલવિદા, વહાલી, દિલબર! મારું ભલે ગમે તે થાય પણ આટલું યાદ રાખજે કે મારી જિંદગીનો આખરી ખ્યાલ અને આખરી પ્રાર્થના તારે અંગે જ હશે!" માશા મારી છાતીએ વળગીને ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગી. હું તેને પ્યારથી છલકાતું ચુંબન કરીને ઉતાવળો બહાર નીકળી ગયો.

હુમલો

મસ્તક મારું, સૈનિકનું!
વરસ તેંત્રીસ કરી કામગીરી,
દાખવીને એણે ખંત ને વફાદારી.
કિન્તુ ઓ શિર મારા,
ન પામ્યું તું કદી,
દોલત યા મમતા કે ખુશી,
કે પછી પાયરી ઊંચી સૈનિક થકી.
કેવળ મળ્યા તને,
સીધા થાંભલા બે,
આડી તેમાં જડેલી વળી એક ભારે,
ને ગાળિયો વણેલો રેશમિયા તારે.

લોકગીત



એ રાતે હું કપડાં બદલાવ્યા વગર જાગતો જ બેઠો રહ્યો કારણ કે મારો ઈરાદો વહેલી સવારે કિલ્લાના ફાટકે પહોંચી જઈને મારિયા ઈવાનોવ્નાને જતી નીરખવાનો અને તેને આખરી વિદાયનાં બે વેણ કહેવાનો હતો. હું મારી ભીતરમાં ભારે પરિવર્તન અનુભવી રહ્યો હતો. અગાઉ હું જે હતાશામાં ડૂબી ગયેલો હતો તેની સરખામણીમાં મારો વર્તમાન માનસિક ઉદ્વેગ ઘણી વધારે સહેલાઈથી સહન કરી શકાય એવો હતો. વિદાયની વેદનાની સાથે ઝાંખી પણ અત્યંત મધુર આશાઓ, જોખમનો સામનો કરવાની અધીરાઈ, અને ઉમદા આકાંક્ષાઓની ઊર્મિઓ સંકળાયેલી હતી. રાત ક્યારે વીતી ગઈ તેની મને ખબરેય ન પડી. હું બહાર નીકળવા જતો હતો એટલામાં બારણું ખૂલ્યું અને એક સિપાહીએ અંદર દાખલ થઈને સમાચાર આપ્યા કે રાત દરમિયાન કઝ્ઝાકો કિલ્લો છોડીને જતા રહ્યા છે, યુલાઈને બળજબરીથી ભેગો લઈ ગયા છે, અને આસપાસના

વિસ્તારમાં અજાણ્યા આદમી ઘોડા દોડાવતા ઘૂમી રહ્યા છે. મને ખ્યાલ આવ્યો કે મારિયા ઈવાનોવ્ના વખતસર રવાના નહિ થઈ શકી હોય, અને એવા ખ્યાલથી મારું દિલ ફફડી ગયું. સિપાહીને ઉતાવળમાં સૂચનાઓ આપીને હું એકદમ કમાંડન્ટના ઘર તરફ નીકળી પડયો.

પ્રભાતનું અજવાળું પથરાઈ રહ્યું હતું. હું રસ્તે ઝપાટાબંધ ચાલી રહ્યો હતો. એટલામાં મને મારા નામનો સાદ સંભળાયો. હું ઊભો રહી ગયો. "ક્યાં જવા નીકળી પડયા છો!" ઈવાન ઈગ્નાત્યિચ મને આંબી જતો બોલ્યો. "ઈવાન કુઝ્મીચ બુરજ પર ગયા છે અને મને તમને બોલાવી લાવવા મોકલ્યો છે. પુગાચોવનું કટક પહોંચી ગયું છે." મેં ધડકતા દિલે સવાલ કર્યો: "મારિયા ઈવાનોવ્ના નીકળી ગયાં?" ઈવાન ઈગ્નાત્યિચે જવાબ આપ્યો: "ના, વખત જ ન રહ્યો. ઓરેનબૂર્ગની સડક કપાઈ ગઈ છે. કિલ્લાને ઘેરી લેવામાં આવ્યો છે. હાલત ખરાબ છે, પ્યોતર આન્દ્રેઈચ!"

અમે બુરજ પર પહોંચી ગયા. સામે કુદરતી ટીંબા જેવી ઊંચી જમીનનું રક્ષણ હતું અને વધારામાં વાડ પણ બાંધી લેવામાં આવી હતી. કિલ્લાના બધા રહેવાસીઓ ત્યાં ભેગા થઈ ગયેલા હતા. કતારોમાં ગોઠવી દેવામાં આવેલા સિપાહીઓ ખભે બંદૂક ટેકવીને ખડા હતા. તોપ આગલે દિવસે જ ઉપર પહોંચાડી દેવામાં આવી હતી. કમાંડન્ટ પોતાના નાનકડા લશ્કરની હરોળોની સામે આંટા મારી રહ્યો હતો. જોખમને સામે આવી પહોંચેલું જોઈને અનુભવી લડવૈયાનું જોમ જાણે છલકાવા લાગ્યું હતું. કિલ્લાથી થોડાક જ અંતરે વગડામાં લગભગ વીશેક ઘોડેસવારો કૂચ કરતા આવી રહ્યા હતા. તેઓ મોટે ભાગે કઝ્ઝાકો જણાતા હતા પરંતુ ધાડામાં બાશ્કિરીઓ પણ સામેલ હતા. તીરના ભાથા અને ફરની લાંબી ટોપીઓથી બાશ્કિરીઓની હાજરી છતી થઈ જતી હતી. કમાંડન્ટે પોતાના લશ્કરનું નિરીક્ષણ કર્યું અને સિપાહીઓને સંબોધીને નીચેના શબ્દો કહ્યા: "ભાઈઓ, આજે આપણે આપણી પ્યારી સમ્રાજ્ઞીના શાસનનું રક્ષણ કરવાનું છે અને આખી દુનિયાને બતાવી દેવાનું છે કે આપણે બહાદુર તથા વફાદાર પ્રજાજનો છીએ." જવાબમાં સિપાહીઓએ પોતાનું જોમ જોરશોરથી જાહેર કર્યું. શ્વાબ્રિન મારી બાજુમાં ઊભો ઊભો એકધારી નજરે દુશ્મનોને નીરખી રહ્યો હતો. કિલ્લામાં થઈ રહેલી હલચલ વગડાના ઘોડેસવારોના ધ્યાનમાં આવી ગઈ હતી અને તેઓ જૂથ રચીને પરિસ્થિતિ અંગે મસલત કરી રહ્યા હોય એમ લાગતું હતું. કમાંડન્ટે ઈવાન ઈગ્નાત્યિચને તોપનું નિશાન તેમની ઉપર

તાકવાનો હુકમ કર્યો અને ખુદ પોતે જ જામગરી ચાંપી. તોપનો ગોળો ધણધણાટી કરતો કશી ઈજા પહોંચાડયા વગર તેમનાં માથાં ઉપરથી પસાર થઈ ગયો. ઘોડેસવારો એકદમ વિખેરાઈ ગયા અને ઘોડા દોડાવતા અદૃશ્ય થઈ ગયા. વગડામાં સૂનકાર ફેલાઈ ગયો.

એ જ ઘડીએ વાસિલીસા યેગોરોવ્ના બુરજ પર પહોંચી ગઈ. માશા પણ ભેગી જ હતી. તેણે માથી અળગી પડવાનો ઇનકાર કરી દીધો હતો. કૅપ્ટનની પત્નીએ આવતાંવેંત સવાલ કર્યો: "શી ખબર છે? લડાઈ કેવીક ચાલે છે? દુશ્મનો ક્યાં છે?" ઇવાન કુઝ્મીચે જવાબ આપ્યો: "બહુ દૂર નથી. પ્રભુ દયા કરે ને બધું બરાબર પાર ઊતરી જાય! માશા, તને બીક લાગે છે?" મારિયા ઇવાનોવ્ના જવાબમાં બોલી: "ના, બાપુ, મને તો ઘરમાં એકલી રહેવામાં વધારે બીક લાગે છે." બોલતાં બોલતાં તેણે મારી સામે જોઈને પરાણે હોઠ મલકાવ્યા. મારી તલવાર મેં ગઈકાલે જ તેના હાથમાંથી લીધી હતી એ વાત યાદ આવતાં મેં અનાયાસે જ તલવારની મૂઠ ઉપર મારા પંજાની પકડ જમાવી, જાણે કેમ મારી પ્રિયાના રક્ષણ કાજે તત્પર થઈ ગયો હોઉં. મારા દિલમાં જાણે આગની જવાળાઓ જલી રહી હતી. મેં મનોમન મને તેનો રક્ષણહાર કલ્પી લીધો, હું મારી જાતને તેના વિશ્વાસને પાત્ર સાબિત કરવાનો તલસાટ અનુભવવા લાગ્યો, અને અધીરાઈથી અણીની વેળાની વાટ જોવા લાગ્યો.

હવે ઘોડેસવારોનું એક નવું ધાડું કિલ્લાથી લગભગ અરધા માઈલના અંતરે આવેલા ટીંબા પાછળથી બહાર આવતું નજરે પડયું. જોતજોતામાં આખો વગડો જાણે બરછી તથા તીરકામઠાં સજેલા સિપાહીઓથી ખીચોખીચ ભરાઈ ગયો. તેમની વચ્ચે સફેદ ઘોડા ઉપર સવાર થયેલો એક આદમી દેખાતો હતો. તેણે રાતો જામો પહેર્યો હતો અને તેના હાથમાં ઉઘાડી તલવાર હતી. તે પુગાચોવ પોતે જ હતો. તેણે ઘોડો ઊભો રાખ્યો અને તરત જ તેના સિપાહીઓ તેને ઘેરીને ઊભા રહી ગયા. તેણે ફરમાન કર્યું હશે એટલે ચાર ઘોડેસવારો પૂરપાટ ઘોડા દોડાવતા કિલ્લા નજીક પહોંચી ગયા. અમે તેમને અમારી અંદરના જ દગાખોરો તરીકે ઓળખી કાઢયા. એકે પોતાના માથા ઉપર કાગળ પકડી રાખ્યો હતો. બીજાએ પોતાની બરછીની અણીએ યુલાઈનું માથું ભરાવી રાખ્યું હતું. તેણે બરછી જોરથી હલાવીને માથું વાડ ઉપરથી કિલ્લાની રાંગે ફગાવ્યું. કમનસીબ કાલમિકીનું માથું કમાંડન્ટના પગ પાસે પડયું. દગાખોરોએ પોકાર કર્યા: "ગોળીબાર કરશો નહિ! ઝારને શરણે થઈ જાઓ! ઝાર આવી પહોંચ્યા છે!"

"હમણાં જ તમને 'ઝાર' બતાવી દઉં છું!" ઈવાન કુઝ્મીચે બરાડો પાડયો. "ફૂંકી દો, સિપાહીઓ!" અમારા સિપાહીઓએ ગોળીબાર કર્યા. હાથમાં સંદેશાનો કાગળ લઈને આવતા કઝ્ઝાકની કાયા પલાણમાં લથડવા લાગી અને તે ઘોડા ઉપરથી નીચે ગબડી પડયો. બાકીના ઘોડેસવારો ઘોડા પાછા વાળીને રફુચક્કર થઈ ગયા. મેં મારિયા ઈવાનોવ્નાની ઉપર નજર નાખી. તે યુલાઈનું લોહીથી ખરડાયેલું માથું જોઈને છળી ગઈ હતી અને ગોળીબારના ધડાકા સાંભળીને ચોંકી ગઈ હતી એટલે જાણે અર્ધબેહોશીનો ભોગ બની ગઈ હોય એમ લાગતું હતું. કમાંડન્ટે એક સિપાહીને મૃત કઝ્ઝાકના હાથમાંથી કાગળ લઈ આવવાનો હુકમ કર્યો. ઘોડેસવાર સિપાહી ચોગાનમાં ગયો અને મરેલા આદમીના ઘોડાને લગામ વડે દોરતો લઈ આવ્યો. તેણે કાગળ કમાંડન્ટના હાથમાં આપ્યો. ઈવાન કુઝ્મીચે સંદેશો વાંચી લીધો અને પછી કાગળને ફાડીને ઝીણા ઝીણા કટકા કરી નાખ્યા. પણ બળવાખોરો તો લડાઈ માટે પૂરા તૈયાર જણાતા હતા. થોડી વારમાં ગોળીઓ સર્ર્ સર્ર્ કરતી અમારા કાન પાસેથી પસાર થઈ જવા લાગી અને થોડાંક તીર અમારી નજીક જમીનમાં તેમ જ વાડમાં ખૂંપી ગયાં. "વાસિલીસા યેગોરોવ્ના!" કમાંડન્ટે કહ્યું, "હવે સ્ત્રીઓનું અહીંયાં રોકાવું ઠીક નથી. માશાને લઈ જા. જો ને, બિચારી જાણે જીવતી કરતાં મરેલી જ વધારે લાગે છે!"

ગોળીઓની રમઝટથી ઢીલી પડી ગયેલી વાસિલીસા યેગોરોવ્નાએ વગડામાં નજર ફેરવી. ત્યાં ભારે હલચલ દેખાતી હતી. પછી તે પતિની તરફ ફરીને બોલી: "ઈવાન કુઝ્મીચ, હવે તો મરીએ કે જીવીએ, આપણી નાવડી ભગવાનને ભરોસે જ છે. માશાને આશીર્વાદ આપો. માશા, બાપુ પાસે જા!"

નિસ્તેજ અને ધ્રૂજતી માશા પિતાની પાસે ગઈ અને ગોઠણભેર થઈને તેના પગમાં નમી પડી. વૃદ્ધ કમાંડન્ટે પુત્રીના માથા ઉપર ત્રણ વાર ક્રોસની નિશાની કરી, અને પછી તેને ટેકો આપીને ઊભી કરતાં અને બચી ભરતાં ગળગળા અવાજે કહ્યું: "બેટી માશા, સુખી થજે! ઈશ્વરને પ્રાર્થના કર, એ તને કદી નહિ તરછોડે. તને કોઈ સારો આદમી મળી જાય તો ઈશ્વર તારા દિલમાં પ્રેમ અને સદભાવના રેડો! વાસિલીસા યેગોરોવ્નાએ અને મેં જેવી રીતે ભેગાં રહીને જિંદગી વિતાવી છે એવી જ રીતે તેની જોડે સહજીવન ગાળજે. અલવિદા, માશા! વાસિલીસા યેગોરોવ્ના, બેટીને બને એટલી જલદી અહીંથી લઈ જા." (માશા પોતાનું માથું પિતાને ખભે ઢાળી દઈને ડૂસકાં ભરવા લાગી.) "આપણે પણ વિદાયનું ચુંબન કરી લઈએ," કમાંડન્ટની પત્ની રડતી રડતી

બોલી. "અલવિદા, મારા ઈવાન કુઝ્મીચ! મેં ક્યારેય તમારું દિલ દુભાવ્યું હોય તો મને માફ કરી દેજો." કમાંડન્ટ વૃદ્ધ પત્નીને આલિંગનમાં જકડતો બોલી ઊઠ્યો: "અલવિદા, વહાલી, અલવિદા! બસ હવે! ઘેર જા! ઘેર જા! વખત હોય તો માશાને સરાફાન* પહેરાવજે." માતા અને પુત્રી જવા લાગ્યાં. મેં મારી નજર મારિયા ઈવાનોવ્નાની ઉપર ઠેરવી. તેણે પાછળ ફરીને મારી સામે માથું હલાવ્યું. પછી ઈવાન કુઝ્મીચ અમારી તરફ ફર્યો. હવે તેનું પૂરું ધ્યાન દુશ્મનની ઉપર એકાગ્ર થઈ ગયું હતું. મારતે ઘોડે પોતાના આગેવાનની પાસે પહોંચી જતા બળવાખોરો એકાએક ઘોડા પરથી ઊતરી જવા લાગ્યા. "હવે મક્કમ રહેવાનું છે," કમાંડન્ટે કહ્યું, "એ લોકો હમણાં જ હલ્લો કરશે." એ જ ઘડીએ ખોફનાક દેકારા ને રાડારાડી શરૂ થઈ ગયાં. બળવાખોરો પૂરઝડપે કિલ્લાની તરફ ધસવા લાગ્યા. અમારી તોપમાં હવે નજીકના નિશાનનો ગોળો ભરવામાં આવ્યો. કમાંડન્ટે હલ્લાખોરોને ખૂબ નજીક આવવા દીધા અને પછી ફરી વાર તોપનો ધડાકો કર્યો. ગોળો બરાબર ધાડાની વચમાં ફૂટ્યો. બળવાખોરો ડાબે જમણે વિખેરાઈ જઈને પીછેહઠ કરી ગયા. માત્ર તેમનો આગેવાન સામે અડગ ખડો રહ્યો... તે તલવાર વીંઝીને પોતાના સિપાહીઓને ફરી એકઠા થવાની જુસ્સાભરી હાકલ કરી રહ્યો હોય એમ લાગતું હતું... એક પળ થંભી ગયેલ દેકારા ને રાડારાડી એકદમ પાછાં શરૂ થઈ ગયાં. "સિપાહીઓ!" કમાંડન્ટ બોલ્યો, "સિપાહીઓ, ફાટક ખોલી નાખો અને નગારાં બજાવો! આગેકદમ! મારા કદમે કદમે ધસી આવો!"

કમાંડન્ટ, ઈવાન ઈગ્નાત્યિચ, અને હું જોતજોતામાં કિલ્લાની બહાર વાડની પાર પહોંચી ગયા. પરંતુ દહેશત ખાઈ ગયેલી ગૅરિસન હતી ત્યાં ને ત્યાં જ ખોડાઈ રહી. "સિપાહીઓ, ઊભા કેમ છો?" ઈવાન કુઝ્મીચે હાકલ કરી. "મરવાનું હોય તો સામે ચાલીને મોતને ભેટીએ! સિપાહીની જિંદગી તો એવી જ હોય!" બરાબર એ જ ઘડીએ બળવાખોરો અમારી ઉપર ધસી આવ્યા અને ઝડપથી દોડતા કિલ્લામાં ઘૂસી ગયા. નગારાંનો અવાજ બંધ થઈ ગયો, ગૅરિસને હથિયાર હેઠાં મૂકી દીધાં. હું ધક્કો ખાઈને પડી ગયો હતો, પણ ઊભો થઈને બળવાખોરોની ભેગો કિલ્લામાં દાખલ થઈ ગયો. માથામાં ઘવાયેલો કમાંડન્ટ મવાલીઓથી ઘેરાયેલો ઊભો હતો. બળવાખોરો દેકારા કરતા તેની પાસેથી ચાવીઓ

---

* પુરાણા જમાનામાં રશિયામાં સ્ત્રીઓનો પરંપરાગત રાષ્ટ્રીય પોશાક. — સં.

માગી રહ્યા હતા. મેં તેની વહારે ધસી જવાની કોશિશ કરી પરંતુ કેટલાય કદાવર કઝ્ઝાકોએ મને પકડી લીધો અને તેઓ પોતાના પટ્ટાઓ વડે મને બાંધતા કહેવા લાગ્યા: "ઝારનો સામનો કરવાની સજા હવે તને મળી જવાની!" તેઓ અમને શેરીઓમાં ઢસડતા લઈ જવા લાગ્યા. રહેવાસીઓ હાથમાં રોટી અને મીઠું લઈને ઘરોમાંથી બહાર નીકળવા લાગ્યા. દેવળનો ઘંટ રણકવા લાગ્યો. એકાએક ટોળામાંથી પોકારો ઊઠવા લાગ્યા કે ઝાર ચોકમાં વાટ જોઈ રહ્યા છે, કેદીઓએ ત્યાં પહોંચીને વફાદારીના સોગન લેવાના છે. લોકો ચોકમાં ઊમટવા લાગ્યા અને અમને પણ ત્યાં ઢસડી જવામાં આવ્યા.

પુગાચોવ કમાંડન્ટના ઘરના આંગણમાં આરામખુરશીમાં બેઠો હતો. તેણે રાતો ઝાલરદાર કઝ્ઝાક જામો પહેર્યો હતો. સોનેરી ફૂમતાંવાળી ફરની લાંબી ટોપી તેની ચળકતી આંખોની ઉપર ત્રાંસી ગોઠવેલી હતી. તેનો ચહેરો મને પરિચિત લાગ્યો. તેની ફરતે કઝ્ઝાક વડેરાઓ ખડા હતા. નિસ્તેજ અને ધ્રૂજતો ફાધર ગેરાસિમ હાથમાં ક્રોસ લઈને આંગણ નજીક ઊભો હતો અને સજાનો ભોગ બનનારાઓ માટે મૂંગે મોઢે ઈશ્વરને દયાની આજીજી કરી રહ્યો હોય એમ લાગતું હતું. ચોકમાં ફાંસીનો માંચડો ઉતાવળે ખોડવામાં આવી રહ્યો હતો. અમે નજીક પહોંચ્યા એટલે બાશ્કિરીઓએ લોકોને આઘા તગેડી મૂક્યા અને અમને પુગાચોવની સામે પેશ કરી દીધા, ઘંટનો રણકાર બંધ થઈ ગયો, ઘેરી નીરવતા છવાઈ ગઈ, "આમાંથી કમાંડન્ટ કોણ છે?" ધુતારાએ સવાલ કર્યો. અમારો સાર્જન્ટ ટોળામાંથી બહાર આવ્યો અને તેણે ઈવાન કુઝ્મીચ તરફ આંગળી ચીંધી. પુગાચોવ વૃદ્ધ આદમીની ઉપર કાતિલ નજર ઠેરવીને બોલ્યો: "મારી સામે થવાની, તારા ઝારનો સામનો કરવાની, હિંમત તને કેવી રીતે થઈ?" જખમને કારણે ઢીલા પડી ગયેલા કમાંડન્ટે પોતાની ઓસરતી તાકાત એકઠી કરીને મક્કમ અવાજે જવાબ વાળ્યો: "તું મારો ઝાર નથી, તું તો ચોર છે, ધુતારો છે—હા, ધુતારો જ છે! બરાબર સંભળાય છે ને?" પુગાચોવનાં ભવાં ચડી ગયાં. તેનો ચહેરો ભયાનક થઈ ગયો. તેણે સફેદ રૂમાલ ફરફરાવ્યો. કેટલાય કઝ્ઝાકો વૃદ્ધ કૅપ્ટનને પકડીને ઢસડતા માંચડા પાસે લઈ ગયા. અમે આગલે દિવસે જે મૂંગા બાશ્કિરીને સવાલો કરેલા તે માંચડાની આડી વળી ઉપર બેઠો હતો. તેના હાથમાં ગાળિયો વાળેલું દોરડું હતું. એક મિનિટ પછી બિચારા ઈવાન કુઝ્મીચની કાયા હવામાં લટકવા લાગી. પછી ઈવાન ઈગ્નાત્યિચને પુગાચોવની સામે પેશ કરવામાં આવ્યો. "સોગન લે, ઝાર પ્યોતર ફ્યોદોરોવિચ તરફ

વફાદારીના સોગન લે!" પુગાચોવે તેને કહ્યું. "તું અમારો ઝાર નથી!" ઈવાન ઈગ્નાત્યિચે જવાબ વાળતાં કૅપ્ટનના શબ્દો દોહરાવ્યા. "તું તો ચોર ને ધુતારો છે, ઘેલા આદમી!" પુગાચોવે ફરી વાર રૂમાલ ફરફરાવ્યો. બિચારા નેક લેફ્ટેનન્ટની કાયા પણ તેના ઉપરી અફસરની કાયાની જોડાજોડ લટકી ગઈ.

પછી મારો વારો આવ્યો. મારા નેકદિલ સાથીઓના શબ્દો દોહરાવવાની પૂરી તૈયારી રાખીને મેં હિંમતથી પુગાચોવની સામે જોયું. એટલામાં બળવાખોર વડેરાઓની વચ્ચે શ્વાબ્રિનને જોઈને હું અપાર વિસ્મયથી આભો બની ગયો. તેણે કઝ્ઝાક પોશાક પહેર્યો હતો અને તેના વાળ કઝ્ઝાક ઢબે કાપેલા હતા. તેણે પુગાચોવની પાસે જઈને તેના કાનમાં કંઈક કહ્યું. પુગાચોવે મારી તરફ નજર પણ નાખ્યા વગર હુકમ કરી દીધો: "લટકાવી દો!" હું મનમાં પ્રાર્થના કરવા લાગ્યો. મેં ઈશ્વરની સમક્ષ મારાં સઘળાં પાપોનો પસ્તાવો જાહેર કર્યો અને મારાં પ્રિયજનો પ્રત્યે દયા દાખવવાની તેને આજીજી કરી. મને ઢસડીને માંચડા પાસે લઈ જવામાં આવ્યો. "બીતો નહિ! બીતો નહિ!" મારા હત્યારાઓ વારંવાર બોલી રહ્યા હતા. કદાચ તેમની મંછા મને ખરેખર હિંમત અપાવવાની હશે. અચાનક એક ચિત્કાર મારે કાને પડયો. "થોભો! કાળમુખાઓ, થોભી જાઓ!" જલ્લાદોની તૈયારીઓ થંભી ગઈ. મેં આસપાસ નજર ફેરવી. સાવેલ્યિચ પુગાચોવના પગમાં પડી ગયો હતો. "દયામય પિતા!" બિચારો બુઢ્ઢો બોલી ઊઠયો. "મારા માલિકના બાળકને મોતના મોંમાં શા સારુ ધકેલી દો છો? એને જવા દો—એનાં માબાપ બાનની રકમ ચૂકવી દેશે. અને તમારે દાખલો બેસાડવો જ હોય તો એને બદલે મને ડોસાને ફાંસીએ લટકાવી દો!" પુગાચોવે સંકેત કર્યો એટલે તરત જ મારા પટ્ટા છોડી નાખવામાં આવ્યા અને મને છૂટો કરી દેવામાં આવ્યો. મને કહેવામાં આવ્યું કે "અમારા ઝારે તને માફી બક્ષી છે." મારા છુટકારાથી મને ખુશી થઈ એમ તો હું ન જ કહી શકું, પણ મને દિલગીરીયે ન થઈ. મારી લાગણીઓ ભારે ગોટાળામાં અટવાઈ ગયેલી હતી. મને વળી પાછો નકલી ઝારની સામે ગોઠણભેર પેશ કરવામાં આવ્યો. પુગાચોવે પોતાનો માંસલ હાથ મારી તરફ લંબાવ્યો. "હાથને ચૂમી લે! હાથને ચૂમી લે!" ચોતરફથી અવાજ ઊઠયા. પરંતુ એવી અધમ કદમબોસી મારાથી થાય એમ નહોતી. તેને બદલે સખતમાં સખત સજા ખુશીથી સ્વીકારી લેવા હું તૈયાર હતો. "પ્યોતર આન્દ્રેઈચ, માલિક!" પાછળ ઊભો ઊભો મને આગળ ધકેલતો સાવેલ્યિચ મારા કાનમાં બોલ્યો. "અચકાઓ નહિ! એમાં શું

નુકસાન થઈ જવાનું છે? થૂંકો, અને ચૂમી લો મવાલીનો... એટલે કે એનો હાથ ચૂમી લો!" હું જરાય હલ્યો જ નહિ. પુગાચોવે હાથ પાછો ખેંચી લીધો અને ટોણો મારતાં કહ્યું: "નામદાર ખુશીથી ઘેલા થઈ ગયા લાગે છે. ખડો કરી દો આને!" મને ઊભો કરીને છૂટો મૂકી દેવામાં આવ્યો એટલે હું એ ખોફનાક ફારસને આગળ ચાલતું જોવા લાગ્યો.

રહેવાસીઓ વફાદારીના સોગન લેવા એક પછી એક આગળ આવતા હતા અને ક્રૉસને ચૂમીને ધુતારાને નમન કરતા હતા. ગૅરિસનના સિપાહીઓ પણ તેમાં સામેલ હતા. રેજિમેન્ટનો દરજી બુઠ્ઠી કાતર વડે તેમના ચોટલા કાપી નાખતો હતો. દરેક જણ પોતાની કાયા પુગાચોવનાં ચરણોમાં ઢાળી દઈને તેનો હાથ ચૂમતા હતા, અને પુગાચોવ તેમને માફી બક્ષીને પોતાની ટોળકીમાં સામેલ કરી લેતો હતો. આ બધું લગભગ ત્રણ કલાક ચાલતું રહ્યું. આખરે પુગાચોવ ખુરશીમાંથી ઊભો થયો અને વડેરાઓની ભેગો આંગણમાંથી બહાર નીકળ્યો. મોંઘો સાજ સજાવેલા એક સફેદ ઘોડાને દોરીને તેની પાસે લઈ જવામાં આવ્યો. બે કઝ્ઝાકોએ તેને બગલમાં ટેકો આપીને પલાણ ઉપર બેસાડયો. તેણે ફાધર ગેરાસિમને જણાવ્યું કે હું જમવા તમારે ત્યાં આવીશ. બરાબર એ જ વખતે કોઈ ઓરતની ચીસ કાને પડી. કેટલાક મવાલીઓ વાસિલીસા યેગોરોવ્નાને ઢસડતા આંગણમાં લાવી રહ્યા હતા. તેના કેશ અસ્તવ્યસ્ત હતા અને તે તદ્દન નગ્નાવસ્થામાં હતી. તેનો રૂ ભરેલો કોટ એક મવાલીએ પહેરી લીધો હતો. બીજા લૂંટારાઓ પીંછાંનાં ગાદલાં, સંદૂકો, કાચનાં વાસણો, ઘરનાં કપડાંલત્તાં, અને બીજી નાનીમોટી ચીજો બહાર કાઢી રહ્યા હતા. "મહેરબાનો!" કમનસીબ વૃદ્ધા ચિત્કાર કરી ઊઠી. "મને સુખે મરી જવા દો! દયામય વડીલો, મને ઇવાન કુઝ્મીચ પાસે લઈ જાઓ!" અચાનક તેની નજર ફાંસીના માંચડા ઉપર પડી અને તેણે પોતાના પતિની કાયા ઓળખી લીધી. "લફંગાઓ!" તે ઝનૂને ભરાઈને બરાડી ઊઠી. "આ શું કરી નાખ્યું તમે? ઇવાન કુઝ્મીચ, મારી આંખોના નૂર, બહાદુર સિપાહી! પ્રશિયન બેયોનેટો ને તુર્કી ગોળીઓ તમને કંઈ ન કરી શકી, તમારો જાન ઈમાનદારીની લડાઈમાં નહિ પણ આ ભાગેડુ ધુતારાના હાથે ગયો!" પુગાચોવે બરાડો પાડયો: "બુઢ્ઢી ચુડેલની જીભડી બંધ કરી દો!" તરત જ એક જુવાન કઝ્ઝાકે બાઈના માથા ઉપર તલવારનો ઘા ફટકાર્યો અને તેની નિર્જીવ કાયા આંગણનાં પગથિયાં પર ઢળી પડી. પુગાચોવ રવાના થઈ ગયો. લોકો ટોળે વળીને તેની પાછળ જવા લાગ્યા.

અણબોલાવ્યો મહેમાન

અણબોલાવ્યો મહેમાન
તાતારથીયે બદતર.
કહેવત



ચોક સૂમસામ થઈ ગયો. ભયાનક અનુભવોએ પેદા કરેલી લાગણીઓ મારા મનમાં ઘૂમરીઓ ખાઈ રહી હતી. હું સ્પષ્ટ વિચાર નહોતો કરી શકતો.

મારિયા ઈવાનોવ્નાની દશા અંગે બિનવાકેફગારીને કારણે હું તીવ્રતમ વેદના અનુભવી રહ્યો હતો. ક્યાં હશે? શું થયું હશે? છુપાઈ ગઈ હશે? છુપાવાની જગ્યા સલામત હશે? ફિકરના ખ્યાલોથી ભરેલું મન લઈને હું કમાંડન્ટની ઑફિસમાં ગયો. બધું ખેદાનમેદાન હતું. ખુરશીઓ, ટેબલો, તથા સંદૂકોને તોડી નાખવામાં આવ્યાં હતાં. કાચનાં વાસણોના ફુરચા ચોમેર પડયા હતા. બધું લૂંટાઈ ગયું હતું. શયનખંડો તરફ જતો નાનકડો દાદરો ઝપાટાબંધ ચડીને હું જિંદગીમાં પહેલી જ વાર મારિયા ઈવાનોવ્નાના ખંડમાં દાખલ થયો. તેના પલંગને લૂંટારાઓએ સાવ પીંખી નાખ્યો હતો, અને કબાટને તોડીને અંદરની બધી ચીજો ચોરી લેવામાં આવી

હતી. દેવમૂર્તિઓની ખાલી બેસણીની સામે દીવો હજુ બળી રહ્યો હતો. બારીઓની વચ્ચે લટકતો અરીસો સલામત રહી ગયેલો હતો. કુંવારી કન્યાની આ સાદી ઓરડીની માલકિન ક્યાં હશે? મારા મનમાં દહેશતનાક ખ્યાલ ઝબકી ગયો: મારાથી કલ્પના થઈ ગઈ કે તે લૂંટારાઓના હાથમાં પકડાઈ ગઈ હશે. મારા દિલના ધબકારા જાણે થંભી ગયા... મારી આંખોમાંથી દર્દભર્યાં આંસુ વહેવા લાગ્યાં અને હું મોટેથી મારી દિલબરને સાદ પાડવા લાગ્યો. એટલામાં કશોક હળવો અવાજ મારા કાને પડયો. કબાટ પાછળથી પાલાશા બહાર નીકળી આવી. તેનો ચહેરો ફિક્કો પડી ગયો હતો અને કાયા કંપી રહી હતી.

"પ્યોતર આન્દ્રેઈચ!" તેના અવાજમાં હતાશાની લાગણી છલકાતી હતી. "કેવી દશા! કેવા ભયંકર બનાવો!"

"મારિયા ઈવાનોવ્ના ક્યાં છે?" મેં અધીરાઈથી સવાલ કર્યો. "એની હાલત કેવી છે?"

"નાનાં બાઈસાહેબ જીવતાં છે," પાલાશાએ જવાબ આપ્યો. "આકુલીના પામ્ફીલોવ્નાના ઘરમાં છુપાઈ ગયાં છે."

"પાદરીને ત્યાં?" હું દહેશત ખાતો બોલી ઊઠયો. "હે ભગવાન! અત્યારે પુગાચોવ ત્યાં જ છે!"

હું ખંડમાંથી બહાર ધસી ગયો અને પળવારમાં રસ્તે પહોંચી જઈને પૂરઝડપે પાદરીના ઘર તરફ દોડવા લાગ્યો. મને આજુબાજુનું કશું જ ભાન નહોતું. પાદરીના ઘરમાંથી બૂમબરાડા, ખડખડાટ હાસ્યના અવાજો, અને ગીતના સૂર સંભળાઈ રહ્યા હતા... પુગાચોવ પોતાના સાથીઓની જોડે મિજબાની માણી રહ્યો હતો. પાલાશા મારી પાછળ પાછળ દોડતી આવી પહોંચી. મેં તેને બને એટલી ચુપકી રાખીને આકુલીના પામ્ફીલોવ્નાને બોલાવી લાવવા મોકલી. એક મિનિટમાં પાદરીની પત્ની આંગણમાં મારી પાસે આવી. તેના હાથમાં ખાલી બાટલી હતી.

"ઈશ્વરને ખાતર જણાવો કે મારિયા ઈવાનોવ્ના ક્યાં છે!" અકથ્ય વ્યાકુળતા અનુભવતો હું બોલી ઊઠયો.

"પાર્ટિશનની પાછળ મારા પલંગમાં સૂતી છે, બિચારી બાળા!" પાદરીની પત્નીએ જવાબ આપ્યો. "અરે પ્યોતર આન્દ્રેઈચ! કશુંક ભયંકર જાણે બનવાનું જ હતું, પણ ઈશ્વરની દયાથી બનતું બનતું રહી ગયું. ધુતારો હજી જમવા બેસતો જ હતો એટલામાં બિચારી બાળકી જાગી ગઈ અને એણે ઊંહકારો ભર્યો.

મારું તો જાણે હૈયું જ થંભી ગયું. પેલાએ ઊંહકારો સાંભળી લીધો હતો. 'ડોશી, આમ ઊંહકારા કોણ ભરે છે!' એણે સવાલ કર્યો. મેં એના પગમાં નમીને જવાબ આપ્યો: 'મારી ભાણી છે, હજૂર. માંદી છે, અઠવાડિયાથી પથારીવશ છે.' 'જુવાન છે?' 'હા, નામદાર.' 'તો તો ડોશી, તારી ભાણી મને બતાવ.' મારા દિલના ધબકારા એકદમ વધી ગયા, પણ કશો ઉપાય નહોતો. 'ચોક્કસ, નામદાર. પણ છોડીમાં ઊઠીને હજૂરની પાસે આવવાની શકિત નથી.' 'કંઈ વાંધો નહિ, ડોશી, હું પોતે જ જઈને જોઈ લઈશ.' અને કાળમુખો પાર્ટિશનની પાછળ પહોંચી ગયો. પછી શું થયું, ખબર છે? એણે પડદો હઠાવી દીધો અને બાજ જેવી આંખો વડે તાકી તાકીને જોયું—બસ! ઈશ્વરની દયા! સાચું માનજો, મારો ઘરડો ધણી ને હું તો શહીદીના મોત સારુ તૈયાર થઈ ગયેલાં. સારા નસીબે બાળકી એને ઓળખી ન શકી. હે સર્વશકિતમાન પરમેશ્વર! આ તે કેવા દિન દેખાડયા તેં! બોલ્યું બોલાય એમ નથી! બિચારા ઇવાન કુઝ્મીચ! આવો ખ્યાલેય કોને આવ્યો હોય! વાસિલીસા યેગોરોવ્ના! ઇવાન ઇગ્નાત્યિચ! એનો શો વાંકગુનો? તમે કેવી રીતે બચી ગયા? અલેક્સેઈ ઇવાનિચ શ્વાબ્રિન અંગે તમારો શો ખ્યાલ છે? એણે વાળ કઝ્ઝાક જેવા કપાવી નાખ્યા છે, અને અમારા જ ઘરમાં બેઠો બેઠો મિજબાની માણી રહ્યો છે! ખરો કપટી—બીજું શું? મેં મારી માંદી ભાણીની વાત કરી ત્યારે મારી સામે એવી નજર નાખી કે બસ—જાણે કેમ મારી આરપાર જોઈ રહ્યો હોય! પણ એનું એટલું અહેસાન તો ખરું જ કે એણે ભેદ છતો ન કરી દીધો." અંદરથી મહેમાનોના નશીલા દેકારા સંભળાયા અને ભેગો ફાધર ગેરાસિમનો અવાજ કાને પડયો. મહેમાનો વોદકા માગી રહ્યા હતા અને ઘરનો માલિક પત્નીને સાદ પાડી રહ્યો હતો. પાદરીની પત્ની ઉતાવળ કરવા લાગી. "પ્યોતર આન્દ્રેઇચ, તમે ઝટ ઘર ભેગા થઈ જાઓ. અહીંયાં રોકાવું ઠીક નથી. મવાલીઓ દારૂની જાફત ઉડાવી રહ્યા છે. એ બધા દારૂના દોનમા છે ત્યાં સુધી એમનો મારગ આંતરવામાં સાર નથી. આવજો, પ્યોતર આન્દ્રેઇચ! થવાનું હશે એ તો થઈને જ રહેશે. કદાચ ઈશ્વર આપણું ધ્યાન રાખશે."

પાદરીની પત્ની અંદર ચાલી ગઈ. હું થોડીક રાહત અનુભવતો મારા રહેઠાણે પાછો ફર્યો. ચોકમાંથી પસાર થતી વેળા મેં જોયું તો કેટલાય બાશ્કિરીઓનું ટોળું ફાંસીના માંચડા ફરતું ભેગું થઈ ગયું હતું અને તેઓ લટકતાં મડદાંના પગમાંથી બૂટ ખેંચી રહ્યા હતા. મેં મારો રોષ માંડ માંડ દબાવી રાખ્યો. મને

ખબર હતી કે દખલગીરીનો કશો અર્થ નથી. લૂંટારાઓ આખા કિલ્લામાં દોડાદોડી કરી રહ્યા હતા અને અફસરોનાં ઘરો લૂંટી રહ્યા હતા. નશામાં ચકચૂર બળવાખોરોના દેકારા ચોમેરથી સંભળાઈ રહ્યા હતા. હું ઘરમાં ગયો. સાવેલ્યિચ મને બારણે જ મળી ગયો. "પ્રભુનો પાડ!" મને જોતાં જ તે બોલી ઊઠયો. "મને તો ફિકર થવા લાગેલી કે મવાલીઓએ ક્યાંક વળી પાછા તમને પકડી લીધા હશે. પ્યોતર આન્દ્રેઈચ, માલિક, જુઓ તો ખરા, આપણી તમામ વસ્તુઓ ચોરી ગયા છે—કપડાંલત્તાં, વાસણો, કશું જ બાકી નથી રહેવા દીધું! લફંગાઓ! ભલે ચોરી ગયા! પ્રભુનો પાડ કે તમને જીવતા રહેવા દીધા! તમે સરદારને ઓળખ્યો કે નહિ, હજૂર?"

"ના, મેં તો ન ઓળખ્યો. કોણ છે?"

"અરે હજૂર, કેમ ન ઓળખ્યો? સરાઈમાં તમે તમારો સસલાની ખાલનો કોટ આપેલો એ દારૂડિયાને ભૂલી ગયા કે શું? કોટ સાવ નવા જેવો હતો, અને એ જનાવરે પહેરવાની કોશિશ કરતાં ફાડી નાખેલો."

હું વિસ્મયમાં ગરકાવ થઈ ગયો. પુગાચોવ અને અમારા એ ભોમિયાના ચહેરા ખરેખર ખૂબ જ મળતા આવતા હતા. પુગાચોવ અને એ ભોમિયો એકનો એક જ આદમી હોવાની ખાતરી થઈ ગઈ એટલે મારી ઉપર કરવામાં આવેલી દયાનું કારણ મને સમજાઈ ગયું. સંજોગોની અજબ કડીઓ જોઈને હું અચરજમાં ડૂબી ગયો—એક જુવાનિયાનો કોટ કોઈ રખડુને આપવામાં આવ્યો એટલે હું ફાંસીના ગાળિયાથી બચી ગયો, અને એક સરાઈમાંથી બીજી સરાઈમાં ભટકનારો દારૂડિયો હવે કિલ્લાઓને ઘેરા ઘાલી રહ્યો હતો અને રાજ્યના પાયા હચમચાવી રહ્યો હતો!

"કંઈક ખાશો ને?" સાવેલ્યિચે પોતાની રોજની ટેવ મુજબ પૂછ્યું. "ઘરમાં તો કંઈ નથી પણ તપાસ કરું, કંઈ રાંધવાનું મળી જાય તો."

હું એકલો પડી જતાં વિચારમાં ડૂબી ગયો. હવે શું કરવું? બળવાખોરના અમલ હેઠળના કિલ્લામાં રોકાઈ રહેવું અથવા તેની ટોળકીને તાબે થઈ જવું એ તો અફસર માટે એકસરખું નામોશીભર્યું ગણાય. ફરજનો તકાદો હતો કે મુશ્કેલીના આવા વખતમાં મારી કામગીરી મારા વતનને હજી ઉપયોગી થાય એવી જગ્યાએ મારે પહોંચી જવું જોઈએ... પરંતુ મારો પ્યાર મને મારિયા ઈવાનોવ્નાની સમીપ રહેવાની અને તેનો બચાવ તથા રક્ષણ કરવાની દિશામાં જોરથી ખેંચી રહ્યો હતો. પરિસ્થિતિમાં ઝડપી તથા અનિવાર્ય ભાવિ પરિવર્તન

હું સ્પષ્ટ નીરખી શકતો હતો, પરંતુ તેની જોખમભરી હાલતનો ખ્યાલ આવતાં હું અવશ બનીને કંપી ઊઠતો હતો.

એક કઝ્ઝાક આદમી આવી પહોંચતાં મારા વિચારોમાં અંતરાય પડયો. તેણે દોડતા આવીને જાહેર કર્યું કે "મહાન ઝારે તમારી હાજરીનું ફરમાન કર્યું છે."

"ક્યાં?" મેં ફરમાનના અમલની તૈયારી કરતાં પૂછ્યું.

"કમાંડન્ટના ઘરમાં," કઝ્ઝાકે જવાબ આપ્યો. "અમારા માલિક જમ્યા પછી હમામમાં ગયેલા અને હવે આરામ કરી રહ્યા છે. નામદાર એમની રીતભાત ઉપરથી તો બહુ મોટા માણસ હોય એમ લાગે છે—જમણમાં ઢગલાબંધ શેકેલું માંસ ઉડાવી ગયા, અને પછી હમામમાં વરાળ એટલી બધી ગરમ રાખી કે બિચારો તારાસ કૂરોચ્કિન અકળાઈ ગયો એટલે ઝાડુ ફોમકા બીક્બાયેવને પકડાવી દઈને ત્યાંથી નીકળી ગયો. ખૂબ ટાઢા પાણીએ નાહ્યો ત્યારે એને માંડ માંડ કળ વળી. સાફ વાત છે કે માલિકની રીતો બધી બહુ જ શાનદાર છે. વળી હમામમાં વાત ચાલે છે કે એમણે પોતાની છાતીએ લટકાવેલા ઝારશાહી ચંદ્રકો ત્યાં સૌને બતાવેલા—એક તરફ પાંચ કોપેકના સિક્કા જેવડા મોટા મોટા બે ગરુડ અને બીજી તરફ એમના પોતાના ચહેરાની છાપ."

કઝ્ઝાકના અભિપ્રાયનો વિરોધ કરવાનું મને યોગ્ય ન લાગ્યું એટલે હું તેની સાથે કમાંડન્ટના ઘર તરફ રવાના થઈ ગયો. રસ્તામાં હું વિચાર કરતો રહ્યો કે પુગાચોવ જોડે મારી મુલાકાત કેવી થશે અને તેનો અંજામ કેવો આવશે. વાચક સહેલાઈથી સમજી શકશે કે હું સરખી સ્વસ્થ હાલતમાં નહોતો.

હું કમાંડન્ટને ઘેર પહોંચ્યો ત્યાં સુધીમાં સંધ્યાના ઓળા પથરાવા લાગ્યા હતા. લટકતાં મડદાંવાળો ફાંસીનો માંચડો ઘેરો ને ભયાનક લાગતો હતો. બિચારી વાસિલીસા યેગોરોવ્નાની નિર્જીવ કાયા હજી આંગણમાં પડી હતી અને ત્યાં બે કઝ્ઝાકો પહેરો ભરી રહ્યા હતા. મને બોલાવવા આવેલો કઝ્ઝાક અમારા આગમનની ખબર આપવા અંદર ગયો અને તરત જ પાછો ફરીને મને એ જ ખંડમાં લઈ ગયો કે જ્યાં મેં આગલે દિવસે વહાલભર્યા હૈયે મારિયા ઇવાનોવ્નાની વિદાય લીધેલી.

મારી નજર સામે અજબ દૃશ્ય ઉપસ્થિત થયું. પુગાચોવ સફેદ મેજપોશ બિછાવેલા એક ટેબલ પાસે બેઠો હતો. ટેબલની ઉપર કેટલીય બાટલીઓ ને પ્યાલીઓ આમતેમ પડી હતી. લાંબી ટોપી અને રંગબેરંગી ખમીસ પહેરેલા લગભગ દસેક કઝ્ઝાક વડેરાઓ પુગાચોવની આસપાસ મોજૂદ હતા. તેઓ સૌ

દારૂના ઘેનની ઉત્તેજિત દશામાં હતા, તેમનાં ડાચાં લાલચોળ થઈ ગયાં હતાં અને આંખો ચળકી રહી હતી. નવા ભરતી થયેલા દગાખોરો શ્વાબ્રિન અને માક્સીમિચ તેમાં સામેલ નહોતા. "આવો, આવો, નામદાર!" પુગાચોવ મને જોતાં જ બોલી ઊઠયો. "અમને તમારી સોબતનો લાભ આપો! બિરાજો!" મહેફિલ માણનારાઓએ મને જગ્યા કરી આપી. હું ટેબલના છેડા પાસે બેસી ગયો. મારી બાજુમાં બેઠેલા પાતળા દેખાવડા જુવાન કઝ્ઝાકે એક પ્યાલીમાં વોદકા રેડીને મને આપી પરંતુ મેં તો તેને હાથ પણ ન લગાડયો. મેં આસપાસ બેઠેલા માણસોની ઉપર કુતૂહલભરી નજર ફેરવી. પુગાચોવ ટેબલની મોખરાની જગ્યાએ બેઠો હતો, તેની કોણીઓ મેજપોશ પર ગોઠવેલી હતી, અને તેની કાળી દાઢી તેની જબ્બર મુઠ્ઠીઓ ઉપર ફેલાયેલી હતી. તેના ઘાટીલા અને ગમી જાય એવા ચહેરા ઉપર ખુન્નસની કશી એંધાણીઓ વરતાતી નહોતી. તે વારંવાર તેની બાજુમાં બેઠેલા પચાસેક વરસના આદમી તરફ ફરીને તેને ક્યારેક ઠાકોર, ક્યારેક તિમોફેઇચ, અને ક્યારેક માત્ર કાકા કહીને વાત કરી લેતો હતો. સૌ એકબીજાની જોડે સાથીઓ જેવું વર્તન કરી રહ્યા હતા અને પોતાના આગેવાન પ્રત્યે કશા ખાસ માન-અદબનો દેખાવ નહોતા કરતા. સવારના હુમલાની, રમખાણની સફળતાની, અને ભવિષ્યમાં ઉઠાવવાનાં કદમોની વાતચીત થઈ રહી હતી. સૌ બણગાં ફૂંકી રહ્યા હતા, સલાહ આપી રહ્યા હતા, અને મુક્ત રીતે પુગાચોવની વાતોનો વિરોધ કરતા હતા. એવી અજબ લશ્કરી સમિતિમાં નક્કી કરવામાં આવ્યું કે ઓરેનબૂર્ગ ઉપર ચડાઈ કરવામાં આવે — અને એવું ઉછાંછળું સાહસ કામયાબ થતું જરાકમાં રહી ગયું. ચડાઈની કૂચ બીજે દિવસે શરૂ કરવાની જાહેરાત થઈ. પછી પુગાચોવે કહ્યું: "ભાઈઓ, નીંદરને ખોળે જતાં પહેલાં હવે મને મારું માનીતું ગીત ગાઈ સંભળાવો. ચુમાકોવ, તું શરૂ કર!" મારી બાજુમાં બેઠેલા આદમીએ ખારવાઓનું ગમગીન ગીત તીણા અવાજે શરૂ કરી દીધું અને સૌ તેમાં સૂર મિલાવીને ગાવા લાગ્યા:

> કરો કલશોર બંધ સારા, લીલા રે વનદેવ મારા!
> મા બોલ તું, જુવાન શૂરા! વિચાર છલકે મનમાં અકારા.
> કાલે થવાનું પેશ મારે, કચેરીએ શાહની સવારે;
> એનું રે હૈયું પાષાણ ભારે, કરે ના રહેમ ક્યારે.
> સરતાજ એ સહુનો, કરશે સવાલ એવા;
> તારે કિસાનબેટા! ખરા જવાબ દેવા.

પાડી તેં ધાડ ને કરી છે ચોરી — કહી દે, કોના સંગાથમાં?
ભેરુ ને સાથીઓ થોડા કે ઝાઝા, કહી દે તું એકરારમાં.
જવાબ મારો કાને રે ધરજે, તું રાજા ઈનસાફી;
સાચી કહેવી હકીકત મારે, ને વળી પૂરેપૂરી.
હતાં ભેગાં બિરાદર સાથી ચાર જ મારાં,
પહેલી તો માઝમ રાત રે, અંધારાં કાળાં.
અને બીજી મારી તેગ તાતી,
ત્રીજી વફાદાર ઘોડી રાતી.
ચોથું મારું કામઠું કસેલું, મોકલવાને તૈયાર;
તીણાં તીણાં તીરના રૂપે રે, કાસદ અપરંપાર.
પછી કહેશે રાજવી ફરી, અદલ છે ઈનસાફી;
સાબાશ રે કિસાનબેટા, કરી તેં વીરતા સાચી!
લૂંટારો ઉસ્તાદ ને ખરો તું ચોર પાકો,
આપું સરપાવ તને, તું તો જુવાન બાંકો!
મોટા રે ખુલ્લા મેદાનમાં, ઊંચી બંધાવું હવેલી;
મજબૂત બે થાંભલા ને આડી વળી જડેલી.

પોતે જ ફાંસીએ લટકવાનું કિસ્મત ધરાવતા આદમીઓએ ગાયેલા ફાંસી અંગેના એ લોકગીતની મારી ઉપર થયેલી અસરનું વર્ણન અશક્ય છે. તેમની બિહામણી અદાઓ, સૂરીલા અવાજો, અને પૂરા ભાવવાહક શબ્દોને તેમણે જેવી શોકાતુર લાગણીથી ગાયા, એ સર્વેએ એકત્રિત રૂપે મારા મનમાં જાણે ઓજસ પાથરી દીધું.

મહેમાનો વળી એક એક પ્યાલી દારૂ ચડાવીને ટેબલ પાસેથી ઊભા થઈ ગયા અને પુગાચોવની વિદાય લઈને જવા લાગ્યા. મેં પણ તેમની પાછળ પાછળ નીકળી જવા કદમ માંડયાં, પરંતુ પુગાચોવે મને બેસવાનું કહેતાં જણાવ્યું કે "મારે તમારી જોડે વાત કરવી છે." અમે બે જ બાકી રહ્યા.

થોડી વાર બેમાંથી કોઈ ન બોલ્યું. પુગાચોવ મને એકધારી નજરે તાકી રહ્યો હતો અને થોડી થોડી વારે ડાબી આંખ ગોળ સંકોચીને બદમાશી તથા ઠેકડીની અજબ અસર પેદા કરતો હતો. આખરે તે ખડખડાટ હસી પડયો. તેના હાસ્યમાં એવી ખરેખરી રમૂજ વરતાતી હતી કે હું પણ કારણ સમજ્યા વગર તેની જોડે હસવા લાગ્યો.

"તો નામદાર," તેણે કહ્યું, "હવે કબૂલ કરી લો કે મારા જુવાનિયાઓએ તમારા ગળામાં ગાળિયો નાખ્યો ત્યારે તમે દહેશત ખાઈ ગયેલા! મને તો ખાતરી છે કે તમારા હોશકોશ ઊડી ગયેલા! અને તમારો ચાકર ન હોત તો તમે વળીએ લટકી જ ગયા હોત. હું બુઢ્ઢા ભાલુને તરત જ ઓળખી ગયો. તમને તો ખ્યાલ જ નહિ આવ્યો હોય કે વગડામાં સરાઈનો રસ્તો બતાવનારો આદમી મહાન ઝાર પોતે જ હશે, ખરું ને નામદાર?" (એ શબ્દો બોલતી વેળા તેણે ભારેખમ ને ભેદી ભાવ ધારણ કરી લીધા.) "તમે ભારે કસૂરવાર છો," તે આગળ બોલ્યો, પરંતુ મારે મારા દુશ્મનોથી છુપાઈને રહેવું પડતું હતું એવા વખતે તમે મારી તરફ ભલાઈ બતાવેલી એટલે મેં તમારી જિંદગી બચાવી લીધી. પણ હજી તો ઘણું જોવાનું બાકી છે! મને મારું રાજ પાછું મળી જાય ત્યારે હું તમારી સારુ બહુ બહુ કરવાનો છું. તમે વફાદારીથી મારી સેવા બજાવવાનું વચન આપો છો ને?

મવાલીના સવાલ તથા ઉદ્ધતાઈથી મને એટલી બધી રમૂજ થઈ કે હું મલકાટ ખાળી ન શક્યો.

"હોઠ કેમ મલકાવો છો?" તેણે ભવાં ચડાવીને પૂછ્યું. "તમે માનતા નથી કે હું મહાન ઝાર પોતે જ છું? સાચો જવાબ આપો."

હું જરાક અકળામણમાં પડી ગયો. એ રખડુને મારા શહેનશાહ તરીકે સ્વીકારી લેવાનું તો મારે માટે શક્ય જ નહોતું. મારી નજરમાં એ તો અક્ષમ્ય કાયરતાનું જ કૃત્ય હોત. તેને મોં પર ઢોંગી ધુતારો કહેવાથી મારો ખેલ ખલાસ થઈ ગયો હોત. ફાંસીના માંચડા નજીક ક્રોધના પ્રથમ ઉછાળામાં હું એકત્રિત લોકોની હાજરીમાં જે કરવા તત્પર બની ગયો હતો તે હવે મને નકામી શેખી લાગી. હું જવાબ આપતાં અચકાયો. પુગાચોવ ગંભીર ભાવે મારા જવાબની વાટ જોઈ રહ્યો હતો. આખરે (અને એ ઘડી યાદ આવતાં હું આજે પણ એક પ્રકારના આત્મસંતોષની લાગણી અનુભવું છું) મારા મનમાં માનવીય નિર્બળતાની ઉપર ફરજની ભાવના વિજયી બની ગઈ. મેં પુગાચોવને જવાબ દીધો: "ઠીક ત્યારે, હું તમને તદ્દન સાચી વાત જણાવી દઉં છું. તમે તમારા જ મનને પૂછી જુઓ કે હું તમને મારા શહેનશાહ તરીકે માની શકું ખરો? તમે સમજદાર આદમી છો — તમે તરત જ પારખી લેવાના કે મારો એવો જવાબ નિખાલસ ન જ હોય."

"તો પછી તમારા ખ્યાલ મુજબ હું કોણ છું?"

"ઈશ્વર જાણે! તમે ભલે ગમે તે હો, પણ ભારે જોખમની રમત રમી રહ્યા છો."

પુગાચોવે મારી ઉપર ઝડપી નજર નાખી. "તો તમે નથી માનતા કે હું ઝાર પ્યોતર ફ્યોદોરોવિચ છું, ખરું ને? બહુ સારું," તેણે કહ્યું, "પણ આખરે વિજય તો બહાદુર ઇન્સાનનો જ થાય છે ને, કે નહિ? પુરાણા જમાનામાં ગ્રીશ્કા ઓત્રેપ્યેવે[18] રાજ નહોતું ચલાવ્યું? મારે વિશે તમારે જેવો ખ્યાલ રાખવો હોય એવો રાખો, પણ મને સાથ આપો. હું કોણ છું એની તમને શી ફિકર છે? નામથી શો ફેર પડે? વફાદારીથી ને ઈમાનદારીથી મારી સેવા બજાવશો તો હું તમને ફિલ્ડ-માર્શલ અને ઠાકોર બનાવી દઈશ. બોલો, હવે શું કરવા ધારો છો?"

"ના," મેં દૃઢતાથી જવાબ આપ્યો. "હું ઉમરાવ કુળમાં જન્મેલો છું. મેં મારી સમ્રાજ્ઞી પ્રત્યે વફાદારીના સોગન લીધા છે. હું તમારી સેવામાં કોઈ કાળે ન જોડાઈ શકું. તમે ખરેખર મારું ભલું ઇચ્છતા હો તો મને ઓરેનબૂર્ગ જવા દો."

પુગાચોવ જાણે વિચારમાં પડી ગયો અને થોડી વાર રહીને બોલ્યો: "હું તમને જવા દઉં તો તમે મને એટલું વચન તો આપશો ને કે મારી વિરુદ્ધ કશી કામગીરી નહિ કરો?"

"એવું વચન મારાથી કેવી રીતે અપાય?" મેં જવાબ દીધો. "તમે સારી રીતે જાણો છો કે હું મારી મરજીનો મુખત્યાર નથી. મને તમારી સામે હથિયાર ઉઠાવવાનું ફરમાન કરવામાં આવે તો હું એમ ચોક્કસ કરું જ — બસ, વાત ત્યાં પૂરી થઈ જાય છે. અત્યારે તમે પોતે સત્તા ધરાવો છો. તમે તમારા માણસો પાસેથી તાબેદારીનો તકાદો કરો છો. મારી કામગીરીની જરૂર પડે ત્યારે હું ઇનકાર કરી દઉં તો તમે મારે અંગે કેવો ખ્યાલ બાંધશો? મારી જિંદગી તમારા હાથમાં છે — જવા દેશો તો હું તમારું અહેસાન માનીશ, અને ફાંસીએ લટકાવી દેશો તો ઈશ્વર તમારો ન્યાય કરશે. મેં તો તમને સાચી વાત જણાવી દીધી."

મારી નિખાલસતા જોઈને પુગાચોવ વિસ્મિત થઈ ગયો. "બહુ સારું," તે મને ખભે ધબ્બો લગાવતો બોલ્યો, "હું સજા કરું એટલે ખરેખર સજા કરું છું, અને માફી બક્ષું એટલે ખરેખર માફી બક્ષું છું. તમારે જવું હોય ત્યાં જાઓ અને કરવું હોય તે કરો. કાલે મારી વિદાય લેવા આવજો, અત્યારે તો જઈને સૂઈ જાઓ. મનેય નીંદર આવે છે."

હું પુગાચોવથી છૂટો પડીને ઘરની બહાર નીકળ્યો. રાત્રિ નીરવ હતી અને હવામાં ઠાર હતો. ચંદ્રમા અને ચળકતા તારલિયા ચોકમાં તેમ જ ફાંસીના માંચડા ઉપર ઉજાસ પાથરી રહ્યા હતા: કિલ્લાની અંદર નીરવતા અને અંધકાર છવાયેલાં હતાં. માત્ર દારૂના પીઠામાં અજવાળું દેખાતું હતું અને મોડે સુધી દારૂની મોજ ઉડાવનારાઓનો શોરબકોર ત્યાંથી સંભળાઈ રહ્યો હતો. મેં પાદરીના ઘર તરફ નજર નાખી. બારીઓ ને બારણાં બંધ હતાં. ત્યાં તદ્દન શાંતિ છવાયેલી લાગતી હતી.

હું મારા રહેઠાણે પહોંચ્યો ત્યારે સાવેલ્યિચ મારી ગેરહાજરીને કારણે ફિકરમાં ડૂબેલો હતો. મને બક્ષવામાં આવેલી આઝાદીની ખબર સાંભળીને તેના મનમાં અકથ્ય ખુશી છલકાવા લાગી. "હે સર્જનહાર! તારી જ દયા છે!" તે ક્રોસની નિશાની કરતો બોલી ઊઠયો. "આપણે પરોઢિયે જ કિલ્લામાંથી રવાના થઈ જઈશું અને જ્યાં ઠીક લાગે ત્યાં ચાલ્યા જઈશું. મેં થોડુંક ખાવાનું બનાવી રાખ્યું છે, માલિક! તમે ખાઈ લો અને પછી ઈશ્વરની દયાથી મળેલી સલામતીમાં સવાર સુધી નીંદર કરી લો."

મેં તેની સલાહ માની લીધી અને પેટ ભરીને જમી લીધા પછી હું મારાં થાકેલાં તનમનને આરામ આપવા ખાલી ભોંયપટ ઉપર લાંબો થઈને નિદ્રાને આધીન થઈ ગયો.

વિદાય

ઓ દિલબર! હતો ખરે જ મધુર અતિ,
ઉદય પ્રેમનો મુજ દિલમાં તુજ પ્રતિ.
પરંતુ વિરહની વેદના કારમી હવે,
જાણે ગયો ઊડી, મુજ આત્મા તજી મને.

ખેરાસ્કોવ[19]



વહેલી સવારે નગારાના અવાજથી હું જાગી ગયો અને તરત જ નીકળીને એકઠા થવાની જગ્યાએ પહોંચી ગયો. પુગાચોવના સિપાહીઓ ફાંસીના માંચડા નજીક કતારોમાં ગોઠવાઈ રહ્યા હતા. ગઈકાલના રમખાણના ભોગ બનેલા માણસોના મૃતદેહો હજુ માંચડે લટકી રહ્યા હતા. કઝ્ઝાકો ઘોડેસવાર હતા અને સિપાહીઓના હાથમાં બંદૂકો હતી. ધજાઓ ફરફરી રહી હતી. થોડીક તોપો હતી તે બધીને તોપગાડીઓમાં ગોઠવી દેવામાં આવી હતી. તેમાં મેં અમારી તોપ ઓળખી કાઢી. બધા રહેવાસીઓ ભેગા થઈને નકલી શહેનશાહની વાટ જોઈ રહ્યા હતા. એક કઝ્ઝાક સિપાહી સરસ મઝાના સફેદ ઘોડાની લગામ હાથમાં પકડીને કમાંડન્ટના ઘરની સામે ઊભો હતો. મેં કમાંડન્ટની પત્નીના મૃતદેહની ભાળ કાઢવા આસપાસ નજર ફેરવી. તેને જરાક બાજુએ ખસેડીને કોથળા વડે ઢાંકી દેવામાં આવ્યો હતો. આખરે પુગાચોવ આંગણમાં આવ્યો. લોકોએ માથેથી ટોપીઓ કાઢી નાખી, અને પુગાચોવે આંગણમાં ઊભા રહીને સૌનું અભિવાદન

કર્યું. એક વડેરાએ ત્રાંબાના સિક્કા ભરેલો થેલો તેના હાથમાં આપ્યો અને તે મૂઠ્ઠી ભરી ભરીને સિક્કા ટોળામાં ફેંકવા લાગ્યો. લોકો સિક્કા લઈ લેવા ધમાચકડી કરવા લાગ્યા અને તેમાં કેટલાયના હાથપગ ભાંગી ગયા. પુગાચોવની ફરતે તેના મુખ્ય સાગરીતો હતા અને તેમાં શ્વાબ્રિન સામેલ હતો. અમારી નજરો મળી. મારી આંખોમાં ઘૃણા પારખી લઈને તે આંખોમાંથી ઉઘાડું ઝેર ટપકાવતો અને મોં પર હાંસીનો ભાવ ધારણ કરતો બીજી તરફ ફરી ગયો. પુગાચોવે ટોળામાં મને જોઈને માથું હલાવ્યું અને મને પાસે બોલાવ્યો. "સાંભળો," તેણે કહ્યું, "સીધા ઓરેનબૂર્ગ જાઓ અને ગવર્નર તેમ જ બધા જનરલોને જણાવી દો કે હું એક અઠવાડિયામાં આવી પહોંચીશ. તેમને સલાહ આપજો કે બાળક જેવા હેતથી અને દીનતાથી મારું સ્વાગત કરે. નહિતર તેઓ નિર્દય મોતથી કોઈ રીતે બચી નહિ શકે. આવજો નામદાર, સલામત સફરની શુભેચ્છા!" પછી તે લોકોની તરફ ફરીને શ્વાબ્રિનની સામે આંગળી ચીંધતો બોલ્યો: "આ તમારો નવો કમાંડર છે, ભાઈઓ! દરેક બાબતમાં એના હુકમનો અમલ કરજો, તમારી બાબતમાં અને કિલ્લાની બાબતમાં એ જ મને જવાબદાર રહેશે." એ શબ્દો સાંભળીને મારા દિલમાં દહેશતનો ઝટકો લાગ્યો. કિલ્લાનો કમાંડર શ્વાબ્રિન — એટલે મારિયા ઈવાનોવ્ના તેના હાથમાં રહેવાની! હે ભગવાન, બિચારીનું શું થશે! પુગાચોવ પગથિયાં ઊતરીને નીચે આવ્યો. ઘોડાને દોરીને તેની પાસે લઈ જવામાં આવ્યો. કઝ્ઝાક સિપાહી તેને મદદ કરી શકે તે પહેલાં તો તે હળવો ઠેકડો મારતો ઘોડા ઉપર સવાર થઈ ગયો.

બરાબર એ જ ઘડીએ મારો સાવેલ્યિચ ધક્કામુક્કી કરતો ટોળામાંથી માર્ગ કરીને આગળ આવ્યો અને તેણે એક કાગળ પુગાચોવને આપ્યો. હું તો સમજી જ ન શક્યો કે આમાંથી વળી કેવો નવો ફણગો ફૂટી નીકળશે. "શાનો કાગળ છે?" પુગાચોવે દમામભેર સવાલ કર્યો.

"વાંચી જુઓ એટલે ખબર પડી જશે," સાવેલ્યિચે જવાબ આપ્યો. પુગાચોવે કાગળ હાથમાં લઈને મહત્તાના ભાવે કેટલીય વાર સુધી તેની ઉપર નજર ઠેરવી રાખી. "તારા અક્ષરો તદ્દન ગડબડિયા છે," આખરે તે બોલ્યો. "અમારી તેજસ્વી આંખોને કશું જ કળાતું નથી કે તેં શું લખ્યું છે. મારો પ્રથમ સચિવ ક્યાં ગયો?"

કોર્પોરલનો યુનિફૉર્મ પહેરેલો એક જુવાન ઝડપથી પુગાચોવની પાસે પહોંચી ગયો. "મોટેથી વાંચી સંભળાવ," નકલી શહેનશાહે તેને કાગળ આપતાં ફરમાન

કર્યું. મારા બુઢ્ઢા હજૂરિયાએ પુગાચોવને શું લખ્યું હશે તે જાણવાનું ભારે કુતૂહલ મારા મનમાં સળવળી રહ્યું હતું. પ્રથમ સચિવે એક એક અક્ષર વાંચીને શબ્દો પૂરા કરતાં મોટેથી નીચે મુજબ વાંચી સંભળાવ્યું:

"બે જામા, એક સુતરાઉ અને બીજો પટાદાર રેશમનો—કિંમત છ રૂબલ."

"મતલબ?" પુગાચોવ ભવાં ચડાવતો બોલ્યો.

"આગળ વાંચવા દો," સાવેલ્યિચે શાંત અવાજે કહ્યું.

પ્રથમ સચિવે વાંચન આગળ ચલાવ્યું:

"સરસ લીલા કાપડનો એક યુનિફૉર્મ—કિંમત સાત રૂબલ.

"સફેદ કાપડનું પાટલૂન—કિંમત પાંચ રૂબલ.

"ચાનો સેટ—કિંમત અઢી રૂબલ."

"પણ આ બધું છે શું?" પુગાચોવ બોલી ઊઠયો. "તારા ચાના સેટ ને પાટલૂન ને કફનાં બટન જોડે મારે શો સંબંધ?"

સાવેલ્યિચ ગળું ખોંખારીને ખુલાસો કરવા લાગ્યો. "હજૂર, મારા માલિકની આ બધી વસ્તુઓ મવાલીઓ ઉઠાવી ગયા છે. મેં તેની યાદી તૈયાર કરીને આપની સામે પેશ કરી છે."

"કોણ મવાલીઓ?" પુગાચોવ ગરજી ઊઠયો.

"માફ કરો, બોલવામાં ચૂક થઈ ગઈ," સાવેલ્યિચે કહ્યું. "ભલે, મવાલીઓ નહિ, આપના સિપાહીઓ અમારા ઘરને ખેદાનમેદાન કરી નાખીને અમારી બધી માલમતા ઉઠાવી ગયા. ગુસ્સે ન થાઓ—ઘોડાને ચાર પગ હોવા છતાં એ પણ ક્યારેક તો ઠોકર ખાઈ જાય છે. આગળ વાંચવા દો."

"વાંચ આગળ," પુગાચોવે હુકમ કર્યો. સચિવે વાંચન આગળ ચલાવ્યું:

"બે રજાઈ, એક ટાફેટાની ને એક સુતરાઉ—ચાર રૂબલ.

"એક રાતા કાપડનો કોટ, લોંકડીના ફરના અસ્તરવાળો—ચાળીસ રૂબલ.

"અને સસલાની ખાલનો એક કોટ, આપ નામદારને સરાઈમાં આપવામાં આવેલો તે—પંદર રૂબલ."

"આ બધું શું ઘસી માર્યું છે?" પુગાચોવ બરાડયો. તેની આંખો અંગારાની જેમ ચળકવા લાગી.

મારે એકરાર કરવો જ પડે કે બિચારા ડોસા અંગે મને ફિકર થવા લાગેલી. તે વધારે ખુલાસા કરવા લાગ્યો પરંતુ પુગાચોવે તેને અધવચ્ચે અટકાવી દીધો.

"આવી મામૂલી વસ્તુઓ અંગે મારી કને આવવાની તને હિંમત જ કેવી રીતે થઈ?" તે કાગળ સચિવના હાથમાંથી ઝૂંટવીને સાવેલ્યિચના મોં પર ફેંકતો ગરજી ઊઠયો. "બેવકૂફ બુઢ્ઢા! આ બધી ચીજો લૂંટાઈ ગઈ, ખરું ને? કેવી કમનસીબી! અરે, તારે તો મારા ને મારા સિપાહીઓના ભલા સારુ ઈશ્વરને પ્રાર્થના કરવી જોઈએ, મારા હુકમના અમલનો ઈનકાર કરનારા બીજા સૌની ભેગા તને ને તારા માલિકને ફાંસીએ ન લટકાવી દીધા તેનું અહેસાન માનવું જોઈએ! સસલાની ખાલનો કોટ! હમણાં દઉં છું તને સસલાની ખાલનો કોટ! તને એટલું ભાન નથી કે હું તારી જીવતાં જ ચામડી ઉતરડાવીને એનો કોટ બનાવડાવી શકું એમ છું?"

"જેવી આપની મરજી," સાવેલ્યિચે જવાબ આપ્યો. "પણ હું તો દાસ છું, અને મારા માલિકની માલમતાની જવાબદારી મારી છે."

પુગાચોવ ઉદારતાના મિજાજમાં હોય એમ લાગતું હતું. તેણે વધારે એક શબ્દ પણ બોલ્યા વગર ઘોડાને બીજી તરફ ફેરવીને ચલાવી મૂક્યો. શ્વાબ્રિન અને વડેરાઓ તેની પાછળ પાછળ જવા લાગ્યા. કિલ્લામાંથી બૅન્ડનું સંગીત શરૂ થઈને એકધારું રેલાવા લાગ્યું. ટોળું પુગાચોવની રવાનગી નીરખવા આગળ ધપવા લાગ્યું. ચોકમાં હું ને સાવેલ્યિચ એકલા રહી ગયા. મારો ઘરડો હજૂરિયો યાદીનો કાગળ હથમાં પકડીને ઊંડા અફસોસના ભાવે તેને નીરખી રહ્યો હતો.

પુગાચોવની જોડે મારો સારો સંબંધ જોઈને તેણે તેનો ફાયદો ઉઠાવવાની ધારણા રાખેલી. પરંતુ તેના નેક ઈરાદાઓ કામયાબ ન થયા. તેના અજુગતા જોશ બદલ તેને ઠપકો આપવાનું મને મન થયું પણ હું હસવું ખાળી શક્યો નહિ. "અત્યારે તો ભલે હસી લો, માલિક," સાવેલ્યિચ બોલ્યો, "પણ નવી જગ્યાએ ઘરવખરી વસાવવી પડશે ત્યારે તમને ખબર પડશે કે એ કેવીક હસવાની વાત છે!"

હું મારિયા ઈવાનોવ્નાને મળવા ઉતાવળો પાદરીને ઘેર ગયો. ત્યાં મને પાદરીની પત્નીએ ગમગીન સમાચાર આપ્યા. મારિયા ઈવાનોવ્નાને રાતમાં સખત તાવ ચડેલો અને તે બેહોશી તથા સનેપાતની હાલતમાં પડી હતી. પાદરીની પત્ની મને બીમારના ખંડમાં લઈ ગઈ. હું હળવે પગલે પલંગ પાસે ગયો અને તેના ચહેરામાં થઈ ગયેલું પરિવર્તન જોઈને આભો બની ગયો. તેણે મને ઓળખ્યો નહિ. હું કેટલીય વાર સુધી પલંગ પાસે ઊભો રહ્યો. ફાધર ગેરાસિમ અને તેની માયાળુ પત્ની મને દિલાસો દેવા જે કંઈ કહી રહ્યાં હતાં તેમાંથી એક

શબ્દ પણ મેં ન સાંભળ્યો. હું ઘેરા કરુણ વિચારોમાં ડૂબી ગયો હતો. ઝનૂની બળવાખોરોની વચ્ચે એકલી પડી ગયેલી બિચારી નિરાધાર અનાથ યુવતીની દશાના તેમ જ મારી પોતાની લાચારીના વિચારો આવતાં મારા મનમાં આતંક છવાઈ ગયો. મને સૌથી વધારે તો શ્વાબ્રિનનો ખ્યાલ સતાવી રહ્યો હતો. નકલી શહેનશાહે તેના હાથમાં સત્તા સોંપીને તેને કિલ્લાનો શાસક બનાવી દીધો હતો અને વિના વાંકે તેના ધિક્કારનું લક્ષ્ય બની ગયેલી બિચારી દુર્ભાગી બાળા કિલ્લામાં જ રહી જવાની હતી. કંઈ કહેવાય નહિ કે એ માણસ શું કરે. અને મારાથી શું થઈ શકે એમ હતું? એને મદદ કેવી રીતે કરું? એને આ લફંગાના હાથમાંથી કેવી રીતે છોડાવું? મારે માટે ફકત એક જ માર્ગ ખુલ્લો હતો—મેં તત્કાળ ઓરેનબૂર્ગ જવાનું અને બેલોગોર્સ્ક કિલ્લાને બળવાખોરોના હાથમાંથી પાછો કબજે કરી લેવાની કામગીરીને વેગ આપવાનું તથા તેમાં મારાથી બનતી બધી મદદ કરવાનું નક્કી કર્યું. મેં પાદરી અને આકુલીના પામ્ફીલોવ્નાની વિદાય લીધી અને હું જેને મારી પત્ની ગણતો હતો એ દુ:ખી યુવતીની સંભાળ રાખવાની તેમને લાગણીભરી આજીજી કરી. મેં બિચારી કન્યાનો હાથ મારા હાથમાં લઈને ચૂમી લીધો અને મારાં આંસુ વડે ભીંજવી નાખ્યો. પાદરીની પત્ની મને બારણા સુધી વળાવવા આવીને બોલી: "અલવિદા, પ્યોતર આન્દ્રેઇચ! ઈશ્વરની મરજી હશે તો આપણે બહેતર સંજોગોમાં ફરી મળીશું. અમને ભૂલતા નહિ અને પત્ર લખતા રહેજો. બિચારી મારિયા ઇવાનોવ્ના! એને તો દિલાસો દેનારું કે રક્ષણ કરનારું તમારા સિવાય બીજું કોઈ જ નથી."

ચોકમાં આવીને હું પળવાર થંભી ગયો અને ફાંસીના માંચડાની ઉપર નજર ઠેરવીને મેં મારું મસ્તક નમાવ્યું. પછી હું કિલ્લાનો વિસ્તાર છોડીને ઓરેનબૂર્ગના માર્ગે રવાના થઈ ગયો. બધો વખત મારી પાછળ પાછળ ભમતો રહેલો સાવેલ્યિચ પણ ભેગો ચાલી નીકળ્યો.

હું ચાલતો ચાલતો વિચારોમાં ગરકાવ થઈ ગયો હતો એટલામાં મને પાછળથી ઘોડાના ડાબલા સંભળાયા. મેં પાછળ ફરીને જોયું તો એક કઝ્ઝાક ઘોડેસવાર કિલ્લામાંથી નીકળીને પૂરપાટ મારી તરફ આવતો દૂરથી નિશાનીઓ કરી રહ્યો હતો. તે પોતાની ભેગો એક બાશ્કિરી ઘોડાને લગામ પકડીને લાવી રહ્યો હતો. હું ઊભો રહી ગયો અને મેં અમારા સાર્જેન્ટને તરત જ ઓળખી લીધો. તે મારી પાસે પહોંચીને પોતાના ઘોડા પરથી ઊતરી ગયો અને બીજા ઘોડાની લગામ મારા હાથમાં આપતો બોલ્યો: "નામદાર, અમારા માલિકે આ ઘોડો તમને

મોકલ્યો છે અને પોતાનો કોટ ઉતારીને તમારી સારુ આપ્યો છે." (ઘેટાની ખાલનો એક કોટ ઘોડાના પલાણે બાંધેલો હતો.) "વળી તમને સુપરત કરવા..."

અહીંયાં સાર્જન્ટની જીભ થોથવાઈ ગઈ અને તે પળવાર બોલતો અટકી ગયો —"પચાસ કોપેક મને આપેલા પણ એ તો મારાથી રસ્તામાં ખોવાઈ ગયા. હું તમારી માફી માગું છું." સાવેલ્યિચ ત્રાંસી નજર તેની ઉપર નાખતો બબડ્યો: "ખોવાઈ ગયા? અને પેલું તારા ખીસામાં રણકે છે એ શું છે? બેશરમ ક્યાંનો!" સાર્જન્ટે તદ્દન લાપરવાઈથી જવાબ દીધો: "મારા ખીસામાં રણકે છે? અરે બુઢ્ઢા બાબા, ઈશ્વર તારું ભલું કરે! એ કંઈ પૈસા નથી, ખાલી લગામ છે." બેઉની દલીલોને વચ્ચેથી કાપી નાખતો હું બોલ્યો: "બહુ સારું, તને જેણે મોકલ્યો છે તેનો મારા વતી આભાર માનજે. અને વળતાં રસ્તામાંથી પચાસ કોપેક ગોતી કાઢીને મનફાવે તે પી લેજે." સાર્જન્ટે ઘોડો પાછો ફેરવતાં કહ્યું: "અહેસાન, નામદાર! હું હંમેશાં ભગવાનને તમારું ભલું કરવાની પ્રાર્થના કરતો રહીશ." એટલું કહીને તેણે ઘોડાને એડી મારી, અને ખમીસનો આગળનો ભાગ એક હાથ વડે દબાવી રાખતો સડસડાટ રવાના થઈ ગયો. એક મિનિટમાં તો તે દેખાતો બંધ થઈ ગયો.

મેં કોટ પહેરી લીધો અને હું ઘોડા ઉપર સવાર થઈ ગયો. સાવેલ્યિચ મારી પાછળ પાછળ ચાલવા લાગ્યો. "જોયું ને, હજૂર," જઈફ આદમી બોલ્યો, "મવાલીઓના સરદારને મેં અરજી આપી તે સારું જ કર્યું! ચોરને આખર શરમ આવી ખરી! લફંગાએ આપણી જે કંઈ માલમતા ચોરી લીધી તેનો અરધો બદલોયે આ સુકલકડી બાશ્કિરી ટટ્ટુ અને ઘેટાની ખાલના કોટથી ન વળી શકે, અને તમે પોતે આપેલી બક્ષીસ તો હું એમાં ગણતો જ નથી. છતાં આ બે ચીજો કામે તો લાગશે જ, ન મામા કરતાં કાણો મામો કંઈ ખોટો નહિ."

શહેરને ઘેરો

ગોઠવી લશ્કરો મેદાનમાં ને ડુંગર પરે,
નજરે ગગનગામી ગરુડની, તે શહેરને નીરખી રહ્યો.
કરી દીવાલ ખડી, શમાવવા ગર્જનોને;
રાતે ભેદી નીરવતાને, ભલે શોર જાય વહ્યો.

ખેરાસ્કોવ [20]



અમે ઓરેનબૂર્ગ નજીક પહોંચ્યા ત્યારે અમને વગડામાં કેદીઓની એક ટોળી મળી. તેમનાં માથાં ટકો કરેલાં હતાં અને જુલમગારે અજમાવેલાં હથિયારોથી તેમનાં અંગો છેદાઈ ગયેલાં હતાં. તેઓ ગૅરિસનના ઘરડા સિપાહીઓની દેખરેખ હેઠળ કિલ્લેબંદી નજીક કામ કરી રહ્યા હતા. કેટલાક ખાઈમાંથી કાઢેલું કીચડ ગાડાંમાં ભરીને લઈ જતા હતા અને કેટલાક કોદાળીઓ વડે જમીન ખોદી રહ્યા હતા. કડિયાઓ ઈંટો લઈને ગઢની રાંગે ચડી રહ્યા હતા અને શહેરના રક્ષણની દીવાલની મરામત કરી રહ્યા હતા. સંત્રીઓએ અમને દરવાજે રોકીને અમારા પાસપોર્ટ માગ્યા. હું બેલોગોર્સ્ક કિલ્લેથી આવ્યો છું તેની સાર્જન્ટને જાણ થઈ કે તરત જ તે મને જનરલને ઘેર લઈ ગયો.

જનરલ તેના બગીચામાં ફરતો ફરતો સફરજનનાં ઝાડ નીરખી રહ્યો હતો. શરદના પવનના ઝપાટાથી બધાં ઝાડનાં તમામ પાંદડાં ખરી ગયાં હતાં. તે એક ઘરડા માળીની મદદ લઈને વૃક્ષોનાં થડો ફરતે ખડની પૂળીઓ બાંધી રહ્યો હતો.

તેની અદામાં સ્વસ્થતા, તંદુરસ્તી, અને ખુશમિજાજ છલકાઈ રહ્યાં હતાં. તે મને જોઈને ખુશ થઈ ગયો અને મેં જોયેલી ભયંકર ઘટનાઓ વિશે સવાલો પૂછવા લાગ્યો. મેં તેને આખી વાત માંડીને જણાવી. વૃદ્ધ આદમીએ સૂકી ડાંખળીઓ તોડતાં તોડતાં મારું બયાન ધ્યાનથી સાંભળ્યું. "બિચારો મિરોનોવ!" મારું ગમગીન બયાન પૂરું થતાં તે બોલ્યો. "અફસોસની વાત છે! બહેતરીન અફસર હતો. અને તેની પત્ની બહુ જ માયાળુ બાઈ હતી. તેને મશરૂમ વીણવાની સરસ ફાવટ હતી. કૅપ્ટનની બેટી માશાનું શું થયું?" મેં જવાબ આપ્યો કે તે કિલ્લામાં જ રહી ગઈ છે અને પાદરીની પત્ની તેનું ધ્યાન રાખે છે. "અરે! એ તો માઠી ખબર!" જનરલ બોલ્યો. "બહુ માઠી! એ મવાલીઓની શિસ્તની ખાતરી કોઈ રીતે ન જ રાખી શકાય. બિચારી બાળાનું શું થશે?" મેં જવાબમાં કહ્યું કે બેલોગોર્સ્ક કિલ્લો કંઈ બહુ દૂર નથી, અને આપ નામદાર ત્યાંના રહેવાસીઓની મુકિત માટે લશ્કર મોકલવામાં જરાય વિલંબ નહિ કરો, મને એની પૂરી ખાતરી છે. જનરલે દુવિધાના ભાવે માથું ધુણાવ્યું. "જોઈશું, જોઈશું," તેણે કહ્યું, "એ બાબત અંગે મસલત કરવાનો વખત તો મળી રહેશે. તમે મારે ત્યાં ચા પીવા આવજો. મેં જંગ સમિતિની મિટિંગ બોલાવી છે. ત્યાં તમે પેલા રખડુ પુગાચોવ અને તેના લશ્કરની હાલત વિશે ખરી માહિતી આપજો. પણ હમણાં જઈને આરામ કરો."

હું મને ફાળવવામાં આવેલા રહેઠાણે ગયો. સાવેલ્યિચ ત્યાં બધું ગોઠવવાના કામમાં ડૂબી ગયો હતો. હું આરામ કરવા બેઠો અને બને એટલી હિંમત હૈયે ધરીને નિયત સમયની વાટ જોવા લાગ્યો. વાચક સહેલાઈથી ધારણા કરી શકશે કે મારી ભાવિ જિંદગી ઉપર ભારે પ્રભાવ પાડનારી એ મિટિંગમાં હાજર રહેવાનું હું ન જ ચૂક્યો હોઉં. નિયત સમયે હું જનરલને ઘેર પહોંચી ગયો.

હું પહોંચ્યો ત્યારે શહેરનો એક અમલદાર ત્યાં મોજૂદ હતો. મારી ભૂલ ન થતી હોય તો રાતા ગાલવાળો એ જાડિયો જરાગ્રસ્ત આદમી જકાત ખાતાનો સંચાલક હતો. તેણે ભરત ભરેલો જામો પહેર્યો હતો. તેણે ઈવાન કુઝ્મીચને પોતાનો પુરાણો દોસ્ત ગણાવીને તેના અંજામ વિશે મને સવાલો પૂછવાનું શરૂ કર્યું. મારા બયાનમાં તે વારંવાર સવાલો પૂછીને અને બોધપ્રદ વિચારો વ્યકત કરીને અંતરાય પાડતો હતો. તેની વાતોમાંથી લશ્કરી કામગીરી અંગેની ઝાઝી જાણકારી જાહેર નહોતી થતી પરંતુ સાફ જણાઈ આવતું હતું કે માણસ બુદ્ધિશાળી છે અને મુદ્દાને ઝડપથી સમજી લેવાની શકિત ધરાવે છે. દરમિયાનમાં બીજા

આમંત્રિત સજ્જનો આવી પહોંચ્યા. આખી મંડળીમાં લશ્કરી આદમી એક જનરલ સિવાય બીજો કોઈ નહોતો. સૌ બેસી જઈને ચા પીવા લાગ્યા એટલે જનરલે પરિસ્થિતિનું ખૂબ જ સ્પષ્ટ અને વિગતવાર વિવરણ રજૂ કર્યું. પછી તેણે આગળ બોલતાં કહ્યું: "હવે આપણે નક્કી કરવાનું છે કે બળવાખોરોની સામે કઈ રીત અજમાવવી — આક્રમણની કે બચાવની? દરેક રીતના ફાયદા અને ગેરફાયદા બન્ને છે. આક્રમણની રીતમાં દુશ્મનના ઝડપી ખાતમાની વધારે આશા રહે છે. બચાવની રીતમાં વધારે ખાતરી અને સલામતી છે. એટલે આપણે રીતસર મત લઈને ફેંસલો કરીએ, અને શરૂઆત અહીંયાં મોજૂદ સૌથી નીચલા દરજ્જાના માણસથી કરીએ." એટલું કહીને તેણે મારી તરફ ફરતાં ફરમાન કર્યું: "જુવાન અફસર, મહેરબાની કરીને તમારો અભિપ્રાય અમને જણાવો."

હું ઊભો થયો અને પુગાચોવ તથા તેની ટોળકીનું ટૂંકું વર્ણન રજૂ કર્યા પછી મેં જણાવ્યું કે નકલી શહેનશાહ આપણી સ્થાયી સેનાઓનો મુકાબલો નહિ કરી શકે. મારા અભિપ્રાય અંગે અમલદારોનો સાફ અણગમો જાહેર થઈ ગયો. તેમને તેમાં જુવાનીનો ગરમ મિજાજ અને અવિચારી સાહસવૃત્તિ દેખાયાં. વાતોનો ગણગણાટ શરૂ થઈ ગયો અને ધીમા અવાજે બોલાયેલો શબ્દ "ગલૂડિયું" મને સાફ સંભળાયો. જનરલ મારી તરફ ફરીને સ્મિત કરતો બોલ્યો: "જુવાન અફસર! લશ્કરી સમિતિમાં પ્રથમ મત હંમેશાં આક્રમક કદમની તરફેણમાં જ પડતા હોય છે, એવો તો જાણે નિયમ જ બની ગયો છે. આપણે મત લેવાનું ચાલુ રાખીએ. કાઉન્સિલર હવે તમારો અભિપ્રાય આપો."

ભરતનો જામો પહેરેલા ઘરડા આદમીએ સારી પેઠે રમનો દારૂ ભેળવેલી ચાનો ત્રીજો કપ જલદી જલદી ખતમ કરતાં જવાબ આપ્યો: "નામદાર, મારો અભિપ્રાય તો એવો છે કે આપણે આક્રમણનું કદમ પણ ન ઉઠાવવું અને બચાવની કામગીરી પણ હાથમાં ન લેવી."

"શું કહ્યું તમે, કાઉન્સિલર?" જનરલ વિસ્મિત થઈને બોલી ઊઠયો. "પણ બીજી કોઈ રીત શક્ય જ નથી — કાં તો બચાવની કામગીરી અથવા આક્રમણનું કદમ..."

"નામદાર, આપણે ખરીદીની તરકીબ અજમાવવી જોઈએ."

"વાહ! તમારો અભિપ્રાય ખૂબ જ સમજદારીભર્યો છે. ખરીદીની તરકીબ પણ શક્ય છે. તમારી સલાહનો અમલ કરવામાં આવશે. આપણે એ મવાલીના

માથા માટે ગુપ્ત ભંડોળમાંથી સિત્તેર રૂબલની કે પછી પૂરા એકસો રૂબલની લાલચ આપી શકીએ..."

"એમ કરીએ તો..." જકાત ખાતાનો સંચાલક વચમાં બોલી ઊઠયો, "એ ચોરટાઓ પોતાના સરદારને હાથપગ બાંધીને આપણા હાથમાં સુપરત કરી દેશે. એમ ન થાય તો મને કાઉન્સિલર નહિ પણ કિરગિઝ ઘેટો સમજવો!"

"આપણે તમારી સલાહ વિશે ચર્ચાવિચારણા કરીશું," જનરલે જવાબ આપ્યો. "પરંતુ લશ્કરી કદમો તો ઉઠાવવાં જ પડશે. સજ્જનો, બરાબર રીતસર તમારા અભિપ્રાયો રજુ કરો."

સઘળા અભિપ્રાયો મારા ખ્યાલની વિરુદ્ધ હતા. તમામ અમલદારોએ સિપાહીઓની બિનભરોસેદારી, સફળતાની અનિશ્ચિતતા, સાવચેતીની આવશ્યકતા, વગેરેના ઉલ્લેખો કર્યા. સૌનો મત એવો હતો કે ખુલ્લા મેદાનમાં જંગના અંજામ ઉપર મદાર રાખવા કરતાં તોપોના રક્ષણ હેઠળ તોતિંગ દીવાલોની પાછળ સલામત રહેવામાં વધારે ડહાપણ છે. આખરે જનરલે દરેકનો અભિપ્રાય સાંભળી લીધા પછી હોકલીમાંથી રાખ ખંખેરી નાખી અને નીચે મુજબનું ભાષણ કર્યું:

"સજ્જનો! મારે તમને જણાવી દેવું જોઈએ કે હું પોતે તો આ જુવાન અફસરની જોડે પૂરેપૂરો સહમત છું, કારણ કે તેનો અભિપ્રાય સંગીન સંગ્રામનીતિના સઘળા નિયમો ઉપર આધારિત છે, અને ખરી સંગ્રામનીતિ અચૂકપણે બચાવની કામગીરીની નહિ પરંતુ આક્રમક કદમની તરફેણમાં જ હોય છે."

એટલું કહીને તે અટકી ગયો અને હોકલી ભરવા લાગ્યો. મારા અહમ્‌ની જીત થઈ. અસંતોષ અને ફિકરના ભાવે આપસમાં ગુસપુસ કરતા અમલદારોની તરફ મેં અહંકારભરી નજર નાખી.

"પરંતુ સજ્જનો," જનરલ ઊંડા ઉચ્છ્વાસની સાથે સાથે ધુમાડાનો ઘેરો ગોટો કાઢતો આગળ બોલ્યો," મારી અત્યંત દયામય નામદાર સમ્રાજ્ઞીએ મને સોંપેલા પ્રદેશોની સલામતીની બાબતમાં એવી ભારે જવાબદારી મારા એકલાને શિરે લેવાનું સાહસ હું નહિ કરું. એટલે હું બહુમતીનો નિર્ણય સ્વીકારું છું કે શહેરની અંદર રહીને ઘેરાની વાટ જોવાનું અને આપણી તોપોની તાકાત વડે તેમ જ (શક્ય બને તો) છાપા મારીને દુશ્મનને પરાજિત કરવાનું કદમ જ વધારેમાં વધારે સમજદારીનું તથા સલામત છે."

હવે અમલદારોને મારી તરફ ઉપહાસભરી નજર નાખવાનો મોકો મળ્યો. મિટિંગ બરખાસ્ત થઈ ગઈ. પોતાની પ્રતીતિઓની વિરુદ્ધ અજ્ઞાની તથા બિનઅનુભવી માણસોનો અભિપ્રાય સ્વીકારી લેવાનું નક્કી કરનારા વયોવૃદ્ધ યોદ્ધાની કમજોરી જોઈને હું દિલગીરી અનુભવ્યા વગર ન રહી શક્યો.

લશ્કરી સમિતિની એ યાદગાર મિટિંગ પછી થોડાક દિવસે અમને જાણવા મળ્યું કે પુગાચોવ પોતાના બોલને વફાદાર રહીને કૂચ કરતો ઓરેનબૂર્ગ તરફ આવી રહ્યો છે. શહેરના કિલ્લાના બુરજ પરથી મેં બળવાખોર સિપાહીઓને ધસી આવતા જોયા. એક અઠવાડિયા પહેલાં મેં નજરે જોયેલા હુમલા પછી તેના સિપાહીઓની સંખ્યા મને બેહદ વધી ગયેલી લાગી. પુગાચોવે નાના કિલ્લા સર કરીને કબજે કરી લીધેલી તોપો પણ તેઓ સાથે લાવી રહ્યા હતા. જંગ સમિતિનો નિર્ણય મને યાદ હતો એટલે મને સમજાઈ ગયું કે લાંબા વખત સુધી ઓરેનબૂર્ગના કિલ્લાની ભીતર જ ગોંધાઈ રહેવું પડશે. એથી હું અકળામણનો માર્યો રડવા જેવો થઈ ગયો.

ઓરેનબૂર્ગના ઘેરાના વર્ણનનો પ્રયાસ હું નહિ કરું કારણ કે તેનું સ્થાન પારિવારિક નોંધમાં નહિ પરંતુ ઇતિહાસના લેખનમાં જ ગણાય. હું તો બને એટલા સંક્ષિપ્ત રૂપમાં ફક્ત એટલું જ જણાવીશ કે એ ઘેરો સ્થાનિક વહીવટની લાપરવાઈને લીધે શહેરના રહેવાસીઓ માટે વિનાશક સાબિત થયો. લોકોને ભૂખમરાના તેમ જ જાતજાતની બીજી હાડમારીઓના ભોગ બનવું પડ્યું. સહેલાઈથી ધારણા કરી શકાશે કે ઓરેનબૂર્ગમાં જિંદગી તદ્દન અસહ્ય બની ગઈ. સૌ હતાશ થઈને આખરી અંજામની વાટ જોઈ રહ્યા હતા. સૌ મોંઘવારીના બોજા હેઠળ કણસી રહ્યા હતા, અને મોંઘવારી ખરેખર ભયાનક હતી. તોપના ગોળા આંગણમાં પડવાના બનાવોથી લોકો ટેવાઈ ગયા, અને પુગાચોવના હલ્લાઓથી જાગતું સામાન્ય કુતૂહલ પણ ધીરે ધીરે બંધ થઈ ગયું. કંટાળાથી હું તો જાણે નિષ્પ્રાણ થઈ ગયો. વખત વીતતો ગયો. બેલોગોર્સ્ક કિલ્લેથી મને કોઈ પત્રો ન મળ્યા. બધા રસ્તા કપાઈ ગયા હતા. મારિયા ઇવાનોવ્નાનો વિયોગ મારે માટે અસહ્ય બની રહ્યો હતો. તેની હાલત અંગેની બિનવાકેફગારીને લીધે હું વેદના અનુભવી રહ્યો હતો. મારા મનને જુદી દિશામાં વાળવાનો એકમાત્ર ઉપાય ઘોડેસવારીનો હતો. પુગાચોવની મહેરબાનીને કારણે મારી પાસે સરસ ઘોડો હતો. મને જે કંઈ થોડું ઘણું ખાવાનું મળતું તેમાંથી હું ઘોડાને ભાગ આપતો, અને બળવાખોરોની જોડે ગોળીબારનાં છમકલાં કરી લેવા દરરોજ

ઘોડેસવાર થઈને શહેરની બહાર નીકળી જતો. એવાં છમકલાંમાં સામાન્ય રીતે બળવાખોરોનું પલ્લું જ ભારે રહેતું કારણ કે તેમને ખોરાક સારો મળતો, ખૂબ દારૂ પૂરો પાડવામાં આવતો, અને તેમના ઘોડા સરસ હતા. શહેરનું પાંખું હયદળ તેમને હંફાવી શકે એવું નહોતું. ક્યારેક ક્યારેક અમારું ભૂખે મરતું પાયદળ પણ લડાઈના મેદાનમાં પહોંચી જતું, પરંતુ વીખરાઈને લડતા બળવાખોરોના હયદળને તે હિમના જાડા થરને કારણે કશી ઈજા નહોતું કરી શકતું. અમારી તોપો કિલ્લાના બુરજો પરથી વ્યર્થ ગર્જનાઓ કરતી રહેતી, અને લડાઈના મેદાનમાં લઈ જવામાં આવે ત્યારે માટીમાં ખૂંપી જતી. બેહદ થાકેલા ઘોડાઓ તેમને ખેંચીને બહાર કાઢવા અશકત સાબિત થઈ જતા. અમારી લશ્કરી કામગીરીનો નકશો એવો હતો, ઓરેનબૂર્ગના અમલદારોએ જેની હિમાયત કરેલી એ સાવચેતી ને સમજદારી એવી હતી.

એક વાર અમે દુશ્મનના સારી પેઠે મોટા દસ્તાને વિખેરી નાખવામાં તથા મારી હઠાવવામાં જેમ તેમ કરીને કામયાબ થઈ ગયા ત્યારે સાથીઓથી વિખૂટા પડી ગયેલા એક કઝ્ઝાકની ઉપર હું ઘોડો દોડાવતો ધસી ગયો. હું મારી તુર્કી તલવાર વીંઝીને તેને વાઢી નાખવા જતો હતો એટલામાં તે માથેથી ટોપી ઉતારી નાખતો જોરથી બોલી ઊઠયો: "પ્યોતર આન્દ્રેઈચ! સલામ! કેમ છો?"

તેની ઉપર નજર પડતાં જ મને સાર્જન્ટ ઓળખાઈ ગયો. તેને જોઈને મને અકથ્ય ખુશી થઈ. "અરે! માક્સીમિચ! બેલોગોર્સ્કથી ક્યારે નીકળેલો? બહુ વખત થયો?"

"ના, બહુ નહિ, પ્યોતર આન્દ્રેઈચ, હજૂર! હું તો ગઈકાલે જ અહીં પહોંચ્યો છું. તમારે માટે એક ચિઠ્ઠી લાવ્યો છું."

"ક્યાં છે? લાવ," હું અધીરાઈથી બોલી ઊઠયો. મારો ચહેરો લાલચોળ થઈ ગયો.

"આ રહી!" માક્સીમિચ તેના ખમીસના આગળના ભાગમાં હાથ ખોંસતો બોલ્યો. "મેં પાલાશાને બોલ આપેલો કે ગમે તેમ કરીને તમને પહોંચાડી દઈશ." ગડી વાળેલો એક કાગળ મારા હાથમાં આપીને તેણે ઘોડો મારી મૂક્યો. કાગળની ગડી ખોલીને મેં અત્યંત ઉદ્વેગની લાગણી અનુભવતાં નીચેની લીટીઓ વાંચી:

"ઈશ્વરની મરજી મને અચાનક જ મારાં માતાપિતાની છાયાથી વંચિત કરી દેવાની હતી. હવે મારું કોઈ સગું કે રક્ષણહાર આ જગતમાં નથી. હું

જાણું છું કે તમે હંમેશાં મારું ભલું વાંછ્યું છે અને વિપદામાં પડેલા સૌને સહાય કરવા તમે સદા તત્પર રહો છો, એટલે હું મારી મીટ તમારી ઉપર માંડું છું. હું ઈશ્વરને પ્રાર્થના કરું છું કે આ પત્ર સહીસલામત તમને મળી જાય. માક્સીમિચે વચન આપ્યું છે કે તમને પહોંચાડી દેશે. પાલાશાને માક્સીમિચ પાસેથી ખબર પડી કે તે છાપા મારતી ટુકડીઓમાં તમને ઘણી વાર જુએ છે, અને આંસુ છલકાતી આંખો લઈને તમારી સારુ ઈશ્વરને પ્રાર્થના કરનારાઓનો કશો ખ્યાલ મનમાં રાખ્યા વગર તમે તમારી સલામતી અંગે તદ્દન બેપરવા રહો છો. હું લાંબી માંદગી પછી સાજી થઈ ત્યારે, મારા સ્વર્ગીય પિતાને સ્થાને અહીંના કમાંડર બનેલા અલેક્સેઈ ઇવાનોવિચે ફાધર ગેરાસિમની ઉપર દબાણ કર્યું કે મને તેના હાથમાં સોંપી દેવામાં આવે, અને ફાધર ગેરાસિમ એમ ન કરે તો પુગાચોવને ફરિયાદ કરવાની ધમકી આપી. હવે હું અમારા પુરાણા ઘરમાં રહું છું, મારી ઉપર પહેરો ગોઠવવામાં આવ્યો છે. અલેક્સેઈ ઇવાનોવિચ મને તેની જોડે લગ્ન કરી લેવા મનાવવાની કોશિશ કરી રહ્યો છે. આકુલીના પામ્ફીલોવ્નાએ મવાલીઓ સમક્ષ મને પોતાની ભાણેજ ગણાવેલી ત્યારે ભેદ છતો ન કરીને મારી જિંદગી બચાવી લેવાનો દાવો અલેક્સેઈ ઇવાનોવિચ કરી રહ્યો છે. પરંતુ અલેક્સેઈ ઇવાનોવિચ જેવા માણસની પત્ની બનવું પડે તેના કરતાં તો હું એ વખતે મરી ગઈ હોત તો સારું હતું. તે મારી જોડે ખૂબ નિર્દય વર્તન કરે છે. તે મને ધમકી આપે છે કે હું મારો ઇરાદો નહિ બદલું અને તેની સાથે લગ્ન કરવા તૈયાર નહિ થઈ જાઉં તો તે મને બળવાખોરોની છાવણીમાં પહોંચાડી દેશે અને ત્યાં મારી હાલત લિઝાવેતા ખાર્લોવા[21] જેવી થઈ જશે. મેં અલેક્સેઈ ઇવાનોવિચને આજીજી કરી કે મને વિચાર કરવાનો થોડોક વખત આપે. તેણે ત્રણ દિવસ રાહ જોવાનું મંજૂર કર્યું છે. ત્રણ દિવસ પછીયે હું તેની સાથે લગ્ન કરવાનો ઇનકાર કરું તો તે મારી ઉપર મુદ્દલ રહેમ નહિ કરે. પ્રિય પ્યોતર આન્દ્રેઇચ! મારા એકમાત્ર રક્ષણહાર તમે જ છો. આ કમનસીબ બાળાને બચાવી લો! જનરલને તેમ જ બધા કમાંડરોને જણાવો કે બને એટલા જલદી અમને કુમક મોકલે, અને શક્ય હોય તો તમે પોતે આવો.

દુ:ખી દીન અનાથ

મારિયા મિરોનોવા"

પત્ર વાંચીને હું મારું મન માંડ માંડ કાબૂમાં રાખી શક્યો. બિચારા ઘોડાને નિષ્ઠુરતાથી એડીઓ મારતો હું પૂરઝડપે શહેરમાં પહોંચી ગયો. રસ્તામાં બધો

વખત હું બિચારી બાળાને બચાવવાની યોજનાઓ અંગે વિચાર કરતો રહ્યો પરંતુ મને એક પણ ઉપાય સૂઝયો નહિ. હું મારતે ઘોડે શહેરમાં દાખલ થઈને સીધો જનરલને ત્યાં ગયો અને એકદમ તેની પાસે પહોંચી ગયો. તે ખંડમાં આંટા મારતો ખાસ કિસમની હોકલી પી રહ્યો હતો. મને જોઈને તે થંભી ગયો. મારા અચાનક ધસી આવવાથી તે બેશક વિસ્મિત થઈ ગયો, અને તેણે હેતાળ ભાવે મારા ઉત્તેજિત આગમનનું કારણ પૂછ્યું. "નામદાર," મેં કહ્યું, "હું તમને મારા પિતા જેવા ગણીને તમારી પાસે આવ્યો છું. ઈશ્વરને ખાતર મારી આજીજી નકારી કાઢશો નહિ — મારી આખી જિંદગીના સુખનો સવાલ છે."

"શી વાત છે, ભાઈ?" આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયેલા બુઝુર્ગે સવાલ કર્યો. "હું શી મદદ કરી શકું? બોલો!"

"નામદાર, બેલોગોર્સ્ક કિલ્લાને બળવાખોરોના હાથમાંથી પાછો જીતી લેવા માટે એક ટુકડી અને થોડાક કઝ્ઝાકોને લઈને તત્કાળ રવાના થઈ જવાનો મને હુકમ આપો!"

જનરલ મારી સામે તાકી રહ્યો — ચોક્કસ એમ માનીને કે મારી સાન ઠેકાણે નથી (અને એવી ધારણામાં તેની ભાગ્યે જ કશી ભૂલ હતી).

"શું? બેલોગોર્સ્ક કિલ્લાને પાછો જીતી લેવા?" આખરે તે બોલ્યો.

"હું સફળતાની ખાતરી આપું છું," મેં આતુરતાથી જવાબ આપ્યો. "મને એક વાર જવા દો!"

"ના, મારા જુવાન ભાઈ, ના," તેણે માથું ધુણાવતાં કહ્યું. "એટલા લાંબા અંતરે સંગ્રામના મુખ્ય મથક જોડેનો તમારો સંબંધ કાપી નાખવામાં અને તમારી ઉપર પૂરી ફતેહ હાંસલ કરી લેવામાં દુશ્મનને જરાય મુશ્કેલી નહિ પડે. સંદેશવ્યવહાર કપાઈ જાય ત્યારે..."

મને બીક લાગી કે જનરલ સંગ્રામનીતિની ચર્ચા શરૂ કરી દેશે, એટલે હું તરત જ અધવચ્ચે બોલી ઊઠયો: "કૅપ્ટન મિરોનોવની પુત્રીએ મને પત્ર લખ્યો છે. તેણે મદદની વિનંતિ કરી છે. શ્વાબ્રિન બળજબરીથી તેની સાથે લગ્ન કરવા માગે છે."

"ખરેખર? અરે, એ શ્વાબ્રિન તો પક્કો લફંગો છે! મારા હાથમાં આવશે તો હું એની ઉપર ચોવીસ કલાકમાં મુકદ્દમો ચલાવીને એને કિલ્લાની રાંગ પર ગોળીએ ઉડાવી દઈશ! પરંતુ અત્યારે તો ધીરજ રાખવાની છે!"

"ધીરજ!" મેં ઉત્તેજિત થઈને પડઘો પાડયો. "અને દરમિયાનમાં એ મારિયા ઈવાનોવ્નાની જોડે પરણી જશે!"

"હં..." જનરલ બોલ્યો. "પરંતુ એની દશા તો એથીયે બદતર થઈ શકે એમ છે. એને માટે થોડો સમય શ્વાબ્રિનની પત્ની બની જવાનું બહેતર છે. શ્વાબ્રિન એની સંભાળ રાખશે, અને આપણે એને ગોળીએ ઉડાવી દઈએ ત્યારે બાઈ સારુ બીજો વર ગોતી કાઢીશું. ઈશ્વરની દયા હોય તો રૂપાળી વિધવાઓ લાંબો વખત પરણ્યા વગર બેઠી ન રહે, અથવા હું તો એમ કહું કે કુંવારી કન્યા કરતાં જુવાન વિધવા વધારે સહેલાઈથી વર ગોતી કાઢે."

"હું મોતને ભેટીશ પણ એને શ્વાબ્રિનના હાથમાં નહિ પડવા દઉં!" હું ખીજે ભરાઈને બોલી ઊઠયો.

"વાહ! તો એમ વાત છે!" જઈફ આદમી બોલ્યો. "હવે સમજાયું! તમે પોતે જ મારિયા ઈવાનોવ્નાના પ્રેમમાં છો. એ તો જુદી જ વાત થઈ. બિચારા ભાઈ! પરંતુ તોયે હું તમને ટુકડી અને કઝ્ઝાકો કોઈ રીતે ન જ આપી શકું. એવા કદમમાં મુદ્દલ સમજદારી ન ગણાય. એવી જવાબદારી હું ન લઈ શકું."

મેં હતાશ થઈને માથું નીચે ઢાળી દીધું. એકાએક મારા મનમાં એક ખ્યાલ ઝબકી ગયો--પરંતુ પુરાણી ઢબના નવલકથાકારો કહેતા તેમ વાચકને તો આગલા પ્રકરણમાં જ જાણવા મળશે કે એ ખ્યાલ કેવો હતો.

બળવાખોર ગામ

વનરાજ એટલે જનાવર વિકરાળ,
પણ એ વખતે એનું પેટ ભરેલું હતું.
"મારા ગઢમાં આવવાનું કારણ?"
તેના અવાજમાં નરમાશનું વલણ હતું.

સુમારોકોવ [22]



હું જનરલ પાસેથી નીકળીને ઉતાવળો મારા રહેઠાણે પહોંચ્યો. સાવેલ્યિચે મને જોતાંવેંત રોજની જેમ નસિયત શરૂ કરી દીધી. "દારૂડિયા મવાલીઓની સામે છમકલાં કરવા જાઓ છો. હજૂર! આ શું ઉમરાવ ઘરના નબીરાને છાજે એવું કામ છે? ક્યારેક માઠો અંજામ આવશે અને તમે નકામા જિંદગી ગુમાવી બેસશો. હા, તુર્કી કે સ્વિડનના સિપાહીઓ હોય તો વાત જુદી જ ગણાય —પણ તમે જેની સામે લડો છો એ લોકોનું તો નામ લેતાંયે મને શરમ આવે છે!"

મેં તેના વાણીપ્રવાહમાં અધવચ્ચે અંતરાય પાડીને પૂછ્યું કે તારી પાસે મારા બધા મળીને કેટલા પૈસા છે. "પૈસા તો છે," તેણે સંતોષના ભાવે જવાબ આપ્યો. "મવાલીઓએ આપણી માલમતા લૂંટી લીધી, પણ મેં ગમે તેમ કરી થોડાક પૈસા છુપાવી રાખ્યા." એટલું કહેતાં તેણે ખીસામાંથી એક લાંબી ગૂંથેલી થેલી ખેંચી કાઢી. તેમાં ચાંદીના સિક્કા ભરેલા હતા. "વારુ, સાવેલ્યિચ," મેં

કહ્યું, "આમાંથી અરધા મને આપી દે અને અરધા તું રાખી લે. મારે બેલોગોર્સ્ક કિલ્લે જવું છે."

"પ્યોતર આન્દ્રેઈચ! માલિક!" માયાળુ ડોસો થોથવાતા અવાજે બોલ્યો. "ઈશ્વરને ખાતર જવાનું રહેવા દો! બધા રસ્તાઓ પર બળવાખોર ટોળકીઓ ભમી રહી છે એવે ટાણે તમારાથી કેમ જવાય? તમને તમારી પોતાની પરવા ન હોય તો ભલે, પણ તમારાં માબાપની ઉપર તો જરાક રહેમ રાખો! તમારે જવાની શી જરૂર છે? શા માટે જવું છે? થોડોક વખત થોભી જાઓ — કુમક આવી પહોંચે એટલે મવાલીઓને પકડી લેવામાં આવશે. પછી તમારે જ્યાં જવું હોય ત્યાં ખુશીથી જજો."

પરંતુ મેં પાકો નિર્ણય કરી લીધો હતો. "હવે દલીલો કરવાનો વખત નથી," મેં ઘરડા આદમીને કહી દીધું. "મારે જવું જ છે, અને હું ચોક્કસ જવાનો જ. અફસોસ કરવા રહેવા દે, સાવેલ્યિચ! ઈશ્વર દયાળુ છે, કદાચ આપણે ફરી મળીશું. સાંભળ, જરાય અચકાવાની કે બહુ કંજૂસાઈ કરવાની જરૂર નથી. તને જરૂર હોય એ બધી ચીજો ખરીદી લે, ખર્ચ ભલે ગમે એટલું થાય. આ પૈસા હું તને બક્ષીસમાં આપી દઉં છું. હું ત્રણ દિવસમાં પાછો ન આવું તો..."

"આ તમે શું કહી રહ્યા છો, માલિક?" સાવેલ્યિચ વચમાં જ બોલી ઊઠયો. "જાણે કેમ હું તમને એકલા જવા દેવાનો હોઉં! એવો ખ્યાલ પણ મનમાં લાવશો નહિ. તમે જવાનો ફેંસલો કરી જ નાખ્યો છે તો હુંયે ભેગો આવીશ — જરૂર પડે તો પગપાળો, પણ હું તમને કદી એકલા છોડી દેવાનો નથી. તમે શું ખરેખર માનો છો કે હું આ પથ્થરની દીવાલોની પાછળ સલામત જગ્યામાં તમારા વગર રહી જાઉં? તમારે કહેવું હોય તે કહેજો, માલિક, પણ હું તમને એકલા છોડવાનો નથી."

હું સમજી ગયો કે સાવેલ્યિચની જોડે દલીલો કરવાનો કશો જ અર્થ નથી, એટલે મેં તેને સફરની તૈયારી કરવા દીધી. અર્ધા કલાક પછી હું મારા પાણીદાર ઘોડા ઉપર સવાર થઈ ગયો અને સાવેલ્યિચ તેના લંગડા સુકલકડી ટટ્ટુ પર બેસીને તૈયાર થઈ ગયો. એ ટટ્ટુ શહેરના એક રહેવાસીએ તેને મફત આપી દીધું હતું કારણ કે જનાવરને ખવડાવવાની પહોંચ માલિકમાં નહોતી રહી. અમે શહેરના દરવાજે પહોંચી ગયા. સંત્રીએ અમને જવા દીધા. અમે રવાના થઈ ગયા અને ઓરેનબૂર્ગ પાછળ રહી ગયું.

સાંજ પડવા લાગી. મારો માર્ગ બેર્દ ગામમાં થઈને જતો હતો. એ ગામમાં હવે પુગાચાવનો અડ્ડો હતો. રસ્તે હિમના થર ખડકાઈ ગયેલા હતા, પરંતુ ઘોડાની ખરીઓનાં રોજ નવાં પડતાં નિશાનો વગડામાં બધે દેખાતાં હતાં. હું ઘોડાને ઝડપથી ચલાવી રહ્યો હતો. હું નજરે પડું એટલું અંતર સાવેલ્યિચ માંડ માંડ જાળવી શકતો હતો અને વારે વારે સાદ પાડીને કહેતો હતો: "જરાક ધીમે, હજૂર! ઈશ્વરને ખાતર જરાક ધીમે! મારું આ કાળમુખું ટટ્ટુ તમારા લાંબાપગા જનાવર જેટલું વેગીલું ચાલે એવું નથી! વળી ઉતાવળ શાની છે? આપણને જોઈને કોઈ એમ જ માની લે કે આપણે ક્યાંક મિજબાની માણવા જતા હોઈશું... પણ આપણે તો ફાંસીએ લટકવા જઈ રહ્યા છીએ—મારાં વેણ યાદ રાખજો! પ્યોતર આન્દ્રેઇચ... હજૂર... રહેમ કરો! હે ભગવાન, મારા માલિકના બાળને મોત ભરખી જશે!"

થોડી વારમાં બેર્દ ગામના દીવા નજરે પડયા. ગામના જાણે કુદરતી બચાવ જેવા એક નાળા પાસે અમે પહોંચ્યા. સાવેલ્યિચ બરાબર મારી પાછળ પાછળ આવી રહ્યો હતો, અને તેની દયાજનક કાકલૂદી એક પળ પણ થંભતી નહોતી. મને આશા હતી કે ગામ ફરતો ચકરાવો લઈને સહીસલામત નીકળી જવાશે, પરંતુ એકાએક મને સાંજના આછા અંધારામાં પાંચેક કિસાનોનું જૂથ નજરે પડયું. એ સૌના હાથમાં દંડૂકા હતા. તેઓ પુગાચોવની છાવણીના ગામ બહારના ચોકીદારો હતા. તેમણે અમને પડકાર્યા. મને સંકેતના શબ્દની ખબર નહોતી એટલે મેં ગુપચુપ પસાર થઈ જવાનો મનસૂબો કર્યો, પરંતુ એ લોકોએ એકદમ આવીને મને ઘેરી લીધો અને એક આદમીએ મારા ઘોડાની લગામ પકડી લીધી. મેં તલવાર ખેંચીને તેના માથા ઉપર ઝીંકી દીધી. ટોપીને કારણે તેનો જાન તો બચી ગયો, પરંતુ તેના પગ લથડી પડયા અને લગામ હાથમાંથી છૂટી ગઈ. બાકીના માણસો ગભરાટમાં પડી જઈને ભાગી ગયા. એ રીતે મળેલા પળભરના અવકાશનો લાભ ઉઠાવીને મેં ઘોડાનાં પડખાંમાં એડીઓ મારી અને ઘોડો પૂરપાટ દોડાવી મૂક્યો.

રાતના ઘેરા બની રહેલા અંધકારમાં હું જોખમને પાર કરી ગયો હોત, પરંતુ એકાએક પાછળ નજર પડી જતાં મને સાવેલ્યિચ ક્યાંય દેખાયો નહિ. લંગડા ટટ્ટુ ઉપર સવાર થયેલો બિચારો ઘરડો આદમી બળવાખોરોથી છટકી નહોતો શક્યો. હવે શું કરવું? તે ખરેખર પકડાઈ ગયો હશે કે નહિ તેની ખાતરી કરવા

મેં એકબે મિનિટ થંભીને વાટ જોઈ, અને પછી ઘોડાને પાછો વાળીને હું તેની વહારે ગયો.

હું નાળા નજીક પહોંચ્યો ત્યારે મને દૂરથી બૂમબરાડા કાને પડયા અને તેમાં મારા સાવેલ્યિચનો અવાજ સાફ ઓળખાઈ આવતો હતો. મેં ઘોડાને વધારે ઝડપથી દોડાવ્યો અને થોડીક જ મિનિટો પહેલાં મને પડકારનારા કિસાન ચોકીદારોની પાસે હું જોતજોતામાં પહોંચી ગયો. સાવેલ્યિચ ઘેરાઈ ગયેલો હતો. ચોકીદારોએ ઘરડા આદમીને તેના ઘોડા ઉપરથી નીચે ખેંચી પાડયો હતો, અને હવે તેઓ તેને બાંધવાની તૈયારી કરી રહ્યા હતા. મને પાછો આવેલો જોઈને તેઓ બહુ ખુશ થઈ ગયા, જોરથી દેકારા કરતા મારી સામે ધસી આવ્યા, અને પળવારમાં જ તેમણે મને મારા ઘોડા પરથી ખેંચીને નીચે પાડી દીધો. તેમાંના આગેવાન જેવા દેખાતા એક આદમીએ અમારી જાણ માટે જાહેર કર્યું કે અમને તત્કાળ ઝારની પાસે લઈ જવામાં આવશે. "અને ઝાર ફેંસલો કરશે," તેણે વધુમાં જણાવ્યું, "કે તમને તરત જ ફાંસીએ લટકાવી દેવા કે સવાર સુધી વાટ જોવી." મેં જરાય સામનો ન કર્યો. સાવેલ્યિચે પણ મારા વર્તનમાંથી દાખલો લઈને સામનો ન કર્યો. ચોકીદારો ફતેહનાં કદમ માંડતા અમને લઈ ગયા.

નાળું પાર કરીને અમે ગામમાં દાખલ થયા. તમામ ઝૂંપડાંમાં અજવાળું હતું. ચોતરફથી કોલાહલ અને દેકારા સંભળાતા હતા. શેરીઓમાં લોકોની ઠઠ જામેલી હતી પરંતુ અંધારું એટલું બધું હતું કે અમારી તરફ કોઈનું ધ્યાન પણ ન ખેંચાયું અને મને ઓરેનબૂર્ગના અફસર તરીકે કોઈએ ઓળખ્યો પણ નહિ. અમને સીધા ચોકના એક ઘર પાસે લઈ જવામાં આવ્યા. ત્યાં ફાટક નજીક દારૂનાં થોડાંક પીપડાં પડયાં હતાં અને બે તોપ ગોઠવેલી હતી. "મહેલ આવી ગયો," એક કિસાન ચોકીદાર બોલ્યો, "હું અંદર જઈને ખબર પહોંચાડી દઉં." તે ઘરમાં દાખલ થયો. મેં સાવેલ્યિચ તરફ નજર નાખી. બિચારો ડોસો ક્રોસનાં નિશાન કરતો કરતો પ્રાર્થના ગણગણી રહ્યો હતો. મારે ખૂબ વાટ જોવી પડી, પરંતુ આખરે કિસાન પાછો ફર્યો, અને તેણે કહ્યું: "અંદર જાઓ. અમારા ઝારે ફરમાન કર્યું છે કે અફસરને અંદર મોકલી દો."

હું ઘરમાં અથવા કિસાનોના શબ્દો મુજબ મહેલમાં ગયો. અંદર ચરબીની બે મીણબત્તીઓ બળી રહી હતી. ભીંતોને કલાઈના વરખ વડે સજાવવામાં આવેલી હતી. એ સિવાય તે ગામડાનું સાદું ઘર હતું. ઘરવખરીમાં બાંકડા, ટેબલ, દોરી બાંધીને ટાંગેલું હાથમોં ધોવાનું વાસણ, ખીલીએ ટાંગેલો ટુવાલ,

ખૂણામાં સગડીનો મોટો ચીપિયો, પથ્થરની પહોળી અભરાઈ ઉપર ગોઠવેલાં માટીનાં વાસણો, વગેરે હતું. એક ખૂણામાં દેવમૂર્તિઓના ગોખલાની નીચે પુગાચોવ હાથ કેડે રાખીને બેઠો હતો. તેણે રાતો જામો અને લાંબી ટોપી પહેરેલાં હતાં.

તેની બાજુમાં તેના કેટલાય મુખ્ય સાગરીતો વધારે પડતી તાબેદારીનો ભાવ ધારણ કરીને ઊભા હતા. સાફ જણાતું હતું કે ઓરેનબૂર્ગથી અફસરના આગમનની ખબર સાંભળીને બળવાખોરોને ભારે કુતૂહલ થયું હતું અને તેમણે મને પૂરા દમામથી મળવાનું નક્કી કર્યું હતું. પુગાચોવ મને તરત જ ઓળખી ગયો. તેનો ગંભીરતાનો ડોળ એકદમ અદૃશ્ય થઈ ગયો. “અરે! આપ નામદાર!” તે ઉત્તેજિત થઈને બોલી ઊઠયો. “કેમ છો? અહીંયાં શા કામે આવ્યો છો?” મેં જવાબ આપ્યો કે હું મારા પોતાના કામકાજ અંગે સફરે નીકળ્યો છું પણ તમારા માણસોએ મને અટકાયતમાં લઈ લીધો છે. “શું કામકાજ?” તેણે સવાલ કર્યો. મને સમજાયું જ નહિ કે તેને શો જવાબ આપવો. પુગાચોવે ધારી લીધું કે હું બીજા માણસોની હાજરીમાં બોલતાં અચકાઈ રહ્યો છું, એટલે તેણે પોતાના સાગરીતોની તરફ ફરીને તેમને બહાર જવાનું ફરમાન કર્યું. તેમાંથી બે સિવાય બધા ફરમાનનો અમલ કરીને જતા રહ્યા, પણ એ બે જણ જરાય ખસ્યા નહિ. “તમારે જે કહેવું હોય તે આ બેઉની હાજરીમાં કહી શકો છો,” પુગાચોવે મને કહ્યું, “હું કોઈ પણ વાત એમનાથી ખાનગી નથી રાખતો.” મેં નકલી શહેનશાહના વિશ્વાસુ સાગરીતોની ઉપર ત્રાંસી નજર નાખી. તેમાંના એક વામણા કમ્મરેથી વળી ગયેલા જરાગ્રસ્ત આદમીને નાનકડી સફેદ દાઢી હતી. તેની બાબતમાં ધ્યાન ખેંચનારી એકમાત્ર હકીકત તેના ગરમ કોટમાં લગાવેલી આસમાની પટ્ટીની હતી. પરંતુ હું જીવતો રહીશ ત્યાં સુધી બીજાને કદી ભૂલી નહિ શકું. ઊંચો, મજબૂત બાંધાનો, અને પહોળા ખભાવાળો એ આદમી લગભગ પિસતાળીસની ઉંમરનો લાગતો હતો. તેની ભરાવદાર રાતી દાઢી, ચળકતી રાખોડી આંખો, નસકોરાં કપાઈ ગયેલું નાક, અને કપાળ તથા ગાલ ઉપર રતાશ પડતાં ચાઠાંને કારણે તેના શીળીના ડાઘાવાળા પહોળા ચહેરા ઉપર જાણે એક પ્રકારનો અનિષ્ટ ભાવ છવાયેલો લાગતો હતો. તેણે રાતું ખમીસ, કિરગિઝ જામો, અને ઘોડેસવારીનું કઝ્ઝાકી પાટલૂન પહેર્યાં હતાં. પહેલા આદમીનું નામ બેલોબોરોદોવ હતું અને તે ભાગેડુ કોર્પોરલ હતો (આ વાતની ખબર મને પાછળથી પડી). બીજા આદમીનું નામ આફાનાસી સોકોલોવ હતું

(લોકો તેને ખ્લોપૂશા કહેતાં), તે ગુનેગાર કેદી હતો અને સાઈબિરિયાની ખાણોમાંથી ત્રણ વાર છટકી ગયો હતો. મારા મનમાં છલકાતી લાગણીઓ છતાં, મને અણધાર્યા ભેટી ગયેલા એ માણસોનો પ્રબળ પ્રભાવ મારી કલ્પના ઉપર પડયો. પરંતુ પુગાચોવે મને મારા કલ્પનાવિહારમાંથી પાછો ખેંચી લઈને મારા સંજોગોનું ભાન કરાવ્યું. તેણે પૂછ્યું: "તમે શું કામકાજ હાથમાં લઈને ઓરેનબૂર્ગથી અહીંયાં આવ્યા છો? બોલો."

મારા મનમાં એક અજબ ખ્યાલ ઝબકી ગયો. મને લાગ્યું કે વિધાતાએ મને બીજી વાર પુગાચોવનો ભેટો કરાવી દઈને મારી મુરાદ બર આણવાનો મોકો આપ્યો છે. મેં મોકાનો ફાયદો ઉઠાવી લેવાનું નક્કી કર્યું અને મારા ફેંસલા અંગે વધારે વિચાર કર્યા વગર પુગાચોવના સવાલનો જવાબ આપ્યો:

"હું બેલોગોર્સ્ક કિલ્લે જઈ રહ્યો હતો. ત્યાં એક અનાથની ઉપર જોરજુલમ થઈ રહ્યો છે એમાંથી એને છોડાવવા."

પુગાચોવની આંખોમાં અંગારા ચળકી ઊઠયા. "અનાથની ઉપર જોરજુલમ કરવાની હિંમત મારા માણસોમાંથી કોણે કરી છે?" તે બરાડયો. "એ ભલે લોંકડી જેવો લુચ્ચો હોય તોયે ઇનસાફથી છટકી નહિ શકે! કહી દો—કોણ છે એવો નાલાયક?"

"શ્વાબ્રિન!" મેં જવાબ આપ્યો. "તમે પાદરીને ઘેર જોયેલી બાળાને એણે જાપતામાં ગોંધી રાખી છે અને બળજબરીથી એની જોડે પરણવાની કોશિશ કરી રહ્યો છે."

"શ્વાબ્રિનને બરાબર પાઠ ભણાવી દેવો પડશે," પુગાચોવ ખોફનાક અવાજે બોલ્યો. "હુકમ વગર કંઈ કરવું અને મારી રૈયત ઉપર જુલમ ગુજારવો એટલે શું એની શ્વાબ્રિનને ખબર પડી જશે. એને ફાંસીએ લટકાવી દેવામાં આવશે."

"મારી વાત જરા સાંભળી લો," ખ્લોપૂશા ઘોઘરા અવાજે બોલ્યો. "શ્વાબ્રિનને કિલ્લાનો કમાંડન્ટ નીમવાની તમને ભારે ઉતાવળ હતી, અને હવે એને ફાંસીએ લટકાવી દેવા અધીરા થઈ ગયા છો. કઝ્ઝાકોને માથે ઉમરાવજાદાને બેસાડી દઈને તમે તેમનું અપમાન કરી ચૂક્યા છો. હવે ઉમરાવોમાંના એક આદમીને પહેલી જ ફરિયાદ સાંભળતાં ફાંસીએ લટકાવી દઈને તમામ અમીરઉમરાવોને ડરાવી ન દો તો સારું."

"એ લોકોની બાબતમાં બહુ રહેમનીયે જરૂર નથી ને બહુ માનપાનનીયે જરૂર નથી," આસમાની પટ્ટીવાળો બુઢ્ઢો બોલ્યો. "શ્વાબ્રિનને ફાંસીએ

લટકાવી દેવાથી કંઈ ખાટુંમોળું થઈ જવાનું નથી. અને આ અફસરને પણ થોડાઘણા સવાલ પૂછવાનુંયે ખોટું નહિ ગણાય. એ નામદાર અહીંયાં કેમ આવ્યા છે? તમને શહેનશાહ તરીકે માનતા ન હોય તો ઈનસાફની અરજ તમને કેમ કરે છે? અને તમને શહેનશાહ માનતા હોય તો પછી બધો વખત ઓરેનબૂર્ગમાં તમારા કટ્ટર દુશ્મનોની જોડે શું કરી રહ્યા હતા? મને છૂટ આપો તો હું એને વડા મથકે લઈ જાઉં અને લોખંડના સળિયા ગરમ કરાવડાવું. કોણ જાણે કેમ પણ મને લાગે છે કે આ નામદારને ઓરેનબૂર્ગના કમાંડરોએ જ અહીંયાં આપણી પાસે મોકલ્યા છે."

બુઢ્ઢા મવાલીની દલીલોમાં મને પૂરું વજૂદ લાગ્યું. હું કેવા માણસોના હાથમાં સપડાઈ ગયો છું તેનો ખ્યાલ આવતાં મારું લોહી જાણે થીજી ગયું. પુગાચોવ મારી બેચેની કળી ગયો અને મારી સામે આંખ મિચકારતો બોલ્યો: "સાંભળો છો ને, નામદાર? મને લાગે છે કે મારા ફિલ્ડમાર્શલે ભારે અક્કલની વાત કહી છે. તમારે શું કહેવાનું છે?"

પુગાચોવનો ટોણો સાંભળીને મારી હિંમત પાછી આવી. મેં સ્વસ્થતા જાળવીને જવાબ આપ્યો કે હું તો તમારા હાથમાં છું અને મારી બાબતમાં તમને જેમ ઠીક લાગે તેમ કરી શકો છો.

"વારુ," પુગાચોવ બોલ્યો. "હવે વાત કરો કે તમારા શહેરની હાલત કેવી છે?"

"ત્યાં ઈશ્વરની દયાથી બધું હેમખેમ છે," મેં કહ્યું.

"હેમખેમ?" પુગાચોવે મારો શબ્દ દોહરાવ્યો. "અને લોકો ભૂખે ટળવળતા મરી રહ્યા છે!"

ધુતારાની વાત ખરી હતી. પરંતુ હું મારા વફાદારીના સોગનનું પાલન કરતો તેને ખાતરી બંધાવવા લાગ્યો કે એ તો બધી નકામી અફવાઓ છે, ઓરેનબૂર્ગમાં ખોરાકપાણી પુષ્કળ છે."

"જુઓ છો ને," બુઢ્ઢો વચમાં બોલી ઊઠ્યો. "આ તો તમારા મોં સામે જૂઠું બોલે છે. ઓરેનબૂર્ગમાંથી ભાગીને આવતો દરેકે દરેક માણસ આપણને જણાવે છે કે ત્યાં ભૂખમરાની ને રોગચાળાની બોલબાલા છે, લોકો મરેલાં જનાવરોનું માંસ ખાવા પડાપડી કરે છે, અને એય મળી જાય તો ખુશખુશ થઈ જાય છે. અને આ નામદાર દાવો કરે છે કે ત્યાં ખોરાકપાણી પુષ્કળ છે. તમારે શ્વાબ્રિનને ફાંસીએ લટકાવી દેવો હોય તો એ જ માંચડે આ જુવાનિયાને

પણ ભેગો લટકાવી દો, એટલે બેમાંથી એકેયને બીજાની અદેખાઈ ન આવે."

એ કાળમૂખા ડોસાના શબ્દોની અસર પુગાચોવ ઉપર પડી હોય એમ લાગતું હતું. સારા નસીબે ખ્લોપૂશા પોતાના સાથીને દબડાવવા લાગ્યો. "બસ, બહુ થયું, નાઊમિચ," તેણે કહ્યું. "તારી મુરાદ તો દરેક જણને ગળચી દબાવીને કે માથું ઉડાવી દઈને ખતમ કરી નાખવાની હોય એમ લાગે છે. કહેવું પડે, ભાઈ, તું તો મઝાનો આદમી છે! ખુદ તો હાડચામના માળખા જેવો છે, તારો એક પગ ક્યારનો કબરમાં છે, પણ બીજાને મારી નાખવા સિવાય બીજું કંઈ તને સૂઝતું જ નથી. આટઆટલું લોહી વહેવડાવ્યા છતાં તને સંતોષ નથી?"

"અને તું જાણે કેમ મોટો સંત હોય!" બેલોબોરોદોવે જવાબમાં સંભળાવ્યું. "તારું દિલ એકાએક આટલું બધું કૂણું કેવી રીતે થઈ ગયું?"

"મને ખબર છે કે હું પાપિયો છું," ખ્લોપૂશા બોલ્યો, "અને આ હાથે," (તેણે પોતાના મજબૂત પંજાની મુઠ્ઠી વાળી અને બાંય ઊંચી ચડાવીને વાળથી ભરેલું કાંડું ઉઘાડું કર્યું) "આ હાથે પુષ્કળ ખ્રિસ્તી લોહી વહેવડાવવાનાં કામાં કર્યાં છે. પણ મેં દુશ્મનોને માર્યા છે, મહેમાનોને નહિ; હું મારા વેરીને ચોકચૌટે કે ગાઢ વનમાં મારું છું, એ પોતાના ઘરમાં બેઠો હોય ત્યારે નહિ; હું દંડૂકો કે કુહાડીના ઘાએ મારું છું, બુઢ્ઢી બાયડીઓની કૂથલી વડે નહિ."

ડોસો બીજી તરફ ફરી જતો બબડયો: "નાકકટ્ટો!"

"શું બબડયો તું, ગલઢા ઉંદરડા?" ખ્લોપૂશા બરાડી ઊઠયો. "તને નાકકટ્ટો બતાવી દઈશ, જરાક થોભી જા, તારોયે વારો આવશે જ! ખુદાની મરજી હશે તો તારેય તપતા સળિયાની મઝા ચાખવી પડશે! પણ હાલ પૂરતું ધ્યાન રાખજે, નહિતર હું ક્યાંક તારી દાઢી ખેંચી કાઢીશ!"

"સજ્જન જનરલો!" પુગાચોવ દમામભર્યા અવાજે બોલ્યો, "બસ, કજિયા કંકાસ બંધ કરી દો! ઓરેનબૂર્ગના તમામ કૂતરાઓને ફાંસીને એક જ માંચડે લટકાવી દેવામાં આવે તોયે કશો વાંધો નહિ. પણ આપણા જ કૂતરા માંહોમાંહે લડવા લાગે તો તો ગજબ થઈ જાય! ચાલો, સુલેહ કરી લો!"

ખ્લોપૂશા અને બેલોબોરોદોવ કશું જ બોલ્યા વગર એકબીજાની સામે ખીજભરી નજરે તાકી રહ્યા. મને લાગ્યું કે વાતચીતને વળાંક દેવાની સખત જરૂર છે, આમને આમ ચાલશે તો આખરે મારી વલે બૂરી થવાની. એટલે હું પુગાચોવની તરફ ફરીને ખુશાલ અવાજે બોલ્યો: "અરે, કોટ ને ઘોડા બદલ

તમારું અહેસાન માનવાનું તો હું ભૂલી જ ગયો! તમે એવી મદદ ન પહોંચાડી હોત તો હું શહેરમાં કદી પહોંચી જ ન શક્યો હોત, હું રસ્તામાં જ ઠરીને સ્વધામ પહોંચી ગયો હોત!"

મારી તરકીબ કામયાબ થઈ ગઈ. પુગાચોવને રમૂજ પડી. "કોઈ ભલાઈ બતાવે તો સામી ભલાઈ બતાવવી જ જોઈએ." તેણે મિચકારો મારતાં અને આંખો સંકોચી દેતાં કહ્યું. "હવે જણાવો કે શ્વાબ્રિનના જોરજુલમનો ભોગ બની રહેલી છોકરી તમારી શું થાય? ક્યાંક તમારી માશૂક તો નથી ને? હેં?"

"એ મારી મંગેતર છે," વાતાવરણ હળવું બનેલું જોઈને અને હકીકત છુપાવી રાખવાનું જરૂરી ન લાગતાં મેં સાચી વાત કહી દીધી.

"તમારી મંગેતર?" પુગાચોવ બોલી ઊઠયો. "પહેલાં કેમ ન કહ્યું? તમારાં લગન કરાવી દઈશું અને મિજબાનીની મોજ માણશું." પછી બેલોબોરોદોવ તરફ ફરીને તે આગળ બોલ્યો: "ફિલ્ડમાર્શલ, એક વાત જણાવી દઉં કે આ નામદાર ને હું જૂના દોસ્તો છીએ. ચાલો, વાળુ કરીએ લઈએ. સવાર ઊગે ત્યારે ભેગું ડહાપણ લાવે. આપણે કાલે નક્કી કરીશું કે એમનું શું કરવું."

જમવાના ઇજનનું માન નકારી કાઢવામાં મને ખુશી થઈ હોત, પરંતુ એ શક્ય જ નહોતું. ઘરના કઝ્ઝાક માલિકની બે જુવાન દીકરીઓએ આવીને ટેબલ પર મેજપોશ બિછાવ્યું અને રોટી તથા માછલીનો સૂપ પીરસીને વોદકા તથા બીયરની બાટલીઓ મૂકી. મારે માટે ફરી વાર પુગાચોવ તથા તેના ભયંકર સાગરીતોની જોડે જમવાનો સંજોગ ઊભો થયો.

જેમાં મારે અનિચ્છાએ પ્રેક્ષક બનવું પડયું એ રંગરાગની મહેફિલ મોડી રાત સુધી ચાલતી રહી. આખરે મારા સોબતીઓ દારૂના કેફના ભોગ બની ગયા. પુગાચોવ ખુરશીમાં બેઠો બેઠો જ ઘોરવા લાગ્યો. તેના સાગરીતો ઊભા થઈ ગયા અને તેમણે મને ઇશારો કરીને ચાલ્યા જવાનું કહ્યું. હું તેમની સાથે ઘરમાંથી બહાર નીકળ્યો. ખ્લોપૂશાના હુકમ મુજબ સંત્રીઓ મને વડા મથકે લઈ ગયા. સાવેલ્યિચ ત્યાં મોજૂદ હતો. અમને બેઉને રાત પૂરતા કોટડીમાં પૂરી દેવામાં આવ્યા. આ બધી ઘટનાઓથી બિચારો ડોસો એટલો બધો આભો બની ગયો હતો કે તેણે મને એક પણ સવાલ ન પૂછયો. અંધારામાં પડયો પડયો તે કેટલીય વાર સુધી નિસાસા નાખતો રહ્યો અને ઊંહકારા કરતો રહ્યો. આખરે તેનાં નસકોરાં બોલવા લાગ્યાં. હું વિચારોમાં ગરકાવ થઈને આખી રાત જાગતો રહ્યો.

બીજે દિવસે સવારે પુગાચોવે માણસ મોકલીને મને તેડાવ્યો. હું તેના રહેઠાણે ગયો. ત્રણ તાતાર ઘોડા જોડેલી એક હિમગાડી ફાટક પાસે ખડી હતી. શેરીમાં લોકોની ઠઠ જામેલી હતી. પુગાચોવ મને આંગણમાં જ મળી ગયો. તેણે સફરનો પોશાક પહેર્યો હતો — ફરના અસ્તરવાળો કોટ અને કિરગિઝ ટોપી. ગઈ રાતના સાથીઓ તદ્દન તાબેદારીના ભાવે તેની ફરતે ઊભા હતા. તાબેદારીનો દેખાવ આગલી રાતના વર્તનથી સાવ નિરાળો જ હતો. પુગાચોવે ખુશમિજાજમાં મને દુવાસલામ કરીને તેની હિમગાડીમાં બેસી જવાનું કહ્યું.

અમે ગાડીમાં બેસી ગયા. પુગાચોવે પહોળા ખભાવાળા તાતાર ગાડીવાનને હુકમ આપ્યો: "બેલોગોર્સ્ક કિલ્લે!" ગાડીવાન ત્રણેય ઘોડાની લગામ ખેંચતો ઊભો થઈ ગયો. મારું દિલ તોફાનના વેગે ધડકવા લાગ્યું. ઘોડા ચાલવા લાગ્યા, ઘંટડી રણકવા લાગી, અને જોતજોતમાં ગાડી હિમ ઉપર જાણે ઊડતી હોય એમ પૂરઝડપે સરકવા લાગી.

"થોભો! થોભો!" અમને સાદ સંભળાયો. અવાજ મારો ખૂબ જાણીતો હતો. સાવેલ્યિચ દોડતો અમારી તરફ આવતો નજરે પડયો. પુગાચોવે ગાડી ઊભી રાખવાનો હુકમ આપ્યો. "પ્યોતર આન્દ્રેઈચ! માલિક!" સાવેલ્યિચ બોલી ઊઠયો. "મને ઘડપણમાં એકલો આ લોકોના હાથમાં ન મૂકી જાઓ, આ તો મવા..." એટલામાં પુગાચોવ બોલ્યો: "અરે બુઢ્ઢા! ભગવાનની દયાથી આપણે ફરી વાર મળ્યા! ચાલ, ગાડીવાન ભેગો બેસી જા!"

"નામદારનું અહેસાન, બહુ અહેસાન તમારું, મારા બાપ!" સાવેલ્યિચ ગાડીમાં બેસતો બોલ્યો. "ઘરડા માણસની ઉપર તમે મહેરબાની કરી છે તો ભગવાન તમારી તંદુરસ્તી સો વરસ જાળવી રાખશે! હું આખી જિંદગી તમારા ભલાની પ્રાર્થના કરતો રહીશ અને સસલાની ખાલના કોટનું નામ પણ કદી નહિ લઉં."

સસલાની ખાલના કોટના ઉલ્લેખથી પુગાચોવ ખરેખર ખીજે ભરાઈ ગયો હોત, પરંતુ સદ્ભાગ્યે તેણે કાં તો સાવેલ્યિચના શબ્દો સાંભળ્યા જ નહિ અથવા એવી કવેળાની વાતને અવગણી કાઢી. ઘોડા ફાળ ભરતા દોડવા લાગ્યા, શેરીના માણસો ઊભા રહીને નમી પડતા હતા. પુગાચોવ ડાબી ને જમણી તરફ માથું હલાવતો રહેતો હતો. એક મિનિટમાં અમે ગામની બહાર પહોંચી ગયા અને સમતલ રસ્તા ઉપર ઝડપથી આગળ ધપવા લાગ્યા.

એ વખતે મારી લાગણીઓ કેવી હશે તેની કલ્પના સહેલાઈથી થઈ શકશે. જેને મેં સદાને માટે ગુમાવી દીધેલી માની હતી તેને હું થોડાક જ કલાકોની અંદર મળવાનો હતો. મેં અમારા મિલનની ઘડીનું ચિત્ર કલ્પવાનો પ્રયાસ કર્યો... મારું ભાવિ જેના હાથમાં હતું અને કેટલાય વિચિત્ર સંયોગોને લીધે જે રહસ્યમય રીતે મારા જીવન સાથે સંકળાઈ ગયો હતો તે આદમીના વિચારો પણ મારા મનમાં ઊભરાયા. મારી દિલબરને છોડાવવા તૈયાર થઈ ગયેલા માણસની આંધળી ક્રૂરતા અને લોહતરસી ટેવો મને યાદ આવી. પુગાચોવને ખબર નહોતી કે મારી દિલબર કૅપ્ટન મિરોનોવની બેટી હતી. નાસીપાસીથી છંછેડાયેલો શ્વાબ્રિન કદાચ બધું છતું કરી દે. પુગાચોવને હકીકતની જાણ કદાચ કોઈ બીજી રીતે થઈ જાય. તો મારિયા ઇવાનોવ્નાની કેવી દશા થાય? દહેશતનાક ખ્યાલથી મારું અંગેઅંગ ટાઢું પડી ગયું અને રોમેરોમ ખડું થઈ ગયું...

એકાએક પુગાચોવે મારા વિચારોમાં અંતરાય પાડયો. તેણે મારી તરફ ફરીને કહ્યું:

"શાના વિચારમાં પડી ગયા છો, નામદાર?"

"પુષ્કળ બાબતો છે વિચાર કરવાની," મેં જવાબ આપ્યો. "હું અફસર છું અને ઉમરાવ છું. હજી તો ગઈકાલે હું તમારી સામે લડતો હતો પણ આજે એક જ હિમગાડીમાં તમારી જોડાજોડ બેઠો છું અને મારા આખા જીવનના સુખનો આધાર તમારી ઉપર છે."

"તો?" પુગાચોવ બોલ્યો. "બીક લાગે છે?"

મેં કહ્યું કે એક વાર તમે મને માફી બક્ષી છે એટલે હવે મને કેવળ તમારી દયાની જ નહિ પણ તમારી મદદનીયે આશા છે.

"અને તમારી વાત સાવ ખરી છે, ઈશ્વરની સાક્ષીએ કહું છું કે ખરી છે," નકલી શહેનશાહ બોલી ઊઠયો. "મારા સાગરીતોનું વલણ તો તમે જોઈ લીધું છે. આજે પણ પેલા બુઢ્ઢાએ ખાતરી જાહેર કરેલી કે તમે જાસૂસ છો અને તમને ખૂબ મેથીપાક ચખાડીને ફાંસીએ લટકાવી દેવા જોઈએ. પણ મેં મંજૂરી ન આપી." સાવેલ્યિચ અને તાતાર ગાડીવાન સાંભળી ન જાય એટલા સારુ તેણે અવાજ ધીમો કરી નાખ્યો. "તમારો વોદકાનો ગ્લાસ અને સસલાની ખાલનો કોટ મને યાદ હતા. તમારા લોકો કહે છે એવો લોહીતરસ્યો દાનવ હું હકીકતમાં નથી."

તેણે બેલોગોર્સ્ક કિલ્લો કેવી રીતે કબજે કરેલો તે મને યાદ હતું, પરંતુ તેની વાતનો વિરોધ કરવાનું મને ઠીક ન લાગ્યું એટલે હું જવાબમાં કશું જ ન બોલ્યો.

"ઓરેનબૂર્ગમાં મારે વિશે કેવો ખ્યાલ છે?" પુગાચોવે થોડીક વાર ચુપ રહીને પછી સવાલ કર્યો.

"એમ જ કે તમને પહોંચી વળવાનું કામ મુશ્કેલ છે. તમારી તાકાતની અસર તો ચોક્કસ વરતાઈ ગઈ છે."

નકલી શહેનશાહના ચહેરા ઉપર અહમ્ સંતોષાયાના ભાવ છવાઈ ગયા. "હા," તે ખુશમિજાજમાં બોલ્યો, "મને લડતાં આવડે છે. ઓરેનબૂર્ગમાં લોકોને યૂઝેયેવાની લડાઈની ખબર છે? ચાળીસ જનરલો મરાઈ ગયેલા અને ચાર સેનાઓને કેદ કરી લેવામાં આવેલી. બોલો, તમારો શો ખ્યાલ છે? પ્રશિયાનો રાજા મારો મુકાબલો કરી શકે ખરો?"

ધાડપાડુનું ગુમાન જોઈને મને રમૂજ થઈ. "તમે પોતે શું ધારો છો?" મેં પૂછ્યું. "તમે ફ્રીદેરિકને હંફાવી શકો ખરા?"

"ફ્યોદોર ફ્યોદોરોવિચ? કેમ નહિ? મેં તમારા જનરલોને હરાવ્યા, અને તેમણે એને હરાવેલો. અત્યાર સુધી તો મારા હાથને જશ મળતો રહ્યો છે. જોઈ લેજો ને, મોસ્કો પહોંચું ત્યારે ખરો!"

"મોસ્કો પર ચડાઈ કરવાનો ઈરાદો છે?"

ધુતારો થોડીક વાર ચુપ રહ્યો અને પછી સાવ ધીમા અવાજે બોલ્યો: "મને જાણે સંકડાશ જેવું દબાણ લાગે છે, વધારે મોકળાશની જરૂર છે. મારા જુવાનિયાઓનાં મનમાં જાતજાતના તરંગો ઊઠી રહ્યા છે. બધાય ચોર જેવા તો છે જ. મારે ચતુરાઈથી કામ લેવું પડે છે. એક જ વાર નાકામયાબ થઈ જાઉં તો એ લોકો મારું માથું વેચીને પોતાના જાન બચાવી લેવાના."

"સો ટકાની વાત કરી!" મેં કહ્યું. "તો પછી વેળાસર એ લોકોને પડતા મૂકીને સમ્રાજ્ઞીની દયાને શરણે થઈ જવાનું બહેતર નથી?"

પુગાચોવે કટુ હાસ્ય કરતાં કહ્યું: "ના, મારે માટે પસ્તાવાની વેળા વીતી ગઈ છે. મારી બાબતમાં હવે દયાનો સવાલ જ નથી. મેં તો શરૂ કર્યું છે એમ જ ચાલુ રાખવાનો. કોને ખબર? કદાચ કામયાબ થઈ પણ જાઉં! આખર ગ્રીશ્કા ઓત્રેપ્યેવે મોસ્કોમાં રાજ તો કરેલું જ."

"પણ એનો અંજામ કેવો આવેલો એની ખબર છે ને? એને બારીએથી ફગાવી દેવામાં આવેલો, એનું માથું ઉડાવી દેવામાં આવેલું, એને બાળી નાખવામાં

આવેલો, અને એના અવશેષોને તોપમાં ભરીને હવામાં ઉડાડી દેવામાં આવેલા."

"સાંભળો," પુગાચોવ જાણે કશીક અદમ્ય પ્રેરણાના ભાવે બોલ્યો, "હું નાનો છોકરો હતો ત્યારે મેં એક કાલમિક ડોશી પાસેથી સાંભળેલી વાર્તા તમને કહું. એક વાર કોઈ ગરુડે કોઈ કાગડાને પૂછ્યું: 'અરે ભાઈ કાગડા, મને એક વાત સમજાવ — તને આ દુનિયામાં ત્રણસો વરસ થઈ ગયાં તોયે તું જીવતો છે, અને મને ફક્ત તેંત્રીસ. એનું શું કારણ?' કાગડાએ જવાબ દીધો કે 'માલિક, કારણ ફક્ત એટલું જ કે તમે જીવતાંનું લોહી પીઓ છો પણ હું તો મરેલાંનું માંસ ખાઈને જિંદગી ટકાવી રાખું છું.' ગરુડને થયું: 'હુંયે આના જેવું જ ખાવાની કોશિશ કરી જોઉં.' ઠીક. પછી ગરુડ ને કાગડો ભેગાં ઊડી ગયાં. તેમને એક મરેલો ઘોડો નજરે પડયો એટલે બેઉ નીચે ઊતરીને મડદા ઉપર બેસી ગયાં. કાગડો ચાંચ મારીને માંસ ખાતો જાય ને વખાણ કરતો જાય. ગરુડે એક વાર ચાંચ મારી, બે વાર ચાંચ મારી, અને પછી પાંખ ફફડાવીને કાગડાને કહ્યું: 'ના, કાગડાભાઈ, મરેલાંનું માંસ ખાઈને ત્રણસો વરસ જીવવા કરતાં તો ભલે એક જ વાર જીવતાંનું લોહી પીવા મળે એય બહેતર, અને પછી ભગવાનનો ભરોસો.' બોલો, કાલમિક વાર્તા કેવી લાગી?"

"ભારે ચતુરાઈભરી!" મેં કહ્યું. "પણ મારધાડ ને ખૂનામરકીના આધારે જીવતા રહેવાનું મારી નજરમાં તો મરેલાંનું માંસ ખાવા જેવું જ છે."

પુગાચોવે અચરજથી મારી સામે જોયું અને કશો જવાબ ન આપ્યો. અમે બન્ને ચુપ થઈ ગયા અને પોતપોતાના વિચારોમાં ડૂબી ગયા. તાતાર ગાડીવાન કોઈ ગમગીન ગીત ગણગણી રહ્યો હતો. સાવેલ્યિચ પોતાની જગ્યાએ બેઠો બેઠો ઝોકાં ખાઈ રહ્યો હતો. હિમગાડી સમતલ શિયાળુ રસ્તા ઉપર ઝપાટાબંધ સરકી રહી હતી... એકાએક મને યાઇક નદીને ઊંચે કાંઠે આવેલું ગામ, તેની વાડ, તથા દેવળનું ઘંટાઘર નજરે પડયાં, અને પા કલાક પછી અમે બેલોગોર્સ્ક કિલ્લામાં દાખલ થઈ ગયા.

અનાથ

અમારું સફરજનનું વૃક્ષ —
નથી એને ડાળખીઓ નવી,
નથી મોરનો શણગાર.
અમારી નાનકડી લાડી —
નથી એને છાયા માતા કે પિતાની,
નથી કોઈ પહેરાવનારું ઉમંગે
રૂડાં રૂપાળાં વસ્ત્રો ને અલંકાર.

લગ્નગીત [23]



ગાડી કમાંડન્ટના ઘરના આંગણ પાસે ઊભી રહી ગઈ. લોકો પુગાચોવની હિમગાડીની ઘંટડીના રણકાર ઓળખી ગયા હતા અને ટોળે વળીને અમારી પાછળ પાછળ આવી રહ્યા હતા. નકલી શહેનશાહનું સ્વાગત કરવા શ્વાબ્રિન આંગણમાં આવ્યો. તેણે કઝ્ઝાક પોશાક પહેર્યો હતો અને દાઢી રાખી હતી. દેશદ્રોહી આદમીએ પોતાની ખુશી તથા વફાદારી જાહેર કરવા માટે તદ્દન તાબેદારીના બોલ રટતાં રટતાં પુગાચોવને હિમગાડીમાંથી ઊતરવામાં મદદ કરી. મને જોઈને તે જરાક વિમાસણમાં પડી ગયો પણ તરત સ્વસ્થ થઈ ગયો અને મારી તરફ હાથ લંબાવતો બોલ્યો: “થઈ ગયો ને અમારી તરફ? વખત

તો ક્યારનો પાકી ગયેલો!" હું એક શબ્દ પણ બોલ્યા વગર બીજી તરફ ફરી ગયો.

જ્યાં મરહૂમ કમાંડન્ટનો ડિપ્લોમા વીતેલા દિવસોની ગમગીન નિશાની જેવો હજુ દીવાલે ટાંગેલો હતો એ ખંડમાં દાખલ થતાં જ મારું હૈયું કકળી ઊઠ્યું. ઈવાન કુઝ્મીચ જે સોફા ઉપર બેઠો બેઠો પત્નીના એકધારા બબડાટના લયબદ્ધ ધ્વનિથી ઝોકાં ખાવા લાગતો હતો એ જ સોફા પર પુગાચોવ બેસી ગયો. શ્વાબ્રિન પોતે જ વોદકા લઈ આવ્યો અને તેણે પ્યાલી ભરીને પુગાચોવને આપી. પુગાચોવ વોદકા ગટગટાવી ગયો અને પછી મારી તરફ સંકેત કરતો બોલ્યો: "વોદકા નામદારને પણ આપવાનો છે." શ્વાબ્રિને મારી નજીક આવીને પીણું મારી સામે ધર્યું, પરંતુ મેં બીજી વાર તેની સામેથી મોં ફેરવી લીધું. તે અકળામણ અનુભવતો હોય એમ લાગતું હતું. તેણે પોતાની સહજ સૂઝથી પુગાચોવની નાખુશી બેશક કળી લીધી હતી. તે પુગાચોવની સામે નમતો નમતો ક્યારેક ક્યારેક મારી ઉપર સંદેહભરી નજર નાખી લેતો હતો. પુગાચોવે તેને કિલ્લાની હાલત વિશે, દુશ્મન સેનાઓ અંગેની અફવાઓ વિશે, વગેરે વાતો પૂછી, અને પછી અચાનક સવાલ કર્યો: "અરે હા, ભાઈ, તેં કેદમાં રાખેલી જુવાન બાઈ કોણ છે? મને બતાવ."

શ્વાબ્રિનનો ચહેરો જાણે મોત આવ્યું હોય એવો ફિક્કો થઈ ગયો. "એ કેદમાં નથી, હજૂર," તે થોથવાતા અવાજે બોલ્યો, "માંદી છે. એના ખંડમાં છે." નકલી શહેનશાહ ઊભો થતો બોલ્યો: "મને એની પાસે લઈ જા." શ્વાબ્રિનથી ઇનકાર થઈ શકે એમ નહોતો એટલે તે પુગાચોવને શયનખંડમાં લઈ જવા લાગ્યો. હું પણ પાછળ પાછળ ચાલ્યો.

શ્વાબ્રિન દાદરા પર ઊભો રહી ગયો. "આપને તો મરજી પડે એવો હુકમ કરવાનો હક છે, હજૂર," તેણે કહ્યું, "પણ એક અજાણ્યા માણસને મારી પત્નીના શયનખંડમાં દાખલ થવાની પરવાનગી ન આપો."

મને ફાળ પડી ગઈ. "શું? શાદી પતાવી નાખી?" હું ઉશ્કેરાઈને તેને પીંખી નાખવા તૈયાર થઈ જતો બોલી ઊઠ્યો.

"ચુપ!" પુગાચોવ વચમાં બોલ્યો. "હવે મામલો મારા હાથમાં છે. અને તું," તે શ્વાબ્રિન તરફ ફરીને આગળ બોલ્યો, "બહુ ચાલાકી કરવાનું ને બહાનાં કાઢવાનું રહેવા દે. ભલે તારી પત્ની હોય કે પછી ન હોય, હું મને મરજી પડે તેને અંદર લઈ જવાનો. આવો, નામદાર!"

ખંડના દ્વાર પાસે શ્વાબ્રિન વળી ઊભો રહી ગયો અને લાગણીવશ થઈને તૂટક અવાજે બોલ્યો: "હજૂર, આપને પહેલેથી ચેતવી દઉં છું, એને સખત તાવ છે અને ત્રણ દિવસથી સનેપાત છે."

"બારણું ઉઘાડ!" પુગાચોવ બોલ્યો.

શ્વાબ્રિન ખીસાં ફંફોળતો બોલ્યો કે હું ચાવી ભેગી નથી લાવ્યો. પુગાચોવે બારણા ઉપર લાત લગાવી. તાળું તૂટી ગયું. બારણું ખૂલી ગયું, અને અમે અંદર દાખલ થઈ ગયા.

ખંડમાં એક નજર નાખતાં જ મારું તો લોહી થીજી ગયું. મારિયા ઈવાનોવ્ના ચીંથરેહાલ ગામડિયા લેબાસમાં ભોંયપટ પર બેઠી હતી, તેના વાળ વિખેરાઈ ગયેલા હતા, તેની બાજુમાં પડેલા પાણીના કૂજા ઉપર રોટી મૂકેલી હતી. મને જોતાં જ તે ચિત્કાર કરી ઊઠી. હું તો એટલો બધો ડઘાઈ ગયો કે એ ઘડીએ મારી હાલતની મને કશી ખબર જ ન રહી.

પુગાચોવ શ્વાબ્રિનની ઉપર નજર ઠેરવીને કટુ ઉપહાસના ભાવે બોલ્યો: "સરસ મઝાની હૉસ્પિટલ છે!" પછી મારિયા ઈવાનોવ્નાની પાસે જઈને તેણે કહ્યું: "બોલ, બહેન, તારા ખાવિંદે તને કેમ સજા કરી છે? તેં એનો શો વાંક કર્યો છે?"

"ખાવિંદ!" મારિયા ઈવાનોવ્નાએ શબ્દ દોહરાવ્યો. "એ મારો પતિ નથી. હું એની પત્ની કોઈ કાળે નહિ જ બનું. મેં તો એ પહેલાં જીવ કાઢી નાખવાનું નક્કી કરી લીધું છે, અને કોઈ મને નહિ છોડાવે તો હું ચોક્કસ જીવ કાઢી નાખીશ."

પુગાચોવ કાળઝાળ થઈ ગયો અને શ્વાબ્રિનની સામે જોઈને બોલ્યો: "તેં મને ઊંઠાં ભણાવવાની હિંમત કરી? ગુલામ, તને ખબર છે કે તું શેને લાયક છે?"

શ્વાબ્રિન પુગાચોવના પગમાં પડી ગયો. એ ઘડીએ મારી તિરસ્કાર તથા રોષની સમગ્ર લાગણી તીવ્ર ઘૃણામાં સમાઈ ગઈ. ભાગેડુ કઝ્ઝાકના પગમાં આળોટતા ઉમરાવજાદાની ઉપર મેં નફરતભરી નજર નાખી. પુગાચોવ નરમ પડયો. તેણે શ્વાબ્રિનને કહ્યું: "આ વખતે તો તને માફ કરી દઉં છું, પણ ફરી વાર વાંક થયો છે તો હું આ બાબતનોય બરાબર ખ્યાલ રાખીશ." પછી તે મારિયા ઈવાનોવ્નાની તરફ ફરીને માયાળુ અવાજે બોલ્યો: "બહાર ચાલ, છોડી, હું તને છૂટી કરી દઉં છું, હું તારો ઝાર છું."

મારિયા ઈવાનોવ્ના એક ઊડતી નજર તેની ઉપર નાખી લેતાં જ સમજી ગઈ કે પોતાનાં માતાપિતાનો હત્યારો સામે ઊભો છે. તે પોતાનું મોં બીજા હાથ વડે ઢાંકી દેતી બેહોશ થઈને ઢળી પડી. હું એકદમ તેની પાસે પહોંચી ગયો પણ એટલામાં મારી જૂની દોસ્ત પાલાશા નીડરતાથી ખંડમાં ધસી આવી અને પોતાની માલિકિનની સારવાર કરવા લાગી. પુગાચોવ બહાર ચાલ્યો ગયો. શ્વાબ્રિન અને હું તેની પાછળ પાછળ બહાર પરસાળમાં ગયા.

"બોલો નામદાર, હવે શું?" પુગાચોવે હસતાં હસતાં મને કહ્યું. "રૂપાળી કન્યાને તો આપણે છોડાવી લીધી. હવે શો ઈરાદો છે? પાદરીને બોલાવીને એની ભાણીના લગનની વિધિ કરાવી લેવી છે? હું બાપ વતી કન્યાદાન કરું, અને શ્વાબ્રિન અણવર બને."

મને જેની બીક હતી એ જ થયું. પુગાચોવના શબ્દો સાંભળીને શ્વાબ્રિન ધૂવાંપૂવાં થઈ ગયો અને ઉશ્કેરાટમાં બોલી ઊઠયો: "હજૂર, હું જરૂર કસૂરવાર છું, હું તમારી સામે ખોટું બોલ્યો. પરંતુ ગ્રિન્યોવે પણ તમારી જોડે કપટ કર્યું છે. આ છોકરી પાદરીની ભાણેજ નથી, ઈવાન મિરોનોવની બેટી છે. તમે કિલ્લો કબજે કરી લીધો ત્યારે મિરોનોવને ફાંસીએ લટકાવી દીધેલો!"

પુગાચોવે અંગારા જેવી આંખો મારી તરફ ફેરવીને અચરજભર્યા અવાજે સવાલ કર્યો: "આ બધું શું છે?"

"શ્વાબ્રિનની વાત ખરી છે," મેં દૃઢતાથી જવાબ આપ્યો.

"પણ તમે તો મને એવી વાત જ નહોતી કરી," પુગાચોવ બોલ્યો. તેના ચહેરા પર ક્રોધના ભાવ છવાઈ રહ્યા હતા.

"તમે પોતે જ વિચાર કરી જુઓ," મેં કહ્યું, "મેં તમારા સિપાહીઓની હાજરીમાં જાહેર કરી દીધું હોત કે મિરોનોવની બેટી જીવતી છે તો એ લોકો તરત એની ઉપર તૂટી જ પડયા હોત. એ કોઈ રીતે ન બચી હોત!"

"વાત તો ખરી છે," પુગાચોવ હસતો હસતો બોલ્યો. "દારૂના ઘેનમાં ચકચૂર મારા આદમીઓએ બિચારી બાઈને છોડી ન હોત. તેની સહિયર પાદરણે સારું જ કર્યું કે એ લોકોને ઊંઠાં ભણાવી દીધાં."

"મારે કહેવું છે તે જરા સાંભળી લો," પુગાચોવનો સહાનુભૂતિનો ભાવ જોઈને હું આગળ બોલ્યો. "મને સમજાતું નથી કે તમને શું કહીને બોલાવવા, અને મારે સમજવુંયે નથી... પણ ઈશ્વર જાણે છે કે તમે મારે ખાતર જે કંઈ કર્યું છે તેના બદલામાં હું મારો જાન ખુશીથી આપી દઉં. પરંતુ મારી ટેક અને

ખ્રિસ્તી તરીકેના મારા અંતરાત્માની વિરુદ્ધ હોય એવું કશું મારી કનેથી માગશો નહિ. તમે મારા મહેરબાન છો. તમે જે શરૂ કર્યું છે તેને ભલે પૂરું કરો — પણ મને ને બિચારી અનાથ બાળાને ઈશ્વર જ્યાં લઈ જાય ત્યાં જવા દો. તમે ભલે ગમે ત્યાં હો, અને તમારો અંજામ ભલે ગમે તેવો આવે, પરંતુ અમે બેઉ આખી જિંદગી દરરોજ તમારા પાપી આત્માની મુક્તિ સારું પ્રાર્થના કરતાં રહીશું..."

પુગાચોવનું કઠણ હૈયું જાણે પલળી ગયું હોય એમ લાગ્યું. "ઠીક, તમારી મરજી એવી છે તો ભલે," તેણે કહ્યું, "હું ફાંસીની સજા કરું એટલે ખરેખર ફાંસીએ લટકાવી દઉં, અને માફી બક્ષું એટલે ખરેખર માફી બક્ષું. મારી તો રીત જ એવી છે. તમારી રૂપાળી રમણીને લઈ જાઓ, મરજી પડે ત્યાં લઈ જાઓ, ઈશ્વર તમને પ્રેમ ને ડહાપણ આપો!"

એટલું કહીને તે શ્વાબ્રિન તરફ ફર્યો અને પોતાના કબજા હેઠળના તમામ કિલ્લા તથા શહેરોમાં દાખલ થવાનો પરવાનો મને લખી આપવાનું તેને ફરમાન કર્યું. શ્વાબ્રિન આભો બની ગયો અને જડ જેવો ઊભો જ રહ્યો. પુગાચોવ કિલ્લાનું નિરીક્ષણ કરવા નીકળી પડયો. શ્વાબ્રિન તેની ભેગો ગયો. હું રવાનગીની તૈયારીનું બહાનું કાઢીને ત્યાં જ રોકાઈ રહ્યો.

હું દોડતો પાછો ખંડ પાસે પહોંચી ગયો. બારણું અંદરથી બંધ હતું. મેં સાંકળ ખખડાવી. "કોણ છે?" પાલાશાનો સાદ સંભળાયો. મેં જવાબ આપ્યો કે હું જ છું. બારણાની પારથી મારિયા ઇવાનોવ્નાનો મધુર અવાજ કાને પડયો. "પ્યોતર આન્દ્રેઇચ, થોડીક વાટ જોવી પડશે. હું કપડાં બદલાવી રહી છું. તમે આકુલીના પામ્ફીલોવ્નાને ત્યાં જાઓ. હું હમણાં ત્યાં પહોંચું છું."

હું તેના કહેવા મુજબ ફાધર ગેરાસિમને ત્યાં ગયો. પાદરી અને તેની પત્ની દોડતાં સામાં આવ્યાં. સાવેલ્યિચ તેમને મારા આગમનની વાત જણાવી ચૂક્યો હતો. "સલામ, પ્યોતર આન્દ્રેઇચ!" પાદરીની પત્ની બોલી. "ઈશ્વરની મરજી હશે એટલે આપણે ફરી મળ્યાં. કેમ છો? અમે તમને રોજ યાદ કરતાં. તમારી ગેરહાજરીમાં મારિયા ઇવાનોવ્નાને બહુ દુ:ખ સહેવું પડયું, બિચારી! પણ ભલા ભાઈ, એક વાત જણાવો — પુગાચોવની સાથે આટલો સારો સંબંધ તમે કેવી રીતે કેળવી લીધો? એણે તમને કેમ ફાંસીએ ન લટકાવી દીધા? કંઈ નહિ તોયે એટલું તો મવાલીનું અહેસાન ખરું જ!" ફાધર ગેરાસિમ વચમાં બોલી ઊઠયો: "બસ, બસ, બહુ થયું, ડોશી! જાણતા હોઈએ એ બધુંય જાહેર

ન કરી દેવાય. જીભડી છૂટી મૂકી દેવાથી જરાય ફાયદો કદી ન થાય. પ્યોતર આન્દ્રેઈચ, અંદર આવો! આપણે મળેલા તેને કેટલો લાંબો વખત વીતી ગયો છે!"

પાદરીની પત્નીએ ઘરમાં જે કંઈ ખાવાનું હતું તે મને પીરસતાં પીરસતાં બોલવાનું અણથંભ ચાલુ રાખ્યું. તેણે વાત કરી કે શ્વાબ્રિન મારિયા ઈવાનાવ્નાને કેવી રીતે બળજબરીથી લઈ ગયો હતો, વિખૂટી પડતી વેળા એ કેવું કેવું રડી હતી, એણે પાલાશાની મારફત કેવી રીતે સંપર્ક જાળવી રાખ્યો હતો (પાલાશા જબરી છે! એ તો સાર્જન્ટનેય ટચલી આંગળીએ નચાવતી!), પાલાશાએ કેવી રીતે મારિયા ઈવાનોવ્નાને સમજાવીને તમને પત્ર લખાવ્યો હતો, વગેરે. પછી મેં મારી કથની ટૂંકમાં કહી સંભળાવી. પાદરી અને તેની પત્નીને જ્યારે ખબર પડી કે પોતે કરેલો છળ પુગાચોવની જાણમાં આવી ગયો છે ત્યારે તેઓ ક્રોસની નિશાની કરીને પ્રભુનું સ્મરણ કરવાં લાગ્યાં. "ઈશ્વર આપણી ઉપર દયા કરે!" આકુલીના પામ્ફીલોવ્ના બોલી. "પરમેશ્વર તોફાનનાં વાદળોને વિખેરી નાખે! અને આ અલેક્સેઈ ઈવાનિચ — વિચિત્ર આદમી છે, નહિ?" એ ઘડીએ મારિયા ઈવાનોવ્ના બારણું ખોલીને અંદર આવી. તેના નિસ્તેજ વદન પર સ્મિત રમી રહ્યું હતું. તેણે ગામડિયો લેબાસ કાઢી નાખ્યા હતો અને અગાઉની જેમ મોહક સાદાઈભર્યાં વસ્ત્રો પહેરી લીધાં હતાં.

મેં તેનો હાથ પકડી લીધો અને કેટલીય વાર સુધી હું કશું બોલી જ ન શક્યો. અમારા બેઉનાં હૈયાંમાં લાગણીઓના એવા ઓઘ ઊછળતા હતા કે વાણીને અવકાશ જ નહોતો. અમારાં મેજબાન પાદરી અને તેની પત્ની સમજી ગયાં કે પોતાની હાજરી અસ્થાને છે એટલે તેઓ ચાલ્યાં ગયાં. અમે બે જ એકલાં બાકી રહ્યાં. બધું વિસરાઈ ગયું. અમે ખૂબ ખૂબ વાતો કરી. કિલ્લો બળવાખોરોએ કબજે કરી લીધો ત્યાર બાદ બનેલું બધું મારિયા ઈવાનોવ્નાએ મને વિગતવાર જણાવ્યું અને પોતાની ભયાનક હાલતનું તેમ જ પોતાની ઉપર અધમ શ્વાબ્રિને લાદેલી અનેક વિપદાઓનું વર્ણન કર્યું. અમે ભૂતકાળના સુખી દિવસોને પણ યાદ કર્યા... અમે બન્નેએ આંસુ વહાવ્યાં... આખરે મેં મારી યોજનાઓ કહી બતાવી. તેને કિલ્લાની અંદર પુગાચોવની હકૂમત હેઠળ અને શ્વાબ્રિનના તાબામાં રહેવા દેવાનો તો સવાલ જ નહોતો. વળી ઘેરામાં સપડાયેલા ઓરેનબૂર્ગ તરફ જવાનોયે કશો અર્થ નહોતો. તેને આ દુનિયામાં હવે એક પણ સગુંવહાલું બાકી રહ્યું નહોતું. મેં તેને ગ્રામવિસ્તારમાં મારાં માતાપિતા પાસે જવા

સમજાવી. પહેલાં તો તે અચકાવા લાગી કારણ કે તેના પ્રત્યે મારા પિતાના દ્વેષની તેને ખબર અને બીક હતી. પરંતુ હું સમજાવટથી તેની આશંકાઓને દૂર કરવામાં સફળ થયો. મેં તેને ખાતરી આપી કે દેશને ખાતર પોતાનો જાન કુરબાન કરી દેનારા આદરપાત્ર અફસરની બેટીને આશ્રય આપવાના કાર્યને મારા પિતા જરૂર ગૌરવની બાબત ગણશે. "પ્યારી મારિયા ઈવાનોવ્ના," મેં અંતમાં કહ્યું, "હું તને મારી પત્ની જ માનું છું. અસાધારણ સંજોગોએ આપણને સદાને માટે પરસ્પર સાંકળી લીધાં છે. હવે કશુંયે આપણને એકબીજાથી અળગાં કરી શકે એમ નથી." મારિયા ઈવાનોવ્નાએ શરમના જરા સરખાયે ખોટા દેખાવ કે ઢોંગી વાંધાઓ વગર તદ્દન સરળ ભાવે મારી વાત સાંભળી. તેને પણ લાગ્યું કે તેનું કિસ્મત મારા નસીબ જોડે સંકળાઈ ગયું છે. પરંતુ તેણે ફરી વાર મને જણાવી દીધું કે તમારાં માતાપિતા મંજૂરી આપશે તો જ હું તમારી પત્ની બનવા તૈયાર થઈશ. મેં તેનો મનસૂબો બદલાવવાની કોશિશ ન કરી. અમે પરસ્પર ખરા પ્રેમનાં આવેગમય ચુંબનો કર્યાં—અને એ રીતે અમે નિર્ણય કરી લીધો.

એક કલાકની અંદર સાર્જન્ટ મારે માટે પરવાનો લઈને આવી પહોંચ્યો. પરવાના ઉપર પુગાચોવે સહી તરીકે લસરકો કરેલો હતો. સાર્જન્ટે મને જણાવ્યું કે પુગાચોવ તમને મળવા માગે છે. હું તેની પાસે પહોંચ્યો ત્યારે તે સફર માટે તૈયાર થઈ ગયેલો હતો. એ ભયંકર આદમીની, શયતાનની, મારા સિવાય બીજા સૌને માટે ઘાતકી રાક્ષસ જેવા માણસનો વિદાય લેતી વેળાની મારી લાગણીઓને શબ્દોમાં વ્યકત કરવાનું અત્યંત મુશ્કેલ છે. ખરી વાતનો એકરાર કેમ ન કરી લેવો? એ ઘડીએ મારા મનમાં તેના પ્રત્યે હમદર્દીની પ્રબળ લાગણી પેદા થઈ હતી. તે જે ગુનેગારોની સરદારી કરી રહ્યો હતો એ સૌથી તેને અળગો કરી નાખવાની અને વેળા વીતી જાય તે પહેલાં તેને ફાંસીથી બચાવી લેવાની જોરદાર તમન્ના મારા દિલમાં જાગી. શ્વાબ્રિન અને અમારી આસપાસ ઊમટતા લોકોને કારણે હું મારા મનમાં છલકાતા શબ્દોને વ્યકત કરતો અટકી ગયો.


અમે દોસ્તો તરીકે જુદા પડયા. ટોળામાં આકુલીના પામ્ફીલોવ્નાને જોઈને પુગાચોવે તેની સામે મર્મભર્યો મિચકારો કરીને આંગળી હલાવી. પછી તેણે હિમગાડીમાં બેસી જઈને ગાડીવાનને બેર્દા તરફ રવાના થઈ જવાનો હુકમ આપ્યો. ઘોડા ચાલવા લાગ્યા એટલે તેણે ગાડીમાંથી પાછું ડોકું બહાર કાઢીને મને સાદ પાડયો: "અલવિદા, નામદાર! કોને ખબર—આપણે કદાચ ફરી ક્યારેક ભેટી જઈએ!" અને અમે ખરેખર ભેટી ગયા— પરંતુ કેવા સંજોગોમાં!

પુગાચોવ ચાલ્યા ગયો. વગડામાં ઝડપથી સરકતી ત્રણ ઘોડાની ગાડીની ઉપર નજર ઠેરવીને હું કેટલીય વાર સુધી ઊભો રહ્યો. ટોળું વિખેરાઈ ગયું. શ્વાબ્રિન ગાયબ થઈ ગયો. હું પાછો પાદરીને ત્યાં ગયો. અમારી રવાનગીની બધી તૈયારીઓ થઈ ચૂકી હતી, અને જરાય વધારે ઢીલ કરવાનું મારું મન નહોતું. અમારો બધો સામાન કમાંડન્ટની એક જૂની હિમગાડીમાં ગોઠવી દેવામાં આવ્યો હતો. ગાડીવાને પળવારમાં ઘોડા જોડી લીધા. મારિયા ઈવાનોવ્ના પોતાનાં માતાપિતાની કબરોએ અલવિદા કહેવા ગઈ. કમાંડન્ટ તથા તેની પત્નીને દેવળની પાછળ દફનાવવામાં આવ્યાં હતાં. હું તેની સાથે જવા તૈયાર થઈ ગયો પણ તેણે એકલી જ જવા દેવાની માગણી કરી. થોડી મિનિટોમાં તે મૂંગું રુદન કરતી પાછી ફરી. ગાડી તૈયાર ઊભી હતી. ફાધર ગેરાસિમ અને તેની પત્ની બહાર આંગણામાં આવ્યાં. અમે ત્રણ જણ ગાડીમાં બેસી ગયાં—મારિયા ઈવાનોવ્ના, પાલાશા, અને હું. સાવેલ્યિચ ગાડીવાનની જોડે બેસી ગયો. "આવજે, મારિયા ઈવાનોવ્ના, વહાલી બેટી! વિદાય, આન્દ્રેઈ પેત્રોવિચ, અમારા શાનદાર ગરુડ!" પાદરીની માયાળુ પત્ની બોલી ઊઠી. "તમારી સફર સલામત નીવડો અને ઈશ્વર તમને બેઉને સુખી રાખે!" અમે રવાના થઈ ગયાં. મેં શ્વાબ્રિનને કમાંડન્ટના ઘરની બારીએ ઊભેલો જોયો. તેના ચહેરા ઉપર ઘેરું ખુન્નસ છવાયેલું હતું. પરાજિત દુશ્મનની સામે વિજયનું પ્રદર્શન ન કરવાના ઇરાદે મેં મોં બીજી તરફ ફેરવી લીધું. આખરે અમે કિલ્લાના ફાટકની બહાર નીકળી ગયાં અને બેલોગોર્સ્ક કિલ્લાને કાયમને માટે છોડીને અમારે માર્ગે રવાના થઈ ગયાં.

ગિરફતારી

"ના થશો નારાજ, હજૂર, ઉપાય બીજો કોઈ નથી,
પૂરી દેવા કેદમાં તમને, બંધાયેલો ફરજ થકી."
"ભલે—છું તૈયાર. કિંતુ આપો અવસર મને,
સમજાવું વાત મારી, રીતે જેવી ફાવે મને."

ક્‌ન્યાઝનીન[24]



મારી મધુર પ્રિયા જોડે અણધાર્યા પુનર્મિલનના મારા સદ્‌ભાગ્યની વાતને હું તો જાણે ખરી માની જ નહોતો શકતો. હજૂ તો સવારે જ હું તેની હાલત અંગેની વેદનામય ચિંતામાં ઊંડો ગરકાવ થયેલો હતો. જે કંઈ બની ગયું છે એ બધું ક્યાંક ખાલી સ્વપ્ન તો નહિ હોય—એવા ખ્યાલને હું મારા મનમાંથી દૂર નહોતો કરી શકતો. મારિયા ઈવાનોવ્ના ફિકરભરી નજરે ક્યારેક મારા ચહેરાને તો ક્યારેક રસ્તાને તાકતી રહેતી હતી, જાણે કેમ પોતાના વિચારોને સરખી રીતે ગોઠવી ન શકતી હોય. અમે બેઉ ચુપ હતાં. અમારાં હૈયાં બેહદ થાકેલાં હતાં. વખત ખબરેય ન પડે એવી રીતે વીતતો ગયો અને બે કલાક પછી અમે સૌથી નજીકને કિલ્લે પહોંચી ગયાં. એ કિલ્લો પણ પુગાચોવના કબજામાં હતો. ત્યાં અમે ઘોડા બદલાવ્યા. તાજા ઘોડા જોડવાની ઝડપ અને પુગાચોવે બઢતી આપીને કમાંડન્ટના પદે નીમેલા દાઢીવાળા કઝ્ઝાકની ઉત્સુકતાભરી દાસતા જોઈને હું સમજી ગયો કે અમારા

વાતોડિયા ગાડીવાને હાંકેલાં ગપ્પાંના પરિણામે મને માનીતો દરબારી ગણી લેવામાં આવ્યો હતો.

અમે સફર ચાલુ રાખી. દાઢીવાળા કમાંડન્ટના કહેવા મુજબ નકલી શહેનશાહનાં લશ્કરોની સાથે જોડાઈ જવા માટે કૂચ કરી રહેલી એક મોટી બટેલિયને જ્યાં મુકામ કર્યો હતો એ નાનકડા શહેર નજીક અમે પહોંચ્યા ત્યારે અંધારું થવા લાગ્યું હતું. સંત્રીઓએ અમને અટકાવ્યા. "કોણ છે?" એવા સવાલનો જવાબ અમારા ગાડીવાને ઘાંટો પાડીને આપ્યો: "ઝારના દોસ્ત અને એમનાં બાઈસાહેબ!" એકાએક અમને ભયંકર ગાળો ભાંડતા હુસારોએ ઘેરી લીધાં. "બહાર નીકળ, શયતાનના દોસ્ત!" થોભિયાવાળો એક સાર્જન્ટ-મેજર બરાડયો. "હમણાં ખબર પાડી દઉં છું, તું ને તારી બાઈસાહેબ!"

મેં ગાડીમાંથી નીચે ઊતરીને મને તેમના સરદાર પાસે પહોંચાડવાની માગણી કરી. અફસરને જોઈને સિપાહીઓએ ગાળો બકવાનું બંધ કરી દીધું. સાર્જન્ટ-મેજર મને મેજર પાસે લઈ જવા લાગ્યો. સાવેલ્યિચ મને વળગીને ભેગો ચાલતો બડબડવા લાગ્યો: "ઝારના દોસ્ત, કપાળ! ઓલામાંથી ચૂલામાં! હે ભગવાન! આનો અંજામ કેવો આવશે?" ગાડી પણ ધીરે ધીરે અમારી પાછળ ચાલવા લાગી.

પાંચેક મિનિટ ચાલીને અમે ઝળહળતા પ્રકાશવાળા એક ઘર પાસે પહોંચ્યા. સાર્જન્ટ-મેજર મને પહેરા હેઠળ રાખીને અંદર ખબર આપવા ગયો. તેણે એક મિનિટમાં પાછા ફરીને જણાવ્યું કે તમને મળવાનો નામદારને વખત નથી, તેમણે હુકમ આપ્યો છે કે તમને કેદમાં પૂરી દેવા અને બાઈસાહેબને તેમની પાસે પહોંચાડી દેવાં.

"શો મતલબ?" હું ધૂંવાંપૂંવાં થઈને બરાડી ઊઠયો. "ગાંડો છે કે શું?"

"એની તો ખબર નથી, નામદાર," સાર્જન્ટ-મેજરે જવાબ આપ્યો. હું તો ફકત એટલું જ જાણું છું કે નામદારે આપ નામદારને કેદમાં પૂરી દેવાનો અને નામદાર બાઈસાહેબને નામદાર પાસે પહોંચાડી દેવાનો હુકમ આપ્યો છે, નામદાર."

હું આંગણમાં ધસી ગયો. સંત્રીઓએ મને અટકાવવાની મુદ્દલ કોશિશ ન કરી એટલે હું સીધો ઘરની અંદર ઘૂસી ગયો. એક રૂમમાં પાંચ કે છ હુસાર અફસરો જુગાર રમી રહ્યા હતા. દાવના પૈસાનો કારોબાર મેજરને હસ્તક

હતો. હું તેને ઓળખી ગયો અને ભારે વિસ્મયમાં ગરકાવ થઈ ગયો. એ તો સિમ્બીર્સ્કની સરાઈમાં મારી પાસેથી પૈસા જીતી લેનારો ઈવાન ઇવાનોવિચ ઝૂરિન હતો.

"અરે, આ શું?" હું બોલી ઊઠયો. "ઈવાન ઈવાનિચ, ખરેખર તમે જ છો?"

"અરે, પ્યોતર આન્દ્રેઈચ! તમે અહીંયાં? ક્યાંથી આવો છો? સલામ, ભાઈ! ચાલો, રમવા બેસી જાઓ છો ને?"

"આભાર. હમણાં તો મને મારા મુકામની જગ્યા બતાવો."

"મુકામની જગ્યા? મારી ભેગા રહેજો."

"ના, શક્ય જ નથી. હું એકલો નથી."

"ભલે ને, તમારા દોસ્તને માટે પણ જગ્યા છે."

"મારી જોડે દોસ્ત નથી, બાનુ છે."

"બાનુ? ક્યાં મળી ગઈ? વાહ, ભાઈ!" (ઝૂરિને એવી અર્થસૂચક સિસોટી વગાડી કે બધા અફસરો હસી પડયા અને હું ગૂંચવણમાં પડી ગયો.)

"વારુ." ઝૂરિન આગળ બોલ્યો, "જેવી તમારી મરજી. એક રૂમ કાઢી આપીશું. પણ અફસોસની વાત છે... આપણે અગાઉ કરેલી એવી મોજ કરી હોત. એય છોકરા, પુગાચોવની બાનુ દોસ્તને અહીંયાં લાવતો કેમ નથી? આડોડાઈ તો નથી કરતી ને? અને કહી દે કે બીવાની જરૂર નથી, નામદાર બહુ જ સજ્જન માણસ છે, તને ઈજા નહિ કરે. ધાંધલ કરે તો એકબે તમાચા ચોડી દેજે."

"આ વળી શું?" મેં ઝૂરિનને કહ્યું. "કોણ છે પુગાચોવની દોસ્ત? આ તો મરહૂમ કૅપ્ટન મિરોનોવની બેટી છે. મેં એને કેદમાંથી છોડાવી છે અને હવે મારા પિતાને ત્યાં પહોંચાડવા જઈ રહ્યો છું. મારો ઈરાદો એને ત્યાં મૂકી આપવાનો છે."

"શું? તો મને હમણાં ખબર આપવામાં આવેલી એ તમારે વિશે હતી! માફ કરો! પણ આ બધી વાત શી છે?"

"પછી કહીશ, હમણાં તો તમે ઈશ્વરને ખાતર બિચારીને બીકથી છુટકારો અપાવો, તમારા હુસારોએ એને ભયંકર દહેશતમાં નાખી દીધી છે!"

ઝૂરિને તરત જ હુકમ આપ્યા. તે પોતે ગેરસમજણ બદલ મારિયા ઈવાનોવ્નાની માફી માગવા બહાર આવ્યો, અને તેને શહેરમાં રહેવાની સારામાં સારી જગ્યાએ પહોંચાડી દેવાનું સાર્જન્ટ-મેજરને ફરમાન કર્યું. મને તેણે પોતાની રૂમમાં જ સૂવાની સગવડ કરી આપી.

વાળુ પતી ગયા પછી અમે એકલા પડયા ત્યારે મેં તેને મારાં તમામ સાહસોની વાત વિગતવાર જણાવી. તેણે મારાં વીતક ખૂબ ધ્યાનથી સાંભળ્યાં. મેં પૂરું કર્યું એટલે તેણે માથું ધુણાવતાં કહ્યું: "બીજું બધું તો ઠીક છે, મારા ભાઈ, પણ એક વાત મને જરાય ગમતી નથી. તમને આ પરણવાનું ઘેલું ક્યાંથી લાગી ગયું છે? અફસર તરીકે સોગન ખાઈને કહું છું કે મારી મુરાદ તમને અવળે રસ્તે દોરવાની મુદ્દલ નથી. મારી વાત માનો તો આ લગન બગનનું લફરું સાવ નકામું છે. વહુની તમારે શી જરૂર છે? અને પછી ઢગલાબંધ છોકરાંની જંજાળ શું કરવા માથે લેવી છે? એ બધું ભૂલી જાઓ! મારી વાત સાંભળો— કૅપ્ટનની બેટીને સલામ કહી દો—સંબંધ તોડી નાખો. સિમ્બીર્સ્કનો રસ્તો મેં સાફ કરી નાખ્યો છે—હવે સાવ સલામત છે. એને કાલે એકલી તમારાં માબાપને ત્યાં રવાના કરી દો, અને તમે અહીંયાં મારી ટુકડીમાં જોડાઈ જાઓ. ઓરેનબૂર્ગ પાછા જવાનો કશો અર્થ નથી. વળી પાછા બળવાખોરોના હાથમાં સપડાઈ જવાના, અને બીજી વાર છટકી જવાનું ભાગ્યે જ શક્ય બને. પ્રેમની ઘેલછા તો વખત જતાં શમી જશે અને સૌ સારાં વાનાં થઈ રહેશે."

હું તેની જોડે પૂરો સહમત તો નહોતો જ, પરંતુ મને લાગ્યું ખરું કે ફરજ અને ટેક સમ્રાજ્ઞીની સેનામાં મારી મોજૂદગીનો તકાદો કરે છે. મેં ઝૂરિનની સલાહ માની લીધી, અને મારિયા ઈવાનોવ્નાને મારાં માતાપિતાને ત્યાં મોકલી દઈને ઝૂરિનની ટુકડીમાં જોડાઈ જવાનું નક્કી કર્યું.

સાવેલ્યિચ મારાં રાતનાં કપડાં લઈને આવી પહોંચ્યો. મેં તેને બીજે દિવસે મારિયા ઈવાનોવ્નાની જોડે રવાના થઈ જવાની તૈયારી કરી લેવા જણાવ્યું. પહેલાં તો તેણે મારા મનસૂબાનો વિરોધ કર્યો. "શું કહ્યું, હજૂર? તમને છોડીને જાઉં? તમારી સંભાળ કોણ રાખશે? તમારાં માબાપ શું કહેશે?"

હું બુઢ્ઢાબાબાનો હઠીલો સ્વભાવ બરાબર જાણતો હતો એટલે મેં તેને હેત તથા નિખાલસતાથી વશ કરી લેવાની મુરાદ બાંધી. "આર્ખીપ સાવેલ્યિચ, પ્યારા દોસ્ત! મને અહીંયાં ચાકરની જરૂર નથી, અને મારિયા ઈવાનોવ્ના તારા વગર એકલી જશે તો મારા મનને મુદ્દલ ચેન નહિ રહે. તું એની ચાકરી કરે

એટલે ભેગી મારી ચાકરી પણ થઈ જ ગઈ કહેવાય, કારણ કે સંજોગો સવાળા થાય એટલે તરત જ એની જોડે શાદી કરી લેવાનો મક્કમ ફેંસલો મેં કરી લીધો છે."

મારા શબ્દો સાંભળીને સાવેલ્યિચ તદ્દન દંગ થઈ ગયો અને તેના હાથ પહોળા થઈ ગયા. "શાદી!" તેણે પડઘો પાડ્યો. "ભાઈ શાદીના મનસૂબા ઘડે છે! તમારા બાપુ શું કહેશે? અને મા શું કહેશે?"

"તેઓ મંજૂરી આપશે, મારિયા ઇવાનોવ્નાને જોશે એટલે ચોક્કસ મંજૂરી આપશે," મેં તેને ખાતરી આપી. "વળી મારી ઉમેદોનો આધાર તારી ઉપર પણ છે. મારાં માતાપિતાને તારી ઉપર પૂરો વિશ્વાસ છે—તું અમારી તરફેણના બોલ કહેજે—કહીશ ને?"

બુઢ્ઢા આદમીનું હૈયું પલળી ગયું. "પ્યોતર આન્દ્રેઇચ! માલિક!" તે બોલી ઊઠ્યો. "તમારે પરણવાના મનસૂબા બાંધવાનો વખત હજી નથી આવ્યો, હજી વાર છે, પણ મારિયા ઇવાનોવ્ના એવાં મઝાનાં બાનુ છે કે આવા મોકાને જતો કરવો એટલે ભારે મોટી ભૂલ જ ગણાય. ભલે, તમારી વાત માની લીધી, બસ! હું એમની ભેગો જઈશ, એ તો દેવી જેવાં છે. હું જઈને તમારાં માબાપને કહીશ કે આવી કન્યા મળતી હોય તો કરિયાવરની ફિકર કરવાની જરૂર નથી."

હું સાવેલ્યિચનું અહેસાન માનીને ઝૂરિનના રૂમમાં સૂવા ચાલ્યો ગયો. ઉત્સાહ તથા ઉત્તેજનાને લીધે હું અણથંભ બોલ બોલ કરતો રહ્યો. શરૂઆતમાં તો ઝૂરિન ખુશીથી મારી અંગત વાતો સાંભળતો રહ્યો, પણ પછી તેના હોંકારા પાંખા પડતા ગયા, અસંબદ્ધ બનતા ગયા, અને આખરે મારી વાતોના જવાબમાં કેવળ નસકોરાંનો તથા સિસોટી જેવા શ્વાસોચ્છવાસનો અવાજ સંભળાવા લાગ્યો. હું ચુપ થઈ ગયો અને થોડી વારમાં તેની માફક નીંદરમાં પડી ગયો.

બીજે દિવસે સવારે હું મારો વિચાર મારિયા ઇવાનોવ્નાને જણાવવા ગયો. તેણે મારી વાત ઉચિત ગણીને તરત માની લીધી. ઝૂરિનની ટુકડી તે જ દિવસે શહેર છોડીને નીકળી જવાની હતી એટલે વિલંબનો અવકાશ જ નહોતો. મેં એ વખતે ત્યાં જ તેની વિદાય લીધી, તેની સંભાળની જવાબદારી સાવેલ્યિચને સોંપી, અને મારાં માતાપિતાને સંબોધિત એક પત્ર તેને આપ્યો. મારિયા ઇવાનોવ્નાની આંખોમાં આંસુ છલકાઈ આવ્યાં. "પ્યોતર આન્દ્રેઇચ," તે ધીમા અવાજે બોલી, "કેવળ ઈશ્વર જ જાણતો હશે કે આપણે ફરી મળીશું યા નહિ, પણ હું મારી જિંદગીના છેલ્લા દિવસ સુધી તમને ભૂલીશ નહિ.

મારા મૃત્યુની ઘડી આવી પહોંચે ત્યાં સુધી તમારી છબી મારા હૈયામાં અંકાયેલી રહેશે." હું કશું બોલી જ ન શક્યો. અમારી આસપાસ ઘણાબધા લોકો મોજૂદ હતા અને હું અજાણ્યા માણસોની હાજરીમાં મારી લાગણીઓને છૂટી મૂકી દેવા નહોતો માગતો. આખરે વિદાયની ઘડી આવી ગઈ, મારિયા ઇવાનોવ્ના ચાલી ગઈ. હું અબોલ ને ગમગીન હાલતમાં ઝૂરિન પાસે પાછો ફર્યો. તેણે મારા મનને આનંદિત કરવાની પૂરી કોશિશ કરી, અને હું પોતે પણ મારા મનને જુદી દિશામાં વાળવા આતુર હતો. અમે આખો દિવસ ધાંધલભરી મોજમઝામાં વિતાવ્યો અને સાંજે કૂચ કરી ગયા.

ફેબ્રુઆરીના અંતિમ દિવસો હતા. લશ્કરી કામગીરી મુશ્કેલ બનાવી દેતો શિયાળો પૂરો થઈ રહ્યો હતો અને અમારા જનરલો એકીવેળાએ સમન્વિત સર્વાંગી કદમ ઉઠાવવાની તૈયારી કરી રહ્યા હતા. પુગાચોવ હજી ઓરેનબૂર્ગને ઘેરો ઘાલીને પડયો હતો, પરંતુ સતત આવી પહોંચતી નવી નવી ટુકડીઓ એકત્રિત થઈને દરેક દિશામાં લૂંટારાઓની સામે મોરચા માંડી રહી હતી. અમારાં લશ્કરો નજરે પડતાં જ બળવાખોર ગામો શરણે થઈ જતાં, દરેક ઠેકાણે કાયર ટોળકીઓ અમને જોઈને પલાયન થઈ જતી, લડાઈના ઝડપી તથા સફળ અંતના સંજોગો વરતાઈ રહ્યા હતા.

થોડા સમયની અંદર પ્રિન્સ ગોલીત્સિને પુગાચોવને તાતીશ્ચેવ કિલ્લામાંથી તગેડી કાઢયો[25], તેના માણસોને તિતર બિતર કરી નાખ્યા, ઓરેનબૂર્ગને ઘેરાથી છોડાવી લીધું, અને બળવાની ઉપર જાણે અંતિમ નિર્ણાયક પ્રહાર કર્યો. તેની સાથે સાથે, ઝૂરિનને બળવાખોર બાશ્કિરીઓની એક ટોળકી સામે લડવા મોકલવામાં આવ્યો, પરંતુ તેઓ તો અમને સરખી નજરે જોવા મળે તે પહેલાં જ નાસીને વિખેરાઈ ગયા. વસંતના દિવસોમાં અમારે એક તાતાર ગામડામાં ગોંધાઈ રહેવું પડયું. નદીઓમાં પૂર છલકાયાં અને રસ્તાઓ પર કૂચ કરવાનું અશક્ય બની ગયું. નિષ્ક્રિય હાલતમાં અમે એવા ખ્યાલોમાંથી દિલાસો મેળવતા કે મવાલીઓ તથા જંગલીઓ સામેની કંટાળાભરેલી તથા મામૂલી લડાઈનો હવે ઝડપથી અંત આવી જશે.

પરંતુ પુગાચોવ હાથમાં ન આવ્યો. સાઈબિરિયાના લોખંડના કારખાનામાં પહોંચી જઈને તેણે ત્યાં નવી ટોળકીઓ જમાવી અને પોતાનાં કાળાં કરતૂત ફરી શરૂ કરી દીધાં. વળી પાછી તેની કામયાબીઓની અફવાઓ સંભળાવા લાગી. અમને સાઈબિરિયાના કિલ્લાઓની તારાજીની ખબરો મળવા લાગી. થોડા વખતમાં

જ અમને સમાચાર મળ્યા કે નકલી શહેનશાહે કાઝાન[26] કબજે કરી લીધું છે અને તે મોસ્કો તરફ કૂચ કરી રહ્યો છે. ઘૃણિત વિદ્રોહીઓની કાયરતાના ભ્રમમાં નચિંત ઘોરતા અમારા લશ્કરી સરદારો સફાળા જાગી ગયા. ઝૂરિનને વોલ્ગા નદી પાર કરીને સામે કાંઠે જવાનો હુકમ મળ્યો.*

અમારી કૂચનું અને લડાઈના અંતનુ વિગતવાર વર્ણન હું નથી કરતો પરંતુ એટલું જણાવીને સંતોષ માની લઉં છું કે રૈયત ભયંકર હાડમારીઓનો ભોગ બની ગઈ હતી. બળવાખોરોએ ખેદાનમેદાન કરી નાખેલાં ગામોમાંથી પસાર થતી વેળા અમે બિચારા કમનસીબ રહેવાસીઓની રહીસહી ચીજવસ્તુઓ પણ અચૂક તફડાવી લેતા. વહીવટ ચલાવવાની કોશિશો તદ્દન તજી દેવામાં આવી હતી અને જમીનદારો ભાગીને વનોમાં ભરાઈ ગયા હતા. દરેક ઠેકાણે મવાલીઓની ટોળકીઓ જુલમ વરસાવી રહી હતી, છૂટીછવાઈ લશ્કરી ટુકડીઓ આપખુદ રીતે સજાઓ ફટકારી રહી હતી અને માફી બક્ષી રહી હતી. લડાઈમાં સપડાઈ ગયેલા વિશાળ પ્રદેશમાં બધે હાલત ભયાનક બની ગઈ હતી. નિષ્ઠુર મૂઢતાનો સાક્ષાત્કાર કરાવતા રશિયન બળવાનું દૃશ્ય ઈશ્વર તમને કદી ન દેખાડે!

પુગાચોવ નાઠો, ઈવાન ઈવાનોવિચ મીખેલ્સોને[27] તેનો પીછો કર્યો. ટૂંક વખતમાં અમને પુગાચોવના અંતિમ પરાજયના સમાચાર મળ્યા. આખરે ઝૂરિનને નકલી શહેનશાહની ધરપકડની ખબર મળી, અને કૂચ થંભાવવાનો હુકમ પણ સાથે સાથે જ મળ્યો. લડાઈ ખતમ થઈ ગઈ. હવે મારે માટે ઘેર માતાપિતા પાસે પાછા ફરવાનું શક્ય બન્યું. તેમને ભેટી પડવાની તેમ જ મારિયા ઈવાનોવ્નાને મળવાની આશાએ હું આહ્લાદ અનુભવવા અને નાના બાળકની જેમ ઊછળકૂદ કરવા લાગ્યો. ઝૂરિન હસી પડ્યો અને ખભા ઉલાળીને બોલ્યો: "અરે ભાઈ, તમારો અંજામ બૂરો આવવાનો છે! ભલે, લગન કરવાં છે તો કરી નાખો ને છૂટકો કરો!"

પરંતુ મારા ઉલ્લાસમાં એક જાતની વિચિત્ર લાગણી પણ મિશ્રિત હતી. અનેક નિર્દોષ માનવીઓના લોહીથી ખરડાયેલા અને માથે તોળાતા મોતની વાટ જોતા બળવાખોર સરદાર અંગેના ખ્યાલોને હું મારા મનમાંથી દૂર નહોતો કરી શકતો. "યેમેલ્યા! યેમેલ્યા!" મેં વ્યાકુળ બની જઈને નિઃશ્વાસ નાખ્યાં.

---

*પૂશ્કિને 'કાઢી નાખેલું પ્રકરણ' અહીંથી શરૂ થાય છે. એ પ્રકરણ કેવળ હસ્તપ્રતના પ્રથમ ખરડામાં જ જળવાઈ રહ્યું છે.

તું બૅયોનેટની કે ગોળીબારની સામે ધસીને વિંધાઈ કેમ ન ગયો? તારે માટે તો એ જ બહેતર હતું. એવી લાગણીઓને હું ખાળી ન શક્યો. મારા મનમાં પુગાચોવનો ખ્યાલ તેણે મારા જીવનની અત્યંત ભયંકર ઘડીઓમાં મારા પ્રત્યે દાખવેલી દયા જોડે તેમ જ મારી પ્રિયતમાને શ્વાબ્રિનના સકંજામાંથી અપાવેલી મુક્તિની જોડે અવિભાજ્ય રીતે સંકળાયેલા હતો.

ઝૂરિને મને ઘેર જઈ આવવાની રજા આપી. થોડા દિવસોની અંદર હું ફરી મારા કુટુંબ ભેગો થઈ જવાનો હતો, ફરી મારિયા ઇવાનોવ્નાને મળવાનો હતો... પરંતુ અચાનક મારા મસ્તક ઉપર આફતની વીજળી તૂટી પડી.

મારી રવાનગી માટે નક્કી થયેલા દિવસે, હું સફરે નીકળી જવાની તૈયારી કરી રહ્યો હતો એ જ વેળાએ, ઝૂરિન મારા રહેઠાણે આવ્યો. તેના હાથમાં એક કાગળ હતો અને તે ખૂબ જ બેચેન જણાતો હતો. મને હૈયામાં જાણે કશોક ડંખ લાગ્યો હોય એવી પીડા થઈ. કોઈ અજાણ્યો ભય મારા મનમાં છવાઈ ગયો. ઝૂરિને મારા નોકરને રૂમમાંથી બહાર મોકલી દીધો અને જણાવ્યું કે પોતે ખાસ વાત કરવા આવ્યો છે. "શી વાત છે?" મેં ચિંતાતુર અવાજે પૂછ્યું: "જરાક અણગમતી બાબત છે," તેણે જવાબ આપતાં કાગળ મારા હાથમાં મૂક્યો. "વાંચી જુઓ—હમણાં જ મળ્યો છે." હું વાંચવા લાગ્યો—કાગળ તમામ લશ્કરી સત્તાધારીઓને મોકલવામાં આવેલા ગુપ્ત ફરમાનનો હતો. તેમાં મને હું જ્યાં હોઉં ત્યાં ગિરફતાર કરી લેવાનો અને પુગાચોવના મામલા અંગે તપાસ માટે રચવામાં આવેલા પંચ સમક્ષ પેશ થવા સારુ તત્કાળ પહેરા હેઠળ કાઝાન મોકલી દેવાનો હુકમ કરવામાં આવ્યો હતો.

કાગળ જાણે મારી ઢીલી આંગળીઓમાંથી સરકી જવા લાગ્યો. "કશો ઉપાય નથી," ઝૂરિને કહ્યું, "મારી ફરજ હુકમનો અમલ કરવાની છે. પુગાચોવની જોડે તમારી દોસ્તીભરી સફરોની ખબર કોઈ રીતે સરકારને મળી ગઈ હશે. હું માનું છું કે મામલો કશા અનિષ્ટ પરિણામો વગર સંકેલાઈ જશે અને પંચની સમક્ષ તમે તમારે અંગે સંતોષકારક ખુલાસો આપી શકશો. નાઉમેદ બનતા નહિ—તત્કાળ રવાના થઈ જાઓ." મારું મન એકદમ સાફ હતું, મને આગામી મુકદ્દમાની બીક નહોતી. પરંતુ પુનર્મિલનની મધુર ઘડીને મોકૂફ રાખી દેવાની—કદાચ કેટલાય મહિનાઓ માટે—હાલત મને ખોફનાક લાગી. ગાડી તૈયાર હતી. ઝૂરિને મને હેતભરી વિદાય આપી. હું ગાડીમાં બેસી ગયો. બે હુસાર સિપાહીઓ ઉઘાડી તલવારો લઈને મારી જોડે બેઠા. અમારી ગાડી સડક પર દોડવા લાગી.

મુકદમો

અફવા તો દાવાનળની જેમ ફેલાઈ જાય.

કહેવત



મને ખાતરી હતી કે મારો એકમાત્ર અપરાધ ઓરેનબૂર્ગથી વગર પરવાનગીએ ચાલ્યા જવાનો હતો. એ કદમને વાજબી ઠરાવવામાં તો કશી મુશ્કેલી ન પડવી જોઈએ. છમકલાંની મનાઈની વાત તો દૂર રહી, તેને હંમેશાં ભારે પ્રોત્સાહન આપવામાં આવતું. મારી ઉપર કદાચ બિનજરૂરી જોશનો આરોપ મૂકી શકાય પણ શિસ્તભંગનો આરોપ કોઈ રીતે ન જ મૂકી શકાય. બીજી તરફ, પુગાચોવની જોડે મારા દોસ્તીભર્યા સંબંધોની વાતને સંખ્યાબંધ સાક્ષીઓ પુષ્ટિ આપી શકે એમ હતા, અને એ બાબત વધારે નહિ તો અત્યંત સંદેહભરી ચોક્કસ લાગવાની જ. હું આખી સફર દરમિયાન આગામી મુકદ્દમા અંગે તથા સવાલોના જવાબો અંગે વિચાર કરતો રહ્યો, અને આખરે મેં નક્કી કર્યું કે સાચી વાત પૂરેપૂરી ન્યાયાધીશ સમક્ષ રજૂ કરી દેવી, એ સાદામાં સાદી તેમ જ સૌથી સલામત રીત ઉપર મદાર રાખવો.

હું કાઝાન પહોંચ્યો. શહેર ખેદાનમેદાન હાલતમાં હતું અને લગભગ સાવ બાળી નાખવામાં આવેલું હતું. શેરીઓની બન્ને તરફ કોલસા તથા રાખના ગંજ

ખડકાયેલા હતા, અને છાપરાં કે બારીઓ વગરની બળી ગયેલી દીવાલોનાં ખંડેરો તેમાંથી ક્યાંક ક્યાંક બહાર નીકળી આવેલાં નજરે પડતાં હતાં. પુગાચોવે એવી એંધાણીઓ પાછળ છોડી હતી! મને કિલ્લામાં લઈ જવામાં આવ્યો. શહેરનાં ખંડેરોની વચ્ચે કિલ્લો સલામત રહી ગયેલો હતો. હુસાર સિપાહીઓએ મને પહેરો ભરતા સંત્રીના હાથમાં સોંપી દીધો. તેણે લુહારને બોલાવ્યો. મારા પગે બેડીઓ જકડીને રિવેટ વડે સખત જોડી દેવામાં આવી. પછી મને કારાગારમાં લઈ જવામાં આવ્યો અને અંધારી સાંકડી કોટડીમાં પૂરી દેવામાં આવ્યો. ખાલીખમ કોટડીમાં ઊંચે લોઢાનું જાળિયું હતું.

એવી શરૂઆત કશા સારા પરિણામનો નિર્દેશ બેશક નહોતી જ કરતી. પરંતુ મેં હામ કે આશા ન ખોઈ. વિપદામાં સપડાયેલા સઘળા લોકો જે દિલાસાનો આશરો લેતા હોય છે તેનો જ આશરો મેં પણ લીધો. નિર્મળ પરંતુ વેદનામય હૈયામાંથી ઉગમ પામતી પ્રાર્થનાની મધુરતા મેં પહેલી જ વાર માણી, અને ભવિષ્યની ઝાઝી ફિકર કર્યા વગર હું નિરાંતે નીંદરને ખોળે પડયો.

બીજે દિવસે સવારે જેલરે મને જગાડયો અને પંચ સમક્ષ પેશ થવા માટે નીકળી જવા જણાવ્યું. બે સિપાહીઓ મને ચોગાનની પાર કમાંડન્ટના ઘરમાં પહોંચાડીને પરસાળમાં ઊભા રહી ગયા અને તેમણે મને એકલો ખંડમાં જવાનું કહ્યું.

ખંડ સારી પેઠે મોટો હતો. કાગળોથી છવાયેલા એક ટેબલ પાસે બે આદમી બેઠા હતા. મોટી ઉંમરનો જનરલ લાગણીશૂન્ય લાગતો હતો અને તેના ચહેરા પર કરડાકી છવાયેલી હતી. બીજો આદમી સંત્રીદળનો યુવાન કૅપ્ટન હતો. ઉંમર લગભગ અઠ્ઠાવીસ વરસની હશે. તે દેખાવડો, ચપળ, અને સ્વસ્થ હતો. સેક્રેટરી બારી નજીક તેના જુદા ટેબલ પાસે બેઠો હતો. તેની પીંછાની કલમ કાને ગોઠવેલી હતી અને તે મારી જુબાની લખી લેવા માટે કાગળ ઉપર નમીને તૈયાર બેઠો હતો. સવાલજવાબ શરૂ થઈ ગયા. મારું નામ અને વ્યવસાય પૂછવામાં આવ્યાં. જનરલે સવાલ કર્યો: તમે આન્દ્રેઈ પેત્રોવિચ ગ્રિન્યોવના પુત્ર છો, ખરું ને? મેં હકારમાં જવાબ આપ્યો એટલે તેણે સખતાઈથી કહ્યું: "દિલગીરીની વાત છે કે એવા આદરપાત્ર માણસનો પુત્ર આવો નાલાયક નીવડયો!" મેં સ્વસ્થ રહીને જવાબ આપ્યો કે મારી ઉપર જે કંઈ આરોપો મૂકવામાં આવ્યા હોય તેને હું સાચી વાતનું નિખાલસ નિવેદન કરીને ખોટા સાબિત કરી દેવાની આશા ધરાવું છું. મારો આત્મવિશ્વાસ જોઈને તે નાખુશ

થઈ ગયો હોય એમ લાગ્યું. "તમે બહુ ચાલાક છો," તે ભવાં ચડાવીને બોલ્યો, "પણ અમે તમારાથીયે ચાલાક માણસોને જોઈ ચૂકેલા છીએ."

પછી જુવાન આદમીએ સવાલ પૂછ્યો કે તમે કેવા સંજોગોમાં પુગાચોવની નોકરીમાં જોડાયેલા અને એણે તમારી પાસેથી કઈ કઈ કામગીરીઓ કરાવેલી.

મેં રોષભર્યા અવાજે જવાબ આપ્યો કે હું અફસર છું અને ઉમરાવ ખાનદાનનો માણસ છું, હું પુગાચોવની નોકરીમાં કદી જોડાઈ શકું જ નહિ અને તેના તરફની કોઈ પણ કામગીરી હાથમાં લઈ શકું જ નહિ.

"તો પછી," તેણે તપાસ આગળ ચલાવતાં પૂછ્યું. "એમ કેવી રીતે બન્યું કે નકલી શહેનશાહે એક અફસર તથા ઉમરાવને જીવતો રહેવા દીધો પણ તેના બીજા તમામ સાથીઓને નિર્દયતાથી મારી નાખ્યા? એમ કેવી રીતે બન્યું કે એ જ અફસર તથા ઉમરાવે બળવાખોરોની જોડે હળીમળીને મિજબાનીઓ માણી અને બળવાખોરોના સરદાર પાસેથી બક્ષીસો મેળવી? દાખલા તરીકે ઘેટાના ખાલનો કોટ, ઘોડો, પચાસ કોપેક, વગેરે. એવી અજબ દોસ્તી દગાખોરીના અથવા ઓછામાં ઓછું અધમ તથા ગુનાહિત કાયરતાના આધારે નહિ તો બીજા કયા આધારે અસ્તિત્વમાં આવેલી?"

સંત્રીદળના અફસરના શબ્દો સાંભળીને મને સખત માઠું લાગ્યું અને હું ઉત્તેજિત થઈને મારાં કૃત્યોનો ખુલાસો કરવા લાગ્યો. મેં જણાવ્યું કે પુગાચોવની જોડે મારો પ્રથમ પરિચય હિમઝંઝાવાત દરમિયાન વગડામાં કેવી રીતે થયેલો, અને તેણે બેલોગોર્સ્ક કિલ્લો કબજે કરી લીધા પછી કેવી રીતે મને ઓળખી લઈને માફી આપેલી. મેં કહ્યું કે નકલી શહેનશાહ પાસેથી ઘેટાની ખાલનો કોટ તથા ઘોડો સ્વીકારી લેતાં હું અચકાયો નહોતો એ વાત ખરી છે, પરંતુ મેં બળવાખોરોની સામે બેલોગોર્સ્ક કિલ્લાનો બચાવ આખરી ઘડી સુધી કર્યો હતો. અંતમાં મેં મારા જનરલનો ઉલ્લેખ કરીને જણાવ્યું કે ઓરેનબૂર્ગના ખોફનાક ઘેરા દરમિયાન મારા જોમની સાક્ષી તેઓ પૂરી શકશે.

કરડા ચહેરાવાળો આદમી ટેબલ પરથી એક કાગળ લઈને મોટેથી વાંચવા લાગ્યો:

"લશ્કરી નિયમોનો અને વફાદારીના શપથનો ભંગ કરીને જે હાલના બળવામાં સંડોવાઈ ગયો હોવાનું તથા બળવાખોરોના સરદાર સાથે સંબંધો રાખતો હોવાનું કહેવાય છે તે અફસર ગ્રિન્યોવ અંગે આપ નામદારે કરેલી પૂછપરછના જવાબમાં નીચેની માહિતી રજૂ કરતાં હું સંમાન અનુભવું છું: ઉપરોક્ત અફસર

ગ્રિન્યોવે ૧૭૭૩ના ઑક્ટોબરથી ચાલુ વર્ષના ફેબ્રુઆરીની ૨૪મી તારીખ સુધી ઓરેનબૂર્ગ ખાતે લશ્કરમાં કામગીરી કરી હતી, પરંતુ એ દિવસે તે શહેરમાંથી ગાયબ થઈ ગયો હતો અને ત્યાર બાદ મારા કમાંડ હેઠળના સિપાહીઓમાં ક્યારેય નજરે પડ્યો નથી. ભાગેડુઓ પાસેથી મળેલી ખબરો મુજબ તે પુગાચોવની છાવણીમાં ગયો હતો અને તેની સાથે બેલોગોર્સ્ક કિલ્લે ગયો હતો. અફસર ગ્રિન્યોવ બેલોગોર્સ્ક કિલ્લામાં અગાઉ કામગીરી કરી ચૂક્યો છે. તેના વર્તન વિશે હું..." અહીંયાં કર્નલ વાંચતો અટકી ગયો અને તેણે મને સખતાઈથી કહ્યું: "બોલો, હવે તમારે તમારા બચાવમાં શું કહેવાનું છે?"

મેં શરૂઆત કરેલી એવી જ રીતે ચાલુ રાખીને હું મારિયા ઈવાનોવ્નાની સાથેના મારા સંબંધો તથા બીજી બધી બાબતો એટલી જ નિખાલસતાથી સમજાવવા જતો હતો, પરંતુ અચાનક જ મેં મારા મનમાં અનિચ્છાનો અદમ્ય આવેગ અનુભવ્યો. મને ખ્યાલ આવ્યો કે હું મારિયા ઈવાનોવ્નાનો ઉલ્લેખ કરીશ તો પંચ તેને તપાસ માટે ચોક્કસ બોલાવશે જ. લફંગાઓએ ફેલાવેલાં હલકટ જૂઠાણાં જોડે તેનું નામ સંકળાઈ જાય અને તેને એ લોકોની સામે રૂબરૂ હાજર થવું પડે — એ વિચાર મને ભયાનક લાગ્યો. હું વ્યાકુળ થઈ ગયો અને મારા કથનમાં ગોટાળા થવા લાગ્યા.

મારી વાત અમુક પ્રમાણમાં હમદર્દીથી સાંભળવા લાગેલા ઈનસાફદારોના પૂર્વગ્રહો મારી અકળામણ જોઈને પાછા તાજા થઈ ગયા. સંત્રીદળના અફસરે માગણી કરી કે મારી હાજરીમાં મુખ્ય બાતમીદારને બોલાવવામાં આવે. જનરલે "ગઈકાલવાળા મવાલીને" અંદર લાવવાનો હુકમ કર્યો. હું આતુરતાથી બારણા ઉપર નજર માંડીને ફરિયાદીના આવવાની વાટ જોવા લાગ્યો. થોડી મિનિટો પછી બેડીઓનો ઝણકાર સંભળાયો, બારણું ખૂલ્યું, અને શ્વાબ્રિન ખંડમાં દાખલ થયો. તેનામાં થઈ ગયેલું પરિવર્તન જોઈને હું વિસ્મિત થઈ ગયો. તે ખૂબ જ દૂબળો તથા ફિક્કો પડી ગયો હતો. હજુ તો થોડાક જ વખત અગાઉ તેના વાળ કાજળકાળા હતા તે હવે સાવ ધોળા થઈ ગયા હતા. તેની લાંબી દાઢી બેહાલ હતી. તેણે કમજોર પરંતુ ખાતરીભર્યા અવાજે આરોપ દોહરાવ્યો. તેના કહેવા મુજબ મને પુગાચોવે પોતાના જાસૂસ તરીકે ઓરેનબૂર્ગ મોકલ્યો હતો, હું દરરોજ છમકલાં કરવા શહેરની બહાર જતો તેમાં મારી મુરાદ અંદરના બનાવો અંગે લેખિત અહેવાલો મોકલવાની હતી, આખરે હું ખુલ્લંખુલ્લા નકલી શહેનશાહની જોડે ભળી ગયો હતો, તેની જોડે એક પછી એક કિલ્લે જતો હતો,

અને મેં મારા સાથીઓને દગાખોરી મારફત તબાહ કરી નાખવાની પૂરી કોશિશ કરી હતી જેથી તેમનાં પદ મને મળે અને નકલી શહેનશાહ તરફથી ઇનામો પણ મળે. મેં તેની આખી વાત ચુપચાપ સાંભળી લીધી અને મને એક બાબતનો સંતોષ થયો — હલકટ લેભાગુએ મારિયા ઇવાનોવ્નાનો ઉલ્લેખ નહોતો કર્યો. તેને ભારે તુચ્છકારથી નકારી કાઢનારનો ખ્યાલ મનમાં આવતાં કદાચ તેનું અહમ્ સખત ઘવાતું હશે, જે લાગણીને લીધે મેં મારી વાણીને બાંધી લીધી હતી તેનો એકાદ નાનકડો તણખો કદાચ તેના દિલમાં હજી બાકી રહ્યો હશે. કારણ ભલે ગમે તે હોય, પરંતુ બેલોગોર્સ્કના કમાંડન્ટની બેટીનો ઉલ્લેખ પંચ સમક્ષ ન થયો. એથી મારો મનસૂબો વધારે મક્કમ બન્યો, અને ઇનસાફદારોએ જ્યારે મને પૂછ્યું કે શ્વાબ્રિનની જુબાનીના રદિયામાં મારે શું કહેવાનું છે, ત્યારે મેં જવાબ આપ્યો કે હું મારા મૂળ ખુલાસાને વળગી રહું છું અને મારે મારા બચાવમાં વધારે કશું કહેવાનું નથી. જનરલે અમને બહાર લઈ જવાનો હુકમ કર્યો. અમે બેઉ સાથે જ ખંડમાંથી બહાર નીકળ્યા. મેં શ્વાબ્રિનની સામે સ્વસ્થ નજરે જોયું પરંતુ હું એક શબ્દ પણ બોલ્યો નહિ. તે મારી સામે ડંખીલો મલકાટ કરતો પોતાની બેડીઓ ઊંચી કરીને ખંડમાંથી પહેલો બહાર નીકળ્યો અને ઉતાવળાં ડગલાં ભરતો ચાલ્યો ગયો. મને પાછો કારાગારમાં લઈ જવામાં આવ્યો અને ત્યાર પછી તપાસ માટે ફરી ક્યારેય બોલાવવામાં ન આવ્યો.

હવે હું વાચક સમક્ષ જે ઘટનાઓનું વર્ણન કરવાનો છું તે મારા જાતઅનુભવની નથી, પરંતુ તેનું વર્ણન મેં એટલી બધી વાર સાંભળ્યું છે કે નાનામાં નાની વિગતો પણ મારા માનસપટમાં કોતરાઈ ગયેલી છે, અને એ ઘટનાઓને મેં જાણે અદૃશ્ય રહીને બનતી જોઈ હોય એમ મને લાગે છે.

મારિયા ઇવાનોવ્નાને મારાં માતાપિતાએ ગત સદીના લોકોનો લાક્ષણિક હેતાળ અતિથિપ્રેમ દાખવીને આવકારી. બિચારી અનાથ બાળાને પોતે આશરો તથા હૂંફ આપી શક્યાં એ હકીકતમાં તેમને ઈશ્વરની કૃપા દેખાઈ. થોડા સમયમાં તેઓ તેને ખરા હૃદયથી ચાહવા લાગ્યાં કારણ કે મારિયા ઇવાનોવ્નાના પરિચયમાં આવનારા કોઈ પણ માણસના દિલમાં તેના પ્રત્યે પ્રેમ ઊપજ્યા વગર રહે જ નહિ. મારા પિતાએ મારી લાગણીઓને ખાલી તરંગ ગણવાનું છોડી દીધું, અને મારી માતાને તો પોતાના પેત્રૂશાનું લગ્ન કૅપ્ટનની પ્યારી બેટી સાથે થાય એ સૌથી મોટા સુખની વાત લાગવા માંડી.

મારી ગિરફતારીના સમાચાર સાંભળીને આખા પરિવારને સખત આઘાત લાગ્યો. પુગાચોવની જોડે મારી અજબ ઓળખાણનું વર્ણન મારિયા ઈવાનોવ્નાએ મારાં માતાપિતા સમક્ષ એવી સરળ રીતે કરેલું કે એથી તેમને ફિકર થવાનો તો સવાલ જ નહોતો. ઊલટા તેઓ ઘણી વાર વાતને યાદ કરીને ખૂબ હસી લેતાં. મારા પિતા કોઈ રીતે માની જ નહોતા શકતા કે તાજને ઊથલાવી પાડવાનું અને ઉમરાવ વર્ગને ખતમ કરી નાખવાનું લક્ષ્ય ધરાવતા અધમ બળવામાં હું કદી ભાગ લઉં. તેમણે સાવેલ્યિચને બારીકમાં બારીક વિગતો પૂછી. બુઢ્ઢાબાબાએ એ વાત છુપાવવાની કોશિશ ન કરી કે યેમેલ્કા પુગાચોવે જુવાન માલિકને મિજબાનીઓની મોજ કરાવી હતી અને મવાલીઓના એ સરદારે માલિકની ઉપર મહેરબાનીઓ કરી હતી, પરંતુ તેણે સોગન ખાઈને જણાવ્યું કે માલિક તરફથી દગાખોરીની વાત પોતે ક્યારેય નથી સાંભળી. વૃદ્ધ વડીલોની ચિંતા ધીરે ધીરે ઓસરવા લાગી અને તેઓ સારા સમાચારની વાટ આતુરતાથી જોવા લાગ્યાં. મારિયા ઈવાનોવ્ના ખૂબ જ ચિંતાતુર રહેતી હતી, પરંતુ સ્વભાવે શરમાળ અને બહુ જ સમજુ હોવાથી કશું કહેતી નહોતી.

કેટલાંય અઠવાડિયાં વીતી ગયાં... પછી મારા પિતાને પિટર્સબર્ગથી અમારા સ્વજન પ્રિન્સ ... નો પત્ર મળ્યો. પત્ર મારે વિશે હતો. પ્રિન્સ ... એ આરંભના રાબેતા મુજબના શબ્દો પછી લખ્યું હતું કે બળવાખોરોનાં કરતૂતોમાં તમારા પુત્રની સામેલગીરી અંગેની શંકાઓ દુર્ભાગ્યે પૂરી પાયાદાર સાબિત થઈ ગઈ છે એટલે તેને ગુનાને લાયક સજા થવી જોઈએ, પરંતુ સમ્રાજ્ઞીએ તમારી સેવાઓ તથા વૃદ્ધાવસ્થાને લક્ષમાં લઈને તમારા બદનામ ફરજંદને માફી બક્ષવાનું અને ફાંસીના માંચડાના નામોશીભર્યા મોતને બદલે બાકીની જિંદગી હદપારીમાં ગાળવા માટે સાઈબિરિયાના દૂરના હિસ્સામાં મોકલી દેવાનું નક્કી કર્યું છે.

એવા અણધાર્યા ફટકાથી મારા પિતા લગભગ નિષ્પ્રાણ થઈ ગયા. તેમની નિત્યની દૃઢતા સાવ હરાઈ ગઈ, અને તેઓ પોતાની વેદનાને (સામાન્ય રીતે મૂંગી વેદનાને) કટુ વિલાપમાં ઠાલવવા લાગ્યા. "શું?" તેઓ ઉત્તેજિત અવસ્થામાં વારંવાર બોલી ઊઠતા, "મારો પુત્ર પુગાચોવનાં કરતૂતોમાં સામેલ! ભલા ભગવાન, તેં મારી કેવી હાલત કરી નાખી! સમ્રાજ્ઞીએ એને માફી બક્ષી છે! જાણે કેમ એ જરાય બહેતર હોય! મોતની સજાની વાત મને ગભરાવે એમ નથી — મારા એક પૂર્વજે પોતાની નજરમાં પુનિત બાબતના સમર્થનમાં મોતની

સજાને સામી છાતીએ ઝીલી લીધી હતી. મારા પિતા વોલીન્સ્કી અને ખ્રુશ્ચેવની[28] જોડે શહીદ બની ગયા હતા. પણ ઉમરાવ ઘરનો નબીરો મવાલીઓ, હત્યારાઓ, અને રખડુ ગુલામો ભેગો ભળી જાય! અમારા વંશની ઉપર લાંછન વરસો!" તેમની હતાશાથી ચિંતાગ્રસ્ત બની ગયેલી મારી માતા તેમની હાજરીમાં રડવાની હિંમત નહોતી કરી શકતી અને તેમનું મન બહેલાવવા માટે એવી વાતો કરતી કે અફવાઓ ખોટીયે હોય અને લોકોના અભિપ્રાયો તો અનિશ્ચિત હોય છે. પરંતુ મારા પિતા કોઈ રીતે સાંત્વન નહોતા પામી શકતા.

મારિયા ઈવાનોવ્નાની વેદના સૌથી આકરી હતી. તેને ખાતરી હતી કે હું મારી નિર્દોષતા સહેલાઈથી સાબિત કરી શક્યો હોત. તેને હકીકતનો ખ્યાલ આવી ગયો હતો એટલે તે પોતાને જ મારા દુર્ભાગ્યનું કારણ ગણતી હતી. તે પોતાનાં આંસુ તથા યાતનાઓને સૌથી છુપાવી રાખીને મારી મુક્તિનો કશોક ઉપાય ખોળી કાઢવાના અવિરત પ્રયાસો કરવા લાગી.

એક દિવસે સાંજે મારા પિતા સોફા પર બેઠા બેઠા દરબારી કેલેન્ડરનાં પાનાં ફેરવી રહ્યા હતા. પરંતુ તેમનું મન તો ક્યાંક દૂર પહોંચી ગયેલું હતું અને સામયિકની હંમેશ જેવી અસરનું નામનિશાન નહોતું વરતાતું. તેઓ હળવી સીટીમાં કૂચની પુરાણી ધૂન વગાડી રહ્યા હતા. મારી માતા ચુપચાપ બેઠી બેઠી ઊનનો કબજો ગૂંથી રહી હતી અને થોડી થોડી વારે તેની આંખોમાંથી આંસુ ટપકીને ગૂંથણ ઉપર પડતાં હતાં. તેની બાજુમાં બેસીને સીવણ કરી રહેલી મારિયા ઈવાનોવ્ના એકાએક બોલી કે મારે ખાસ કામસર પિટર્સબર્ગ જવું પડે એમ છે એટલે ગાડીનો બંદોબસ્ત કરાવી આપો. મારી માતા બહુ દુ:ખી થઈ ગઈ. "પિટર્સબર્ગ શું કરવા જવું છે?" તેણે પૂછ્યું, "તુંયે અમને છોડીને ચાલી તો નથી જવાની ને, મારિયા ઈવાનોવ્ના?" મારિયા ઈવાનોવ્નાએ જવાબ આપ્યો કે મારા સમગ્ર ભવિષ્યનો આધાર આ સફર ઉપર જ છે, પોતાની વફાદારીને કારણે કારમી કમનસીબીનો ભોગ બની ગયેલા ઈન્સાનની બેટી તરીકે હું ત્યાં જઈને સમર્થ માણસો પાસેથી રક્ષણ તથા સહાય મેળવવાની કોશિશ કરવા માગું છું.

મારા પિતાએ માથું નમાવી દીધું. પોતાના પુત્રના તથાકથિત ગુનાની યાદ દેવડાવે એવી કોઈ પણ વાતથી તેમને યાતના થતી અને કાનમાં જાણે તુચ્છકારનો અવાજ ભરાઈ જતો હોય એમ લાગતું. "ભલે, વહાલુડી, જા," તેમણે નિ:શ્વાસ નાખતાં કહ્યું. "તારા સુખના માર્ગમાં અવરોધ બનવાનું અમને

જરાય મન નથી. ઈશ્વર તને જાણીતો દેશદ્રોહી નહિ પણ સજ્જન પતિ આપે!" તેઓ ઊભા થઈને ખંડમાંથી બહાર ચાલ્યા ગયા.

મારિયા ઇવાનોવ્ના મારી માતાની સાથે એકલી પડી એટલે તેણે પોતાના થોડાક મનસૂબા પ્રગટ કર્યા. મારી માતા આંખોમાંથી આંસુ ટપકાવતી તેને ભેટી પડી અને ઈશ્વરને પ્રાર્થના કરવા લાગી કે તેની મુરાદો કામયાબ થાય. મારિયા ઇવાનોવ્નાની સફરની તૈયારી થઈ ગઈ. અને થોડા દિવસોમાં તે વફાદાર પાલાશા તથા ભરોસેદાર સાવેલ્યિચની જોડે રવાના થઈ ગઈ. સાવેલ્યિચને મારાથી પરાણે વિખૂટા પડયાનું દુ:ખ હતું એટલે તેણે એવા ખ્યાલથી પોતાનું મન મનાવ્યું કે હવે કંઈ નહિ તો છોટા માલિકની ભાવિ પત્નીની સેવા કરવાનો અવસર મળ્યો.

મારિયા ઇવાનોવ્ના સલામત સોફિયા[29] પહોંચી ગઈ. ત્યાં તેને જાણવા મળ્યું કે હાલ દરબાર ઝાર્સ્કોયે સેલોમાં ભરાય છે એટલે તેણે ઉતારાની જગ્યા ત્યાં જ શોધી કાઢવાનો નિર્ધાર કર્યો. તેને સફરના સ્ટેશનમાં પાર્ટિશનની પાછળ એક ખૂણામાં જગ્યા મળી ગઈ. સ્ટેશન માસ્ટરની પત્ની તરત જ તેની જોડે વાતે વળગી અને પોતાને દરબારી રસોઈયાની ભત્રીજી જાહેર કરીને દરબારી જિંદગીનાં તમામ રહસ્યો છતાં કરવા લાગી. તેણે મારિયા ઇવાનોવ્નાને જણાવ્યું કે સમ્રાજ્ઞી કેટલા વાગ્યે ઊઠે છે, ક્યારે કોફી પીએ છે, ક્યારે ફરવા જાય છે, એ વખતે કયા કયા દરબારીઓ ભેગા હોય છે, ગઈકાલે જમતી વેળા નામદાર સમ્રાજ્ઞીના મુબારક હોઠેથી કેવા શબ્દો નીકળેલા, સાંજે કોણ કોણ મુલાકાતીઓ આવેલા, વગેરે. ટૂંકમાં કહીએ તો આન્ના વ્લાસ્યેવ્નાની વાતો ઇતિહાસના પૃષ્ઠ જેવી અને ભાવિ પેઢીઓ માટે ખજાનો બની રહે એવી હતી. મારિયા ઇવાનોવ્નાએ તેની વાતો ધ્યાનથી સાંભળી. બેઉ ઉદ્યાનમાં ફરવા નીકળી. આન્ના વ્લાસ્યેવ્નાએ પોતાની બહેનપણીને દરેક કેડી તથા પુલનો ઇતિહાસ કહી સંભળાવ્યો. તેઓ ફરીને સ્ટેશને પાછી આવી ત્યાં સુધીમાં એકબીજીની સોબતથી મનમાં સંતોષ અનુભવી રહી હતી.

બીજે દિવસે સવારે મારિયા ઇવાનોવ્ના વહેલી ઊઠી અને વસ્ત્રો પરિધાન કરીને ચુપચાપ ઉદ્યાનમાં ફરવા ચાલી ગઈ. રમણીય પ્રભાત હતું. શરદના શીતળ સમીરમાં પીળો પડવા લાગેલી વૃક્ષોની ઉપલી ડાળીઓ ઉપર સૂર્ય પ્રકાશનાં કિરણો ફેલાવી રહ્યો હતો. વિશાળ સરોવરની નિશ્ચલ સપાટી ચળકારા મારી રહી હતી. હંસલાં હમણાં જ જાગ્યાં હતાં અને સરોવરને એક કિનારે છાંયડો પાથરતી ઝાડીમાંથી ગંભીર અદાએ જળમાં સરકી રહ્યાં હતાં. મારિયા ઇવાનોવ્ના

ચાલતી ચાલતી મનોહર હરિયાળા મેદાનમાં પહોંચી. કાઉન્ટ પ્યોતર અલેક્સાન્દ્રોવિચ રુમ્યાન્ત્સેવના તાજેતરના વિજયોના સંમાનમાં મેદાનની વચ્ચોવચ એક સ્મારક[30] ખડું કરવામાં આવ્યું હતું. એકાએક સફેદ રંગનો જાતવાન અંગ્રેજ કૂતરો ભસતો ભસતો તેની સામે ધસી આવ્યો. મારિયા ઇવાનોવ્ના ભયભીત થઈને જડવત્ ઊભી રહી ગઈ. એ જ ઘડીએ તેને નારીકંઠનો મંજુલ અવાજ સંભળાયો: "બીશો નહિ, કરડે એવો નથી." મારિયા ઇવાનોવ્નાએ જોયું તો સ્મારકની સામે બાંકડા ઉપર કોઈ મહિલા બેઠી હતી. મારિયા ઇવાનોવ્ના બાંકડાને બીજે છેડે બેસી ગઈ. મહિલા તેને એકધારી નજરે નીરખવા લાગી, અને મારિયા ઇવાનોવ્નાએ પણ થોડીક ત્રાંસી નજરો નાખીને મહિલાને નખશીખ નિહાળી લીધી. તેણે સફેદ રંગનો પ્રભાતનો ગાઉન, રાતની ટોપી, અને રૂ ભરેલો કોટ પહેર્યાં હતાં. મારિયા ઇવાનોવ્નાને તેની ઉંમર લગભગ ચાળીસ જેટલી લાગી. તેના ભર્યાભર્યા ગૌર વદન પર મહત્તા અને સ્વસ્થતા અંકિત હતી. તેનાં નીલાં નયનો અને હળવા સ્મિતમાં અકથ્ય લાવણ્ય છલકાઈ રહ્યું હતું. પહેલાં અજાણી મહિલા જ ચુપકીનો ભંગ કરતી બોલી:

"તમે અહીંના રહેવાસી નથી લાગતાં, ખરું ને?" તેણે પૂછ્યું.

"તમે બરાબર કળી ગયાં, હું ગઈકાલે જ ગામથી અહીંયાં આવી છું."

"સગાંવહાલાંની ભેગાં આવ્યાં છો?"

"ના, એકલી જ આવી છું."

"એકલાં જ? એકલાં સફર માટે તો બહુ નાનાં લાગો છો!"

"મારે નથી પિતા કે નથી મા."

"તો તો કોઈ ખાસ કામસર આવ્યાં હશો."

"સાવ ખરી વાત. સમ્રાજ્ઞીને અરજ કરવા આવી છું."

"તમે અનાથ છો, કદાચ કોઈ ગેરઇનસાફની ફરિયાદ કરવા આવ્યાં હશો, નહિ?"

"ના, જી. હું તો મહેરબાની માગવા આવી છું, ઇનસાફ નહિ."

"પૂછી શકું કે તમે કોણ છો?"

"કૅપ્ટન મિરોનોવની દીકરી છું."

"કૅપ્ટન મિરોનોવ? ઓરેનબૂર્ગ વિસ્તારના એક કિલ્લાના કમાંડન્ટ હતા એ તો નહિ?"

"જી, એ જ."

વાત મહિલાના હૃદયને સ્પર્શી ગઈ હોય એમ લાગ્યું. "તમારા અંગત મામલામાં દખલ કરતી હોઉં એમ લાગે તો માફ કરજો," તે વધારે માયાળુ અવાજે બોલી, "પણ દરબારમાં મારી લાગવગ છે. તમારી અરજ સમજાવો તો હું કદાચ તમને થોડીઘણી મદદ કરી શકું."

મારિયા ઇવાનોવ્નાએ ઊભી થઈને આદરપૂર્વક તેનો આભાર માન્યો. અજાણી મહિલાનું પૂરું વર્તન હૈયું જીતી લે તથા મનમાં વિશ્વાસ પ્રેરે એવું હતું. મારિયા ઇવાનોવ્નાએ ગડી વાળેલો કાગળ ખીસામાંથી કાઢીને પોતાની રક્ષણહાર અજાણી મહિલાને આપ્યો. મહિલા કશું બોલ્યા વગર કાગળ વાંચવા લાગી.

શરૂઆતમાં તેના ચહેરા ઉપર એકાગ્રતા અને સહાનુભૂતિ છવાયેલાં હતાં. પરંતુ એકાએક ભાવ પલટાઈ ગયા. મહિલાના પ્રત્યેક હલનચલનને એકીટસે નીરખી રહેલી મારિયા ઇવાનોવ્ના તેના ચહેરામાં સખતાઈ આવી ગયેલી જોઈને ચિંતામાં ગરકાવ થઈ ગઈ. મહિલાનું વદન થોડીક જ પળો પહેલાં તો બહુ જ ખુશાલ અને સ્વસ્થ હતું.

"તમે ગ્રિન્યોવના મામલામાં અરજ કરવા માગો છો?" મહિલાનો અવાજ ટાઢોબોળ થઈ ગયો હતો. "સમ્રાજ્ઞી એને માફી નહિ આપી શકે. નકલી ધુતારાના પક્ષે ભળી થવાનું એનું કૃત્ય ખાલી અજ્ઞાન અને અણસમજનું નહિ પણ તકસાધુ અને ભયંકર બદમાશનું હતું."

"ના, ના, એ ખોટી વાત છે!" મારિયા ઇવાનોવ્ના બોલી ઊઠી.

"ખોટી વાત?" મહિલાએ પડઘો પાડયો. તેનો ચહેરો લાલ થઈ ગયો.

"ખોટી વાત છે! સોગન ખાઈને કહું છું કે ખોટી વાત છે! હું બધું બરાબર જાણું છું. હમણાં કહી સંભળાવું. એમણે જે બધું સહન કર્યું છે તે કેવળ મારે ખાતર જ. મુકદ્દમામાં એમણે પોતાનો બચાવ ન કર્યો તેનું કારણ ફકત એક જ હોઈ શકે—એ મને સંડોવવા નહોતા માગતા." પછી તેણે આખો કિસ્સો મહિલાને કહી સંભળાવ્યો. વાચક તો પહેલેથી જ પૂરી વાત જાણે છે.

મહિલાએ તેનું બયાન ધ્યાનથી સાંભળ્યું. "ક્યાં ઊતર્યાં છો?" મારિયા ઇવાનોવ્નાની કથની પૂરી થઈ એટલે તેણે પૂછ્યું, અને આન્ના વ્લાસ્યેવ્નાનું નામ સાંભળીને મોં મલકાવતાં ઉમેર્યું: "અરે, એને તો હું ઓળખું છું! આપણે અહીં મળ્યાં એની વાત કોઈને કહેશો નહિ. માનું છું કે તમારા પત્રના જવાબ માટે તમારે બહુ ઝાઝી વાટ નહિ જોવી પડે."

એટલું કહીને તે બાજુની કુંજગલીમાં ચાલી ગઈ અને મારિયા ઈવાનોવ્ના આશાથી છલકાતું આનંદી હૈયું લઈને આન્ના વ્લાસ્યેવ્ના પાસે પાછી ફરી.

શરદના દિવસોમાં બહુ વહેલી ફરવા નીકળી જવા બદલ આન્ના વ્લાસ્યેવ્નાએ તેને મીઠો ઠપકો આપતાં કહ્યું કે જુવાન બાઈઓ માટે એ બહુ ઠીક નહિ. તે સમોવાર લઈ આવી અને ચા પીતાં પીતાં તેણે દરબાર અંગેની નવી અંતહીન વાત હજી તો શરૂ જ કરી હતી એટલામાં એક દરબારી ગાડી આવીને આંગણમાં ઊભી રહી ગઈ અને ચાકરે અંદર આવીને જણાવ્યું કે સમ્રાજ્ઞીએ દયામય પ્રસન્નતાથી મારિયા ઈવાનોવ્નાને હજૂરમાં બોલાવ્યાં છે.

આન્ના વ્લાસ્યેવ્ના આશ્ચર્યચકિત અને ઉત્તેજિત થઈ ગઈ. "ભલા ભગવાન!" તે બોલી ઊઠી. "સમ્રાજ્ઞીએ તમને હજૂરમાં બોલાવ્યાં છે! એમને તમારે વિશે ખબર ક્યાંથી પડી હશે? અને તમે સમ્રાજ્ઞીની હજૂરમાં કેવી રીતે જશો, બહેન? દરબારમાં કેવું વર્તન કરવું એની તો તમને ખબર જ નહિ હોય! હું ભેગી આવું તો બહેતર નહિ? કંઈ નહિ તો થોડીઘણી સલાહ શિખામણ આપી શકું. વળી આ સફરના પોશાકમાં કેવી રીતે જવાનાં? દાઈને ત્યાંથી એનો પીળો ડ્રેસ લઈ આવું?" પરંતુ દરબારી આદમીએ જણાવ્યું કે સમ્રાજ્ઞીની ઇચ્છા મુજબ મારિયા ઈવાનોવ્નાએ એકલાં જ અને પહેરેલે કપડે જ હજૂરમાં જવાનું છે. કશો ઉપાય નહોતો — મારિયા ઈવાનોવ્ના ગાડીમાં બેસી ગઈ. ગાડી મહેલ તરફ ચાલવા લાગી અને આન્ના વ્લાસ્યેવ્નાની શિખામણ તથા શુભેચ્છાનાં વેણ પાછળથી સંભળાતાં રહ્યાં.

મારિયા ઈવાનોવ્નાને ખ્યાલ આવી ગયો કે અમારા ભાગ્યનો ફેંસલો થવાનો હતો. તેનું હૈયું પહેલાં તો પ્રચંડ વેગે ધબકવા લાગ્યું અને પછી જાણે થંભી ગયું. ગાડી થોડી વારમાં મહેલ પાસે પહોંચીને ઊભી રહી ગઈ. મારિયા ઈવાનોવ્ના ગભરાટની હાલતમાં દાદરો ચડી. તેના માર્ગમાં બારણાં ખૂલતાં ગયાં. ભવ્ય સજાવટથી શોભતા કેટલાય નિર્જન ખંડ તેણે એક પછી એક પાર કર્યા. દરબારી આદમી આગળ ચાલતો તેને માર્ગ બતાવી રહ્યો હતો. આખરે તે એક બંધ બારણા પાસે ઊભો રહી ગયો અને મારિયા ઈવાનોવ્નાને બહાર ઊભી રાખીને અંદર ખબર આપવા ગયો.

સમ્રાજ્ઞીને મોઢામોઢ મળવાના ખ્યાલથી મારિયા ઈવાનોવ્ના એટલી બધી ભયભીત થઈ ગઈ કે ઊભી પણ માંડ માંડ રહી શકતી હતી. થોડીક પળોમાં બારણું ખૂલ્યું અને તે સમ્રાજ્ઞીના ખંડમાં દાખલ થઈ.

સમ્રાજ્ઞી શણગારના ટેબલ સામે બેઠી હતી. આસપાસ ઊભેલા થોડાક દરબારીઓએ આદરથી મારિયા ઇવાનોવ્નાને માર્ગ કરી આપ્યો. સમ્રાજ્ઞીએ તેને માયાળુ અવાજે આવકારી. થોડાક જ વખત પહેલાં પોતે જેની સાથે નિખાલસતાથી વાતચીત કરેલી એ મહિલાને મારિયા ઇવાનોવ્ના સમ્રાજ્ઞીના રૂપમાં ઓળખી ગઈ. સમ્રાજ્ઞીએ તેને નજીક બોલાવીને સ્મિત કરતાં કહ્યું: "મને ખુશી છે કે હું મારું વચન પાળી શકી છું અને તમારી વિનંતિ પૂરી કરી શકી છું. તમારું કામ થઈ ગયું છે. મને તમારા ભાવિ પતિની નિર્દોપતાની ખાતરી થઈ ગઈ છે. આ પત્ર લો — એને તમારા ભાવિ શ્વસુરના હાથમાં પહોંચાડવાની તકલીફ તમારે લેવાની છે."

મારિયા ઇવાનોવ્નાએ પત્ર પોતાના ધ્રૂજતા હાથમાં લીધો, અને રડતી રડતી તે સમ્રાજ્ઞીના પગમાં પડી ગઈ. સમ્રાજ્ઞીએ તેને ઊભી કરીને બચી ભરી. પછી સમ્રાજ્ઞી તેની સાથે વાત કરવા લાગી. "મને ખબર છે કે તમે દોલતમંદ નથી," તેણે કહ્યું. "હું મને કૅપ્ટન મિરોનોવની પુત્રીની ઋણી ગણું છું. ભવિષ્યની કશી ચિંતા ન કરશો. તમારી સુખસમૃદ્ધિની જવાબદારી હવે મારી છે."

બિચારી અનાથ બાળા પ્રત્યે અત્યંત માયાળુ વલણ દાખવીને સમ્રાજ્ઞીએ તેને રજા આપી. મારિયા ઇવાનોવ્ના અગાઉની જ ગાડીમાં મુકામે પાછી ફરી. અધીરાઈથી તેની વાટ જોઈ રહેલી આન્ના વ્લાસ્યેવ્નાએ તેની ઉપર સવાલોની ઝડી વરસાવી દીધી. મારિયા ઇવાનોવ્નાએ બન્યા એટલા વિગતવાર જવાબ આપ્યા. તેને બહુ ઓછી વિગતો યાદ રહેલી જોઈને આન્ના વ્લાસ્યેવ્નાને જરાક ચીડ ચડી ગઈ, પરંતુ તેમાં ગ્રામવિસ્તારની રહેવાસી બાઈના શરમાળ સ્વભાવને કારણભૂત ગણી લઈને તેણે ઉદારતાથી માફી બક્ષી દીધી. મારિયા ઇવાનોવ્ના પિટર્સબર્ગ શહેરને જોવા પણ રોકાયા વગર એ જ દિવસે પાછી રવાના થઈ ગઈ...

પ્યોતર આન્દ્રેયેવિચ ગ્રિન્યોવની તવારીખ અહીંયાં પૂરી થાય છે. પરિવારની વંશપરંપરાગત માહિતી મુજબ તેને સમ્રાજ્ઞીના આદેશ અનુસાર ૧૭૭૪માં કેદમાંથી મુકત કરી દેવામાં આવ્યો હતો, પુગાચોવને કરવામાં આવેલી મોતની સજાના અમલ વખતે તે હાજર હતો, પુગાચોવે ટોળામાં તેને ઓળખી લઈને માથું નમાવ્યું હતું, અને એક મિનિટ પછી નિર્જીવ બની ગયેલું તથા લોહીથી

ખરડાયેલું એ જ મસ્તક લોકોને બતાવવા માટે ઊંચે પ્રદર્શિત કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ ટૂંક સમયમાં પ્યોતર આન્દ્રેઈચ અને મારિયા ઇવાનોવ્નાનાં લગ્ન થયાં. તેમના વંશજો હાલ સિમ્બીર્સ્ક ગુબેર્નિયામાં સુખી જીવન જીવી રહ્યાં છે. ...થી લગભગ ત્રીસ માઈલના અંતરે દસ માલિકોનું એક ગામ છે. યેકાતેરીના બીજીના સ્વહસ્તે લખાયેલો અને ચળકતી ફ્રેમમાં મઢેલો એક પત્ર ગ્રામ હવેલીની એક પાંખમાં ટાંગેલો છે. પ્યોતર આન્દ્રેયેવિચના પિતાને સંબોધિત એ પત્રમાં તેના પુત્રની નિર્દોષતાનો ઉલ્લેખ તેમ જ કેપ્ટન મિરોનોવની બેટીની બુદ્ધિ તથા હામની પ્રશંસા અંકિત છે. પ્યોતર આન્દ્રેયેવિચ ગ્રિન્યોવની હસ્તપ્રત અમને તેના એક પૌત્રે આપી હતી. તેના દાદાએ વર્ણવેલા સમય સંબંધી અમારા કાર્ય વિશે તેને જાણવા મળેલું. અમે તેનાં સગાંઓની પરવાનગી લઈને હસ્તપ્રતને જુદા પુસ્તક રૂપે પ્રકાશિત કરવાનું નક્કી કર્યું. અમે દરેક પ્રકરણના મથાળાને અનુરૂપ સૂકિત ટાંકી છે અને કેટલાંક નામ બદલાવી નાખવાની છૂટ લીધી છે.

સંપાદક

૧૯ ઑક્ટોબર, ૧૮૩૬

પરિશિષ્ટ

કાઢી નાખેલું પ્રકરણ *

અમે વોલ્ગાના કિનારા નજીક પહોંચી રહ્યા છીએ. અમારી રેજિમેન્ટ . . . ગામમાં દાખલ થઈ અને અમે રાતનો મુકામ ત્યાં કર્યો. ગામના મુખીએ અમને ખબર આપી કે સામા કાંઠાનાં બધાં ગામો બળવામાં સામેલ થઈ ગયેલાં છે અને પુગાચોવની ટોળકીઓ ઠેર ઠેર ભમી રહી છે. ખબર સાંભળીને મને ભારે બેચેની થઈ. અમારે બીજે દિવસે સવારે નદી પાર કરવાની હતી.

હું અધીરાઈનો ભોગ બની ગયો. મારા પિતાની જાગીર નદીના સામા કાંઠાથી લગભગ ત્રીસ માઈલના અંતરે હતી. મેં તપાસ કરી કે મને નદી પાર કરાવનારું કોઈ મળી જાય. તમામ કિસાનો માછીમારો પણ હતા અને પુષ્કળ નાવડીઓ નજરે પડતી હતી. મેં ગ્રિન્યોવ પાસે જઈને તેને મારો ઇરાદો જણાવ્યો.

"સાવધાન રહેજો," તેણે ચેતવણી આપી. "એકલા ન જતા, એમાં જોખમ છે. સવાર સુધી થોભી જાઓ. સૌથી પહેલી નાવડીઓમાં નદી પાર કરી લઈશું અને તમારાં માતાપિતાને પચાસ હુસાર મહેમાનોનાં મેજબાન બનવાનો મોકો આપીશું. કદાચ જરૂર પડે તો કામ આવે."

પણ હું મારા ઇરાદાને વળગી રહ્યો. નાવડી મળી ગઈ અને તૈયાર પણ થઈ ગઈ. બે ખારવાઓની જોડે હું નાવડીમાં બેઠો. ખારવાઓ નાવડીને હડસેલીને

---

* સેન્સરશિપને લક્ષમાં લઈને 'કૅપ્ટનની બેટી'ની અંતિમ વાચનામાં સામેલ ન કરવામાં આવેલા અને કેવળ હસ્તપ્રતના રૂપમાં જ જળવાઈ રહેલા આ પ્રકરણને ખુદ પૂશ્કિને જ એ કારણે 'કાઢી નાખેલું પ્રકરણ' ગણાવ્યું હતું. કેટલાંક પાત્રોનાં નામોમાં પાછળથી કરવામાં આવેલા ફેરફાર આ પ્રકરણમાં ઉતારવામાં નથી આવ્યાં — ખાસ કરીને ગ્રિન્યોવના ઉલ્લેખો બુલાનિન તરીકે અને ઝૂરિનના ઉલ્લેખો ગ્રિન્યોવ તરીકે જોવા મળે છે.

જોરથી હલેસાં મારવા લાગ્યા. આસમાન સાફ હતું અને તેજસ્વી ચંદ્રમા નજરે પડી રહ્યો હતો. હજી સાંજની વેળા હતી. વોલ્ગાનાં પાણી શાંત અને સરળ રીતે વહી રહ્યાં હતાં. નાવડી ઘેરા જળની સપાટી પર લયબદ્ધ ડોલન કરતી સરકતી રહી. હું તરંગવિહારમાં ડૂબી ગયો.

લગભગ અરધો કલાક વીતી ગયો. અમે મઝધારે પહોંચ્યા. એકાએક ખારવાઓ માંહોમાંહે ગુસપુસ કરવા લાગ્યા.

"શું છે?" હું મારા સ્વપ્નમાંથી જાગી જતો બોલ્યો.

"ખુદાને ખબર, અમને તો બરાબર દેખાતું નથી," બેઉ જણ એક જ દિશામાં તાકતા બોલ્યા.

મેં પણ એ દિશામાં નજર નાખી. સંધ્યાના ધૂંધળા ઉજાસમાં કશુંક હેઠવાસ તરતું હોય એમ લાગ્યું. કોઈ ભેદી વસ્તુ અમારી નજીક ને નજીક આવી રહી હતી. મેં ખારવાઓને હલેસાં થોભાવી દેવાનું અને તરતી વસ્તુ સાવ પાસે આવી જાય ત્યાં સુધી વાટ જોવાનું કહ્યું.

ચાંદો વાદળની પાછળ છુપાઈ ગયો. તરતી વસ્તુ વધારે ઝાંખી બની ગઈ. હવે તે સાવ નજીક આવી ગઈ હતી પણ તોયે હું કળી ન શક્યો કે શું છે.

"શું હશે?" ખારવા બોલ્યા. "સઢ પણ નથી લાગતો ને કૂવાથંભ પણ નથી..."

એકાએક ચંદ્રમા વાદળાં પાછળથી બહાર નીકળ્યો અને ભયાનક દૃશ્ય અમારી નજરે પડયું. એક તરાપો તરતો અમારી નજીક આવી રહ્યો હતો, તેની ઉપર ફાંસીનો માંચડો જડેલો હતો, અને માંચડાની આડી વળીએ ત્રણ મડદાં લટકી રહ્યાં હતાં. મારા મનમાં વિકારી કુતૂહલ સળવળી ઊઠયું. મને લાગ્યું કે ફાંસીએ લટકાવી દેવામાં આવેલા માણસોના ચહેરા જોયા વગર મને ચેન નહિ પડે.

મારો હુકમ થતાં ખારવાઓએ તરાપાને આંકડીઓ ભરાવીને ઊભો રાખી દીધો, અને મારી નાવડી તરતા માંચડા જોડે અથડાવા લાગી. હું ઠેકડો મારીને તરાપા ઉપર પહોંચી ગયો અને ખોફનાક થાંભલીઓની વચ્ચે ઊભો રહ્યો. ચંદ્રમાનો પ્રકાશ કમનસીબ આદમીઓના વિકૃત ચહેરાઓ ઉપર પડી રહ્યો હતો. એક હતો બુઢ્ઢો ચુવાશ, બીજો રશિયન—લગભગ વીસેક વરસનો જોરાવર કદાવર જુવાન. પરંતુ મારી નજર ત્રીજા આદમીની ઉપર પડતાં મને ભયંકર આઘાત લાગ્યો, હું ખોફની ચીસને ખાળી ન શક્યો—એ વાન્યા હતો, બિચારો વાન્યા,

મૂઢતાની કોઈ ઘડીએ પુગાચોવની સાથે ભળી ગયેલો. ત્રણેયનાં માથાં સાથે ખીલીઓ વડે જડી દેવામાં આવેલા લાકડાના કાળા પાટિયા ઉપર મોટા મોટા સફેદ અક્ષરોમાં લખેલું હતું: "ચોરાઓ અને બળવાખોરો." ખારવાઓ આંકડીઓ વડે તરાપાને પકડી રાખીને જડવત્ ઊભા ઊભા મારા હુકમની વાટ જોઈ રહ્યા હતા. હું પાછો નાવડીમાં ગયો. છૂટો મૂકી દેવામાં આવેલો તરાપો હેઠવાસ વહેવા લાગ્યો. સાંજના અંધારામાં કાળો લાગતો માંચડો કેટલીય વાર સુધી દેખાતો રહ્યો. આખરે તે અદૃશ્ય થઈ ગયો અને મારી નાવડી પણ નદીને સામે ઊંચે કાંઠે પહોંચી ગઈ...

મેં ખારવાઓને છૂટે હાથે બક્ષીસ આપી. તેમાંથી એક મને ઓવારા નજીકના ગામના બળવાખોર મુખી પાસે લઈ જવા તૈયાર થઈ ગયો. હું તેની પાછળ પાછળ ચાલતો એક ઝૂંપડામાં ગયો. મારે ઘોડા જોઈએ છે એમ સાંભળતાં જ મુખીનો મિજાજ ગરમ થઈ ગયો, પરંતુ ખારવાએ ધીમા અવાજે થોડાક શબ્દો તેને કહ્યા કે તરત જ તેની કરડાકી તાબેદારીની આતુરતામાં પલટાઈ ગઈ. જરાક વારમાં ત્રણ ઘોડાની ગાડી સાબદી થઈ ગઈ. હું ગાડીમાં બેસી ગયો અને મેં ગાડીવાનને મારા પિતાના ગામ તરફ જવાનો હુકમ કર્યો.

મારી ગાડીના ઘોડા પહોળી સડક પર ફાળ ભરતા દોડવા લાગ્યા. ઊંઘતાં ગામડાંને એક પછી એક પાર કરતી ગાડી આગળ ધપતી રહી. મને એકમાત્ર બીક રસ્તામાં કોઈ રોકી પાડે તેની હતી. વોલ્ગા નદી પાર કરતી વેળા સાંજે થયેલો અનુભવ બળવાખોરોની હાજરીની સાક્ષી પુરતો હતો, પરંતુ તેની સાથે સાથે સત્તાધારીઓ તરફથી જોરદાર મુકાબલાની સાબિતી પણ તેમાં સાફ જોવા મળી હતી. જરૂર પડે તો ઉપયોગ કરવા માટે પુગાચોવનો પરવાનો મારા ખીસામાં જ હતો, અને કર્નલ ગ્રિન્યોવનો હુકમ પણ મેં ભેગો રાખ્યો હતો. પણ માર્ગમાં અમને કોઈએ રોક્યા નહિ. પરોઢની વેળા થવા આવી ત્યારે મને નદી અને ફરની ઝાડી નજરે પડી. અમારું ગામ ઝાડીની પાછળ જ હતું. ગાડીવાને ઘોડાને ચાબખા ફટકાર્યા અને પા કલાકની અંદર ગાડી ... ગામમાં દાખલ થઈ ગઈ.

હવેલી ગામને બીજે છેડે હતી. ઘોડા પૂરઝડપે દોડી રહ્યા હતા. ગાડીવાને બરાબર રસ્તાની વચમાં જ અચાનક લગામ ખેંચી. "કેમ, શું થયું?" મેં અધીરાઈથી પૂછ્યું.

"નાકાબંધી છે, હજૂર," તેણે જવાબ આપ્યો, અને ઝડપથી દોડતા ઘોડાઓને માંડ માંડ ઊભા રાખ્યા.

ખરેખર સામે નાકાબંધીનું કામચલાઉ ખડું કરેલું ફાટક હતું. એક કિસાન ખભે દંડૂકો ટેકવીને પહેરો ભરી રહ્યો હતો. તેણે મારી પાસે આવીને ટોપી માથેથી ઉતારતાં મારો પાસપોર્ટ માગ્યો.

"શો મતલબ?" મેં સવાલ કર્યો. "નાકાબંધી કેમ કરી છે? શાની રખેવાળી કરી રહ્યા છો?"

"અમે બળવો કર્યો છે, હજૂર," તેણે માથું ખજવાળતાં જવાબ આપ્યો.

"તમારા માલિકો ક્યાં છે?" મેં પૂછ્યું. મારા દિલના ધબકારા ઓસરી રહ્યા હતા.

"માલિકો?" તેણે શબ્દ દોહરાવ્યો. "અમારા માલિકો તો કોઠારિયામાં છે."

"કોઠારિયામાં?"

"આન્દ્ર્યૂશ્કાએ બધાંયને બેડીઓ પહેરાવી દીધી છે. એનો ઇરાદો સૌને ઝાર સામે પેશ કરવા લઈ જવાનો છે."

"હે ભગવાન! ફાટક ખોલી નાખ, ગધેડા! આમ ડાચું ફાડીને ઊભો ન રહે!"

પહેરેગીર અચકાતો ઊભો રહ્યો. હું ઠેકડો મારતો ગાડીમાંથી નીચે ઊતર્યો અને તેને લમણામાં મુક્કો ઝીંકીને (એ વાતનો મને અફસોસ છે) મેં મારી મેળે જ ફાટક ખોલી નાખ્યું. કિસાન બેબાકળો થઈ ગયો અને ડાચું ફાડીને મને તાકતો રહ્યો. હું પાછો ગાડીમાં બેસી ગયો અને મેં ગાડીવાનને ઘોડા મોટી હવેલી તરફ દોડાવી મૂકવાનો હુકમ કર્યો. કોઠારિયું આંગણમાં જ હતું. ફાટકના પહેરેગીરની જેમ જ દંડૂકા લઈને બે કિસાનો કોઠારિયાના તાળું મારેલા બારણા સામે પહેરો ભરી રહ્યા હતા. ગાડી બરાબર તેમની સામે ઊભી રહી ગઈ. હું કૂદકો મારીને એકદમ તેમની પાસે ધસી ગયો.

"બારણું ખોલો!" મેં હુકમ કર્યો.

મારા દેખાવમાં જ દહેશત પેદા કરે એવું કંઈક હશે. ગમે તેમ હોય, પણ બેઉ આદમી દંડૂકા પડતા મૂકીને પોબારા ગણી ગયા. મેં પહેલાં તાળું તોડવાની અને પછી બારણું તોડી નાખવાની કોશિશ કરી જોઈ. પરંતુ બારણું ઓકના મજબૂત લાકડાનું હતું, અને મોટું જબ્બર તાળું કોઈ રીતે તૂટ્યું જ નહિ. એટલામાં એક કિસાન નજીકના ઝૂંપડામાંથી બહાર નીકળ્યો અને તેણે ઉદ્ધતાઈથી મને સવાલ કર્યો કે ધાંધલનો શો મતલબ છે.

"આન્દ્રૂશ્કા ક્યાં છે?" મેં બરાડો પાડ્યો. "બોલાવ એને!"

"આન્દ્રૂશ્કા નહિ પણ આન્દ્રેઈ આફાનાસ્યેવિચ, હું પોતે જ છું," તેણે બેઅદબીથી સામો જવાબ વાળતાં હાથ કેડે ગોઠવી દીધા. "શું કામ છે?"

જવાબમાં હું તેને ગરદન પકડીને ઢસડતો કોઠારિયાના બારણા પાસે લઈ ગયો અને મેં તેને તાળું ખોલવાનો હુકમ કર્યો. એક પળ તો તે હઠીલાઈથી મક્કમ રહ્યો, પરંતુ માલિકના મેથીપાકની અસર આખરે તેની ઉપર પડી ખરી. તેણે ખીસામાંથી ચાવી કાઢીને કોઠારિયાનું બારણું ખોલી નાખ્યું. હું એકદમ ઉંબરો ઓળંગતો અંદર ધસી ગયો. પછીતના નાનકડા જાળિયામાંથી પડતા ઝાંખા અજવાળામાં મને મારાં માતાપિતા એક ખૂણામાં નજરે પડયાં. તેમના હાથ બાંધેલા હતા અને પગમાં લાકડાની કડીઓની બેડીઓ હતી. હું આતુરતાથી તેમને ભેટી પડયો. મારાથી એક શબ્દ પણ બોલાયો નહિ. તેઓ વિસ્મિત બનીને મને તાકી રહ્યાં—લશ્કરી જિંદગીનાં ત્રણ વરસમાં હું એટલો બધો બદલાઈ ગયેલો કે તેઓ મને ઓળખી જ ન શક્યાં. મારી માતાના મોંમાંથી નિ:શ્વાસ નીકળી ગયો અને તેની આંખોમાં આંસુ છલકાઈ આવ્યાં.

અચાનક પાછળથી મારો પ્યારો પરિચિત અવાજ મારે કાને પડ્યો.

"પ્યોતર આન્દ્રેઇચ! તમે છો?" હું આશ્ચર્યવિમૂઢ થઈ ગયો.

મેં પાછળ ફરીને જોયું તો બીજા ખૂણામાં મારિયા ઇવાનોવ્ના નજરે પડી. તેના પણ હાથપગ બંધનમાં જકડાયેલા હતા.

મારા પિતા મૂંગા મૂંગા મને નીરખી રહ્યા, તેમને જાણે પોતાની આંખો ઉપર વિશ્વાસ જ નહોતો બેસતો. તેમના ચહેરા પર ખુશીની આભા ઝળકી રહી હતી.

તેમના હાથને બાંધી રાખતાં દોરડાં મેં મારી તલવાર વડે ઝડપથી કાપી નાખ્યાં.

"તું આવ્યો, બેટા! પેત્રૂશા! કેમ છો?" મારા પિતા મને છાતી સરસો ચાંપતા બોલ્યા. "ઈશ્વરનો પાડ કે અમે તને જોવા જીવતાં રહ્યાં..."

"પેત્રૂશા, બેટા મારા!" મારી માતા બોલી ઊઠી. "કયા ભલા દેવદૂતે તને અહીંયાં પહોંચાડયો? ઠીક તો છો ને?"

મેં તેમને છૂટાં કરવા ઝડપથી કદમ ઉઠાવ્યાં, પરંતુ બારણા પાસે પહોંચીને મેં જોયું તો બહાર પાછું તાળું લગાવી દેવામાં આવ્યું હતું.

"આન્દ્રૂશ્કા!" મેં બરાડો પાડયો, "બારણું ખોલી નાખ!"

"ના, બારણું તો હવે નહિ ખૂલે!" તેણે બહારથી જવાબ આપ્યો. "અંદર જ પડયાં રહેજો સૌ! ધાંધલ કરવાનો અને ઝારના અમલદારની ગરદન પકડવાનો મતલબ તમને બરાબર ભણાવી દઈશું!"

હું છટકવાનો ઉપાય ખોળવા માટે કોઠારિયાનું નિરીક્ષણ કરવા લાગ્યો.

"કંઈ ફાયદો નહિ થાય," મારા પિતા બોલ્યા. "મારાં કોઠારિયાંનો બંદોબસ્ત પાકો જ હોય, ચોર ન તો અંદર આવી શકે કે ન બહાર નીકળી શકે."

મારી માતા મારા આગમનથી જરાક ખુશ થઈ ગઈ હતી, પરંતુ કુટુંબ ભેગો હુંયે ભયંકર અંજામનો ભોગ બની જઈશ એવા ખ્યાલે તે વળી પાછી હતાશામાં ડૂબી ગઈ. પરંતુ માતાપિતા અને મારિયા ઇવાનોવ્ના સાથેના મિલનની ઘડીથી હું વધારે સ્વસ્થ બની ગયો હતો. મારી પાસે તલવાર અને બે પિસ્તોલ હતી, એટલે અંદર રહીને બચાવ થઈ શકે એમ હતો. વળી મને ખાતરી હતી કે રાત પડતાં પહેલાં ગ્રિન્યોવ ચોક્કસ આવી પહોંચશે અને અમને છોડાવી લેશે. મેં મારાં માતાપિતાને એ બધું સમજાવીને મારી માતાને હિંમત બંધાવવાની કોશિશ કરી. તેઓ વળી પાછાં પુનર્મિલનની ખુશીમાં ડૂબી ગયાં.

"તો પ્યોતર," મારા પિતા બોલ્યા, "તેં બહુ ઉત્પાત કર્યા અને મને તારી ઉપર ભારે ખીજ ચડેલી. પણ આપણે ગઈગુજરીને હવે નહિ સંભારીએ. મને ભરોસો છે કે તેં તારા જુવાનીના વાંદરવેડા કરવા હોય એટલા કરી લીધા હશે અને તારી રીતભાત હવે સુધારી લીધી હશે. મને ખબર છે કે તેં ટેકીલા અફસરને છાજે એવી કામગીરી બજાવી છે. એથી મારું દિલ ઠર્યું છે, પ્યોતર! તેં મારું ગઢપણ ઉજાળ્યું છે. અને આ આફતમાંથી તું છુટકારો અપાવશે તો તો જિંદગી બમણી મીઠી બની જવાની!"

મેં આંખોમાંથી આંસુ છલકાવતાં છલકાવતાં તેમને હાથે બચી ભરી અને પછી મારિયા ઇવાનોવ્નાની સામે જોયું. તે મને મળીને બેહદ ખુશ થઈ ગઈ હતી અને તદ્દન સુખી તથા સ્વસ્થ લાગતી હતી.

લગભગ બપોરે અમને અસાધારણ ઘોંઘાટ અને શોરબકોર સંભળાયો.

"શું હશે?" મારા પિતા બોલ્યા. "તારા કર્નલ આવી પહોંચ્યા કે શું?"

"અશક્ય," મેં કહ્યું, "એ તો રાત પહેલાં કોઈ રીતે ન પહોંચી શકે."

ઘોંઘાટ વધી ગયો. ભયની ચેતવણીઓ કાને પડી. આખા આંગણમાં દોડાદોડી કરતા ઘોડાઓના દાબડાનો અવાજ સંભળાવા લાગ્યા. એટલામાં

સાવેલ્યિચનું ધોળું માથું ભીંતના નાનકડા બાકોરામાં નજરે પડ્યું અને કમનસીબ ડોસો દયાજનક અવાજે બોલી ઊઠ્યો:

"આન્દ્રેઈ પેત્રોવિચ! આવદોત્યા વસીલ્યેવ્ના! પ્યોતર આન્દ્રઇચ, હજૂર! મારિયા ઈવાનોવ્ના બાઈસાહેબ! માઠી ખબર! મવાલીઓ ગામમાં પહોંચી ગયા છે. અને પ્યોતર આન્દ્રેઇચ, જાણો છો એમનો સરદાર કોણ છે? શ્વાબ્રિન, અલેક્સેઈ ઈવાનિચ, કાળમુખો!"

નફરત પેદા કરતું નામ સાંભળતાં જ મારિયા ઈવાનોવ્ના અનાયાસે પંજા ભીડી દઈને નિશ્ચલ ઊભી રહી ગઈ.

"સાંભળ, સાવેલ્યિચ!" હું બોલી ઊઠ્યો. કોઈને મારતે ઘોડે ઓવાર હુસાર રેજિમેન્ટ પાસે મોકલ, એ લોકોને તાકીદ કરે કે અમારી આફતની ખબર તરત જ કર્નલને પહોંચાડી દે."

"પણ મોકલું કોને, હજૂર? તમામ માણસો બળવાખોરો ભેગા ભળી ગયા છે. વળી બધાય ઘોડા કબજે કરી લેવામાં આવ્યા છે. હે ભગવાન! મવાલીઓ આંગણમાં આવી ગયા છે અને હવે કોઠારિયા તરફ ધસી રહ્યા છે."

બહાર સાવ બારણાની પાસેથી કેટલાય અવાજો સંભળાવા લાગ્યા. મારી માતા અને મારિયા ઈવાનોવ્નાને ઈશારાથી ખૂણામાં જવાનું કહીને હું તલવાર ખેંચી કાઢતો બારણા નજીક દીવાલને અઢેલીને ઊભો રહી ગયો. મારા પિતાએ બેઉ પિસ્તોલના ઘોડા ઊંચા કરીને તેને બે હાથમાં પકડી લીધી અને પછી તેઓ મારી બાજુમાં ગોઠવાઈ ગયા. તાળું ખખડ્યું, બારણું ઊઘડ્યું, અને આન્દ્રૂશ્કાનું માથું અંદર આવ્યું. મેં તલવાર ઝીંકી દીધી અને તે બારણા આડો ઢળી પડ્યો. એ જ ઘડીએ મારા પિતાએ ખુલ્લા બારણા વાટે એક પિસ્તોલનો ધડાકો કર્યો. હુમલાખોરોનું ધાડું ગાળો બબડતું પાછળ હઠી ગયું. મેં ઘવાયેલા આદમીને ઉંબરેથી અંદર ખેંચી લીધો અને બારણું ભીડીને સાંકળ ચડાવી દીધી.

આખું આંગણ હથિયારબંધ માણસોથી ભરાઈ ગયું હતું. તેમની અંદર મેં શ્વાબ્રિનને ઓળખી લીધો હતો.

"ગભરાતાં નહિ," મેં બાઈઓને કહ્યું, "હજી બચવાની આશા છે. અને બાપુ, હવે ગોળીબાર ન કરશો, આખરી ગોળી બચાવી રાખવાની છે."

મારી માતા મૂંગી મૂંગી પ્રાર્થના કરી રહી હતી. મારિયા ઈવાનોવ્ના બાજુમાં ઊભી ઊભી અમારા નસીબના ખેલ સંતો જેવી ધીરજથી નીરખી રહી હતી. મારિયા ઈવાનોવ્ના તેની બાજુમાં ઊભી હતી. બહારથી ધમકીઓ અને ગાળો

સંભળાઈ રહી હતી. અંદર દાખલ થવાની હિંમત કરનાર કોઈ પણ આદમીને તરત જ વાઢી નાખવાની પૂરી તૈયારી રાખીને હું મારી જગ્યાએ ઊભો રહ્યો. એકાએક મવાલીઓનો શોરબકોર શમી ગયો અને મારું નામ લઈને શ્વાબ્રિને પાડેલો સાદ સંભળાયો.

"હું અહીંયાં જ છું, બોલ, શું છે?"

"શરણે થઈ જા, બુલાનિન, સામનો કરવામાં મુદ્દલ સારાવાટ નથી. તારાં ઘરડાં માબાપ ઉપર રહેમ કર! હઠીલાઈથી તું બચવાનો નથી. હું તને પૂરો કરીને જ જંપીશ."

"તુંતારે કોશિશ કરી લેજે, ગદ્દાર!"

"હું અંદર આવવાની મૂર્ખાઈ નહિ કરું, અને મારા માણસોની જિંદગી પણ જોખમમાં નહિ મૂકું. હું તો કોઠારિયાને આગ લગાવી દઈશ, પછી જોઈશું કે તું શું કરે છે, બેલોગોર્સ્કના ડોન કિહોટે! જમવાનો વખત થઈ ગયો છે. અત્યારે તો તું જ્યાં છે ત્યાં જ પડ્યો રહે અને ફુરસદમાં વિચાર કરી જો. સલામ, મારિયા ઇવાનોવ્ના! તમારી માફી માગવાની કશી જરૂર મને નથી લાગતી. અંધારામાં તમારા શૂરવીર રક્ષણહારની જોડે બેઠાં છો એટલે તમને કંટાળાનો ભાર તો નહિ જ લાગતો હોય!"

કોઠારિયાના બારણા પાસે પહેરો ગોઠવીને શ્વાબ્રિન ચાલ્યો ગયો. અમારામાંથી કોઈ કંઈ બોલ્યું નહિ. સૌ પોતપોતાના વિચારોમાં ડૂબી ગયેલાં હતાં અને કોઈને પોતાના મનની વાત બીજાને કહેવાની હિંમત નહોતી થતી. હું વિચારવા લાગ્યો કે ઝનૂને ભરાયેલો શ્વાબ્રિન કેવાં કેવાં કાળાં કરતૂત કરી શકે એમ છે. મને મારી પોતાની દશાની તો પરવા જ નહોતી. અને—એકરારની જરૂર છે ખરી?—મને મારાં માતાપિતાની ફિકર કરતાં મારિયા ઇવાનોવ્નાની ફિકર વધારે હતી. હું જાણતો હતો કે કિસાનો તેમ જ જાગીરના ખેતગુલામો મારી માતા પ્રત્યે ઊંડી માયા ધરાવે છે, અને મારા પિતાની સખતાઈ છતાં તેમના પ્રત્યે ખૂબ ચાહના રાખે છે કારણ કે મારા પિતા ઇનસાફી છે અને પોતાની હકૂમત હેઠળના લોકોની ખરી જરૂરિયાતો સમજે છે. કિસાનો તથા ખેતગુલામોના બળવામાં એ લોકોનો પ્રકોપ નહિ પણ ખાલી ભ્રમ, ક્ષણિક ઉછાળો, જ વ્યક્ત થતો હતો. એટલે મારાં વૃદ્ધ માતાપિતાની બાબતમાં તો રહેમની ધારણા પૂરા વિશ્વાસથી રાખી શકાય એમ હતી. પરંતુ મારિયા ઇવાનોવ્નાનું શું? હલકટ અને બેશરમ આદમી તેની ઉપર કેવો જુલમ વરસાવવાની મુરાદ રાખતો હશે?

ભયાનક અંજામનો વિચાર કરવાની મને હિંમત જ નહોતી થતી એટલે હું તેને બીજી વાર એ ઘાતકી શત્રુના હાથમાં પડવા દેવા કરતાં મારા પોતાના હાથ વડે જ પહેલાં મારી નાખવા (ઈશ્વર મને માફ કરે!) તત્પર બની ગયો.

વળી એક કલાક વીતી ગયો. ગામમાંથી નશીલા ગાનતાનના અવાજો સંભળાઈ રહ્યા હતા. ખાનપાનની મોજ માણતા મસ્તાનાઓને જોઈને કોઠારિયાને બારણે પહેરો ભરતા સંત્રીઓને અદેખાઈ આવી રહી હતી, એટલે તેઓ ખીજે ભરાઈને અમને ગાળો ભાંડવા અને અત્યાચાર તથા મોતની વાતો વડે દહેશતમાં નાખી દેવાની કોશિશ કરવા લાગ્યા.

અમે શ્વાબ્રિનની ધમકીના અમલની વાટ જોતાં રહ્યાં. આખરે આંગણમાં વાળી ભારે ઘોંઘાટ થતો લાગ્યો અને અમને ફરી વાર શ્વાબ્રિનનો અવાજ સંભળાયો.

"કેમ, વિચાર કરી લીધો? આપમરજીએ શરણે થઈ જવું છે કે નહિ?"

તેના સવાલને કશો જવાબ ન મળ્યો.

થોડીક વાર પછી શ્વાબ્રિને ખડ લઈ આવવાનો હુકમ આપ્યો. થોડીક મિનિટો વીતી ગયા બાદ ભભૂકતી જવાળાઓનું અજવાળું અંધારા કોઠારિયામાં ફેલાઈ ગયું અને બારણાની તિરાડોમાંથી ધુમાડો અંદર ભરાવા લાગ્યો. મારિયા ઈવાનોવ્ના મારી પાસે આવી અને મારો હાથ પોતાના હાથમાં લઈને ધીમા અવાજે બોલી:

"સાંભળો, પ્યોતર આન્દ્રેઈચ! મારે ખાતર તમારી અને તમારાં માતાપિતાની જિંદગીનો ભોગ આપી દેવાની શી જરૂર છે? મને જવા દો. શ્વાબ્રિન મારી વાત માની લેશે."

"કદી નહિ!" હું ઉત્તેજિત થઈને બોલી ઊઠયો. "તને ખબર છે કે તારા કેવા હાલ થશે?"

"હું ઈજ્જતના ભોગે જીવતી નહિ રહું," તેણે સ્વસ્થતાથી જવાબ આપ્યો. "પરંતુ મારા મુકિતદાતાને અને ભારે ઉદારતાથી એક અનાથને આશરો આપનારા તેના પરિવારને હું કદાચ બચાવી શકું. અલવિદા, આન્દ્રેઈ પેત્રોવિચ! અલવિદા, આવદોત્યા વસીલ્યેવ્ના! તમે તો મારા આશ્રયદાતા કરતાં બહુ બહુ વધારે છો! મને આશીર્વાદ આપો! અને તમને પણ અલવિદા, પ્યોતર આન્દ્રેઈચ! ખાતરી રાખજો કે... કે..." એટલું કહેતાં તે રડી પડી અને તેણે બેઉ હાથ મોં પર ઢાંકી દીધા. હું તો લગભગ બેબાકળો થઈ ગયો. મારી માતા પણ રડવા લાગી.

"બસ, મારિયા ઈવાનોવ્ના," મારા પિતા બોલ્યા, "જાણે કેમ અમે તને એકલી એ બદમાશ પાસે જવા દેવાનાં હોઈએ! તારે અહીંયાં જ રહેવાનું છે, અને એક પણ શબ્દ વધારે બોલવાનો નથી. મરવાનું હશે તો આપણે સૌ ભેગાં જ મરીશું."

"સાંભળો—એ લોકો કંઈક કહી રહ્યા છે!"

"શરણે આવો છો કે નહિ?" શ્વાબ્રિને ઘાંટો પાડયો. "આમ જુઓ! પાંચ મિનિટમાં જીવતાં બળી મરશો!"

"અમે કદી શરણે થવાનાં નથી, નરાધમ!"

મારા પિતાએ મક્કમ અવાજે જવાબ વાળ્યો. તેમનો કરચલિયાળો ચહેરો અદ્‌ભૂત જોમથી ચેતનમય બની ગયો, સફેદ ભવાં નીચે તેમની આંખો અંગારા વરસાવવા લાગી. મારી તરફ ફરીને તેમણે કહ્યું: "યાહોમની ઘડી આવી ગઈ છે!"

તેમણે બારણું ખોલી નાખ્યું. ભડકા અંદર ધસી આવ્યા અને વળીઓ તરફ તેમ જ તિરાડોમાં ભરેલી સૂકી શેવાળ તરફ લબકારા લેવા લાગ્યા. મારા પિતાએ પિસ્તોલનો ધડાકો કર્યો, અને ભડકે બળતો ઉંબર પાર કરતાં હાકલ કરી: "મારી પાછળ પાછળ આવો—સૌ!" મારી માતા અને મારિયા ઈવાનોવ્નાના હાથ પકડીને હું તેમને બહાર ખુલ્લી હવામાં લઈ ગયો. મારા પિતાના કંપતા હાથ વડે થયેલા ગોળીબારથી વીંધાઈ ગયેલો શ્વાબ્રિન ઉંબરા પાસે પડયો હતો. હરામખોરોનું ધાડું અમારા અણધાર્યા ધસારાથી પહેલાં તો ગભરાઈને નાસભાગ કરવા લાગ્યું પરંતુ ફરી હિંમત કરીને અમને ઘેરવા લાગ્યું. હું મારી આસપાસ તલવાર વીંઝવાનું શરૂ કરી રહ્યો હતો એટલામાં બરાબર નિશાન તાકીને ફેંકવામાં આવેલી એક ઈંટ મને જોરથી છાતીમાં વાગી. હું જમીન પર ઢળી પડયો અને થોડીક મિનિટ બેભાન પડયો રહ્યો. મને પાછું ભાન આવ્યું ત્યારે શ્વાબ્રિન લોહીથી લદબદ ઘાસ ઉપર બેઠો હતો અને અમારા આખા કુટુંબને તેની સામે ખડું કરી દેવામાં આવ્યું હતું.

મને બેઉ હાથ નીચે ટેકો આપવામાં આવ્યો હતો. કિસાનો, કઝ્ઝાકો અને બાશ્કિરીઓનું ટોળું અમારી નજીક સરકી રહ્યું હતું. શ્વાબ્રિનનો ચહેરો મોત જેવો ફિક્કો પડી ગયેલો હતો. તેણે એક હાથ પડખાના જખમ ઉપર દબાવી રાખ્યો હતો. તેના ચહેરા ઉપર પીડા અને ખુન્નસના મિશ્રિત ભાવ છવાયેલા હતા. ધીરે ધીરે માથું ઊંચું કરીને તેણે મારી ઉપર નજર નાખી અને કમજોર અસ્પષ્ટ અવાજે કહ્યું:

"આને ફાંસીએ લટકાવી દો! બધાંયને લટકાવી દો... એક પેલી સિવાય..."

હરામખોરો અમારી નજીક પહોંચી ગયા અને જોરથી દેકારા કરતા અમને ફાટક પાસે ઘસડી ગયા. પરંતુ એકાએક અમને પડતાં મૂકીને તેઓ ભાગવા લાગ્યા. ગ્રિન્યોવ ઘોડો દોડાવતો ફાટક પાર કરીને આવી રહ્યો હતો અને તેની પાછળ પાછળ આખી ટુકડી ઉઘાડી તલવારે ધસતી આવી રહી હતી.

બળવાખોરો ચોમેર વિખેરાઈ ગયા, હુસારો તેમનો પીછો કરીને તેમને વાઢી નાખવા અથવા કેદ કરી લેવા લાગ્યા. ગ્રિન્યોવ ઠેકડો મારીને ઘોડા ઉપરથી ઊતરી ગયો અને તેણે મારાં માતાપિતાને નમન કરીને હેતથી મારો હાથ દબાવ્યો.

"વેળાસર પહોંચી ગયો છું, ખરું ને?" તેણે કહ્યું. "અને આ તમારાં ભાવિ પત્ની લાગે છે!"

મારિયા ઇવાનોવ્નાનો ચહેરો શરમથી રાતોચોળ થઈ ગયો. ઉપરથી સ્વસ્થ દેખાતા પરંતુ ખરેખર તો ખૂબ લાગણીવશ બની ગયેલા મારા પિતાએ તેની પાસે જઈને તેનું અહેસાન માન્યું. મારી માતાએ તેને મુક્તિનો દેવદૂત કહીને છાતી સરસો ચાંપી લીધો.

"આવો, ઘરમાં ચાલો," મારા પિતા મોખરે ચાલતા અમને સૌને ઘર તરફ લઈ જવા લાગ્યા.

અમે શ્વાબ્રિન પાસે થઈને નીકળ્યા ત્યારે ગ્રિન્યોવ ઊભો રહી ગયો.

"આ કોણ છે?" તેણે જખમી આદમીની ઉપર નજર નાખતાં પૂછ્યું.

"સરદાર પોતે, ટોળકીનો આગેવાન," મારા પિતાએ જવાબ આપ્યો. તેમના અવાજમાં પુરાણા સૈનિકને છતો કરી દેતો મગરૂરીનો રણકાર હતો. "ઈશ્વરે મારા કમજોર હાથમાં જેમ રેડ્યું અને આ જુવાન બળવાખોરને સજા કરવાની તેમ જ મારા પુત્રના લોહીનું વેર વાળવાની તાકાત મને બક્ષી."

"શ્વાબ્રિન છે," મેં ગ્રિન્યોવને કહ્યું.

"શ્વાબ્રિન? ખુશીની વાત! હુસારો, આને લઈ જાઓ, અને રેજિમેન્ટલ સર્જનને કહેજો કે એના જખમની મલમપટ્ટી કરીને એનું આંખની કીકીની જેમ જતન કરે. શ્વાબ્રિનને ગમે તે ભોગે કાઝાનમાં ગુપ્ત પંચની સમક્ષ પેશ કરવાનો જ છે. એ તો મુખ્ય ગુનેગારોમાંનો એક છે, અને એની જુબાની બેહદ મૂલ્યવાન નીવડે એવો સંભવ છે."

શ્વાબ્રિને કૌવતહીન દશામાં આંખો ખોલી. તેના ચહેરા ઉપર શારીરિક પીડા સિવાય બીજા કશા ભાવ નહોતા. હુસારો તેને ઝભ્ભાની ડોળીમાં નાખીને લઈ ગયા.

અમે ઘરમાં ગયાં. મેં ચોમેર નજર ફેરવી, અને બાળપણના દિવસોની યાદ તાજી થતાં હું ખૂબ લાગણીવશ બની ગયો. ઘરમાં કંઈ જ બદલાયું નહોતું, બધું પુરાણા દિવસોની જેમ જ હતું. શ્વાબ્રિને કશુંયે લૂંટાવા દીધું નહોતું—તે અધમતામાં સરકી પડયો હોવા છતાં હલકટ લૂંટફાટ પ્રત્યે સહજ ઘૃણાની લાગણી તેનામાં હજી બચી રહી હોય એમ લાગતું હતું.

નોકરચાકરો પરસાળમાં આવ્યા. તેમણે બળવામાં મુદ્દલ ભાગ નહોતો લીધો, અને અમને છૂટી ગયેલાં જોઈને તેમણે ખરા દિલની ખુશી જાહેર કરી. સાવેલ્યિચ તો ફતેહના કેફમાં હતો. અહીંયાં ઉલ્લેખ કરી લઈએ કે બળવાખોરોના હુમલાને કારણે પેદા થયેલી ધમાલનો લાભ ઉઠાવીને તે ઘોડારમાં ઘૂસી ગયો હતો, ત્યાંથી શ્વાબ્રિનના ઘોડા ઉપર પલાણ નાખીને તેને ગુપચુપ બહાર લઈ ગયો હતો, અને સામાન્ય ધાંધલમાં કોઈની નજરે પડયા વગર નીકળી જઈને મારતે ઘોડે ઓવારે પહોંચી ગયો હતો. ત્યાં રેજિમેન્ટ વોલ્ગા પાર કરીને વિશ્રામ કરી રહી હતી. અમારી ઉપર તોળાઈ રહેલા જોખમની ખબર ગ્રિન્યોવને સાવેલ્યિચ પાસેથી મળતાં જ તેણે સિપાહીઓને ઘોડા પલાણવાનો હુકમ આપ્યો હતો અને તેઓ મારતે ઘોડે અમારા ગામ તરફ રવાના થઈ ગયા હતા. ઈશ્વરની કૃપાથી તેઓ બરાબર અણીની વેળાએ પહોંચી ગયા હતા.

ગ્રિન્યોવે આન્દ્રૂશ્કાનું માથું સૌને જોવા માટે પીઠા નજીક ખૂંટા ઉપર થોડા કલાક રખાવ્યું.

હુસાર સિપાહીઓ બળવાખોરોના પીછાનું કામ પતાવીને થોડાક કેદીઓ ભેગા પાછા ફર્યા. જે કોઠારિયામાંથી યાદગાર ઘેરાનો સામનો કરવામાં આવ્યો હતો તેમાં જ એ કેદીઓને પૂરી દેવામાં આવ્યા.

અમે સૌ પોતપોતાના ખંડોમાં ગયાં. મારાં વૃદ્ધ માતાપિતા માટે આરામ જરૂરી હતો. મને પણ આગલી રાતે જરાય નીંદર નહોતી મળી, એટલે હું બિછાનામાં લાંબો થઈને ઘસઘસાટ ઊંઘી ગયો. ગ્રિન્યોવ જરૂરી હુકમો આપવા ચાલ્યો ગયો.

સાંજે અમે દીવાનખંડમાં ભેગાં થયાં. સમોવારમાં પાણી ઊકળી રહ્યું હતું. વીતી ગયેલા જોખમની અને અણીની વેળાએ તેમાંથી છૂટકારાની વાતો અમે

ખુશમિજાજમાં કરવા લાગ્યાં. મારિયા ઇવાનોવ્ના ચા રેડવા લાગી. હું તેની બાજુમાં બેઠો બેઠો એકલી તેની જોડે જ વાતોમાં ગૂંથાઈ ગયો. અમારી પરસ્પર પ્રીતિની બાબત અંગે મારાં માતાપિતાએ મમતાભર્યા લાડનું વલણ અપનાવી લીધું હોય એમ લાગતું હતું. એ સંધ્યાની સ્મૃતિ મારા મનમાં હજુ પણ સ્પષ્ટ અંકિત છે. હું સુખ અનુભવી રહ્યો હતો, પરમ સુખમાં મહાલી રહ્યો હતો — અને આપણ બિચારા નાશવંત માનવીઓનાં જીવનમાં એવી ઘડીઓ બહુ ઝાઝી નથી આવતી.

બીજે દિવસે મારા પિતાને ખબર પહોંચાડવામાં આવી કે કિસાનો માફી માગવા હવેલીની સામે એકઠા થયા છે. તેઓ કિસાનોની જોડે વાત કરવા આંગણમાં ગયા. તેમને જોતાં જ સૌ ગોઠણભેર નમી પડયા.

"અરે ગધેડાઓ," મારા પિતાએ કહ્યું, "આ બળવાનું તૂત તમારાં માથાંમાં ક્યાંથી ઘૂસી ગયું?"

"અમારાથી કસૂર થઈ ગઈ, માફ કરી દો, માલિક!" બધા એકીઅવાજે બોલી ઊઠયા.

"બેશક તમે કસૂર કરી છે. ધાંધલ કરતાં પાછું વળીને જોવું નહિ, અને અંજામ આવે ત્યારે રોદણાં રોવા બેસી જવું! ખેર! ઈશ્વરે મારા દીકરા પ્યોતર આન્દ્રેઈચને સહીસલામત પાછો ઘેર મોકલ્યો એની ખુશીમાં તમને માફ કરી દઉં છું. ઠીક..."

"અમારાથી કસૂર થઈ ગઈ — માફ કરી દો!"

"કસૂર તો તમે ચોક્કસ કરી જ છે. ભગવાનની દયાથી હવામાન સરસ છે, ખડ વાઢી લેવાનું ટાણું છે, અને તમે ગધેડાઓ ત્રણ ત્રણ દિવસ સુધી શું કરતા રહ્યા? મુખી, બધાયને ખડ વાઢવા મોકલી દે, અને સાંભળ, રાતા માથાળા લફંગા, સંત ઇલ્યાની તિથિ સુધીમાં બધુંય ખડ વાઢીને પૂળા ખડકી દેવાના છે, સમજ્યો ને? વારુ, હવે જઈને કામે વળગી જાઓ!"

કિસાનો નમી પડયા અને પછી જાણે કંઈ જ બન્યું ન હોય એમ માલિકના ખેતરમાં કામ કરવા ચાલ્યા ગયા.

શ્વાબ્રિનનો જખમ જીવલેણ નહોતો. તેને પહેરા હેઠળ કાઝાન મોકલી દેવામાં આવ્યો. તેને ગાડીમાં બેસાડવામાં આવ્યો ત્યારે હું બારીમાં ઊભો ઊભો જોઈ રહ્યો હતો. અમારી નજર મળી ગઈ. તેણે માથું નમાવી દીધું અને હું એકદમ બારીએથી ખસી ગયો. દુશ્મનની કમનસીબી તથા નામોશી જોઈને હું

પોરસ અનુભવતો હોઉં એવી છાપ પેદા કરવાનું મને જરાય મન નહોતું.

ગ્રિન્યોવને આગળ ધપવાનું હતું. થોડાક વધારે દિવસો કુટુંબ ભેગા ગાળી લેવાની મંછા મારા દિલમાં રમતી હોવા છતાં મેં તેની સાથે કૂચ કરી જવાનું નક્કી કર્યું. રેજિમેન્ટ રવાના થવાની હતી તેને આગલે દિવસે હું મારાં માતાપિતા પાસે ગયો અને રિવાજ મુજબ તેમની સમક્ષ છેક ભોંય સુધી માથું નમાવીને મેં મારિયા ઇવાનોવ્ના જોડે મારા લગ્નમાં તેમના આશીર્વાદની વિનંતિ કરી. મારાં વૃદ્ધ માતાપિતાની આંખોમાં આંસુ છલકાઈ આવ્યાં. તેમણે મને હેતથી ઊભો કરીને મંજૂરી આપી. નિસ્તેજ અને ધ્રૂજતી મારિયા ઇવાનોવ્નાને હું તેમની પાસે લઈ ગયો. તેમણે અમને આશીર્વાદ આપ્યા.

એ ઘડીએ મારા દિલમાં ઉછાળા લેતી લાગણીઓને વર્ણવવાનો પ્રયાસ હું નહિ કરું. મારા જેવો અનુભવ પામી ચૂકેલો દરેક ઇન્સાન મારી લાગણીઓને શબ્દો વગર જ સમજી શકશે. એવો અનુભવ ન પામેલા માણસની તો મને કેવળ દયા જ આવે છે અને હું તેને સલાહ આપું છું કે વધારે પડતું મોડું થઈ જાય તે પહેલાં પ્રેમમાં પડી જવું અને માતાપિતાના આશીર્વાદ મેળવી લેવા.

રેજિમેન્ટ રવાનગી માટે તૈયાર થઈ ગઈ. બીજે દિવસે સવારે નીકળી જવાનું હતું. ગ્રિન્યોવે મારા પરિવારની વિદાય લીધી. અમને સૌને ખાતરી હતી કે લશ્કરી કામગીરી થોડા વખતમાં જ પૂરી થઈ જશે. મને આશા હતી કે એક મહિનાની અંદર મારું લગ્ન થઈ જશે. મારિયા ઇવાનોવ્નાએ સૌની હાજરીમાં મને ચુંબન કરીને વિદાય આપી. હું ઘોડા ઉપર સવાર થઈ ગયો. ફરી પાછો સાવેલ્યિચ મારી પાછળ પાછળ ચાલ્યો, અને રેજિમેન્ટ રવાના થઈ ગઈ.

હું મારા ગામના ઘરને બીજી વાર છોડીને જઈ રહ્યો હતો. તે નજરે પડતું રહ્યું ત્યાં સુધી હું તેને મીટ માંડીને નીરખતો રહ્યો. મારા મનમાં ગમગીન અંદેશાઓ ઘૂમરી ખાઈ રહ્યા હતા. જાણે કશુંક મને કાનમાં કહી રહ્યું હતું કે મારી કમનસીબીઓનો છેડો હજી નથી આવ્યો. મારા અંતરમાં મને લાગતું હતું કે હજી એક નવું તોફાન ચોક્કસ આવવાનું જ છે.

અમારી કૂચનું અને પુગાચોવ સામેની લડાઈનું વિગતવાર બયાન હું નહિ કરું. પુગાચોવે ખેદાનમેદાન કરી નાખેલાં ગામોમાંથી પસાર થતી વેળા અમને બળવાખોરોની લૂંટફાટની સાફ નિશાનીઓ નજરે પડતી, પરંતુ તોયે

અમારે બિચારા કમનસીબ રહેવાસીઓની રહીસહી ચીજો પણ તફડાવી લેવી પડતી.

લોકોને સમજાતું જ નહોતું કે કોના હુકમ માનવા. વહીવટ જેવું કંઈ રહ્યું જ નહોતું. જમીનદારો ભાગીને વનોમાં ભરાઈ ગયા હતા. ધાડપાડુઓની ટોળકીઓ ગ્રામવિસ્તારમાં કાળો કેર વરતાવી રહી હતી. આસ્ત્રાખાન તરફ ભાગી રહેલા પુગાચોવનો પીછો કરવા માટે મોકલવામાં આવેલી બટેલિયનોના સરદારો ગુનેગાર કે બિનગુનેગાર સૌને એકસરખી સજાઓ ફટકારતા હતા. દાવાનળનો ભોગ બનેલા વિસ્તારમાં હાલત ખોફનાક હતી. નિષ્ઠુર મૂઢતાનો સાક્ષાત્કાર કરાવતા રશિયન બળવાનું દૃશ્ય ઈશ્વર તમને કદી ન દેખાડે! અમારા દેશમાં અશક્ય ક્રાંતિઓનાં દિવાસ્વપ્નોમાં રાચનારાઓ કાં તો જુવાન હોય છે અને અમારી પ્રજાને મુદ્દલ સમજતા જ નથી, અથવા બીજા લોકોની જિંદગીને સાવ સસ્તી ગણનારા અને ખુદ પોતાના જાનની પરવા ન કરનારા કઠણ કાળજાના માણસો હોય છે.

પુગાચોવ નાઠો અને જનરલ મીખેલ્સોને તેનો પીછો કર્યો. થોડા સમયમાં અમને પુગાચોવના અંતિમ પરાજયના સમાચાર મળ્યા. ગ્રિન્યોવને તેના જનરલ પાસેથી ખબર મળી કે નકલી ધુતારો પકડાઈ ગયો છે અને કૂચ થંભાવવાનો હુકમ પણ તેને સાથેસાથે જ મળ્યો. આખરે મારે માટે ઘેર પાછા ફરવાનું શક્ય બન્યું. મારા મનમાં આનંદોલ્લાસનાં મોજાં ઉછાળા મારવા લાગ્યાં. પરંતુ અગમ્ય અમંગળ આશંકાઓ મારી ખુશીની ઉપર ગમગીનીનું વાદળું ફેલાવી રહી હતી.

વફાદારીના શપથનો ભંગ કરીને પુગાચોવના પક્ષે ભળી જનારા સંત્રીદળ અફસર અંગેની નવલકથાની પ્રથમ રૂપરેખાની તારીખ પૂશ્કિનની હસ્તપ્રતમાં ૧૮૩૩ના જાન્યુઆરીની ૩૧મી આપવામાં આવી છે. એ અફસરનું નામ મિખાઈલ શ્વાન્વિચ હતું. તેણે પુગાચોવની એક ટુકડીના હાથમાં પકડાઈ ગયા પછી પુગાચોવ પ્રત્યે વફાદારીના શપથ લીધા હતા અને તેના વડા મથકમાં કામગીરી બજાવી હતી.

કિસાન ડાકુ ટોળકીનો આગેવાન બની ગયેલા ઉમરાવ દુબ્રોવ્સ્કી અંગેની નવલકથાનું કાર્ય પૂશ્કિને ૧૮૩૩માં ચાલુ રાખ્યું. પૂશ્કિનના મનમાં એવી પરિસ્થિતિઓ વિશે ઊંડો રસ જાગ્યો હોય એમ સ્પષ્ટ લાગે છે. પરંતુ દુબ્રોવ્સ્કીની (અથવા તેના પૂર્વરૂપ ઓસ્ત્રોવ્સ્કીની) દગાખોરી તો સામાન્ય દૃષ્ટિએ જોતાં અંગત હેતુઓના આધારે નિર્ધારિત થયેલી આકસ્મિક ઘટના જ હતી. આ વખતે પૂશ્કિને એથી ઘણા વધારે મહત્ત્વની ઘટનાનું — ઐતિહાસિક કિસાન વિદ્રોહમાં એક ઉમરાવની સામેલગીરીનું — આલેખન કર્યું. એ ઉપરાંત, પૂશ્કિનની નેમ એ આંદોલનનાં કારણો સમજવાની હતી, તેમાં કયાં સામાજિક પરિબળોએ ભાગ લીધો હતો એ જાણી લેવાની હતી.

‘દુબ્રોવ્સ્કી’વાળી હસ્તપ્રતની તારીખ ૧૮૩૩ના ફેબ્રુઆરીની છઠ્ઠી છે, અને લશ્કરી વડા મથકના પુરાલેખસંગ્રહમાં રાખવામાં આવેલા પુગાચોવ સંબંધી દસ્તાવેજોના પરીક્ષણની પરવાનગી માટેની અરજી પૂશ્કિને સંરક્ષણ પ્રધાન ચેર્નિશેવને ફેબ્રુઆરીની નવમી તારીખે તો મોકલી પણ દીધેલી. પરવાનગી ફેબ્રુઆરીની ૨૫મી તારીખે મળી ગઈ. અઢારમી સદીના કિસાન યુદ્ધ સંબંધી સઘળા ઉપલબ્ધ મુદ્રિત તેમ જ હસ્તલિખિત દસ્તાવેજોનો પૂશ્કિને અભ્યાસ કર્યો. પચાસ વર્ષ પહેલાં જે પ્રદેશો પુગાચોવના બળવાને કારણે ખળભળી ઊઠ્યા હતા એ બધા પ્રદેશોનો તેણે પ્રવાસ કર્યો. ઉરાલ, ઓરેનબૂર્ગ, તથા કાઝાનમાં પુગાચોવની યાદ

ધરાવતા અથવા તેના નામ જોડે સંકળાયેલી દંતકથાઓ જાણતા માણસોને મળીને તેણે માહિતી એકત્રિત કરી.

૧૮૩૩ના જુલાઈની ૩૦મી તારીખે પૂશ્કિને ઉરાલ તથા ઓરેનબૂર્ગના પોતાના પ્રવાસ અંગે સરકારી પૃચ્છાના જવાબમાં લખી જણાવ્યું: "કદાચ આપ નામદારને જાણવાની ઇચ્છા હશે કે હું કેવી નવલકથા લખવાનો છું. મારી નવલકથાની મુખ્ય ઘટનાઓનાં સ્થળો ઓરેનબૂર્ગ તથા કાઝાન છે, એટલે હું એ બન્ને ગુબેર્નિયાનો પ્રવાસ કરવા માગું છું." કિસાનયુદ્ધની અજબ ઘટનાઓનાં સ્થળોના પ્રવાસથી પૂશ્કિનને અનુભવોની જે સમૃદ્ધિ હાંસલ થઈ તે પુગાચોવના વિષયના વૈજ્ઞાનિક આલેખન માટે ઉપયોગી થવા ઉપરાંત તેના કલાત્મક આલેખન માટે પણ અધિકતમ મહત્ત્વની સાબિત થઈ.

પરંતુ નવલકથા અંગેનું તેનું કાર્ય ધીરે ધીરે આગળ ચાલ્યું, કદાચ એ કારણે કે વિષય જ ખૂબ જટિલ હતો અને રૂસી સમાજ તથા રાજ્યનાં અત્યંત આળાં (અને પ્રતિબંધિત) અંગો તથા પ્રશ્નોને સ્પર્શતો હતો. નવલકથાની બાકીની યોજનાઓ ઉપર નજર ફેરવતાં જણાઈ આવે છે કે પુગાચોવના સમર્થક ઉમરાવના પાત્રઘડતરમાં વિશેષ રૂપે મોટા પ્રમાણમાં પરિવર્તન થયું હતું. પોતાને પૂર્ણ અને અફર રીતે પુગાચોવની જોડે સાંકળી લેતા ઉચ્ચ કુળના ઉમરાવની સભાન 'દગાખોરી'ની અસાધારણ હકીકતમાંથી એવા આદમીનું ચરિત્ર-નિરૂપણ થયું કે જે પુગાચોવના બળવાના ખ્યાલનો જ વિરોધી હતો પરંતુ પુગાચોવ પ્રત્યે ઊંડી હમદર્દી ધરાવતો હતો, લોકપ્રિય નેતાને સમજતો હતો, તેની કદર કરતો હતો, અને સાથે સાથે પોતે પુગાચોવ જોડેના સંબંધોમાં સ્વતંત્ર તથા મુક્ત રહ્યો હતો — પાત્રઘડતરમાં થયેલું પરિવર્તન એવું હતું. એ ઉપરાંત ઐતિહાસિક શ્વાન્વિચમાંથી બીજું એક અત્યંત નિષેધાત્મક કલ્પન — શ્વાબ્રિનનું કલ્પન — પણ વિકાસ પામ્યું.

કૅપ્ટન મિરોનોવના પાત્રનાં પૂર્વરૂપોમાંનું એક હતું ગરીબ લશ્કરી અફસરનું — વિખ્યાત રૂસી બોધકથા લેખક ઇવાન ક્રિલોવના પિતા આન્દ્રેઈ પ્રોખોરોવિચ ક્રિલોવનું. નાનકડા નગર યાઈકને પુગાચોવે ઘાલેલા ઘેરાને નજરે જોઈ ચૂકેલા ઇવાન આન્દ્રેયેવિચ ક્રિલોવ પાસેથી સાંભળેલા કિસ્સાઓનો ઉપયોગ પૂશ્કિને 'પુગાચોવના ઇતિહાસ'માં તેમ જ 'કૅપ્ટનની બેટી'માં કર્યો છે.

નિકોલાઈ ગોગોલે કરેલું 'કૅપ્ટનની બેટી'નું સુખ્યાત અર્થઘટન લશ્કરના નૈતિક આચરણ તથા રોજિંદા જીવનના એ પ્રતિભાયુક્ત વર્ણનને કારણે જ શક્ય

બન્યું હતું. 'રૂસી પદ્યનું સારતત્ત્વ શેમાં છે અને તેની વિલક્ષણતા શી છે' નામના લેખમાં ગોગોલે લખ્યું છે: "ખરા રૂસી જીવનની સાદી નિરાવરણ વાત વર્ણવતી હોય એવી નવલકથાનો ખ્યાલ તેના મનમાં સતત ઘોળાતો રહ્યો હતો. કાવ્યલેખન તજી દેવામાં તેનું એકમાત્ર લક્ષ્ય વિચલન ટાળવાનું અને વસ્તુઓનું વર્ણન વધારે સાદી રીતે કરવાનું હતું. પૂશ્કિને 'કૅપ્ટનની બેટી' કૃતિનું સર્જન કર્યું, અને તે વર્ણનાત્મક શૈલીની ઉત્તમ રૂસી નવલકથા નિશ્ચિત રૂપે છે જ. 'કૅપ્ટનની બેટી'ની તુલનામાં આપણી બધી નવલકથાઓ સડેલા થૂલા જેવી લાગે છે. આ નવલકથાની વિશુદ્ધતા અને નિરાવરણતા એટલી ઊંચી કક્ષાની છે કે તેની તુલનામાં ખુદ વાસ્તવિકતાયે કૃત્રિમ અને હાસ્યાસ્પદ લાગે છે. આપણને પહેલી જ વાર અસલ રૂસી ઇન્સાનો જોવા મળે છે: કિલ્લાનો સીધોસાદો કમાંડન્ટ, એ કૅપ્ટનની પત્ની, લેફ્ટેનન્ટ, એકમાત્ર તોપનું ગૌરવ ધરાવતો ખૂદ કિલ્લો, એ જમાનાની ધાંધલ-ધમાલ, અને સાધારણ લોકોની સાદી મહાનતા. આ બધું નર્યું સત્ય છે એટલું જ નહિ પરંતુ સત્ય કરતાંયે બહેતર છે. અને એમ જ હોવું જોઈએ—કવિનું કર્તવ્ય આપણને ઉદાહરણ તરીકે લઈને પાછા આપણને વિશુદ્ધ તથા બહેતર રૂપમાં આપણા જ હાથમાં સુપરત કરવાનું છે."

પરંતુ તાત્ત્વિક દૃષ્ટિએ જોતાં પૂશ્કિનની નવલકથાનો મુખ્ય નાયક તો પુગાચોવ છે અને મુખ્ય વિષય પણ પુગાચોવના વિદ્રોહનો છે. એ "બળવાખોર" અને "મવાલી"ની અસાધારણ મોહકતા, તેના પાત્રનું વિસ્મયકારક પ્રાબલ્ય તથા સુરેખ નિરૂપણ મહદંશે એ હકીકતથી નિર્ધારિત થયેલાં છે કે પોતે સર્જેલા પાત્રમાં પૂશ્કિને કિસાનપ્રજાના નેતા અંગેની "પ્રજાકીય માન્યતા"નું સામાન્યીકરણ સાધ્યું છે. આ બાબત કવિએ ઉરાલમાં કરેલી એક નોંધમાં વિશેષ રૂપે વ્યકત થઈ છે: "ઉરાલના કઝ્ઝાકો (ખાસ કરીને મોટેરી પેઢીના) આજ પર્યંત પુગાચોવની યાદને પોતાનાં દિલોમાં જતનથી જાળવી રહ્યા છે. એંશી વરસની એક કઝ્ઝાક બાઈએ મને જણાવ્યું કે પુગાચોવની વિરુદ્ધ ફરિયાદનાં વેણ તો પાપ ગણાય કારણ કે તેણે અમને કશું જ નુકસાન નહોતું કર્યું. મેં પ્યાનોવને પૂછ્યું કે તમારા લગ્નમાં પુગાચોવે વડીલની કામગીરી બજાવેલી એ કેવી રીતે બનેલું. વયોવૃદ્ધ આદમીએ ખીજે ભરાઈને જવાબ આપ્યો: 'એ તમારી નજરમાં પુગાચોવ હશે, પણ અમારી નજરમાં તો મહાન ઝાર પ્યોતર ફ્યોદોરોવિચ હતા.' આ નવલકથામાં પુગાચોવના પાત્રના સ્થાનનું નિર્ધારણ

કવયિત્રી મારિના ત્સ્વેતાયેવાએ કાવ્યમય ચોકસાઈ તથા ભાવવાહકતાથી કર્યું છે: "'કૅપ્ટનની બેટી' નવલકથામાં એકમાત્ર ક્રિયાશીલ પાત્ર પુગાચોવનું છે. તેના ઘોડાઓની ઘંટડીઓ રણકવા લાગે ત્યારે સમગ્ર નવલકથા જાણે ચેતનમય બની જાય છે, અને આપણે એકદમ તલ્લીન બનીને વિચારવા લાગીએ છીએ કે હવે શું બનશે. અને ભલે ગમે તેવી ઘટના બને, પરંતુ ઘટનામાં જો પુગાચોવ સામેલ હોય તો આપણે પણ સામેલ રહીએ જ છીએ." ('પૂશ્કિન અને પુગાચોવ' નામે લેખ.)

પ્રસિદ્ધ રૂસી સાહિત્ય વિવેચક અને પૂશ્કિનના સમકાલીન વિસ્સારિયોન બેલીન્સ્કીએ 'કૅપ્ટનની બેટી'નું ઊંચું મુલ્યાંકન કર્યું છે: "'કૅપ્ટનની બેટી' જાણે ગદ્યમાં લિખિત 'યેવગેની ઓનેગિન' જેવી કૃતિ છે. કવિએ તેમાં યેકાતેરીનાના અમલ દરમિયાન રૂસી સમાજના જીવનનું આલેખન કર્યું છે. આલેખનની પ્રમાણભૂતતા, યથાર્થતા, અને પ્રતિભામયતાની દૃષ્ટિએ, કૃતિના ઘણા અંશો પૂર્ણતાનાં શિખરો સર કરે છે. નાયકનાં માતાપિતા, તેનો ફ્રેંચ શિક્ષક, અને ખાસ કરીને તો શિકારી કૂતરાઓની દેખરેખ રાખવાના કામમાંથી બઢતી આપીને તેનો ખાસ હજૂરિયો બનાવી દેવામાં આવેલો સાવેલ્યિચ — જાણે રૂસી કાલેબ* — ઝૂરિન, મિરોનોવ અને તેની પત્ની, તેમના સંતાનનો ધર્મપિતા ઈવાન ઈગ્નાત્યેવિચ, અને છેલ્લે પોતાના 'સર્વશ્રી જનરલો' સાથે ખુદ પુગાચોવ — આ બધાં પાત્રોના નિરૂપણમાં તેની પ્રતીતિ થાય છે. નવલકથાનાં કેટલાંય દૃશ્યોમાં પણ તેની પ્રતીતિ થાય છે — અને એવાં દૃશ્યો એટલાં બધાં છે કે તેને ગણી બતાવવાનું અમને જરૂરી નથી લાગતું. નવલકથાનો નાયક અને તેની પ્રિયતમા મારિયા ઈવાનોવ્નાનાં નિર્માલ્ય તથા બેનૂર પાત્રો તેમ જ શ્વાબ્રિનનું અતિનાટકિયું પાત્ર નવલકથાની મોટામાં મોટી ઊણપો બની રહે છે ખરી, પરંતુ એથી આ નવલકથા રૂસી સાહિત્યની ઉત્તમ કૃતિઓમાંની એક મટી જતી નથી."

'કૅપ્ટનની બેટી'ની કાચી પ્રત ૧૮૩૬ના જુલાઈની ૨૩ મી તારીખે લખાઈને તૈયાર થઈ ગઈ હતી. નવલકથાનું પ્રથમ પ્રકાશન ૧૮૩૬માં પૂશ્કિનના સામયિક 'સમકાલીન'ના ચોથા અંકમાં, કવિના અવસાનથી લગભગ એક મહિના પહેલાં, થયું હતું.

---

*વોલ્ટર સ્કોટની નવલકથા 'લામ્મરમૂર બ્રાઈડ'ના નાયક એડગર રેવન્સ્વૂડનો નોકર.

[1] આ પંક્તિઓ યાકોવ ક્ન્યાઝનીનની હાસ્યનાટિકા 'શોખીખોર'માંથી ટાંકવામાં આવી છે.

[2] બુર્હાર્દ ક્રિસ્તોફોર મીનિખ (૧૬૮૩-૧૭૬૭) લશ્કરી આગેવાન અને પ્રસિદ્ધ માણસ હતો. યેકાતેરીના બીજીની વિરુદ્ધના રાજપલટાના કાવતરામાં તે પિટર ત્રીજાને વફાદાર રહ્યો હતો.

[3] આ અવતરણ દેનીસ ફોનવીઝિનની 'મારા ચાકરો શુમીલોવ, વાન્કા, અને પેત્રૂશાને સંદેશો' નામની કૃતિમાંથી (૧૭૬૯) લેવામાં આવ્યું છે.

[4] આ ઉલ્લેખ ૧૭૭૨માં યાઈક સેનાએ કરેલા બળવા વિશે છે. યાઈક નદીને (પુગાચોવના બળવા પછી યેકાતેરીના બીજીએ નદીનું નામ બદલાવીને ઉરાલ નદી રાખ્યું હતું) કિનારે સ્થિત કઝ્ઝાક સેનાને એ વખતે તાજેતરમાં જ ફરી તાબેદારીમાં જકડી લેવામાં આવી હતી. બળવાની શરૂઆત ૧૭૭૨ના જાન્યુઆરીની ૧૨મી તારીખે યાઈક શહેરમાં થઈ હતી, અને તેને ઉનાળામાં દબાવી દેવામાં આવ્યો હતો. પરાજિત કઝ્ઝાકોના મનોભાવ વિશે પૂશ્કિને 'પુગાચોવના ઇતિહાસ'માં લખ્યું છે: "માફી પામેલા બળવાખોરોએ જણાવેલું આથીયે મોટી ઘટનાઓ ભવિષ્યમાં બનવાની છે, અમે મોસ્કોને ખળભળાવી નાખીશું! આખા વિસ્તારનાં નજીકનાં તેમ જ દૂરનાં ગામોમાં ગુપ્ત મિટિંગો થઈ રહી હતી. નવા બળવાની એંધાણીઓ દરેક ઠેકાણે વરતાતી હતી. માત્ર આગેવાનની જરૂર હતી, અને આગેવાન આવી પહોંચ્યો."

[5] મરહૂમ ફિલ્ડ-માર્શલ મીનિખ — જુઓ ટિપ્પણી નં.૨.

[6] સૈનિકોનું ગીત — કદાચ ખુદ પૂશ્કિને જ લખેલું.

[7] કિસ્ત્રિન તથા ઓચાકોવ કિલ્લાઓને કબજે કરી લેવાનાં દૃશ્યો અંકિત કરતાં અણઘડ છપાઈનાં ચિત્રો. સાત વર્ષના યુદ્ધ દરમિયાન ૧૭૫૮માં રશિયન

લશ્કરોએ કિસ્ત્રિનના કિલ્લાને ઘેરો ઘાલીને જીતી લીધો હતો, અને ૧૭૩૫-૩૯ના રૂસી-તુર્કી યુદ્ધ દરમિયાન ૧૭૩૭માં ઓચાકોવના તુર્કી કિલ્લાને સર કરી લેવામાં આવ્યો હતો.

[8] આ પંક્તિઓ ક્ન્યાઝનીનની હાસ્યનાટિકા 'તરંગીઓ'માંથી (૧૭૯૪) ટાંકવામાં આવી છે— અંક ૪, દૃશ્ય ૧૨.

[9] અલેક્સાન્દર પેત્રોવિચ સુમારોકોવ (૧૭૧૮-૭૭)—નાટ્યકાર, કવિ, અને રૂસી સાહિત્યમાં પ્રશિષ્ટ વલણનો સુખ્યાત પ્રતિનિધિ.

[10] વસીલી કિરીલોવિચ ત્રેદ્યાકોવ્સ્કી (૧૭૦૩-૬૯)—કવિ, અનુવાદક, અને સાહિત્ય મીમાંસક. તેનાં કાવ્યો અંગે તેના જીવનકાળ દરમિયાન જ તેના સમકાલીનોએ હંમેશાં ન્યાયોચિત ન ગણાય એવા કટાક્ષો કર્યા હતા.

[11] ૧૭૯૦માં સેંટપિટર્સબર્ગમાં ઈવાન પ્રાચે પ્રકાશિત કરેલા 'રૂસી લોકગીત સંગ્રહ'માંના એક ગીતમાંથી આ પંક્તિઓ અહીંયાં ઉતારવામાં આવી છે.

[12] આ પંક્તિઓ "સરિતા સુભગ, વોલ્ગા મૈયા" ગીતના અંતિમ ભાગમાંથી લેવામાં આવી છે. (ઈવાન પ્રાચ, 'રૂસી લોકગીત સંગ્રહ', સેંટપિટર્સબર્ગ, ૧૭૯૦.)

[13] આ પંક્તિઓ 'હૈયે મારા કરી આગાહી' ગીતમાંથી લેવામાં આવી છે. ('રૂસી ગીતોનો નવો અને સંપૂર્ણ સંગ્રહ', પ્રકાશક નિકોલાઈ નોવિકોવ, પ્રથમ ખંડ, મોસ્કો, ૧૭૯૦.)

[14] આ પંક્તિઓ 'ખોફ્નાક' ઉપનામે જાણીતા ઈવાન ચોથાની કાઝાનની ફતેહ સંબંધી ગીતમાંથી ટાંકવામાં આવી છે. ('રૂસી ગીતોનો નવો અને સંપૂર્ણ સંગ્રહ', પ્રથમ ખંડ, પ્રકાશક નિકોલાઈ નોવિકોવ, મોસ્કો, ૧૭૯૦.)

[15] જુઓ ટિપ્પણી નં.૪.

[16] આ ઉલ્લેખ પુગાચોવનાં જાહેરનામાં તથા અપીલો વિશે છે. તેનું લેખન પુગાચોવના અંતરંગ અર્ધશિક્ષિત કઝ્ઝાકોના સહિયારા પ્રયાસોનું પરિણામ અંકિત કરતું હતું. પૂશ્કિને 'પુગાચોવનો ઈતિહાસ'ની વધારાની નોંધોમાં એ અપીલો વિશે આ મુજબ લખ્યું છે: "યાઈક કઝ્ઝાકોને ઉશ્કેરવા માટેની પુગાચોવની પ્રથમ અપીલ અશિક્ષિત લેખન હોવા છતાં લોકભોગ્ય વાક્છટાનું સરસ ઉદાહરણ પૂરું પાડે છે."

તેણે કેવો આદેશ આપવાની હિંમત દાખવી છે! તેનું સામૈયું કરવા જવું અને ધજાપતાકાઓ તેનાં ચરણોમાં ધરી દેવી! પુગાચોવે ઓરેનબૂર્ગ ગુબેર્નિયાની

વહીવટી કચેરીને સંબોધીને કરેલી અપીલમાં જણાવવામાં આવ્યું હતું કે તમામ ઉમરાવો અને સઘળા સ્તરોના લોકો ધજાપતાકાઓ તથા હથિયારો લઈને શહેરની બહાર આવે અને એ બધું ઝારનાં કદમોમાં પેશ કરી દે.

[17] અહીંયાં નિર્દેશ બાશ્કિરિયાના બળવા પ્રત્યે છે. બળવાને અકથ્ય ક્રૂરતાથી દબાવી દેવામાં આવ્યો હતો.

[18] ગ્રીશ્કા ઓત્રેપ્યેવ—બોયાર ફરજંદ યૂરી ઓત્રેપ્યેવ. તેણે ગ્રીગોરી નામ ધારણ કર્યું હતું અને તે ચુદોવ (ચમત્કાર) મઠનો મહંત હતો. તેણે ૧૬૦૨માં પોતાને 'ખોફનાક' ઈવાનનો પુત્ર રાજકુંવર દ્મીત્રી ઘોષિત કર્યો હતો.

[19] મિખાઈલ ખેરાસ્કોવના 'વિદાય' નામના કાવ્યમાંથી ટાંકેલી પંકિતઓ.

[20] મિખાઈલ ખેરાસ્કોવના 'રોસ્સિયાદા' નામના કાવ્યમાંથી ટાંકેલી પંકિતઓ. એ કાવ્ય 'ખોફનાક' ઈવાનની કાઝાનની ફતેહની પ્રશસ્તીનું છે.

[21] લિઝાવેતા ખાર્લોવા હેઠવાસ સરોવરના કિલ્લાના કમાંડર મેજર ખાર્લોવની પત્ની હતી. પુગાચોવે કમાંડરને મારી નાખ્યા પછી તેની વિધવા પત્નીને પોતાની રખાત બનાવી હતી, અને થોડા વખત પછી તેની તેમ જ તેના નાનકડા ભાઈની પણ હત્યા કરી નાખી હતી.

[22] સુમારોકોવના ટુચકાઓની શૈલીમાં રચવામાં આવેલી આ પંકિતઓ ખુદ પૂશ્કિનની જ લખેલી છે.

[23] આ લગ્નગીત મૂળમાં સુધારાવધારા કરીને પૂશ્કિને લખેલું છે. (જૂઓ ગ્રંથ 'પૂશ્કિનના હાથે', મોસ્કો—લેનિનગ્રાદ, ૧૯૩૫, પૃષ્ઠ ૪૨૯.)

[24] પૂશ્કિને પોતે લખેલું પણ યાકોવ ક્ન્યાઝનીનની રચના તરીકે જણાવેલું કાવ્ય.

[25] તાતીશ્ચેવ કિલ્લાની લડાઈમાં કાઉન્ટ ગોલીત્સિનના હાથે પુગાચોવના પરાજયની ઘટના ૧૭૭૪ના માર્ચની ૨૨મી તારીખે બની હતી.

[26] પુગાચોવે કાઝાન ૧૭૭૪ના જુલાઈની ૧૨મી તારીખે કબજે કરી લીધું હતું.

[27] ઈવાન ઈવાનોવિચ મીખેલ્સોન (૧૭૪૦-૧૮૦૭)—ત્સારીત્સિન અને ચ્યોર્ની યાર વચ્ચેના એક સ્થળે થયેલી લડાઈમાં ૧૭૭૪ના ઑગસ્ટની ૨૫મી તારીખે પુગાચોવને અંતિમ રૂપે પરાજિત કરી દેનારો લેફ્ટેનન્ટ-કર્નલ.

[28] સમ્રાજ્ઞી આન્ના ઈઓઆન્નોવ્નાની સરકારના એક પ્રધાન આર્તેમી વોલીન્સ્કીને અને નૌકાદળના સલાહકાર આન્દ્રેઈ ખ્રુશ્ચેવને સમ્રાજ્ઞીના માનીતા

અને એ વખતે રશિયાના ખરા શાસક સમા અતિ પ્રબળ આદમી બિરોનની વિરુદ્ધ કાવતરું કરવા બદલ મોતની સજા કરવામાં આવી હતી.

[29] સોફિયા — ત્સાર્સ્કોયે સેલો ઉદ્યાનની પાર આવેલું લશ્કરી મથક.

[30] ૧૭૭૦માં કાગુલ નદીને કિનારે રશિયન લશ્કરે તુર્કી સેનાની ઉપર હાંસલ કરેલી ફતેહનું ત્સાર્સ્કોયે સેલોમાં યેકાતેરીનિન્સ્કી મહેલ નજીક બાંધવામાં આવેલું સ્મારક.

વાચકોને

અમારા આ પ્રકાશનના વસ્તુ, ભાષા, રંગરૂપ તથા છપાઈ જેવા પ્રત્યેક અંગ વિશે આપના અભિપ્રાયો મેળવતાં અમને અત્યંત આનંદ થશે. નવાં પ્રકાશનો વિશે આપનાં સલાહસૂચનોનું અમારા કાર્યાલયમાં સાભાર સ્વાગત થશે.

પ્રગતિ પ્રકાશન
૨૧, ઝુબોવ્સ્કી બૂલવાર,
મોસ્કો (સોવિયેત સંઘ)